# પ્રજ્ઞાનો સોનેરી પ્રકાશ



સંયોજક:
મુનિ શ્રી રત્નપ્રભવિજયજી મ.સા.

# દ્રવ્ય સહાયતા

રૂા. ૬૦૨૦) શ્રી પરમ-આનંદ-શ્વે. મૂ. પૂ. જૈનસંઘ,
નકલ— પાલડી-અમદાવાદ.

૭૧) શ્રી વસ્તુપાલભાઈ હીરાલાલ શાહ
૫૧) સ્વ. કમળાબેન નંદલાલના સપરિવાર તરફથી
૩૧) બાબુભાઈ વાડીલાલ શાહ
૩૧) ભીખાભાઈ વીરચંદભાઈ પરીખ હા. મહેન્દ્રભાઈ
[ વાવવાળા, બનાસકાંઠા, ૬/૪ વિતરાગ ]
૩૧) છોટાલાલ મોહનલાલ ફરનીચરવાળા
૩૧) મહાસુખભાઈ હરજીવનદાસ દામાણી
૨૧) રતીલાલ અમથાલાલ મહેતા સુદેવી
૨૧) શ્રી ધામાજૈન સંઘ, હ. ડાહ્યાભાઈ ચતુરભાઈ
૧૫) જમનાદાસ હરીલાલ ચાલીસ હજાર
૧૫) પંકજકુમાર જયંતીલાલ કેસરવાળા
૧૫) શાંતાબેન મણીલાલ કંકુચંદ મહેતા
૧૧) ધીરજલાલ નરસીંહદાસ વોરા
૧૧) વીરેન્દ્રકુમાર બાબુલાલ શાહ
૧૧) ઉત્તમભાઈ મણીલાલ શાહ
૧૧) શ્રી કંચનબેન વસંતલાલની અઠ્ઠાઈની તપશ્ચર્યા નિમિત્તે
૧૧) શાંતિલાલ કંકુચંદભાઈ શાહ

૧૧) રીખવદાસ મણીલાલ શાહ
૯) જગદીશકુમાર ઉમેદચંદ શાહ
૯) બુધાભાઈ ત્રીકમલાલ શેઠ
૯) ભૂપતરાય અમરચંદ ઝવેરી હિતેન્દ્રપાર્ક
૯) રમાબેન રમણભાઈ મહેતા જનપદ સોસાયટી
૭) બાબુભાઈ શામળદાસ સુદેવી
૭) જયંતીભાઈ ધરમચંદ વોરા
૭) કુમુદચન્દ્ર ચીમનલાલ શાહ
૭) રમણલાલ ચંદુલાલ શાહ
૭) અરૂણાબેન સેવંતીભાઈ શાહ
૭) તારાબેન વાડીલાલ શાહ ભરનકુંજ
૭) પોપટલાલ મોતીલાલ શાહ
૫) જયંતીલાલ વાડીલાલ શાહ
૫) વીમળાબેન કાંતિલાલ શાહ
૫) મંજુલાબેન છબીલદાસ શાહ
૫) વીમળાબેન નટવરલાલ શાહ
૫) મફતલાલ પોપટલાલ શાહ
૫) જયંતીલાલ ચીમનલાલ શાહ
૫) લીલચંદભાઈ મંગળજીભાઈ શાહ
૫) ભદ્રાબેન રમણલાલ શાહ
૫) ડા[illegible] ચત્રભુજ

# ૧—શ્રેણીક મહારાજાનો રાજ્યાભિષેક

**સર્વ** દ્વીપોમાં શ્રેષ્ઠ એવા જંબુદ્વીપના વિષે તીર્થંકર દેવોની જન્મભૂમિ તરીકે ખ્યાતિ પામેલા ક્ષેત્રો પૈકી એક સુંદર ભરત ક્ષેત્રના વિષે મગધ નામે દેશ હતો. ખરેખર તેનું વર્ણન કરવું માનવી માટે અશક્ય છે. જાણે કે સ્વર્ગનો જ એક ભાગ હોય એવું દેદિપ્યમાન સ્થળ હતું. જ્યાં માનસરોવર જેવા સરોવર, સ્વર્ગગંગા તુલ્ય નદીઓ, હરિયાળી વનશ્રી અનેક ફળફૂલ અને વૃક્ષોથી ધરતી શોભી રહી હતી. સર્વત્ર સુખ અને સમૃદ્ધિની છોળો જ ઊડતી દેખાતી હતી. લોકો સંપૂર્ણ રીતે સુખી હતાં.

એવા આ દેશમાં કુશાગ્રપુર નામે એક નગર હતું. ઊંચી ઊંચી ભવ્ય ઈમારતો અને સફેદ મનહર હવેલીઓ અને તેના ઉપર સુવર્ણ કુંભોની હારમાળા ખરેખર નગરની રમણીયતામાં ઉમેરો કરી રહ્યાં હતાં, કલા અને કારીગરીની દૃષ્ટિએ શહેરની શોભામાં અનન્ય રીતે વૃદ્ધિ કરી રહ્યાં હતાં.

સુંદર સુગંધીદાર વૃક્ષોની હારમાળા રસ્તાઓની બન્ને બાજુએ ઝૂકી રહી હતી અને સુમધુર શીતળતા બક્ષી પ્રવાસી

તથા શહેરના લોકોને ખૂબ શાતા આપી રહ્યાં હતાં. રંગ-બેરંગી હોજ, ફુવારા, મંડપ, બાગ અને બગીચાનું સૌંદર્ય અનોખું હતું. એકંદરે શહેર કલા – વિદ્યા, અને સરસ્વતીના ઉપાસકો માટે ઉત્તમ સ્થાન હતું. લોકોમાં પરસ્પર પ્રેમ-ભાવના ધર્મ – ભાવના અને ભાઈચારાની ભાવનાથી સુલેહ-શાંતિથી રહેતાં હતાં. કોઈનું પણ બુરૂ કરવાની ભાવના ન હતી.

આવા નગરમાં રાજા પ્રસેનજિત રાજ્ય કરતો હતો. મહાબળવાન આ રાજવીએ શત્રુઓને હરાવી તેમના ઉપર વિજય મેળવી પોતાનું નામ તેવા ગુણોનો પ્રત્યક્ષ પૂરાવો પૂરો પાડતો હતો. વીરતા, પરાક્રમ અને શૌર્યથી અનેક દુશ્મન રાજાઓને જીતી લઈ મિત્ર બનાવ્યા હતા.

પ્રજાનું રક્ષણ કરવું એ દરેક રાજવીની ફરજ છે અને એનું સંપૂર્ણપણે પાલન કરવું એમાં રાજવીની શોભા છે. એ પ્રસેનજિત બરાબર સમજતો હતો અને તેનું પાલન કરી પ્રજાનું દિલ જીતી લીધું હતું. આથી પ્રજા પોતાના રાજવી પ્રત્યે માનભરી દૃષ્ટિથી સદા નિહાળતી.

રાજા પ્રસેનજિત સાક્ષાત કામદેવના અવતાર સમો સ્વરૂપવાન હતો. ભવ્ય લલાટ, તેજસ્વી મુખમુદ્રા, ચમકતી આંખો અને છટાદાર ચાલ જોઈને અનેક રાજકન્યાઓ તેની પાછળ પાગલ બની હતી. આ રાજવીએ ઘણી રાજકન્યાઓ સાથે લગ્ન કરી પોતાનું અંતઃપુર સુશોભિત કર્યું હતું.

આ અંતઃપુરમાં ધારીણી નામે પટ્ટરાણી હતી. અતિશય સ્વરૂપવાન, ગુણવાન અને ચારિત્ર્યવાન આ રાણીના મધુર મિષ્ટભાષાથી રાજા પણ તેના વખાણ કરતાં, શીલ અને ગુણોથી ભરપૂર, નમ્રતા અને પરોપકારી વૃત્તિથી ભરેલી રાણીને રાજા પ્રસેનજિત ખૂબ જ પ્રેમથી ચાહતો. અને તેને રાજી રાખવા પ્રયત્ન કરતો.

યુવાવસ્થાના ઉત્તમ ભોગો ભોગવતાં સમય વિતાવી રહ્યાં હતાં. રાજારાણી ધર્મ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા ધરાવતાં હતાં. ભાવભર્યા હૈયે નિતનિત પૂજા કરતાં – આરતી ઊતારતાં અને ભક્તિવંદના કરતાં હતાં.

ધર્મની આરાધના કરતાં કરતાં તેમનો મુગ્ધ યૌવનકાળ સુખસાહ્યબીમાં વિતાવી રહ્યા છે અને જીવનની અમુલ્ય ક્ષણોનો અનુપમ લહાવો લઈ આનંદમાં વિતાવે છે.

સમય જતાં રાણીની કૂખે પુત્રરત્નનો જન્મ થયો. તેનું નામ શ્રેણિક રાખવામાં આવ્યું. ત્યારબાદ બીજા અનેક પુત્રોનો જન્મ પણ થયો. આ રાજાને કુલ એકસો પુત્રો હતા. સમય જતાં બધા યુવાન થયા. રાજપુત્રોને યોગ્ય તાલિમ અને વિદ્યાની ઉત્તમોત્તમ વ્યવસ્થા પણ કરવામાં આવી. રાજપુત્રોને શાની કમીના હોય ? શાસ્ત્રો અને શસ્ત્રોની તાલિમ પૂરી કરી. પરંતુ કુમારોને પરસ્પર બનતું નહિ આથી રાજા પ્રસેનજિત વિચાર કરવા લાગ્યા.

સમયની સાથે વૃદ્ધાવસ્થા દરવાજે આવીને ઊભી છે. રાજ્યની ધુસરી મારે હવે છોડીને ધર્મકાર્યમાં જીવને

પરોવવો જોઈએ પરંતુ મારા આ એકસો પુત્રમાંથી કોણ યોગ્ય છે કે જે શેષનાગની પેઠે પોતાના માથા ઉપર પૃથ્વીનો ભાર ઝીલવા શક્તિમાન છે તેની પરીક્ષા પ્રથમથી જ લઈ લેવી જરૂરી છે. મારી ઇચ્છા એવી છે કે જે સૌથી બુદ્ધિશાળી અને વીર હોય તેને રાજગાદી સોંપવી જેથી મારી પ્રજા સુખેથી રહે અને કોઈને પણ અસંતોષ ન રહે.

રાજાએ પોતાના મંત્રીમંડળની એક ખાનગી સભા બોલાવી પોતાની ઇચ્છા તેમની સમક્ષ જાહેર કરી. સૌએ તેની ચર્ચા કરી અને કુમારોની પરીક્ષા લેવાનું ઠરાવ્યું. આ પરીક્ષામાં પસાર થનાર કુમાર રાજગાદીનો વારસ બને.

ઘી, ખાંડ અને ખીરની થાળીઓ પીરસાવી અને બધા જ કુમારોને જમવા બેસાડયા. સ્વાદિષ્ટ વાનગીઓ મળતાં કુમારો આનંદથી મસ્તીમાં આવી ગયા અને જમવાનું શરૂ કર્યું. આ સમયે ત્યાં ભૂખ્યા બિહામણા મુખવાળા કૂતરાઓ છોડી મૂકયા. કૂતરાઓના ટોળાંને જોઈને રાજકુમારો પોતાની થાળી છોડીને એંઠા હાથે, એંઠા મૂખે ઊભા થઈને ભાગવા લાગ્યા. આ સમયે માત્ર શ્રેણિકકુમાર જ ડર્યા વગર જમતો રહ્યો, કૂતરાઓને અન્યની થાળીઓ આપી પોતાની થાળી શાંતિથી જમીને પછી જ ઊભો થયો.

રાજા આ જોઈને ખૂબ જ ખુશ થયો. અને વિચારવા લાગ્યો કે ગારૂડી સર્પને થંભાવી શકે છે તેમ આ કુમાર નક્કી તેના શત્રુઓને થંભાવી દેશે અને રાજ્યની ધૂરા હિંમત અને શૌર્યથી વહન કરવાને શક્તિમાન થશે.

પોતાના મંત્રી સમુદાયનું મંતવ્ય ફરી એક વાર પરીક્ષા કરવી જરૂરી છે એમ લાગ્યું જેથી આ બધાજ કુમારોની ફરી વાર પરીક્ષા યોજવામાં આવી. દરેક કુમારને એક કરંડિયો ભરીને મિઠાઈ આપી તેનું મુખ બંધ કરેલું હતું તેમજ પાણીનો એક ભરેલો કુંભ આપવામાં આવ્યો પરંતુ તેનું મુખ પણ બંધ હતું- હવે મુખ ખોલ્યા વગર જમો અને પાણી પીઓ.

કુમારો એકબીજાની સામે જોઈ રહ્યા. પિતાજી આવી કસોટી કરીને શું કરવા માંગે છે તે અમને સમજાતું ન હતું. મંદ બુદ્ધિવાળા કુમારો ભૂખ્યા અને તરસ્યા બેસી રહ્યા. જ્યારે શ્રેણિકકુમાર કરંડીઓ હલાવીને મિઠાઈનો ભૂકો કરીને છિદ્રો વાટે બહાર કાઢીને ખાવા લાગ્યા તેમજ બારીક વસ્ત્ર કુંભને ફરતું વીંટાળી થોડી થોડી વારે નિતારી પાણી પણ પીધું.

શ્રેણિકકુમારની બુદ્ધિની પરીક્ષા થઈ અને તેમાં તે પારંગત થયા. કુમારની અનુપમ બુદ્ધિબળ જોઈ રાજાને ખૂબ ખૂબ આનંદ થયો તેમજ વિચારવા લાગ્યા કે સોનાને કસોટીએ ઘસો કે અગ્નિમાં પસાર કરો પણ સોનું એ હંમેશા સોનું જ રહે છે.

છેલ્લી પરીક્ષા કરવાનું નક્કી કરી રાજાએ પુત્રોને કહ્યું, ‘જાવ! જેમ શિષ્યો ઉપકારી ગુરૂઓના ચરણ ધોવે છે તેમ તમો સર્વે આ સોનાના ઘડા લઈ જાવ. તેમાં પાણી

ભરી લાવી મારા પગ પ્રક્ષાલો. પિતાની આજ્ઞા સાંભળતાં જ સર્વ કુમારો નોકરની માફક કુંભ ખભે ઊપાડી – પાણી ભરી લાવી પિતાજીના ચરણનું પ્રક્ષાલન કર્યું.

જ્યારે શ્રેણિકકુમારે પોતાના મિત્ર મંત્રીપુત્રને ખભે કુંભ ઉપડાવી ભરાવી લાવ્યો. અને પિતાજીના ચરણનું પ્રક્ષાલન કર્યું. ગમે તેમ તોયે પોતે રાજાનો પુત્ર હતો તેથી કુંભ ઉપાડીને ભરીને લાવવો એમાં કુમારની શોભા ન હતી એટલું તે સમજી શક્યો છે એ જોઈ પ્રસેનજિત રાજા ખૂબ જ ખુશ થઈ ગયા.

મનમાં વિચારે છે કે અહો! ધન્ય છે આવા પરાક્રમને, બુદ્ધિને અને નેતૃત્વને! ત્રણે પરીક્ષામાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થાય છે. આથી હવે તેની યોગ્યતા વિષે બેમત હોઈ શકે જ નહિં. રાજ્યલક્ષ્મી શોભાવનાર તો આ કુમાર જ (શ્રેણિક) થશે!

એક વખત રાજમહેલમાં દાવાનળ લાગ્યો ત્યારે રાજાએ પુત્રોને આજ્ઞા કરી કે જેને જે વ્હાલું લાગે તે ચીજ બચાવી લઈ અગ્નિમાંથી જલદી બહાર નીકળી જાઓ.

સૌ પોતપોતાની પ્રિય ચીજો લઈ બહાર ભાગવા લાગ્યા. કોઈએ સોનાચાંદી તો કોઈએ હીરાનો હાર, કોઈએ હાથી તો કોઈએ અશ્વો, કોઈએ કિંમતી રત્નના આભૂષણો તો કોઈએ કસ્તુરી લીધી. શ્રેણિકે રાજાઓના ચિન્હ સમી ભંભા લીધી. બહાર આવ્યા પછી બધા જ કુમારો શ્રેણિકની મશ્કરી કરવા લાગ્યા.

આ સમયે રાજા પ્રસેનજિતે પૂછ્યું કે અરે! આ તેં શું લીધું ? આ અવસરે તો પુષ્કળ દ્રવ્ય હીરા મોતી લેવા જોઈએ. ત્યારે શ્રેણિકે જણાવ્યું કે હે પિતાજી! આપ તો એક રાજવી છો. મેં જે ગ્રહણ કર્યું છે એ તો વિજય ચિન્હ છે અને રાજવીઓને વિજય એજ અમુલ્ય ચીજ છે.

પુત્રના આવા વચનો સાંભળી રાજા ઘણો જ ખુશ થયો. અને વિચારવા લાગ્યો કે ખરે જ આ બાળક હોવા છતાં ઘણો બુદ્ધિશાળી છે. એનું ભવિષ્ય અતિ ઉજવળ હોય તેમ લાગે છે. આથી રાજાએ તેને ભંભાસાર (બિંબિસાર)નું બિરૂદ આપ્યું.

આ વખતે પ્રસેનજિતે વિચાર્યું કે જો શ્રેણિકનો આદર સત્કાર કરીશ કે સન્માન કરીશ તો અન્ય કુમારો તેની ઈર્ષા કરશે એમ સમજી અન્ય કુમારોને અમુક ભાગ (રાજ્યના) વહેંચી આપ્યા અને શ્રેણિકને કાંઈ જ આપ્યું નહિં. પ્રસેનજિતે આ કાર્ય ખૂબ જ સમજપૂર્વક કર્યું હતું. એને તો આખું રાજ્ય આપવાનું હતું.

કુમાર શ્રેણિક મનમાં ખૂબ દુઃખી થયો. તેમને પોતાનું અપમાન થયું છે એવું લાગ્યું. અન્ય કુમારો સમક્ષ પોતે હલકો પડયો છે એવું લાગવાથી હવે અહીં રહેવું દુઃસહ લાગ્યું. આથી તે આ નગર છોડીને ચાલી નીકળ્યો. માતા-પિતાને છોડીને જતાં હૃદયમાં ખૂબ જ વ્યથા હતી પરંતુ અપમાન સહન ન કરી શકવાથી તે વેણાતટ નગરે પહોંચી ગયો.

કુશાગ્રપુર નગરમાં એક વખત ભયંકર આગ લાગી. સર્વ લોકો સલામતી માટે નગર છોડી બહાર નીકળી ગયા. નગરની ફરતી છાવણીમાં પડાવ નાંખ્યો તેવે સમયે એક મિત્ર – બીજાને પૂછે છે કે કયાં જાય છે તો તે કહે છે રાજ-ગૃહે. (એટલે રાજાના આવાસે) જાઉં છું. આ ઉપરથી સમય જતાં નવું વસાવેલું નગરનું નામ રાજગૃહી પાડવામાં આવેલું. અને સમય જતાં કુશાગ્રપુરને ભુલાવે એવું સુંદર શહેર રાજગૃહી બની ગયું.

અહીં વેણાતટ નગરીમાં આવી શ્રેણિક ત્યાંના લોકોની સુંદરતા–ધનાઢયતા અને ભદ્રિકતાના દર્શન કરી આનંદ પામ્યો. નગરીમાં ફરતાં ફરતાં તે એક મોટી કરિયાણાની દુકાન પાસે આવી પહોંચ્યો. અહીં ગ્રાહકોની ભીડ હતી. ઘણા ગ્રાહકોની ભીડથી દુકાનના શેઠ ખુબ જ વ્યાકૂળ બની ગયા હતા. તેથી શ્રેણિક અહીં આવી દુકાનના કાર્યમાં ઝડપથી મદદ કરવા લાગ્યો. તેનું કાર્ય જોઈ શેઠ ઘણા ખુશ થયા. જેથી શેઠે તેને રાખી લીધો. અહીં શ્રેણિક ખાઈ, પી અને આનંદ કરે છે.

શ્રેણિકના પગલાથી શેઠને પ્રતિદિન વધુને વધુ લાભ થતો જ ગયો. ધનના ઢગલા થવા લાગ્યા. કમાણી વધતી જ જાય છે. શેઠ વિચારે છે કે ખરેખર આ કુમાર પુન્યશાળી આત્મા છે. તેમજ મારી પુત્રી નંદાને આવા કુમાર કરતાં બીજો વધુ સારો કોણ મળવાનો હતો! જેથી શેઠે

પ્રસ્તાવ મૂક્યો કે હે ભાગ્યવંત મહાનુભાવ ! મારી પુત્રીનું પાણિગ્રહણ કરો.

કુમારે કહ્યું હે શેઠજી ! તમે મારું કુળ પણ જાણતા નથી અને પુત્રી પરણાવવા તૈયાર થયા છો. હું ઘરબાર વગરનો છું. તમે એક પ્રેમાળ પિતા થઈને પોતાની જ વ્હાલસોઈ પુત્રીનું અહિત કેમ કરો છો ? ગરીબમાં ગરીબ માણસ પણ પુત્રી આપતા પહેલાં કુળની જાણ મેળવે છે.

आकृति गुणान् कथयति ।

શેઠે કહ્યું હે કુમાર ! ગઈ રાત્રે જ મને એક સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં મહાપ્રભાવી પુરુષ સાથે મારી પુત્રીનું લગ્ન થતાં મેં જોયું છે. એ દૈવી મહાપુરુષ તમે જ છો એની મને ખાતરી થઈ ગઈ છે હું તો માત્ર સાક્ષીરૂપ છું. આમ શેઠના આગ્રહને માન આપી લગ્ન કરવાની હા કહી.

ખૂબ જ ધામધૂમથી શ્રેણિકના લગ્ન નંદા સાથે કરવામાં આવ્યાં. નંદાનું રૂપલાવણ્ય અને સંસ્કાર જોઈ શ્રેણિક ખૂબ જ આનંદ પામ્યો. અને વિચારવા લાગ્યો કે પિતા મારફત થયેલું અપમાન મારા ભલા માટે જ થયું લાગે છે !

હવે કુમાર શ્રેણિક નંદાની સાથે ઉત્તમ પ્રકારના સુખો ભોગવતાં સમય પસાર કરી રહ્યો છે. એકદા નંદા સુખ-શૈયામાં પોઢી રહી હતી. તેવે સમયે ઊંઘમાં સ્વપ્ન દીઠું.

સ્વપ્નમાં ઉત્તમ પ્રકારે સફેદ ઐરાવણ પોતાના મુખમાં પ્રવેશ કરતો દીઠો.

ઊંઘમાંથી એકાએક જાગી પડી, અને હર્ષમાં આવી ગઈ. પતિ પાસે જઈ ખૂબ જ મધુર વાણી વડે પોતાને આવેલ સ્વપ્નની વાત કરી અને પૂછ્યું કે હે દેવ ! આ સ્વપ્નનું ફલ શું મલશે? ત્યારે શ્રેણિકકુમારે તેને જણાવ્યું કે બુદ્ધિમાં બૃહસ્પતિને પણ હરાવે એવો સર્વગુણસંપન્ન પુત્રરત્નની પ્રાપ્તિ ટુંક સમયમાં જ થશે. નંદા હર્ષવિભોર બની ઊઠી અને બોલી દેવગુરૂના પ્રતાપે અને આપના પુન્ય–પ્રભાવે આપનું બોલેલું સફળ થાઓ. અને શુકનની ગાંઠ બાંધી.

સમય જતાં તેણી ગર્ભવતી બની. હૃદયમાં અત્યંત આનંદોર્મિ ભરી છે અને પુત્ર–પ્રાપ્તિની જાણ હોવાથી ધર્મકાર્યમાં ખૂબ જ રચી–પચી રહેવા લાગી. તેમજ દેશ–કાળ અને વયને અનુસરીને ગર્ભનું રક્ષણ કરી મિતાહારથી પોષવા લાગી.

આ બાજુ કુશાગ્રપુર (રાજગૃહી)માં મહારાજા પ્રસેન-જિતનું સ્વાસ્થ્ય બગડયું હતું. રાજવૈદ્યોથી પણ અસાધ્ય એવા ભયંકર વ્યાધિથી ગ્રસિત થયા હતા. આ જાણીને રાજ્યમાં અને મહેલમાં સૌ ચિંતાતુર હતા. પ્રસેનજિત વિચારતા હતા કે મારા મૃત્યુ પછી રાજ્યસત્તાની પ્રાપ્તિ માટે મારા નવ્વાણું પુત્રો અંદરોઅંદર લડી મરવાના છે. આવે

સમયે જો શ્રેણિક હાજર હોત તો મને ઘણો આનંદ થાત અને સુખેથી મૃત્યુશૈયા પર સુખપૂર્વક પોઢત.

શ્રેણિક વેણાતટ નગરીમાં છે એવું જાણીને રાજાએ તાત્કાલિક દૂતને મોકલી શ્રેણિકની તપાસ કરવા જણાવ્યું. અને જો ખરેખર શ્રેણિક મલી આવે તો પિતાજીની માંદગીનો સંદેશ પહોંચાડવા જણાવ્યું. પોતાના દેશના માણસો જોઈને શ્રેણિક ખૂબ જ આનંદ પામ્યો અને માતા-પિતા તેમજ ભાઈઓના સુખસ્વાસ્થ્યના ખબરઅંતર પૂછવા લાગ્યો. ત્યારે જાણવા મલ્યું કે પ્રસેનજિત મહારાજા માંદગીને બિછાને છે. વ્યાધિ મહા ભયંકર છે પરંતુ તેનું ઔષધ આપ જ છો. એટલે અમે આપને લેવા માટે આવ્યા છીએ.

પિતાની માંદગીના સમાચાર જાણી કુમાર બહુ દુઃખ પામ્યા. આવે સમયે એક ક્ષણ પણ બગાડવી એ મારે માટે પાપ છે. એમ સમજી સાસુસસરાની અને પત્નીની આજ્ઞા લેવા ગયો. તેમને જણાવ્યું કે પિતાજી સખત બિમાર છે. મને તેડાવેલ છે અને મારી ફરજ છે કે મારે જવું જ જોઈએ આવા સમયે તમે કોઈ મને રોકવાનો પ્રયત્ન કરશો નહિં.

નંદાને ખૂબ જ શિખામણ અને સાંન્ત્વન આપ્યું. પિતાજીનું સ્વાસ્થ્ય સુધરી જતાં જતાં તરત જ પોતે પાછો આવી જશે. એમ જણાવી રજા લીધી. નંદાના માતાપિતાએ પણ શુભાશિષ આપી.

શ્રેણિકકુમાર શીઘ્ર વેગવાળી સાંઢણી ઉપર સવાર થઈ

પિતાજીની પાસે જલદી પહોંચી જવા ઝડપથી દોડાવવા લાગ્યો, અને માર્ગમાં ક્યાંય રોકાયા સિવાય પ્રયાણ કર્યું. થોડા સમયમાં રાજગૃહીના આંગણે આવી પહોંચ્યા. અનેક રસ્તે પ્રકારના શુભ શકુન થયાં.

શ્રેણિક રાજમહેલમાં પહોંચ્યો. પિતાને જોઈ અગાઉ કદી પ્રાપ્ત કરેલો નહિં, નહિં અનુભવેલો આનંદ થયો. પરંતુ તદ્દન નજીક જતાં પ્રસેનજિતની સ્થિતિ જોતાં ખૂબ જ વ્યથા પણ થઈ આવી. હૃદયમાં વિષાદ અનુભવે છે ધિક્કાર છે મુજ આત્માને ! અરેરે.' હું કેવો પાપી કે આ પિતાજીને આવી સ્થિતિમાં હું સેવા પણ નથી કરી શક્યો ?

પુત્ર પિતાને પગે પડ્યો. પિતાએ માથે હાથ મૂક્યો અને આશીર્વાદ આપ્યો. અને જણાવ્યું કે હે પુત્ર, અતિશય ઝડપથી તું અહીં આવી ગયો છું તે સારું કર્યું છે. મને ખૂબ જ આનંદ થયો છે. મારી નગરીના પ્રજાજનોના ભાગ્ય હજુ ઝળહળે છે. મેં તારું અપમાન કર્યું હોવા છતાં તે મારી આજ્ઞા શિરોમાન્ય કરી છે તેનો મને અનહદ આનંદ છે.

પ્રસેનજિતે ફરી કહ્યું કે, હે પુત્ર, કર્મ અને રોગથી પીડાઈ રહેલ હું હવે રાજ્ય કરવાને સમર્થ નથી. તેમજ ઇચ્છા પણ નથી. હવે તો હું માત્ર આત્મસાધના કરવા ઇચ્છું છું અને પિતાનું રાજ્ય હવે તું ગ્રહણ કરી મને બોજામાંથી મુક્ત કર. તારી અનેક પ્રકારની પરીક્ષાઓ થઈ ગઈ છે અને તેમાં તું પારંગત નીવડેલ છું.

શ્રેણિક – પિતાજી, આપનો રોગ તો ધર્મકાર્ય કરતાં ધર્મના પ્રભાવથી દૂર થઈ જશે. આપ સુખેથી રાજ્ય કરો. હું તો તમારી સેવા કરવાની ઈચ્છા રાખું છું. અત્યાર સુધી હું કરી શક્યો નથી એનું મને દુઃખ છે.

પુત્રની આવી વાત સાંભળી પ્રસેનજિત ખૂબ જ આનંદ પામ્યો અને વિચાર્યું કે જીવનની તમામ અવસ્થામાં ધર્મ પાળવો એ મહાન વસ્તુ છે અને મારે એમાં હવે ધ્યાન આપવું જરૂરી છે તેથી અને શ્રેણિકને રાજગાદી સોંપવી છે એવો નિર્ણય કર્યો. રાજ જ્યોતિષિને બોલાવી શુભ દિવસ અને મંગલ મૂહૂર્ત કઢાવ્યું અને શ્રેણિકનો રાજ્યાભિષેક કરવાનું નગરમાં જાહેર કરાવ્યું.

શહેરમાં સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો. શહેરને બજાર – ચોક માંડવીઓ શણગારી અને દિવડાઓની હાર ઝગમગતી ઝળહળી રહી. સૌ શહેરીજનો આનંદની હેલીમાં તરબોળ થઈ રહ્યા.

રાજમહેલમાં સુવર્ણના સિંહાસને શ્રેણિકને બેસાડવામાં આવ્યો. બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા. કુમારના કપાળમાં રાજતિલક કરી માથા ઉપર રાજમુગટ પહેરાવવામાં આવ્યો અને રાજમુદ્રા હાથમાં સોંપવામાં આવી. સર્વત્ર આનંદ છલકાઈ રહ્યો. શ્રેણિકકુમાર આ વેશમાં અદ્‌ભુત શોભવા લાગ્યા. રાજાએ ચંદનનો લેપ મંગાવી કુમારના કપાળે લગાડયો અને કહ્યું કે ચંદનની મહેંક જેમ ફેલાય છે તેમ

તારી મહેંક જગતમાં ફેલાય તેમ હું ઇચ્છું છું એ મારા અંતરના આશીર્વાદ છે. ભારે ધામધૂમથી રાજ્યાભિષેક મહોત્સવ ઉજવાયો. ગરીબો અને સાધુસંતોને દાન કર્યા. શાળાના બાળકો – બાલીકાઓને મીઠાઈઓ વહેંચી. શરણાઈ અને વાજિંત્રોના મંગળ સૂર વાતાવરણમાં મહેંકી રહ્યા.

દેવમંદિરો અને જિનાલયોમાં પૂજા – ભણાવાઈ અને સોનામહોરની પ્રભાવના કરવામાં આવી. આખા રાજ્યમાં અમલદાર અને અનુચરોને ભેટ આપી રાજી કરવામાં આવ્યાં. વિદ્વાનોની કદર કરી શાલ ભેટ આપી. અને "મહારાજા શ્રેણિકની જય"ના ગગનભેદી અવાજ સર્વત્ર સંભળાવા લાગ્યા.

રાજ્યાભિષેક વિધિ પતી ગયા પછી પ્રસેનજિત રાજાએ શ્રેણિકકુમારને 'મહારાજા' કહી બોલાવ્યો અને ઉત્તમ હિતશિક્ષા આપીને કહ્યું—"આ રાજગાદી, આ રાજમુગટ અને આ રાજમુદ્રાનું ગૌરવ કદાપિ ઝાંખુ થવા દઈશ નહિં. પ્રજાને પોતાના સંતાનની પેઠે પાળજે. સત્ય, અહિંસા, ન્યાય અને નીતિના સિધ્ધાંતોનું પાલન કરજે. પ્રજાનું અને રાજ્યનું પાલન કરવું એ તારી ફરજ છે. સર્વ ધર્મ સમભાવ કેળવજે. સાધુ–સંત અને વિદ્વાનોનું રક્ષણ કરજે. પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થજે, ચારિત્ર્યવાન, ધર્મવાન અને દયાવાળો બનજે.

મહારાજા શ્રેણિકે બે હાથ જોડી મસ્તક નમાવી પિતાજીને વંદન કરી કહ્યું કે હે તાત! આપની તમામ શિખાર્મણ મને

શિરોમાન્ય છે અને તે મુજબ હું જરૂર વર્તી પ્રજાને સુખી કરીશ. પ્રજામાં ધર્મભાવના પણ કેળવવાની ફરજ બજાવીશ.

રાજ્યાભિષેક મહોત્સવ તો પૂર્ણ દબદબાભર્યા ઠાઠથી ઊજવાઈ રહ્યો હતો. ઠેર ઠેર બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સંભળાતા હતા. શહેરના દરેક દરેક મકાન ધજા-પતાકાથી શોભી રહ્યાં હતાં. વાજિંત્રો અને નૃત્યોના મુલાયમ મધુર ધ્વનિ સંભળાઈ રહ્યા હતાં. મીઠાઈના કરંડીયાઓ વહેંચાઈ રહ્યા હતા, આનંદ....આનંદ....અને આનંદ જ ફેલાઈ રહ્યો હતો. આવે સમયે આ શહેર ખરેખર જીવતુંજાગતું સ્વર્ગ સમ ભાસતું હતું.

પોતાની મનોભાવના પૂરી થવાથી રાજા પ્રસેનજિતને ઘણો જ સંતોષ થયો. પુત્ર પોતાનું નામ દિપાવશે અને મહાન રાજવી થશે એવું તેમના હૃદયમાં લાગ્યું. જેથી ખૂબ જ આનંદમાં આવી ગયા- અને હવે પોતે પોતાનું પાછલું જીવન ધર્મકાર્ય કરી આત્માની ઉન્નતિ કરી શકશે. અને રાજ્યની કોઈ ચિંતા માથે રહેશે નહિં.

ત્યારબાદ પ્રસેનજિતે કહ્યું કે હે શ્રેણિક, મારી તમામ જવાબદારી પરિપૂર્ણ થઈ છે. મારી ભાવના હવે આત્માનું કંઈક કલ્યાણ થાય એમ કરવાની છે. આખી જિંદગી સંસારમાં રહી અનેક પ્રકારના નાના મોટા પાપ જાણેઅજાણે પણ કર્યા છે. હવે તેનો ભાર હું વહન કરી શકું તેમ નથી. માનવ જીવન મેળવીને માનવી જો મુક્તિની આરાધના ન કરે તો ખરે જ તેનું જીવન નિષ્ફળ ગયું કહેવાય.

માટે હવે હું સંયમ-તપની આરાધના વૃદ્ધાવસ્થામાં કરી પાપશુદ્ધિ કરવા ઇચ્છું છું.

'સાધુ તો ચલતા ભલા.' એ મુજબ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ એમનો વિશાળ શિષ્ય સમુદાય લઈ રાજગૃહીમાં પધાર્યા. શ્રેણિક રાજાએ શ્રી પ્રસેનજિતની અનુજ્ઞાથી ખૂબ જ પ્રેમથી વાજતે ગાજતે સામૈયું કર્યું. અને મુનિ મહારાજને ઉદ્યાનમાં ઊતારો આપ્યો. ધર્મનું પાલન કરવું અને કરાવવું એ જ સાધુસંતોની ફરજ છે. એ મુજબ શ્રી. ધર્મઘોષસુરી દરરોજ સવારે ઘણું જ અસરકારક અને મંગલમય વ્યાખ્યાન આપતાં આ સાંભળવા અનેક જૈનો અને જૈનેતરો પણ આવતાં અને અતિ ખૂબ ભાવપૂર્વક સાંભળતા.

મુનિરાજની વાણી અત્યંત મધુર અને સચોટ હતી જેની અસર સકળ સમુદાયને થતી. રાજા પ્રસેનજિત તેમના સકળ પરિવાર સાથે નિયમીત રીતે હાજરી આપતા અને શાંતિપૂર્વક વ્યાખ્યાન સાંભળી આત્માના કલ્યાણાર્થે વિચારતા.

સમય જતાં રાજાએ મરણ સમયે ચાર શરણાં સ્વીકારી પ્રભુ પાર્શ્વનાથનું સ્મરણ કરતાં કરતાં સ્વર્ગે સીધાવ્યાં. ઉત્તમ જીવો ઉત્તમ સ્થાનને મેળવતા હોય છે.

卐

# ૨ – અભયકુમારનો જન્મ

**મહારાજા** શ્રેણિક હવે સંપૂર્ણપણે રાજકાજમાં રસ લઈ રહ્યા છે. રાજકાર્યની અનેક પ્રકારની ઉપાધિમાં નવરાશ મળતી જ નથી. એક પછી એક, નવા નવા પ્રશ્નો અને અનેક પ્રકારની અટપટી મુશ્કેલીઓ આવતી રહે છે. શ્રેણિક રાજા શાંતચિત્તે તેમાંથી માર્ગ કાઢી આપે છે અને એક ઉત્તમ રાજ્યકર્તા તરીકેના તમામ ગુણો પોતે ધરાવે છે તેની સૌને ખાતરી કરાવી આપે છે. સૌનો પ્રેમ જીતે છે.

સમય પાણીના પ્રવાહની માફક સરકતો જાય છે. શ્રેણિક રાજા વિવિધ પ્રકારના ભોગવિલાસો ભોગવે છે. પોતાના મંત્રીમંડળ સાથે રાજ્ય અંગેની ચર્ચા-વિચારણામાં સમય પસાર કરી રહ્યો છે. અને નંદાને બિલકુલ ભૂલી જ ગયો હતો.

આ બાજુ વેણાતટ નગરીમાં નંદાને ગર્ભના ચિન્હો સ્પષ્ટ દેખાવા લાગ્યાં. નંદા ધર્મકાર્યમાં ગુંથાયેલી જ રહેતી. તેની અસર તેના ગર્ભમાં રહેલ બાળક ઉપર પણ પડશે એવી એની માન્યતા હતી. સમયની સાથે ગર્ભનું પાલન કરતી રહી હતી.

ત્રીજે માસે નંદાને એક દોહદ ઉત્પન્ન થયો. જે સ્વમુખે કોઈને કહેતી નથી અને પ્રતિદિન સુકાતી જાય જાય છે. તેની આવી સ્થિતિ જોઈને તેની માતા સમજી ગઈ અને અત્યંત પ્રેમથી માથે હાથ ફેરવતાં ફેરવતાં પૂછ્યું કે બેટા કેમ શરમાય છે? જે કહેવું હોય તે કહે મુંઝાઈશ નહિ. તારે ચિંતા કરવી નહિં.

નંદાએ કહ્યું–માતાજી, આપ જાણવા માગો છો તો કહું છું કે—"હું હાથીની અંબાડીમાં બેઠી હોઉં, માથે છત્ર ધરેલું હોય, અને શહેરમાંના રાજમાર્ગ ઉપર દાન દેતી દેતી નીકળું–નગરજનો રસ્તાની બન્ને બાજુએ ઊભા ઊભા જુએ, રાજાજી પણ પોતાના પરિવાર સાથે આગળ જતાં હોય. અનેક જાતના વાજિંત્રો વાગી રહ્યા હોય. આ રીતે હું શહેર વચ્ચે થઈને શ્રી જિનેશ્વર દેવના જીનાલયમાં જઈ પરમ ભક્તિભાવપૂર્વક અષ્ટ પ્રકારી પૂજા કરું. સાધર્મિકોની સેવા કરું, નવકારશી કરું, વસ્ત્રોનું દાન કરું."

નંદાનો દોહદ સાંભળી તેની માતાએ તેના પિતાને સંભળાવ્યો. તે સાંભળી શ્રેષ્ઠિએ કહ્યું કે નંદાના ગર્ભને વિષે ચોક્કસ કોઈ ઉત્તમ કોટિનો જીવ છે. માટે તેના મનોરથ પૂર્ણ કરવા જ જોઈએ. પરંતુ આ શકય કઈ રીતે બને? આપણે ત્યાં હાથી કયાંથી હોય!

અસલના જમાનામાં રાજા પાસે જવું હોય તો નજરાણું લઈ જવું જોઈએ, એ નજરાણું મલે એટલે રાજાઓ

શાંતિપૂર્વક તમારી વાત સાંભળે અને શકય હોય તે રીતે મદદ કરે – ઉપયોગમાં આવે. એ રીતે નંદાના પિતાએ વિચાર્યું—અને રત્નોનો થાળ ભરી ઉપર સુંદર મખમલનું રંગબેરંગી વસ્ત્ર ઢાંકી દરબારમાં સેવકો સાથે પહોંચ્યા–

દરબારમાં જઈ બે હાથ જોડી ઊભા રહ્યા અને રાજાના પગમાં રત્નોનો થાળ મૂકયો. અને ખૂબ જ નમ્ર ભાવે બોલ્યા–હે રાજા! હું એક શ્રેષ્ઠી છું– તમારો નગર–જન છું. મારી પુત્રીને હાથી ઉપર બેસી નગરયાત્રા કરવાના મનોરથ ઉત્પન્ન થયા છે. હું તે પૂર્ણ કરી શકું તેવી સ્થિતિમાં નથી. આપના પુણ્યપ્રતાપે લક્ષ્મી તો ઘણી મેળવી છે પરંતુ હાથી અમારે આંગણે કયાંથી હોય? આપ અમારા પિતા સમાન છો. મારી પુત્રી એ આપની જ પુત્રી છે અને એના દોહદ પૂર્ણ કરવા એ માટે હવે તો આપે જ વિચારવાનું છે.

રાજાએ નજરાણામાંથી માત્ર એક રત્ન સ્વીકાર્યું. અને હર્ષથી કહ્યું, હે ભદ્ર વણિક, તું મારા નગરનું નાક છે. તારા કરતાં મારે કોઈ વસ્તુ મોંઘી નથી. મારું ધન અને તમામ ચીજો તારાથી વિશેષ નથી. તું દરેક વસ્તુનો ઉપભોગ કરવાને સંપૂર્ણપણે હક્કદાર છે. માટે વિના સંકોચ જે જે વસ્તુઓ જોઈએ તે લઈ જજે. અને પુત્રીના મનોરથો પૂર્ણ કરજે. તરત જ રાજ્યના કારભારીને બોલાવીને કહ્યું કે "શેઠના કાર્યમાં સંપૂર્ણ રસ લઈ જાતે ઊભા રહી તેમનું કાર્ય દીપાવજો. કોઈ જાતની કમી રાખશો નહિં."

શુભ દિન–તીથિ–વાર જોઈને શહેરયાત્રાની જાણ

કરવા સમગ્ર શહેરમાં દાંડી પિટાવી. આખું નગર ઉત્સવમાં તરબોળ બની રહ્યું. ગલીએ ગલીએ અને ચોરેચૌટે ધજા-પતાકા અને તોરણોથી ભરી દેવામાં આવ્યાં. વાજિંત્રોના મધુર નાદ–ઝંકારથી વાતાવરણમાં અનેરું લાવણ્ય છાઈ રહ્યું.

મંગળ–યાત્રા શહેરમાંથી પસાર થઈ રહી હતી. લોકો આનંદ અનુભવી રહ્યા હતા. રાજાજી પણ પોતાના સમગ્ર પરિવાર સહિત આગળ હતા, જાતજાતના અને ભાતભાતના વાજિંત્રો આનંદનું સામ્રાજ્ય ફેલાવી રહ્યા હતા—નંદાના હૈયામાં અસુમાર આનંદ હતો. મંગળયાત્રા દેવમંદિરે આવી ઊભી. નંદાએ ત્યાં પૂજાસેવા કરી ભક્તિભાવે ચૈત્યવંદન કર્યું. અન્નદાન, વસ્ત્રદાન અને ધનનું દાન કર્યું.

શહેરીજનોમાં આશ્ચર્ય થતું હતું કે આવી, આ પ્રકારની મંગળયાત્રા કદી પણ જોવામાં આવી નહોતી. રાજા પોતે ભાગ લઈ રહ્યા છે એ માટે તો નંદા ખરેખર મહાભાગ્ય-શાળી ગણાય. પુણ્યશાળીના પગલે સર્વત્ર આનંદ થાય.

આમ આ શુભ અવસર પૂરો થયો. નંદાનો દોહદ પણ પરિપૂર્ણ થયો. તેથી એના હૈયામાં આનંદની હેલી છલકાઈ રહી. મનોમન જિનેશ્વરદેવને વંદન કરી નવકાર મંત્રનું જાપ કરતી. અને ભવિષ્યમાં જન્મનાર બાળક ધર્મી બને તે માટે ઉત્સુક હતી.

સમય જતાં પૂરા દિવસે નંદાએ પુત્રનો જન્મ આપ્યો. અત્યંત સ્વરૂપવાન, કાંતિવાન અને દેદિપ્યમાન પુત્ર જોઈ

સૌ કોઈ આનંદ પામ્યા. ભદ્રશેઠે પુત્રજન્મની ખુશાલીમાં ઉત્સવ મનાવ્યો. જિનાલયોમાં પૂજા ભણાવરાવી. આંગી રચાવી અને સાધર્મિકોને ખૂબખૂબ દાન આપ્યું. શહેરભરમાં મિઠાઈ વહેંચી. સર્વત્ર આનંદનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. રાજમંદિરેથી પણ અભિનંદન આવ્યાં.

પૂરા આઠ દિવસ આ મહોત્સવ ચાલ્યો અને પુત્રનું નામકરણવિધિ પણ કરવામાં આવી. નંદાએ તેના માતા-પિતાને જાણ કરી કે શ્રેણિક ગયા ત્યારે બાળકનું નામ શું રાખવું એ કહેતા ગયા છે અને તેમની ઈચ્છા અનુસાર આ પુત્રનું નામ આપણે અભયકુમાર રાખીશું. આમ આ રીતે નામકરણવિધિ કરવામાં આવ્યો અને ઘેર ઘેર કંસાર વહેંચ્યો. અને આનંદ ફેલાયો.

સમયને જતાં કંઈ વાર લાગે છે?

વાતમાં ને વાતમાં પાંચ વર્ષના વહાણા વહી ગયા. અભયકુમાર દિવસે દિવસે વધુ બુદ્ધિમાન – તેજસ્વી બનતો ગયો.

બીજી બાજુ એવું બન્યું કે શ્રેણિક રાજગૃહી નગરે ગયા પછી તેના તરફથી કોઈપણ સંદેશ કે પત્ર સમાચાર ન હતા. તેમજ તેઓ તેમનું નામ, ઠામ કે ઠેકાણું પણ આપી ગયેલ ન હતા. તેથી હવે તેમની તલાશ ક્યાં કરવી એ એક પ્રશ્ન થઈ પડયો હતો. સુનંદા આશામાં ને આશામાં રાહ જોઈ રહી હતી. ક્યારેક તો સમાચાર મલશે એમ

મનોમન સમાધાન કરી પોતાના બાળકમાં મન પરોવી તેને સારી અને સાચી કેળવણી મળે એ માટે તેને તાલિમ આપવામાં ગાળતી. જોકે તેનું અંતર શ્રેણિકની યાદમાં તડપતું હતું.

અભયકુમાર પાંચ વર્ષનો થતાં તેને શુભ દિને શાળાએ બેસાડવામાં આવ્યો. ગુરૂપૂજન કરાવ્યું અને ભણવામાં રસ પડે એ રીતે તેનું મન પરોવ્યું. કહેવત છે કે

"પુત્રના ગુણ પારણામાં, અને વહુના ગુણ બારણામાં"

એ રીતે શાળાએ જતાં જ બુદ્ધિશાળી અભયકુમારે વિનય – વિવેક – રસિકતાં વગેરે ગુણો કેળવી લીધા.

"મોરના ઈંડા કાંઈ ચિતરવા પડતા નથી"

ભણવામાં – રમવામાં – કલા–સંગીત વગેરેમાં આગળનું સ્થાન મેળવી લઈ સૌ કોઈનું પ્રિયપાત્ર બની ગયો હતો.

નાની ઉંમરમાં અભયકુમારની જિજ્ઞાસા અને બુદ્ધિ અતિશય તીવ્ર હતી. શિક્ષકોને એવા એવા સવાલો પૂછતો કે શિક્ષકો જવાબ દેતાં મુંઝાઈ જતાં. આથી સૌને લાગતું કે આ બાળક જરૂર ભવિષ્યમાં મહાપુરૂષ બનશે. મહાબુદ્ધિશાળી બનશે એમાં કોઈ શંકા નથી.

આઠ વર્ષની ઉંમર થતાં થતાં તો તેણે બોંતેર કળા ગ્રહણ કરી લીધી. શાળામાં તે સૌ શિક્ષકોનો પ્રિયપાત્ર

બની ચૂકયો હતો. દરેક વર્ષે દરેક પરીક્ષામાં પ્રથમ વિજેતા બની માન મેળવી જતો.

કેટલાંક ઈર્ષાળુ સહાધ્યાયીઓને અભય પ્રત્યે નફરત થતી. પોતે આગળ જવા માટે શક્તિશાળી ન હતા તેથી આગળ જતાં પ્રત્યે ઈર્ષા – વેરભાવ રાખતાં.

કહેવત છે–કે : “ ગામ હોય ત્યાં, ઉકરડો પણ હોય.”

સોળ વર્ષની ઉંમર થતાં તે સર્વકળામાં પ્રવીણ બની ગયો. તેની માતાને આનંદનો પાર ન રહ્યો. ભદ્રશેઠ પણ અત્યંત ખુશ હતાં. અભય દેવ–મંદિર અને ઉપાશ્રયે જવાનું કદી પણ ભૂલતો નહિ. તેના આચાર – વિચાર અને વાણીના બધે જ વખાણ થતાં.

અભયકુમારની સાથે ભણતા કેટલાક ઈર્ષાળુ વિદ્યાર્થીઓથી અભયકુમારની કીર્તિની યશગાથા સહન થતી નહિં તેથી એક મિત્રે ટોણો માર્યો કે અભય, ભલે તું બુદ્ધિશાળી હો, વિદ્વાન હો, ગુણવાન હો પરંતુ ભગવાન શીવજીની માફક તું તારા પિતા કોણ છે તે જાણતો નથી. ત્યારે બીજો વિદ્યાર્થી કહેવા લાગ્યો “ પિતા હોય તો કહેને ! કોણ જાણે કોણ એનો પિતા હશે !

આવા શબ્દો સાંભળી અભયને બહુ દુઃખ લાગી આવ્યું. તરત જ પોતાની માતા પાસે જઈ પહોંચ્યો અને પૂછ્યું કે માતા, મારા પિતા કોણ છે ? કયાં રહે છે ? શા કારણથી તેઓ આપણને અહીં રઝળતા મૂકીને ચાલ્યા ગયા છે ? મને શાળામાં મારા સહાધ્યાયીઓ વારંવાર મેણા

મારે છે અને મારી પાસે કોઈ જવાબ ન હોવાથી મારે નીચું જોવું પડે છે.*

આ સાંભળી શ્રેણિકની યાદ તાજી થતા નંદા રડી પડી. અને એકદમ યાદ આવતાં અભયને ચિત્રશાળામાં લઈ ગઈ અને અંકિત કરેલા અક્ષરોવાળી ચિટ્ઠિ આપી. બુદ્ધિશાળી અભયે તે અક્ષરો તરત જ ઉકેલી નાંખ્યા. અભય આનંદમાં આવી ગયો અને માતાને કહેવા લાગ્યો કે पाण्डुरकुट्टी - એ પદથી સમજાય કે મારા પિતા રાજ્ય કરે છે. રાજ્ય સુખ ભોગવે છે. થોડા સમયમાં હું તને મારા પિતાજી પાસે લઈ જઈશ.

અભયકુમાર પોતાની તમામ પ્રકારની વિદ્યા પરિપૂર્ણ થતાં માતાને લઈને ભદ્રશેઠ પાસે ગયો. અને તેમની પાસે જઈ બે હાથ જોડી ઊભો રહ્યો. હે પરમ ઉપકારી પિતામહ! હું મારી માતાને લઈને મારા પિતાજીના ગૃહે જવા ઇચ્છું છું માટે મને રજા આપવા કૃપા કરો.

ભદ્રશેઠ કહે છે કે "ભાઈ, તારા પિતાજી તરફથી કોઈ સંદેશો કે તેડું આવ્યું નથી તેમજ તેઓ ક્યાં કયા નગરમાં રહે છે તે પણ આપણે તેમનું નામ પણ જાણતા નથી. તો તું ક્યાં જઈશ?

---

* તે સમયે નન્દાના લગ્નની વાતથી આરંભી. અભયકુમાર સોળ વર્ષના થયા. ત્યાં સુધી અભયના પિતાનું નામ - સ્થાનાદિ માટે કોઈએ કંઈ ઉલ્લેખ કે ઉચ્ચારણ સરખું ન કર્યું કે ન પૂછ્યું તેમ ન પૂછાવ્યું...એમાં તથ્ય શું? તે કેવલી ભગવંત જાણે!

અભયકુમાર– પિતાજી, સ્થળનું નામ મલી ગયું છે. મારા પિતાજી રાજગૃહી નગરીમાં રહે છે એટલે હું શોધી કાઢીશ. એ માટે તમો સહેજ પણ ચિંતા કરશો નહિં. શુભ મુહૂર્ત અને સારો દિવસ જોઈ અનેક પ્રકારના અમૂલ્ય દ્રવ્યો તથા સાધનો આપવાપૂર્વક, ભદ્રશ્રેષ્ઠિએ. માતા–પુત્ર બન્ને રાજગૃહી તરફ જવા વિદાય આપી. અને ગામ નગર આદિ વટાવતાં વટાવતાં તેઓ રાજગૃહી નગરીએ આવી પહોંચ્યાં.

પોતાની માતાને અન્ય દાસીઓને ગામ બહાર ઉદ્યાનમાં રાખી, તેમની ખાવા–પીવા અને રહેવાની વ્યવસ્થા કરી સૌને આરામ કરવા જણાવ્યું અને માતાની રજા લઈને અભયકુમાર શહેરમાં અવલોકન કરવા નીકળી પડ્યા.

卐



## ૩–મુખ્યમંત્રીની નિમણુંક



**રાજગૃહી** નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. પ્રજાને કોઈ જાતની તકલીફ ન પડે, સર્વત્ર સુખ શાંતિ રહે એ માટે પાંચસો મંત્રીઓની મોટી પેનલ બનાવી હતી. આમાં ચારસો નવ્વાણું મંત્રીઓની નિમણુંક કરી હતી. હવે તે સૌના ઉપરી સર્વશ્રેષ્ઠ એવા મુખ્ય મંત્રીની નિમણુંક બાકી હતી.

શ્રેણિક રાજાની એવી ભાવના હતી કે કોઈ મહા બુદ્ધિ કૌશલ્ય ધરાવનારો, વિનયી, વિવેકી ધર્મિષ્ઠ જિનેશ્વરદેવનો પરમ અનુયાયી હોય તેવો મંત્રી મળી જાય તો બેડો પાર. એવા નરવીરની શોધ કરવા માટે પોતાની આંગળીએથી એક સોનાની વિંટી કાઢી પાણી વગરના ખાલી કૂવામાં નાંખી અને ઢંઢેરો પીટાવ્યો કે

આપણી નગરીની બહાર આવેલ કૂવામાં પાણી નથી. ખાલી કૂવામાં સોનાની રત્નજડિત વીંટી શ્રેણિક રાજાએ નાંખી છે. તે મુદ્રિકા જે વ્યક્તિ કાંઠે ઊભા રહીને હાથમાં લઈ શકશે તેને રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવશે અને અડધું રાજ્ય આપવામાં પણ આવશે.



શ્રેણીક મહારાજા ઢંઢેરો પીટાવરાવે છે કે કૂવામાં નાંખેલી રત્નજડિત વીંટી કાંઠે ઉભા રહી કાઢી આપશે તેને મુખ્યમંત્રી બનાવવામાં આવશે.

આજે એ જોવા કૂતુહલથી નગરજનોની ભીડ જામી હતી. સૌ વિસ્મયથી એકબીજાની સામે જોઈ રહ્યા હતા. એ મુદ્રિકા જોઈને સૌ પાછાં જતાં હતાં. એવા સમયે અભયકુમાર નગરમાં પ્રવેશતો હતો. લોકોના વિશાળ સમુદાયને નિહાળી તેણે કોઈને પૂછ્યું કે ભાઈ અહીં શું છે ? લોકો કેમ ભેગાં થયાં છે ? ત્યારે તેમની પાસેથી ઉપરની માહિતી મળી.

આમ એક નહિં પણ અનેક મંત્રીઓ વિદ્વાનો—નગર-

જનો પ્રયત્ન કરવા લાગ્યા પરંતુ કોઈ સફળ ન થઈ શકયા.

કૂવાને કાંઠે રક્ષકોની એક ટુકડી ગોઠવી હતી કોઈ વ્યક્તિ એ કાઢી આપવા તૈયાર થઈ આવે તો તેની જાણ શ્રેણિક રાજાને કરવામાં આવે અને માનપૂર્વક તે વ્યક્તિને રાજા પાસે લઈ જવામાં આવે

અભયકુમાર એકદમ ટોળામાં પ્રવેશી છેક કુવા પાસે પહોંચી ગયો. કુવામાં પડેલી મુદ્રા જોઈ બોલી ઊઠયો; અરે ! તમે લોકો આ લોકો આ અંગુઠી કેમ લઈ શકતાં નથી. એનુ મને આશ્ચર્ય થાય છે. આ કામ સહેજે અઘરું નથી. ચાલો હું કાઢી આપું છું. પરંતુ, આ કાર્યમાં હું પરદેશી છું તો ભાગ લઈ શકું કે નહિ ? જવાબ મલ્યો કે હા જરૂર ભાગ લઈ શકો છો. '**ગાય વાળે તે ગોવાળ**'

આ વાતની તરત જ શ્રેણિક રાજાને જાણ કરવામાં આવી. તેમની અનુમતિ મળી જતા બીજે દિવસે આ પ્રયોગ કરવામાં આવનાર છે તેવી દાંડી પિટાવી કે પરગામનો એક નાનો કિશોર આ મુદ્રિકા કાઢવા પ્રયત્ન કરનાર છે એવું જાણી તે જોવા માનવ મહેરામણ ઉમટી પડયો. સૌ વિચારતાં હતાં કે આટલો નાનો બાળક આ કાર્ય શી રીતે કરી શકશે ? ભલભલાં વિદ્વાનો જે નથી કરી શકયા તે આ બાળક શી રીતે કરશે ? કૂતૂહલથી લોકો ભેગાં થયાં.

થોડી વારમાં શ્રેણિક રાજા આવી ગયા. સૌ નગરજનો જયનાદ પોકારી બાજુમાં ઊભા રહ્યા. રાજાએ પેલા નવયુવાન

ને પોતાની પાસે બોલાવ્યો. અભયકુમારે આવી વંદન કર્યું. અને આજ્ઞા માગી.

રાજાએ મંજૂરી આપી. જા....તારું કાર્ય શરૂ કર. નવયુવાને કુવાના કાંઠડે જઈ એક ઘોષણા કરી હે નગરજનો! હું મારી બુદ્ધિ વડે આ મુદ્રિકા કાઢી આપવા તૈયાર છું પરંતુ તે પહેલાં આપનામાંથી કોઈપણ વ્યક્તિને આ પ્રયોગ કરવાની ઇચ્છા હોય તો વિના સંકોચે તે આગળ આવે. પહેલાં તમારો હક્ક પછી જ મારો વારો છે, પછીથી કોઈને પણ એમ ન થાય કે એમાં શું છે? અમને પણ આવડે છે!

એક, બે અને ત્રણ ત્રણ વખત આવી ઘોષણા કરવા છતાં કોઈ જ આગળ આવ્યું નહિં. ત્યારે રાજાની આજ્ઞાથી એક મંત્રીએ કહ્યું કે– નરવીર, આપ જ હવે આ કાર્ય કરી બતાવો, તરત જ અભયકુમાર કુવાને કાંઠે આવી ઊભો રહ્યો. અને સેવકને આજ્ઞા કરી કે— છાણ લઈ આવો, સેવક છાણ લેવા દોડયો. લોકો વિચારવા લાગ્યા કે છાણ કેમ મંગાવ્યું હશે?

થોડીવારમાં સેવક છાણ લઈને આવી ગયો. આ નવયુવાને છાણ લઈને તે મુદ્રિકા ઉપર નાંખ્યું. તે મુદ્રિકા છાણમાં ચોંટી ગઈ. એ છાણને સુકવવા માટે તરત જ એક ઘાસનો પૂળો જલાવી તેના ઉપર નાંખ્યો. પૂળો સળગી રહ્યો એટલે પેલું છાણ થોડું સુકાઈને કઠણ બની ગયું. પછી આ ખાલી કુવો પાણીથી ભરવાનું કહ્યું તે મુજબ બીજા કુવામાંથી આ કુવામાં પાણી ભરાતું ગયું. ધીરે ધીરે

પેલો છાણનો પોદળો ઉપર આવતો ગયો. જ્યારે બિલકુલ ઉપર આવી ગયો ત્યારે તે છાણ લઈ તેમાંથી વીંટી કાઢી લીધી અને રાજાજીને સોંપી.

સૌ નગરજનો નવા આગંતુક કિશોરના ખૂબ ખૂબ વખાણ કરવા લાગ્યાં.

મહારાજા શ્રેણિક અતિશય આનંદિત બની ગયા અને પેલા કિશોરને હાથ પકડીને પોતાની પાસે બેસાડયો. અને પૂછયું કે 'હે નવયુવાન, તારું નામ શું ? તું કોનો પુત્ર છે ?"

અભય કહે– મારું નામ નવયુવાન.

હું વેણાતટ નગરીથી આવું છું અને હું પ્રજાપાલ રાજાનો પુત્ર છું.

વેણાતટ નામ સાંભળતા શ્રેણિક રાજાને એકદમ પોતાનો ભુતકાળ યાદ આવી ગયો. રાજકાર્યમાં એ વાત ભૂલાઈ જ ગઈ હતી પરંતુ નગરીનું નામ સાંભળતાં જૂના સંસ્મરણો તાજા થયાં. દેવી નંદા યાદ આવી. ઉપકારી ભદ્રશેઠ યાદ આવ્યાં.

રાજાએ કુમારને પૂછયું કે ભાઈ! તું વેણાતટ નગરેથી આવે છે એ જાણી એક સવાલ પૂછવાનું મન થાય છે તો તું કહેશે ?

કુમાર– મહારાજ, ખુશીથી પૂછો. જો હું જાણતો હોઈશ તો જરૂર જણાવીશ તેમાં મને શું વાંધો હોય ?

મહારાજ– વેણુાતટ નગરીમાં ભદ્રશેઠને તું ઓળખે છે ? તેમને એક પુત્રી હતી તેનું નામ નંદા હતું તે તું જાણે છે ?

અભય— મહારાજ, ભદ્રશેઠને તો નગરીમાં કોણ ન ઓળખે ? ઘણા ઉત્તમ કોટિના મહાપુરુષ છે. દોમ દોમ સાહ્યબી છે. છતાં ખૂબ જ ધર્મિષ્ઠ છે. તેમને એક પુત્રી છે તેનું નામ નંદા છે તે પણ હું જાણું છું અને નંદાદેવીને અભયકુમાર નામે પુત્ર છે. તે પણ હું જાણું છું.

શ્રેણિક રાજાએ પૂછયું કે— તે બાળકની વય કેટલી હશે ?

કુમાર કહે—મારા જેટલી જ હશે.

‘તારે એની સાથે મિત્રતા કેવી રીતે થઈ ?’

‘મહારાજ, અમે તો બચપણથી જ મિત્રો છીએ’ તેમજ અમે એકબીજા વગર સહેજ પણ રહી શકતા નથી.’

‘તો તેને લીધા વગર એકલો જ તું કેમ આવ્યો છે ?

‘મહારાજ, હું તેને મારી સાથે લઈને આવ્યો છું.’

‘તો તે ક્યાં છે ?’

‘મહારાજ, તે તેની માતા સાથે પાસેના ઉદ્યાનમાં જ છે. આપ આજ્ઞા કરો તો તેમને અહીં બોલાવી લાવું.’

‘ના, ચાલ, મને ત્યાં લઈ જા.’

નવયુવાનની પાછળ પાછળ શ્રેણિક રાજા ચાલવા

લાગ્યા. તેમની પાછળ રાજાના અંગરક્ષકો અને સૈનિકોનું નાનું સશસ્ત્ર લશ્કર ચાલ્યું જાય છે. નગરીના લોકો પણ કુતુહલથી પાછળ પાછળ જાય છે.

અહીં ઉદ્યાનમાં નંદા ઝાડની પાછળ ઊભી ઊભી અભયકુમારની રાહ જોઈ રહી હતી. તેવામાં સામેથી લોકોના ટોળાને આવતું જોઈ વિચારમાં પડી ગઈ. પણ ત્યાં તો શ્રેણિક રાજાની દૃષ્ટિ નંદા ઉપર પડી અને નંદાની દૃષ્ટિ શ્રેણિક રાજા ઉપર પડી. પરસ્પર માનસપટ ઉપર ભૂતકાળની સ્મૃતિઓ ઉપસવા લાગી. ભૂતકાળ ખડો થયો. શ્રેણિકને બધું જ યાદ આવવા લાગ્યું. આંખમાંથી હર્ષના અશ્રુઓ સરી પડ્યાં. રાજકાર્યની જવાબદારીમાં પોતે નંદાને ભૂલી ગયો. પ્રિયાને તેડાવી ન શક્યો. તેનું ખૂબ દુઃખ થવા લાગ્યું.

શ્રેણિકરાજા મનમાં વિચારવા લાગ્યો— અરે! હું કેટલો બધો સ્વાર્થી કહેવાઉં?

આ સતિ નારીનો મેં ઘોર અપરાધ કર્યો છે અને અન્યાય પણ કર્યો છે. શું નંદા મને ક્ષમા આપશે ખરી?

શ્રેણિકની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી નંદાની આંખમાંથી પણ અશ્રુધારા વહી રહી હતી. પરસ્પર ભાવ-વિભોર બની હાથ જોડી ક્ષમાયાચના કરી.

શ્રેણિકરાજા — પ્રિયે, મને માફ કર, હું....

નંદા — નાથ, આપ એ શું બોલ્યા? હું આપના

પુત્રને તૈયાર કરી યોગ્ય તાલિમ આપતી અને આપની રાહ જોતી મારા પિતૃગૃહે હતી—

શ્રેણિક— પ્રથમ તો મને મારો પુત્ર અભયકુમાર દેખાડ એ કયાં છે ?

નંદા— સ્વામીનાથ, આ આપની સામે ઊભો છે તે જ આપનો પુત્ર અભયકુમાર છે. આવા અતિ બુદ્ધિશાળી - તેજસ્વી અને આજ્ઞાંકિત પુત્ર અભયકુમારને મેળવીને અત્યંત આનંદ પામ્યા— ગજ ગજ છાતી ફુલવા લાગી.

શોભાયાત્રાનો હુકમ અપાયો અને વાજતેગાજતે સામૈયું કરી નંદાને શહેર યાત્રાપૂર્વક રાજમહેલમાં લઈ જવાનો મહોત્સવ જાહેર કરવામાં આવ્યો. નગરજનોને આ શોભાયાત્રામાં ભાગ લેવાનું તેમજ સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવ્યું. રાત્રિ દરમ્યાન શ્રેણિક પોતાની પાંચે રાણીઓ સાથે ઉદ્યાનમાં જ રહ્યાં.

બીજે દિવસે શોભાયાત્રાનો વરઘોડો હતો. શહેરભરમાં આનંદોત્સવ અવર્ણનીય હતો. સુંદર સજાવટ - રંગરંગોળી - રસ્તા કમાન તોરણ - દીપમાળાથી સર્વત્ર ઝગમગાટ જણાતો હતો. જૈનમંદિરોમાં સુંદર આંગીની રચના- પૂજા વિગેરેથી ઝાકમઝોળ હતું. બધે આનંદ પ્રવર્તી રહ્યો હતો. નંદા શ્રેષ્ઠિપુત્રી હોવાથી તેને જન્મથી જૈનધર્મના સંસ્કારો મળ્યા હતા. તેથી તેને અનુલક્ષીને જૈનમંદિરોમાં પૂજા-મહોત્સવાદિ કરે એ સહજ છે.

વહેલી સવારથી જ શહેરમાં ધમધમાટ શરૂ થઈ ગયો હતો. બજારમાં દુકાને દુકાને ધજા, રસ્તે રસ્તે તોરણો, ધજા–પતાકાથી શણગારેલું હતું. શ્રેણિક રાજાની સાથે મુખ્ય હાથીને રંગબેરંગી વસ્ત્રો વડે શણગારી અંબાડીમાં નંદા અને અભયકુમાર બેઠાં. અને વાજતેગાજતે શહેરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો.

નંદાને અને અભયકુમારને જોવા માટે સૌ નગરજનો ગાંડા થઇ ગયાં હતાં. ચારેબાજુ દોડાદોડ અને ધક્કામુક્કી થતાં હતાં. મોટા મકાનોની અગાશી, ઝરુખે – બારીઓમાં અને ગોખમાં સ્ત્રીઓની સંખ્યા અગણિત હતી. નંદાને જોઈને તેનું સ્વાગત કરતી ફુલડાં – અક્ષત – કુંકુમ વેરતી અને વધાવતી હતી તેમજ કેટલીક સ્ત્રીઓ મનોમન ઈર્ષ્યા પણ કરતી કે કેટલી પુન્યશાળી છે. એના જેવા પુન્ય આપણે નહિં કર્યાં હોય! મહાભાગ્યશાળી છે!

શોભાયાત્રાની સર્વ વ્યવસ્થા મહાપ્રતિહારે સુંદર રીતે કરી હતી. સુવર્ણના રથો હતા. સશસ્ત્ર દળો સહિત ઘોડેસ્વારો હતા. શોભાયમાન હાથીઓનું દળ પણ હતું. વાજાઓ અને સંગીતનું પ્રફુલ્લિત વાતાવરણ પણ હતું. વાદ્યવૃંદ, નૃત્યવૃંદ અને નાટયવૃંદો પણ હાજર જ હતાં. નગરના અન્ય આગેવાનો પણ શોભાયાત્રામાં હાજર જ હતાં.

શહેરના મુખ્ય માર્ગોએ કુમારિકાઓ કંકુ, ગુલાલ, અક્ષત અને ચોખાથી સ્વાગત કરતી નૃત્ય કરી રહી હતી.

સર્વત્ર રાજાના, નંદાદેવીના અને અભયકુમારના જય-

નાદો થઈ રહ્યા હતા. આમ સર્વત્ર ફરી ફરીને ત્રણ કલાકને અંતે રાજમહેલને દ્વારે આવી ગયા. ત્યાં તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

રાજમહેલનાં પ્રવેશમાં નંદાએ પૂછયું કે "સ્વામી, આપણા આ રાજભવનમાં શ્રી જિનેશ્વર દેવનું મંદિર છે?"

શ્રેણિક – ના, અહીં સામે જ છે. તું અને કુમાર દર્શન કરીને આવો."

શ્રેણિકરાજા બૌદ્ધ ધર્મના અનુયાયી હતા. જિનધર્મના ન હતા તેથી શ્રદ્ધા ન હતી. માટે તેઓ નંદા–અભય સાથે જિનમંદિરમાં દર્શન કરવા ન ગયા.

નંદા અને અભયકુમાર જિનમંદિરમાં દર્શન કરવા ગયાં. પ્રતિમાજી અતિસુંદર, ભવ્ય અને આકર્ષક હતાં. ગર્ભદ્વારો સુંદર રીતે સુવર્ણ અને રત્નોથી આચ્છાદિત હતાં. દીપ ધૂપની મહેંકથી વાતાવરણ અતિશય પવિત્ર અને આનંદમય લાગતું હતું.

દર્શન કરી રાજભવનમાં ગયાં ત્યાં શ્રેણિક રાજાએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું અને પછી સૌ સાથે ભોજનાલયમાં જમીપરવારી આરામાર્થે સૌ ચાલ્યાં. નંદા માટે અલગ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને અભય કુમાર માટે અલગ મહેલની ગોઠવણ કરવા હુકમ અપાઈ ગયો હતો. બપોરનો થોડો આરામ કરી રાજમહેલમાં રાજદરબાર ભરવામાં આવ્યો. અન્ય મંત્રીઓ – સેનાપતિ વગેરે

સૌ હાજર હતાં. નગરના મુખ્ય માણસો – નગરશેઠ વિગેરે તે પ્રસંગે અભયકુમાર પણ હાજર હતો.

શ્રેણિક રાજાએ કહ્યું — મંત્રીઓ, નગરજનો અને સેનાપતિ. અત્યારે અહીં હાજર છે તે અભયકુમાર જે બુદ્ધિકસોટીમાં પાર ઊતર્યા છે એટલે મારી કરેલી જાહેરાત મુજબ હું તેમને મુખ્યમંત્રીના હોદ્દે નિમણુંક કરું છું. તેમજ રાજ્યના જે ચારસો નવ્વાણું મંત્રીઓ છે તેમનું અધ્યક્ષ પદ પણ તેજ સ્વીકારશે. રાજ્યના નાનામોટા પ્રશ્નોનો ઉકેલ હવેથી તેજ કરશે. માત્ર અતિશય ગંભીર પ્રશ્નો હશે તેવા પ્રશ્નો માટે મારી સાથે વાત કરવાની રહેશે.

બીજે દિવસે ભરદરબારમાં અભયકુમારને રાજમુદ્રા આપી અને મુખ્યમંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી. અને ખૂબ શાનદાર રીતે તેમનું રાજ્ય સન્માન કરવામાં આવ્યું. અભયકુમાર તરફથી પણ મહામંત્રી યોગ બે શબ્દો સુંદર ઉચ્ચારવામાં આવ્યા કે મહારાજાએ મને મુખ્યમંત્રીનું પદ આપ્યું એ બદલ ખૂબ આભાર. એ પદનું ગૌરવ સંપૂર્ણ રીતે જળવાઈ રહેશે એ પ્રમાણે હું વર્તીશ અને પ્રજાનું હિત–સુખાકારી જળવાય એ માટે પ્રયત્ન કરીશ. આમ જનતાના પ્રશ્નોના ઉકેલ ઝડપથી આવે એ વ્યવસ્થા કરવામાં આવશે. કોઈનેય અન્યાય ન થાય માટે સજાગ રહીશ. ગમે તે વ્યક્તિ, ગમે ત્યારે મલવા માટે આવી શકશે. તેમની મુશ્કેલીઓ માટે જાણ કરી શકશે પછી તે ગમે તેની સામે હોય, પરંતુ ફરિયાદનો યોગ્ય નિકાલ થશે જ.

આ સાંભળી સૌએ અભયકુમારના નામનો જયનાદ કર્યો.

શ્રેણિક રાજાએ કરેલી જાહેરાત મુજબ, તેમણે મંત્રીશ્વર અભયકુમારને અર્ધું રાજ્ય અને પુત્રી પરણાવવી જોઈએ. પરંતુ અભયકુમાર પોતાનો જ પુત્ર હોવાથી પુત્રી પરણાવી શકાય તેમ ન હોવાથી પોતાની બહેન જે એક વિદ્યાધર સાથે પરણાવેલી તેમની પુત્રી વિદ્યાધરે શ્રેણિક રાજાને સોંપેલી તે ઉંમરલાયક થઈ હતી તેના લગ્ન અભયકુમાર સાથે ખૂબ જ ઠાઠથી કરવામાં આવ્યા અને અર્ધું રાજ્ય પણ આપવામાં આવ્યું અને આ રીતે શ્રેણિકે પોતાનું વચન પૂર્ણ કર્યું. ત્યાર બાદ અભયકુમારે અનેક રાજકન્યાઓ સાથે લગ્ન કર્યા હતા.

ત્યારબાદ અભયકુમારે એક પછી એક પ્રતિસ્પર્ધિ રાજવીઓને હરાવવા માંડ્યા. તેમજ સામ–દામ–દંડ–ભેદની વિદ્યાઓ વાપરી સર્વને પ્રેમપૂર્વક નમાવ્યાં. જેથી અભયકુમારની નામના વધી ગઈ. અભયકુમાર શ્રેણિક મહારાજાનો સેવક છે. એમના વતી તેમના ગમે તેવા અશક્ય કાર્યોને શક્ય બનાવી દેતો. મોટાઈ સહેજ માત્ર ન હતી નિરાભીમાની અને નમ્રતાથી તેના પ્રત્યે શ્રેણિકરાજાને બહુ માન હતું, જેવી રીતે લક્ષ્મણ રામચંદ્રજીના તમામ કાર્યો કરતો અને તેનામાં સહેજ માત્ર મોટાઈ ન દેખાતી–સર્વત્ર રામનામનો જ મહિમા બતાવતો તેવી રીતે અહીં અભયકુમાર પણ શ્રેણિકરાયની જ મોટાઈ અને મહત્તા દર્શાવતો. પોતે તો માત્ર સેવક જ છે એમ માનીને વર્તતો.

卐

## ૪ – ચેટકપુત્રી ચેલ્લણા સાથે લગ્ન

**વૈશાલીકા** નામે એક નગરી ધનાઢય શ્રેષ્ટિઓથી ઉભરાતી હતી. ગગનચુંબી દેવાલય, જિનાલયોથી તે સુશોભિત હતી. કોતરણીથી ભરપૂર એવા અનેક મોટા મકાનો હતા. ઊંચી ઊંચી મહેલાતો અને સંગેમરમરથી શોભતા આલીશાન બંગલાઓનો કોઈ પાર ન હતો. કલાત્મક રીતે કંડારાયેલી આ નગરીની ભવ્યતાનો કોઈ પાર ન હતો. દરેક જાતના લોકો અહીં વસતા હતા. વિશાળ શાળાઓ–નિર્મળ જળના ફુવારાઓથી શહેર શોભતું હતું.

આ નગરીનો રાજા ચેટક સૂર્ય સમાન તેજસ્વી અને બહાદુર યોદ્ધો હતો. નીતિમાન અને ધર્મિષ્ઠ હતો. હંમેશા તે શ્રી જીનેશ્વર ભગવંતની પૂજાસેવા કરતો. તેને ધર્મમાં અપાર વિશ્વાસ હતો. આવા અત્યંત ગુણવાન–રાજવીનું વર્ણન કરવા માટે જેટલું લખાય તે ઓછું પડે. આ ચેટક રાજાને જુદી જુદી સ્ત્રીઓથી જન્મેલી સાતે પુત્રીઓ રૂપ રૂપનો અંબાર અને ગુણનો ભંડાર સમી હતી. તેમાં પહેલી પુત્રી પ્રભાવતીને વિતભયા નગરીના રાજા ઉદયન સાથે, બીજી પુત્રી પદ્માવતીને ચંપાનગરીના રાજા દધિ-

વાહન વેરે, ત્રીજી મૃગાવતીને કૌશાંબી નગરીના રાજા શતાનિક વેરે, ચોથી પુત્રી શીવાદેવીને ઉજ્જૈયીનીના રાજા પ્રદ્યોત વેરે, અને પાંચમી પુત્રો જ્યેષ્ઠાને મહાવીર સ્વામી ભગવાનના મોટા ભાઈ નંદિવર્ધન સાથે પરણાવી હતી. બાકીની બે બહેનો સુજ્યેષ્ઠા અને ચેલ્લણા કુંવારી હતી.

બન્ને બહેનો ધર્મની અનુરાગી હતી. સમાન વિચાર વાળી હતી. જૈન ધર્મ પ્રત્યે અપાર લાગણી હતી. દરરોજ દેવદર્શન–પૂજા–પ્રતિક્રમણ વગેરે સાથે જ કરતાં–એક બીજા વગર તેમને રહેવું ગમતું જ નહિં. અનહદ રૂપ અને લાવણ્ય વડે બંને બહેનો શોભી રહેતી. લોકો તેમના ખૂબ વખાણ કરતાં.

એક વાર ધાર્મિક ચર્ચામાં એક તાપસી સાથે જયેષ્ઠાને થોડી ટપાટપી થઇ અને તાપસીને બોલતી બંધ કરી એટલે એ તાપસી કોપાયમાન થઈ, મનોમન વિચાર્યું કે આને તો ઘણી શોકચો હોય તેવા સ્થળે પરણે એવું કરું તો મને શાંતિ થશે. આમ વિચારી તે તાપસીએ સુજયેષ્ઠાનું આબેહૂબ ચિત્ર અંકિત કરાવડાવ્યું. પેલી સાધ્વીસ્ત્રી (તાપસી) ફરતી ફરતી રાજગૃહી નગરીએ જઈ મહારાજા શ્રેણિકના દર્શન કર્યા અને અતિ નમ્ર સ્વરે બોલી. હે મહારાજા, આપ તો અતિશય સ્વરૂપવાન, સુંદર, તેમ શક્તિશાળી છો તેથી આપને આ એક ચિત્ર બતાવું છું એમ કહી તે ચિત્ર શ્રેણિકરાજાને આપ્યું અને પછી તે તાપસી સુજ્યેષ્ઠાના અંગોપાંગનું વર્ણન કરી રહી. આ લોકમાં

જોવા પણ ન મળે એવું તેનું રૂપ અવર્ણનીય છે; તેનું સૌંદર્ય અપ્રતિમ અને એનું લાવણ્ય અપૂર્વ છે. ખરે જ વિધાતાનું શિલ્પ તેની પરાકાષ્ટાએ પહોંચ્યું દેખાય છે.

આ ચિત્ર જોયું અને તેની સર્વ હકીકત જાણી શ્રેણિક રાજા વિહ્વળ બની ગયા. કોઇ જ કામમાં ચિત્ત ચોંટતું નહિ. તેથી તેણે તાપસીને પૂછ્યું કે આ ચિત્ર કોનું છે? તેના પિતા કોણ છે? ત્યારે તાપસીએ જણાવ્યું કે મહારાજા ચેટકની પુત્રી કુમારીકા સુજ્યેષ્ઠાનું આ ચિત્ર છે. પરંતુ જૈનધર્મ પ્રત્યે અનહદ રાગી છે તેથી ચેટકરાજા – જૈન-ધર્મમાં શ્રદ્ધા ધરાવનાર રાજવીને જ પોતાની પુત્રી પરણાવે છે. મેં મારી ફરજ બજાવી- હવે શું કરવું એ આપે નક્કી કરવાનું છે! સુજ્યેષ્ઠા વિનાની આપની રાજ્યલક્ષ્મી વ્યર્થ છે. પૃથ્વીપર રહેવું તે પણ આપશ્રી જેવા માટે યોગ્ય નથી. પરંતુ આપ સુજ્યેષ્ઠાને પ્રાપ્ત કરશો તો ખરેખર આપનું જીવન ધન્ય બની જશે એટલું ન ભૂલશો. અંતે તેનું ચિત્ર મૂકી ભેટણું લઈ તાપસી વિદાય થઈ.

શ્રેણિકરાજા એ દિવસથી સુજ્યેષ્ઠા મેળવવાના વિચારોમાં બધું જ ભૂલી–ઊંડા વિચારોમાં ખોવાયેલા રહેતા. રાજ-કાજમાં ચિત્ત ચોંટતુ ન હતું. કોઈની પણ સાથે બોલતા ચાલતા પણ ન હતા. ખરેખર કામી માણસોને ક્યાંય શાંતિ મળતી નથી. એમનું અંતર સદૈવ કામ–વાસનાઓથી જલતું રહેતું હોય છે. કામી માણસોની ખરાબ દશા હોય છે.

ત્રીજે દિવસે મહામંત્રી અભયકુમારે મહારાજા શ્રેણિક

પાસે જઈ વિનયપૂર્વક પૂછયું કે આપ, કુશળ છોને? આપને ત્રણ દિવસથી ઉદાસ જોઉં છું એટલે પૂછવાનું મન થાય છે કે આપને કોઈ પ્રશ્ન મુંઝવી રહ્યો છે? જો એમ હોય તો આપ કૃપા કરી વાંધો ન હોય તો મને જણાવો. મારાથી બનતા તમામ પ્રયત્નો કરી તે પ્રશ્ન ઉકેલી આપીશ.

શ્રેણિક રાજાએ સુજ્યેષ્ઠાનું ચિત્ર અભયકુમારને બતાવ્યું અને તેને પ્રાપ્ત કરવાની મારી મહેચ્છા છે તો એ માટે શું કરવું એનો વિચાર મને મુંઝવી રહ્યો છે.

અભયકુમાર — પિતાજી, આમાં અકળાવાનું શું છે? આપણે એક ખાસ વિશ્વાસુ દૂતને મોકલીએ અને ચેટક રાજા શું ઉત્તર આપે છે તેની રાહ જોઈએ. ત્યારબાદ શું કરવું તેનો નિર્ણય પછીથી કરીશું.

શ્રેણિકરાજા — સારું. તને યોગ્ય લાગે તેમ કર પરંતુ સુજ્યેષ્ઠાને મેળવવી છે તે લક્ષમાં રાખજે.

ત્યારબાદ અભયકુમારે અતિ વિશ્વાસુ એવા એક રત્નભદ્ર નામના દૂતને ચેટકરાજાના વૈશાલી નગરીએ સંદેશો લઈને મોકલ્યો. દૂત ફરતો ફરતો વૈશાલી પહોંચ્યો.

ચેટકરાજાએ તેનું સ્વાગત કર્યું. ખૂબ જ પ્રેમથી આદર સત્કાર કર્યો અને દૂતના આગમનનું કારણ પૂછયું.

દૂતે અતિ નમ્ર વાણીમાં, વિવેક અને વિનયભરી ભાષામાં જાણ કરી કે હે ચેટકરાજ, મગધના મહારાજા શ્રેણિક જેઓ એક મહાવીર, ધૈર્યવાન, ભાગ્યવાન અને નર-

શ્રેષ્ઠ રાજવી છે. તેઓ ગૌરવપૂર્વક આપની કન્યા સુજ્યેષ્ઠાની માગણી કરે છે. તો આપ એ માગણીનો સ્વીકાર કરો. મને આશા છે કે આપ સમજુ અને શાણા રાજવી છો. એટલે અમારી માગણી જરૂર સ્વીકારશો. આપની પુત્રી શ્રેણિકરાજાના સંપર્કથી શોભશે અને એમની જોડ ખરેખર અદ્‌ભુત દીપશે. દૂતની વાત સાંભળીને – વિચાર કરી ચેટક-રાજાએ કહ્યું : હે દૂત! તું તારા મહારાજાને મારા તરફથી સંદેશો આપજે કે "દીકરી એ પારકા ઘરની લક્ષ્મી છે." ગમે તેવી સ્વરૂપવાન કન્યાઓ હોય પરંતુ તે પારકા ઘરની શોભા વધારનારી જ હોય છે – પરંતુ અમે હૈહય વંશના છીયે અને તમારા મહારાજા વાહીક ગોત્રના છે. અમે તે ગોત્રમાં કન્યા આપતાં નથી. આ વાત અસંભવીત છે તમારા મહારાજાને કહેજે કે હું તેમની માંગણીનો સ્વીકાર કરવાને અસમર્થ છું – દિલગીર છું.

આ સાંભળી રત્નભદ્રને શું જવાબ આપવો તેની સમજ પડી નહિં એટલે તરત જ રાજગૃહી પાછો ફર્યો.

મહારાજા શ્રેણિક અને મંત્રીશ્વર અભયકુમાર અહીં રાજગૃહીમાં રત્નભદ્ર દૂતની કાગડોળે રાહ જોઈ રહ્યાં હતાં. શું જવાબ લાવે છે જે જાણવા બન્ને અતિ આતુર હતાં. એવામાં રત્નભદ્ર આવી ગયો. ત્યાં બનેલી તમામ હકીકતની જાણ કરી. આ સાંભળી મહારાજા શ્રેણિક અતિશય ચિંતામાં પડી ગયાં. અને અભયકુમારને કહેવા લાગ્યા કે હે પુત્ર! ચેટકરાજાને દૂત દ્વારા ઘણી પ્રાર્થના કરવા છતાં કન્યા આપ-વાની ના કહે છે તો હવે શું કરીશું ?

અભયકુમારે કહ્યું—પિતાજી, આપ શા માટે ચિંતા કરો છો ? આ કાર્યને સિદ્ધ બનાવવા માટે હું પોતે વૈશાલી શીઘ્રપણે જઈશ અને સુજ્યેષ્ઠાનું મન આપના પ્રત્યે ભાવનાશીલ બને એવું કરીશ અને આપની મહેચ્છા પરિપૂર્ણ કરીશ.

મહારાજાની રજા લઈને બીજે દિવસે અભયકુમાર વૈશાલી જવાની તૈયારી કરવા લાગ્યો. મહારાજાનું એક અત્યંત સુંદર ચિત્ર તૈયાર કરાવી પોતાની સાથે રાખ્યું. વેશબદલો કરી અભયકુમાર પોતાના વિશ્વાસુ દૂતને સાથે લીધો. તેમજ જરૂરી એટલી સુવર્ણમુદ્રાઓ, રત્નાલંકારો, રત્નાભુષણો, સુગંધી અત્તરો વગેરે સાથે લીધાં. એક શ્રેષ્ઠિનો વેશ ધારણ કર્યો અને થોડા દિવસોમાં તેઓ વૈશાલી નગરીમાં આવી ગયા.

અભયકુમારે વિચાર્યું કે હું જે કાર્ય માટે આવ્યો છું તે કાર્ય સફળ બનાવવા રાજમહેલની નજીકમાં તેમજ રાણીવાસની નજીકમાં દુકાન હોય તો અનુકૂળ પડે. તેણે રાજભવનના પાછળના દ્વાર પાસે જ દુકાન રાખી અને તેની અતિ મનોહર રીતે સુશોભિત કરવા લાગ્યો.

રાણીઓ અને કુમારીઓની દાસીઓ માટે જવા આવવાનું આ મુખ્યદ્વાર ગણાતું એટલે રાજાના અંતઃપુરમાં જવા આવવાનો સરળ અને સીધો રસ્તો હતો. દુકાનમાં સુંદર અને આકર્ષક કલાત્મક રીતે ગોઠવણી કરી અને અત્તર–તેલ–ફુલેલની મદભરી સુવાસથી આજુબાજુનું વાતાવરણ મહેંકતુ કરી મૂક્યું. સર્વત્ર સુગંધ ફેલાઈ ઊઠતી. લોકોના

મન અતિ પ્રસન્ન બની જતાં અને ડોલી ઊઠતાં. આમ અભયકુમારની અત્તરની મહેંક, નામના અને માંગ વધતી જ ગઈ. લોકોની ભીડ રહેવા લાગી. આમ કુમારની યોજના મુજબ સફળતા મલતી રહી.



અભયકુમાર વિશિષ્ટ પ્રકારના અત્તરોની દુકાન ખોલી વેપાર કરે છે. દુકાનમાં શ્રેણિકનો ફોટો રાખ્યો છે.

અભયકુમાર વણિક શ્રેષ્ઠિના પોષાકમાં ખૂબજ સોહામણા દેખાતા હતા. દુકાને આવનાર દરેક ગ્રાહકને યોગ્ય રીતે સન્માન કરી તેનું દિલ જીતી લેતાં અને તેમને પ્રસન્ન રાખતાં. આથી શહેરમાં અત્તરોની અન્ય દુકાનો હોવા છતાં તેમની દુકાને ખૂબ જ ભીડ રહેતી. અને લોકો તેમની પ્રશંસા કરતા. થોડા જ ટાઈમમાં નામના મેળવી.

અભયકુમારે પોતાની દુકાનમાં શ્રેણિકરાજાનું ચિત્ર જતાં આવતાં સૌ કોઈ લોકો જોઈ શકે એ રીતે મૂક્યું હતું. અખંડ દિવો પૂરી રાખેલ અને ધૂપસળીની મહેંક ચાલુ રાખી હતી. સવાર બપોર અને સાંજે તાજા સુગંધી-ભર્યા ફૂલોની માળા ચઢાવતાં. અને અપૂર્વ ભક્તિથી પૂજા કરતો હોય એવો દેખાવ કરતો. રાજમહેલમાંથી અત્તર વગેરે ખરીદવા વારંવાર આવતી દાસીઓ સાથે સારો પરિચય કેળવ્યો હતો. તેઓ આ રીતે શ્રેષ્ઠિને પૂજા કરતો જોઈ આશ્ચર્ય અનુભવતી. એકદા શ્રેષ્ઠિને પૂજા કરતો જોઈ સુજ્યેષ્ઠાની માનીતી દાસીએ સ્પષ્ટ પૂછ્યું કે શેઠજી, આપ કોની પૂજા કરો છો ? આટલી ભાવભક્તિથી પૂજા કરો છો એટલે પૂછવાનું મન થાય છે આપને વાંધો ન હોય તો જણાવો.

શ્રેષ્ઠીએ હર્ષપૂર્વક જણાવ્યું- મહાભાગ્યશાળી એવા આ મારા સ્વામી શ્રેણિકરાજા છે તેમની હું હરહંમેશ પૂજા કરું છું અને તેમના પ્રતાપે ખૂબ સુખી છું. પેલી દાસીઓએ પ્રેમથી એ છબી હાથમાં લઈ પૂર્ણ સ્વરૂપે નિહાળી મનોમન બોલી ઊઠી—અહો ! શું સુંદરતા અને રૂપ છે ? કામદેવને પણ શરમાવે તેવું છે. સોનાને પાછો પાડે એવો એમનો વર્ણ છે. ખરેખર એમનું પુન્ય અને લાવણ્ય અદ્ભુત છે.

અભયકુમારે કહ્યું—બહેનો, ખરેખર તો શ્રેણિકરાજાના પ્રત્યક્ષ રૂપના ૧૦૦મા ભાગનુંયે આ ચિત્રમાં નથી. તેમ એમનું શૌર્ય, પરાક્રમ, ધૈર્ય અને ગાંભીર્ય અજોડ છે. એમનું

વર્ણન કરવું મારા જેવા મનુષ્ય માટે અશક્ય છે. એમના ગુણોનો જે સમન્વય થયેલ છે એવું બીજે ક્યાંય જોવા મલવું અસંભવ છે. દાસીઓએ આ તમામ વાતચીત અને હકીકત રાજકુમારી સુજ્યેષ્ઠાને કરી. અને કહ્યું કે આ વણિકશ્રેષ્ઠી પાસે એક સુંદર છબી છે. તેની તે દરરોજ ત્રણ વખત પૂજા કરે છે, શું મનોહર છે એ છબી! અહો, જાણે સાક્ષાત કામદેવ આવી ઊભા હોય નહિ! આવું રૂપ, આવું તેમના દેહનું લાલિત્ય અને મહાપ્રતાપી મુખડું ક્યાંય જોવા મલે જ નહિં. આવા વખાણ અને ગુણગાન સાંભળ્યા પછી ચેટકરાજાની પુત્રી સુજ્યેષ્ઠાને તે છબી નિહાળવાનું મન થયું. એ છબીનું મનોહર સ્વરૂપ જોવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. ખરેખર યુવાન વય એવી છે કે આવું નવિન–મનહર વસ્તુ જોવાની ઇચ્છા દરેકને થઈ આવે તે સ્વાભાવિક છે.

સુજ્યેષ્ઠાને સખી જેવી એક અતિપ્રિય દાસી હતી. પોતાની સર્વ ગુપ્તવાત આ સખીથી અજાણ ન હતી. તેથી તેને બોલાવી એ છબી જોવા માટે લઈ આવવાનું કહ્યું. એ છબી ગમે તે રીતે લાવી આપવા વિનંતિ કરીશ. બીજે દિવસે એ દાસી પેલા વાણિક શ્રેષ્ઠિની પાસે આવી થોડી આડી અવળી વાતચીત કર્યા પછી ધીરેથી ખૂબ નમ્રતાપૂર્વક બોલી :–હે શ્રેષ્ઠિવર્ય! હું આપની પાસે એક ચીજ માંગવા આવી છું તો આપશો ને? જો કે આવી માગણી કરવી એ મારે માટે શોભાસ્પદ નથી છતાં માંગવી પડે છે અને આપે મને નિરાશ કરવાની નથી. એ ચીજ એ છે કે પેલી

છબી ! જેને વિષે તમે ખૂબ ખૂબ અમને કહેલું, તે અમારા રાજકુમારી સુજ્યેષ્ઠા દેવીને જોવા માટે લઈ જવી છે. પછી તરતજ હું જાતે આવી પાછી આપી જઈશ.

આ સાંભળી શ્રેષ્ઠિએ એવો ખોટો દેખાવ કર્યો કે તે આ છબી કોઈને આપવા માંગતો નથી. મારા નાથ મારા માટે સર્વસ્વ છે, તમે સર્વે દાસીઓ ભેગી મલી એ છબીનું કોઈ પણ રીતે અપમાન કરો તે મને ગમશે નહિં. અને મહાપરાણે આપતો હોય એવો દેખાવ કરીને કહેવા લાગ્યો કે—તમારી રાજકુમારીને જોવા માટે લઈ જવી છે તો ભલે લઈ જાવ, જોઈને તતક્ષણ પરત કરજો અને કાળજી પૂર્વક સંભાળ રાખજો અને એ છબીની કોઈ અવજ્ઞા ન કરશો. એમ કહી એ છબી દાસીને આપી.

દાસી તો એ છબી મળતાં રાજીના રેડ થઈ ગઈ અને એના હૃદયમાં આનંદ સમાતો ન હતો. તે છબી લઈને દોડતી રાજકુમારી પાસે જવા લાગી, આ બાજુ રાજકુમારી પણ દાસીને ગયા ઘણી વાર થઈ હોવાં છતાં પાછી આવી ન હતી એટલે તે પણ રાહ જોઈ રહી હતી.

પ્રતિક્ષાની પળો હંમેશા અતિ વિષમ અને દીર્ઘ જણાતી હોય છે. કાળની ગતિમાં કોઈજ ફેર હોતો નથી પરંતુ પ્રતિક્ષા કરનાર વ્યક્તિના મનની અધીરતાનો સમયનો દોર અતિશય લાંબો લાગે છે. અત્યારે સુજ્યેષ્ઠાના મનમાં જાતજાતના અને ભાત ભાતના વિચારો ઊઠવા લાગ્યાં—

શું શ્રેષ્ઠિવર્યને મારા મનની નબળાઈનો ખ્યાલ આવ્યો હશે? તેઓ મારા માટે શું ધારી રહ્યા હશે?

એવામાં તો સખી એવી દાસી હસતી રમતી અને દોડતી આવી ઊભી. અને સાથે લાવેલી છબી તેની સમક્ષ મૂકી. અને કહ્યું કે—શ્રેષ્ઠીવર્યે ખૂબ આનાકાની અને વિનંતિઓ પછી છબી આપી છે અને એ આપ જોઈ લો કે તરતજ પરત કરવાની તાકીદ કરેલી છે.

રાજમહેલના ખંડમાં જઈને એ છબી ઉપરનું વસ્ત્ર દૂર કર્યું. યૌવન અને ઊર્મિથી સભર સુજ્યેષ્ઠાનું હૃદય આનંદ વિભોર બની ઝણઝણી ઊઠ્યું. અંગે અંગમાં યૌવન કોકિલ ટહૂકવા લાગી અને એનાનેત્રો અનિમિષપણે છબી ઉપર ચોંટી જ ગયા. અહો! શું રૂપ છે! શું લાવણ્ય છે! શું મનોહરતા છે! ચિત્રનું રૂપમાધુર્ય જોઈ સુજ્યેષ્ઠા ઢળી પડી. અને ખરેખર મોહિત બની ગાંડી થવા લાગી.

થોડી પળો તો ગાંડાની જેમજ એ ચિત્રની સામે વિસ્ફારીત નેત્રે જોઇ રહી. અહો કેવું સુંદર લલાટ છે! કેવા શાનદાર ઝુલ્ભા છે! કેવી ચમકતી આંખો છે! કેવી વિશાળ છાતી છે! કેવો પ્રતિભા શાળી ચહેરો છે! આમ વિચારતાં વિચારતાં સુજ્યેષ્ઠા પોતાનું દીલ ગુમાવી બેઠી. અને તત્ક્ષણ મનમાં સંકલ્પ કરી બેઠી કે જો આ ચિત્રવાળી વ્યક્તિ જીવીત હો તો મારા સ્વામી બનાવીશ અને કલ્પીત ચિત્ર હો તો હું આજીવન કુમારિકા રહીશ પણ બીજે લગ્ન કરીશ નહિં.

આ ચિત્રમાં દર્શાવેલ વ્યક્તિની માહિતી મારે મેળવવીજ પડશે. હવે તે સિવાય ચાલે તેમ જ નથી. પરંતુ તેમની માહિતી આ નગરમાં તો અત્તરવાલા શ્રેષ્ઠિ સિવાય બીજા કોઇની પાસેથી મળી શકે જ નહિં ! હવે શું કરવું ? હૈયાની વાત કોને કહેવી ? અને હવે તે છૂપી રાખી શકું તેમ પણ નથી. છેલ્લે ન છૂટકે દાસીને બોલાવીને પોતાના હૈયાની વાતની જાણ કરી અને ગમે તેમ કરીને એની માહિતી મેળવવા માટે એ છબીવાલા શ્રેષ્ઠિને બોલાવી લાવવા સમજાવી. શ્રેષ્ઠિને પોતાનો બનાવવા કહ્યું.

દાસીઓ ઘણી ચતુર અને સમજુ હોય છે અહીં સુજ્યેષ્ઠાનું હૃદયકમળ ઘવાયું છે એટલે કે છબીના પુરૂષ પ્રત્યે તેનું આકર્ષણ જાગૃત થયું છે તે પુરૂષના પ્રેમમાં ગાંડીઘેલી બની ગઈ છે. એ જાણી દાસી ખૂબ ખૂશ થઈ ગઈ. અને શ્રેષ્ઠિવર્ય પાસે ગઈ કહેવા લાગી.

શેઠજી ! અમારા રાજકુંવરીબા આપને મહેલમાં બોલાવે છે, ઉત્તમ પ્રકારના અત્તર ખરીદવા છે તો તે લઇ ને પધારો.

અભયકુમાર મનમાં તો જાણતો જ હતો કે રાજકુમારી નું તેડું આવશે જ, પરંતુ આમ આટલું ઝડપથી આજને આજ આવશે એવી કલ્પના ન હતી. વાતને જરા વળ ચડાવવા શ્રેષ્ઠિએ દાસીને કહ્યું—" કે આજે કામ વધારે હોવાથી બે દિવસ પછી આવીશું."

દાસીએ જણાવ્યું કે શેઠજી, આપને આજે અને

અત્યારે જ અમારા કુંવરીબાએ બોલાવ્યાં છે એટલે આપને અત્યારે જ આવવું પડશે. શેઠે ફરી બીજો પ્રશ્ન કર્યો કે—રાજ મહેલમાં પ્રવેશવા માટે ચેટક રાયનીમંજુરી તો લેવી પડશેને? તે સિવાય હું કેવી રીતે આવી શકું?

દાસી કહે—શેઠજી, આપ ખોટા બહાના બતાવ્યા વગર ઝટપટ તૈયાર થઈ જાવ અને રાજમહેલમાં પધારો. રાજકુમારી તરફથી અપાયેલ આમંત્રણને કોઈ ઠુકરાવી શકતું નથી. તેમજ રાજમહેલમાં કોઈ રોકી શકતું નથી. આ સાંભળી શ્રેષ્ઠિ હસી પડયો અને અનેક પ્રકારના ઉત્ત-મોત્તમ અત્તરોની પેટી લઈ દાસી સાથે રાજમહેલમાં જવા નીકળ્યો.

રાજમહેલમાં સુજયેષ્ઠાએ શ્રેષ્ટિવર્યના સ્વાગતની તૈયારી દાસદાસીઓ મારફતે કરાવી અને તેને અનુકુળ શાનદાર વ્યવસ્થા પણ કરાવી રાખી હતી. અને રત્નજડિત સુવર્ણના સિંહાસને બેસી તેમની પ્રતિક્ષા કરી રહી હતી.

સુજ્યેષ્ઠાને લાંબો સમય બહુ રાહ જોવી ન પડી. થોડી વારમાં રેશમી વસ્ત્રોમાં શોભતા શ્રેષ્ઠિ અને દાસી બંન્ને રાજમહેલમાં આવી પહોંચ્યા. અન્ય દાસી અને અનુચરો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું અને મુખ્ય દાસી તેમને રાજકુંવરીબા પાસે લઈ ગઈ. રાજમહેલના અન્ય અનુચરો — આ શ્રેષ્ઠિની વય અને રૂપમાધુરી જોઈ વિસ્મય પામ્યાં. આ રીતે રાજમહેલમાં પ્રવેશનાર તે પ્રથમ વ્યક્તિ જ હતાં, રાજકુમારી સુજ્યેષ્ઠા પોતાના ખંડમાં બેસી રાહ

જોઈ રહી હતી. એ ખંડ અત્યંત મનોહર રીતે શણગારાયેલ હતો. વાતાવરણ આલ્હાદક હતું. ધૂપસળીની સુગંધ ચારેબાજુએ ફેલાઈ રહી હતી. દિવાલો ઉપર સુંદર ચિત્રો ઉપસાવેલાં હતાં. છત ઉપર સુંદર શિલ્પ કંડારેલું હતું. આકર્ષક ગોઠવણીથી ખંડ નયનરમ્ય દીસતો હતો. શ્રેષ્ઠીવર્યને જોઈને ઊભા થઈ આવકાર આપ્યો અને બેસવાને માટે અત્યંત સુશોભિત મુલાયમ આસન આપ્યું.

અત્તરવાલા શ્રેષ્ઠિએ બે હાથ જોડી નમન કર્યાં અને આસન ઉપર બેઠો. સાથે આવેલ માણસ અત્તરની પેટી ત્યાં મૂકીને બહાર ચાલ્યો ગયો. કુમારી સુજ્યેષ્ઠાએ શ્રેષ્ઠિની ઉંમર મોટી હશે એમ ધારેલું પરંતુ શ્રેષ્ઠિને જોઈને તે ખૂબ જ વિમાસણમાં પડી અને વિચારવા લાગી કે ખરેખર આ શ્રેષ્ઠિવર્ય હોઈ શકે જ નહિં !

સુજ્યેષ્ઠાએ દાસીને બોલાવી શ્રેષ્ઠી માટે ઉત્તમ પીણું લાવવા સૂચના આપી— તરત જ કેસર યુક્ત દૂધનું પાત્ર આવી ગયું. શ્રેષ્ઠિએ તેનો સ્વીકાર કરી ભાવપૂર્વક પીધું. અને રાજકુમારીનો આભાર માન્યો, થોડીવાર ખંડમાં સંપૂર્ણ શાંતિ પથરાઈ ગઇ. બંન્ને મૌન હતાં, ધીમું મધુરું સંગીત વાગી રહ્યું હતું, પળભર માટે તો આ મૌન ગમી ગયું.

આખરે મૌન તોડી રાજકુમારી બોલી કે આપ આપની પાસે જે સારામાં સારા અત્તરો હોય મને બતાવશો ? અને શ્રેષ્ઠિએ પેટી ખોલી એક પછી એક એમ ઉચ્ચ પ્રકારના અત્તરો બતાવવા માંડયા અને તે અત્તર અંગેનું સવિસ્તર વર્ણન

પણ કર્યું કુમારીએ તે પૈકી અમુક અત્તરો પસંદ કરી ખરીદ કર્યાં. સુજ્યેષ્ઠાને હૃદયની વાત કરવી હતી પરંતુ તે વાત કાઢવાની તક શોધતી હતી. છેલ્લે તે બોલી કે તમે જેની પૂજા કરો છો. તે છબી કોની છે. તે આપ મને જણાવી શકશો ? ખરેખર એ છબી અતિસુંદર- મનોહર અને આકર્ષક છે.

શ્રેષ્ઠિ—કેમ ? આપને શું કામ છે !

કુમારી—મારે કાંઈ કામ નથી, આ તો ખાલી જાણવા માટે પૂછું છું.

શ્રેષ્ઠિ—એ છબી મારા (સ્વામીની) પ્રભુની છે.

કુમારી—અરે ! એ છબી માનવી છે અને માનવીને પ્રભુ તરીકે તમે પૂજો છો તે તદ્દન ખોટું અને અવ્યવહારું છે.

શ્રેષ્ઠિ—તમે શું જાણવા માગો છો. તેમજ તમે શું કહેવા માંગો છો તે સ્પષ્ટ રીતે સમજાવો તો સારું ગણાશે.

કુમારી—આપ કોઈ શ્રેષ્ઠિ જેવા જણાતા જ નથી. આપનું કપાળનું તેજ ખૂબ જ ચમકે છે જાણે કે કોઈ રાજબીજ ન હોય! અથવા રાજકુમાર લાગો છો.

શ્રેષ્ઠિ—ના ના એવું કાંઈ જ નથી.

કુમારી—આ ચિત્ર જે વ્યક્તિનું છે તે વ્યક્તિ ખરેખર સત્ય સ્વરૂપે છે ખરી ?

શ્રેષ્ઠિ—હા, આપે એ વ્યક્તિ વિષે જે કાંઈ જાણવું

હોય તે પૂછો, હું આપને તમામ હકીકત સ્પષ્ટ અને સત્ય જણાવીશ.

કુમારી—હે શ્રેષ્ઠિ! હું કુમારિકા છું. હૃદયની વાત કદી કોઈને કહેવાય નહિં. માટે આપ મને વચન આપો કે આ વાત કદી કોઈને કહીશ નહિં.

શ્રેષ્ઠિ—હે કુમારી! આપ નિશ્ચિંત રહેજો, હું આપને વચન આપું છું કે આપે કરેલી કોઈ વાત કોઈકાળે પણ અન્યને કાને નહિં જાય.

કુમારી—હે શ્રેષ્ઠિવર્ય! જયારથી મેં તેમની છબી જોઈ છે ત્યારથી હું મારું દિલ દઈ બેઠી છું: પરણીશ તો તેમને જ પરણીશ. નહિંતર આજીવન કુંવારી રહીશ.

આ સાંભળી શ્રેષ્ઠિ યાને અભયકુમાર એકદમ સ્તબ્ધ થઈ ગયો. આટલી ઝડપથી સફળતા મલશે એવી કોઈ સ્વપ્નેય કલ્પના ન હતી. આનું નામ જ પ્રારબ્ધ—ન માગે દોડતું આવે—

"ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ!"

આ જાણી અભયકુમારે સત્ય વાત સમજાવી, કે હે કુંવરી, આપની ઇચ્છા પરિપૂર્ણ થવી મને અશકય લાગે છે. કારણ કે આપના પિતાશ્રી ચેટકરાજને કૂળનું અભિમાન છે. આટલું સાંભળતાં જ કુંવરી તરત જ સમજી ગઈ કે આ ચિત્ર મગધ દેશના મહારાજા શ્રેણિકનું જ હોવું જોઈએ. એજ મારા પતિ બનશે. હું આ જન્મે એમને વરી ચુકી છું.

કુંવરીએ શ્રેષ્ઠિ ને કહ્યું. હે શ્રેષ્ઠિવર્ય, હું મનથી શ્રેણિકરાજાને વરી ચૂકી છું. હવે મારે બીજું કાંઈ વિચારવાનું રહેતું નથી. માટે તમે તમારા મહારાજાને સમાચાર કહેવડાવી દો કે સુજ્યેષ્ઠા મનથી તમને વરી ચૂકી છે, તમારા પ્રત્યે અનુરાગી છે. હવે ક્ષત્રિય પુત્રને છાજે એ રીતે મને લઈ જાય. હું ગમે તે ક્ષણે આવવા તૈયાર છું.

તેજ ક્ષણે શ્રેષ્ઠિએ જાહેર કર્યું કે મગધના નરેશની વતી હું મગધનો મહામંત્રી આપને વચન આપું છું કે મહારાજા શ્રેણિક અમુક દિવસે અમુક પહોરે અને અમુક ક્ષણે જાતે આવશે અને આપને લઈ જશે. તે માટે તમે સંપૂર્ણપણે તૈયાર રહેજો. રાજકુમારી સુજ્યેષ્ઠાએ આનંદથી અભયકુમારની વાત અને વચનો વધાવી લીધા અને કહ્યું કે આપનું કહેવું સાર્થક થાઓ. ત્યારબાદ અભયકુમાર રાજમહેલમાંથી પોતાનું કાર્ય પતાવી પોતાના આવાસે ગયો. આજે તેનો હર્ષ માતો ન હતો.

બીજે દિવસે મગધના રાજ્યની હદમાંથી છેક વૈશાલીમાં સુજ્યેષ્ઠાના મહેલ સુધી રથ જઈ શકે એવું ભોંયરું સત્વરે તૈયાર કરાવવાનું કાર્ય શરૂ કરી દીધું અને શ્રેણિકરાયને ખબર કર્યા કે મેં મારું કાર્ય સંપૂર્ણપણે પાર પાડ્યું છે. હવે મુકરર કરેલ દિવસે આપ રથ જોડીને સુજ્યેષ્ઠાને લઇ જશો. ભોંયરું વિગેરે તમામ રીતની વ્યવસ્થા મેં કરી છે. બાકીનું કાર્ય તમારે પતાવવાનું છે. અહીંનું તંત્ર ખૂબજ વ્યવસ્થિત અને સજાગ છે એટલે આ કાર્યમાં ખૂબજ

સાવધાની રાખવાની છે કોઈને પણ શંકા પડે તેવું કોઇ કાર્ય કરશો નહિ.

બીજી બાજુ સુજ્યેષ્ઠા વિરહના તાપે પીડાવા લાગી. રાતે કે દિવસે ચેન પડતું નથી. ક્યાંય ગમતું નથી. કોઇની સાથે હસીને વાત પણ કરી શકતી નથી. એવામાં તેની નાની બહેન ચેલ્લણા ત્યાં આવી પહોંચી બન્ને બેનો એકબીજા વગર રહી શકતી ન હતી. તેણે ચિંતાજનક મુખારવિંદ જોયું અને બોલી ઊઠી. અરે! બહેન! આ તને શું થયું છે? તું આમ આટલી બધી ગંભીર અને ઉદાસ કેમ છે?

સુજ્યેષ્ઠાએ બનેલી તમામ હકીકત પોતાની બહેનને જણાવી મહારાજા શ્રેણિક પ્રત્યે અનુરાગ ઉપજ્યો છે. એ જાણી કંઈક આશ્ચર્ય થયું. પરંતુ સુજ્યેષ્ઠાએ દિલ ખોલી સ્પષ્ટ વાત કરી અને તેને સમજાવી.

જે વ્યકિતને આપણે મનથી પતિ માની લઈએ પછી તે ગમે તે કૂળ કે વંશનો હોય પરંતુ તેને પોતાનો કરવો જોઈએ. એ આપણા આર્ય સમાજની રૂઢિ છે. આર્યકન્યાનું લક્ષણ હોવાથી આપણી ફરજ બની જાય છે. પ્રેમને જાતિ કે કૂળ સાથે સંબંધ નથી. પિતાજી કૂળને કારણે ભલે ના પાડે, પરંતુ હું શ્રેણિક મહારાજાને મનથી વરી ચુકી છું. અને મેં સમાચાર પણ મોકલાવી દીધા છે કે અમુક દિવસે આવીને મને લઇ જશો. (મારું હરણ કરી લઇ જજો) મહામંત્રી અભયકુમારે મને વચન આપ્યું છે તેથી હવે મારે બીજી કોઈ જ ચિંતા નથી.

ચેલ્લણાએ શાંતિપૂર્વક બહેનની વાત સાંભળી અને છેલ્લે તેણે જાહેર કર્યું કે મોટીબહેન મારી પ્રતિજ્ઞા પણ સાંભળી લે. તારા વિના હું એકલી રહી શકતી નથી માટે તારો પતિ એ મારો પતિ બનશે. હું પણ મગધ નરેશને મનથી વરી ચુકી છું અને તેમને મારા પતિ તરીકે સ્વીકારી લઉં છું. હવે કયારે તેઓ આપણને લેવા આવે છે તેની રાહ જોવી ઘટે.

એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા અને મંત્રીશ્વર અભયકુમારે મુકરર કરેલ દિવસ આવી પહોંચ્યો. મહારાજા શ્રેણિક પણ પોતાના અંગરક્ષકો નાગસારથિ અને તેના બત્રીસ મહાબળવાન પુત્રો સાથે સુરંગ દ્વારા બનાવેલા ભોંયરા મારફતે રથ લઈને આવી પહોંચ્યા હતા.

રાજમહેલમાં સુજ્યેષ્ઠા અને ચેલ્લણા બન્ને બહેનો રાહ જોઈને બેઠી હતી. એવામાં તેમને સંકેતથી મહારાજા આવી ગયા છે તેવો સંદેશ મલતાં જ બન્ને બહેનો ભોંયરામાં ઊતરી પડી અને શ્રેણિક રાજાના રથ તરફ જવા લાગી. બન્ને બહેનો રથ પાસે આવી ચેલ્લણાને રથમાં બેસાડી—સુજ્યેષ્ઠા પોતાના અમુલ્ય આભરણો અને અલંકારો ભૂલી ગઈ હતી તે દોડતી લેવા ગઈ. એવામાં કંઈક કોલાહલ થતો સંભળાયો. સારથિએ જણાવ્યું કે હે મગધનરેશ ! સર્પોના આવાસ સમા આ દુશ્મનના ધામમાં વધુ સમય માટે રહેવું યોગ્ય નથી અને કુમારીકા પણ આવીને રથમાં બેઠી છે તો હવે જલદીથી ભાગી છૂટવું ઈચ્છનીય છે.

વળી ચેટકરાજને કંઈક ગંધ આવી ગઈ હોય તેમ જણાય છે. બહાર દોડધામ અને કોલાહલ વધતો જાય છે. જો વધુ સમય બગાડીશું તો તો મુશીબત ઊભી થશે. માટે સત્વરે ચાલી નીકળીયે.



સુજ્યેષ્ઠાના બદલે ચેલ્લણાનું હરણ કરી જતા રાજા શ્રેણીક.

એટલે મહારાજા શ્રેણિક રથ હંકારી ચાલી ગયા. રથમાં કોણ બેઠું છે તેની તેમને ખબર ન હતી કારણ કે સુજ્યેષ્ઠા કે ચેલ્લણા બેમાંથી કોઈને તેમણે જોયેલી ન હતી. ચેલ્લણાની તો તેમને કલ્પના ન હતી. રથ તો પૂર ઝડપે દોડવા લાગ્યો.

---

સુલસા એ નાગસારથિની ધર્મ શ્રાવિકા હતી. જે બત્રીસ-પુત્રોને સુલસાએ એકી સાથે દેવની કૃપાથી જન્મ આપ્યો હતો.

થોડી વારમાં જ સુજ્યેષ્ઠા રત્નાભુષણો અને અલંકારોની પોટલીઓ લઈને આવી પહોંચી. ભોંયરામાં આવીને જોયું તો મહારાજા શ્રેણિકનો રથ ચેલ્લણાને લઈને ચાલ્યો ગયો હતો. તેના અંતરમાં ખૂબજ દુઃખ થયું. તેના હૈયામાં વેદના છાઈ રહી....અરે ! પ્રયત્નો મેં કર્યા અને ફળ્યા ચેલ્લણાને.

મને શું મલ્યું ? મને મલ્યુ નહિં તો કાંઈ નહિ પરંતુ મારી નાની બહેન ચેલ્લણા કે જેના વગર મને એક ક્ષણુ ગોઠતું નથી એવી બહેન પણ મેં ગુમાવી એનું દુઃખ છે.

શત્રુઓ ચેલ્લણાને હરી જાય છે એમ જાણી ચેટકરાયનું સશસ્ત્ર દળ ભોંયરામાં ઊતર્યું અને મગધનરેશની પાછળ દોડવા લાગ્યું. નાગસારથિ તેના બત્રીસ પુત્રો સાથે રસ્તો રોકીને ઊભો હતો. તેમની સાથે યુદ્ધ કરવું પડ્યું અને એ દરમ્યાન અતિ વેગવાળા અશ્વો રથને ઘણે દૂર લઈ ગયા. અને મગધના રાજ્યની હદમાં પહોંચી ગયા હતાં.

અહીં નાગસારથિ અને તેના બત્રીસે પુત્રો યુધ્ધમાં ખપી ગયાં. પરંતુ રાજકુમારી ચેલ્લણા હાથ આવી નહિ. તેનું દુઃખ થયું પરંતુ સામાપક્ષનો મોટો સંહાર કર્યો છે એ જાણી આનંદ પણ થયો. સુજ્યેષ્ઠા ભોંયરામાંથી બહાર નીકળી જંગલ તરફ ચાલતી થઈ. પોતાના નસીબને દોષ દેવા લાગી. હાથમાં આવેલ ચિંતામણી રત્ન સરી ગયું. અને ખૂબ રડી. સુજ્યેષ્ઠાને રડતાં રડતાં વૈરાગ્ય ભાવ જાગ્યો. સંસાર અસાર

છે, કોઈ કોઈનું કોઈ જ નથી. મોહ રાખવો નકામો છે. આ કાયા અને માયા ક્ષણિક નાશવંત છે. વિષયભોગ સર્વસ્વનું નીકંદન કાઢનાર છે. બ્રહ્મચર્ય એજ ઉત્તમ ચીજ છે. આમ વિચારી ત્યાગ ભાવના કેળવી. ટુંક સમયમાં સંસાર તજી આર્યા ચંદનાસાધ્વીજીની સાન્નિધ્યમાં દીક્ષા ગ્રહણ કરી. મહા ઘોર તપશ્ચર્યા કરી આત્માના કલ્યાણાર્થે વળી.

મહારાજા શ્રેણિકનો રથ મગધની હદમાં આવી પહોંચ્યો. એટલે શાંતિ અનુભવી અને ચેલ્લણાને સુજ્યેષ્ઠા કહી બોલાવી. ત્યારે સુજ્યેષ્ટાને બદલે ચેલ્લણા આવી ગઈ છે અને સુજ્યેષ્ઠા ત્યાં રહી ગઈ છે તે વાત સમજાઈ. ભાગ્ય કોનું કોને ફળ્યું !

રાજા રૂપના મોહમાં અંધ બની ગયો હતો. તે કહેવા લાગ્યો કે મારે મન તો તુંજ સુજ્યેષ્ઠા છે, તું એના કરતાં કોઈ રીતે ઊતરતી નથી, તારું આવું કામણગારું રૂપ–તારા મદભર નેણ–હંસી જેવી ચાલ–કાળો ભમ્મર કાળી નાગણ જેવો કેશ કલાપ વગેરે અત્યંત મનોહર અને માદક છે. હું તારા ઉપર અત્યંત પ્રસન્ન છું. અને તને મહાદેવીનું ગૌરવ ભર્યું પદ અર્પણ કરું છું.

આવો પતિ મલવાથી ચેલ્લણા અત્યંત હર્ષિત થઈ. ત્યારબાદ ગાંધર્વ વિધિથી શ્રેણિક રાજાએ તેની સાથે લગ્ન કર્યાં. આમ સુજ્યેષ્ઠા વૈશાલીમાં જ રહી ગઈ અને ચેલ્લણા મગધની મહારાણી બની ગઈ. વિધિની કેવી વક્ર ચાલ ! પોતાના રાજાની પાછળ ત્વરીત ગતિએ અભયકુમાર વૈશાલી

છોડીને રાજગૃહી નગરીએ આવી પહોંચ્યો. સારાએ રાજ્યમાં અભયકુમારની બુદ્ધિના વખાણુ થવા લાગ્યાં. સર્વ જગાએ ગુણોની પૂજા થાય છે ઉંમર કે જાતિને તેની સાથે કોઈ સંબંધ હોતો નથી.

શ્રેણિક રાજાને બીજી અનેક રાણીઓ હતી. પરંતુ તેમાં ચેલ્લણા સહુથી વધુ સ્વરૂપવાન હતી. રાજાને તેના પ્રત્યે અનહદ પ્રેમ હતો તેથી પોતાનો ઘણો સમય તેની સાથે આનંદ પ્રમોદ કરવામાં ગાળતો. ચેલ્લણા પણ શ્રેણિકને ખૂબજ ચાહતી. આમ બન્ને રાજા-રાણી સુખમાં સમય વીતાવતા હતા.

ચેલ્લણાના પિતાના ઘેરથી જ તેને જૈન-ધર્મના સંસ્કાર વારસામાં મલ્યા હતા. દરરોજ દેવમંદિરે દર્શન કરવા જતી. પૂજા-વ્યાખ્યાન-સામાયિક પ્રતિક્રમણ કરતી. શ્રેણિક બૌધ્ધ ધર્મનો અનુયાયી હતો. તેને ખુબ સારી રીતે પ્રેમપૂર્વક સમજાવીને આસ્તે આસ્તે જૈન ધર્મ પ્રત્યે શ્રધ્ધાવાન કર્યો. અને છેલ્લે અનાથી મુનિના સહવાસથી પ્રભુ મહાવીરના સાચા ભક્ત બની રહ્યાં. ધન્ય છે આવી આર્ય નારીને ! કે જેણે પતિને સાચો રાહ દર્શાવ્યો.

જન્માંતર વિષે ઉપાર્જન કરેલા પુણ્ય કર્મોને લીધે શ્રેણિકરાજા અને ચેલ્લણા રાણીની મનોકામના સિદ્ધ થતી હતી. એમનો આનંદ અવર્ણનીય હતો.

મહારાજા શ્રેણિક ચેલ્લણાનું હરણ કરી લાવ્યા પછી

ગાંધર્વવિધિથી લગ્ન કરેલાં પરંતુ તે પ્રસંગને સારી રીતે ઉજવી શકયા ન હતા. એટલે અમુક સમય પછી તે ઉજવવાનું નક્કી કર્યું હતું. તે દિવસ આવી પહોંચ્યો. રાજદરબાર ભરાયો છે. તમામ મંત્રીઓ, સેનાપતિ, નગરશેઠ વિગેરે હાજર થઈ પોતપોતાના સ્થાને બેસી ગયાં છે. સમય થતાં મહારાજાધિરાજ શ્રેણિક મહારાજા તથા ચેલ્લણા દેવી રાજસભામાં આવ્યાં. સૌ નગરજનોએ જયનાદ કર્યો. સમગ્ર વાતાવરણ જયનાદથી ગાજી રહ્યું. બ્રાહ્મણોએ આશીર્વચનો કહ્યાં અને ભાટચારણોએ ગુણગાન ગાયાં.

ત્યારબાદ મહામંત્રી અભયકુમાર ઊભા થયા અને રાજ્યસભા તથા નગરજનોને સંબંધીને કહ્યું. કે હે ભાઈઓ, આજે આપણે બે પ્રસંગોની ઉજવણી કરવા ભેગાં થયા છીએ. પ્રથમ તો આપણા સૌના પિતા તુલ્ય મહારાજા શ્રેણિકજીની આજે વર્ષગાંઠ છે અને બીજું મહારાજાએ ચેલ્લણા દેવી સાથે લગ્ન કર્યા છે. આજના આ મહામંગલ પર્વ નિમિત્તે સર્વ બંદીજનોને મુક્ત કરવામાં આવે છે. સર્વ નગરજનોને પાંચ પકવાન ખવડાવી મોં મીઠા કરાવવામાં આવશે.

આજના આ મંગલ ઉત્સવ નિમિત્તે રાજનર્તકી તેમનું નૃત્ય રજુ કરી સૌને આનંદમાં તરબોળ કરી દીલ ડોલાવશે. આમ નર્તકીએ તેની લાક્ષણિક અદાથી નૃત્ય કર્યું. સમય કયાં ગયો તેની કોઈને ખબર પણ ન રહી. આમ સૌના હૈયા પ્રસન્ન કર્યા. રાજા શ્રેણિકરાયે સારી એવી ભેટ આપી.

સભાખંડમાં ફરી અભયકુમારે ઊભા થઈને જાહેર કર્યું—કે આજની રાજસભાની કાર્યવાહી પૂરી થાય છે તે પહેલાં મારે થોડું કહેવાનું છે તે સૌ શાંતિથી સાંભળો.

વૈશાલીના મહારાજા ચેટકરાજ આપણા દુશ્મન નથી તેમજ આપણે તેમની સાથે કોઈ પણ રીતે દુશ્મનાવટ નથી. એટલે અમે એમને અમારા મિત્ર રાજવી જાહેર કરીએ છીયે.

મહારાજા શ્રેણિકરાયને ચેલ્લણા દેવીને લઈ આવવામાં મદદ કરનાર નાગસારથિના બત્રીસે પુત્રોનું મૃત્યુ થયું છે. અમે તેમની શુરવીરતાનું તેમના મોંઘા બલિદાનનું ઋણ સ્વીકારીએ છીએ, તેમનું બલિદાન અમર રહેશે. અને નાગસારથિને રાજ્યના 'મહાસારથિ'નું ઉત્તમ બિરૂદ આપી તેમનું અભિવાદન કરવામાં આવે છે,

નાગસારથીની ધર્મપત્નિ સુશ્રાવિકા સુલસાના બત્રીસે બત્રીસ રત્ન જેવા પુત્રો માર્યા જવાથી અનહદ દુ:ખ થયું હતું. પણ અભયકુમાર જેવા બુદ્ધિનિધાનની ચાતુરાઈથી સુલસાને વૈરાગ્યભાવ પ્રાપ્ત થયો, ઉદ્વેગ ઓછો કરાવી ધર્મમાં અનુરક્ત કરાવી.

ત્યારબાદ રાજસભા વિસર્જન કરવામાં આવી. નગરજનોએ મહારાજાની જય બોલાવી વાતાવરણમાં આનંદ આનંદ પ્રસરાવી દીધો.

મહારાણી ચેલ્લણાનો હર્ષ માતો ન હતો. તે મહારાજા સાથે રથમાં બેસી પોતાના મહેલ ઉપર આવી. ચેલ્લણા

પોતાની જાતને ખૂબ ખૂબ ભાગ્યશાળી માનવા લાગી. મહારાજા શ્રેણિક પ્રત્યેનો તેનો ભાવ અને ભક્તિ ખૂબ ખૂબ વધી ગયા. નગરજનોને તેના પ્રત્યે માન વધ્યું.

સુખીર્ભવતુ, તુષ્ટિર્ભવતુ દીર્ઘાયુર્ભવ, આયુષ્માન ભવ, એવા શુભાશિષો રોજ પ્રાતઃકાલે વિપ્રજનોથી પ્રાપ્ત થાય છે.

આમ આનંદ-પ્રમોદ કરતાં કરતા સંસારી સુખો ભોગવતાં-ભોગવતાં સમય પસાર કરી રહ્યાં છે.





# ૫–શ્રેણિકનું પરાવર્ત્તન



મહારાજા શ્રેણિક બૌધ્ધ ધર્મના ચુસ્ત અનુયાયી હતાં. ગૌતમબુધ્ધના પંથના હોવાથી અન્ય ધર્મ પ્રત્યે આદર ભાવ ઓછાં હતાં. ધર્મ શું ચીજ છે એ સમજવાની કોઈ દરકાર ન હતી. એટલે બૌધ્ધધર્મના પ્રખર રાગી બની સત્યનો માર્ગ સમજી શક્યા ન હતા.

ચેટકરાજાની પુત્રી ચેલ્લણા જૈન ધર્મની અનુયાયી હતી. તેમના આખા કુટુંબમાં જૈન–ધર્મ વિસ્તરેલો હતો. બાલપણથી જૈનધર્મના પિયૂષ પીને તેણી ઉછરેલી હતી. આથી જૈનધર્મ પ્રત્યે અપાર શ્રદ્ધાવાળીને આત્મસ્પર્શી સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલું હતું. આથી ભગવાનશ્રી મહાવીર તથા વિતરાગના અનુયાયી સાધુઓ સિવાય અન્ય સાધુઓ પ્રત્યે પ્રેમ ન હોય એ સ્વાભાવિક છે.

શ્રેણિક રાજા બૌધ્ધ–ધર્મનો અનુયાયી હતો. રાજાને એ માર્ગેથી પાછો વાળી જૈનધર્મ પ્રત્યે શ્રધ્ધાવાન બનાવવો એ અત્યંત કઠીન કાર્ય હતું. શ્રેણિકરાજા કહે–ગૌતમ બુધ્ધ જેવા ઉત્તમ કોઈ સાધુ નથી. ઈન્દ્ર મહારાજા જેવા

મહાન દેવતાઓ તેમની ભક્તિ કરે છે. તેમને પ્રતિબોધનાર મારા ભગવાન ગૌતમબુધ્ધ જ છે,

ચેલ્લાણા બોલી–હે સ્વામીનાથ! શા માટે આવું ખોટું અભિમાન કરો છો? તમારા ગૌતમબુધ્ધને કેવું અને કેટલું જ્ઞાન છે એની મને ખબર છે! ખોટી બડાશ મારવાનો શું અર્થ? આમ ચેલ્લણા તેમના ધર્મ વિષે ઘણું ઘણું બોલે અને ટીકા કરે ત્યારે મહારાજા શ્રેણિક ગુસ્સે થઈ જતાં પરંતુ ચેલ્લણા પ્રત્યે ગાઢ પ્રીતિ, રાગ અને પ્રેમ હોવાથી તેમનો ગુસ્સો ઠરી જતો અને તે કાંઈજ બોલી શકતાં નહિં. મનમાં ગમે તેટલો લાવારસ ખદબદતો હોય છતાં ઠંડો પડી જતો.

મગધનરેશ મહારાજા શ્રેણિક મિથ્યાત્વ ગુણોથી સભર હતા. અન્ય રાજપુત્રોની જેમ શિકારના બહુ શોખીન હતા. પશુઓની હિંસા કરતાં હૈયું અચકાતું નહિં પરંતુ ગર્વ અનુભવતા. બાણવિદ્યામાં ખૂબજ કુશળ યોધ્ધા હતા. ધાર્યું નિશાન પાડતાં અને તેમાં પોતાની હોંશિયારી સમજતાં. હેય–ઉપાદેય, પુણ્ય અને પાપ આદિ જ્ઞાનના અભાવે ધર્મ સમજતાં જ નહિં. પોતે રાજા હતા–મહારાજા હતા. તેમને કોઈ જાતની રોક–ટોક હોય ખરી? સુખ સાહ્યબી અને રાજવૈભવમાં ઉછરેલા રાજપુત્રો ધર્મ શું ચીજ છે તેનું જ્ઞાન ક્યાંથી હોય?

એકદા મહારાજા શ્રેણિક તેમના સાથીદારો સાથે જંગલમાં શિકાર ખેલવા નીકળ્યાં. દૂર દૂર સુધી અટવીમાં

ફરવા છતાં કોઈ શિકાર મળ્યો નહિ. દૂર દૂર એક ગર્ભવતી હરણી આરામ કરી રહી હતી. શિકારીઓની હિલચાલ અને અવાજથી ગભરાઈ ભયભીત બનીને નાસવા લાગી. આમ નાસી જતી હરણીને જોઈ મહારાજા આનંદમાં આવી ગયા અને તેનો શિકાર કરવા બાણ છોડયું,

પોતે નિશાન તાકવામાં પ્રવીણ હતા. જીવ બચાવવા નાસી જતી હરીણી આ બાણથી વિંધાઈ ગઈ અને જમીન ઉપર પડી ગઈ. થોડીવાર તરફડીયા મારી સદાને માટે શાંત થઈ ગઈ.

રાજા અને તેના સાથીદારો ત્યાં આવી પહોંચ્યા. હરણી અને તેનો ગર્ભ બન્ને એક માત્ર બાણથી વિંધાઈ ગયેલા અને મૃત્યુ પામેલા જોઈ શ્રેણિકરાજા બોલી ઊઠયો હું કેવો અજોડ બાણાવળી છું! મારા એક જ બાણથી બેને વીંધી નાંખ્યા!

એક તો ભયંકર પાપ આચર્યું અને મિથ્યાત્વના ગાઢ ઉદયથી પાપની પ્રશંસા કરી. એ મહાપાપના પાપે નરકે જવા માટેનું નિકાચીત કર્મ બાંધી દીધું.

ચેલ્લણા મહારાજાને કહે છે કે ઇન્દ્રને પ્રતિબોધવા જવાની તાકાત માત્ર જૈન સાધુઓમાંજ હોય છે કારણ કે આકાશગામિની લબ્ધિ જૈન સાધુઓએ પ્રાપ્ત કરેલી હોય છે. અમારા સાધુઓનો ત્યાગ અને તપ અનહદ શુધ્ધ અને શ્રેષ્ઠ હોય છે. તેમની સામે ઊભા રહેવાની અન્ય ધર્મના

કોઈ સાધુઓની તાકાત નથી. તેમના તપના બળે તેમને આવી લબ્ધિ પ્રાપ્ત થતી હોય છે. દેવતાઓ પણ તેમને મદદ કરવા સદૈવ તત્પર હોય છે.

એકદા મહારાજા શ્રેણિક ચેલ્લણાને લઈ ગૌતમ બૌદ્ધના દર્શન કરવા ગયાં. (કંચન અને કામિનીના ભક્ત એવા બૌદ્ધ સાધુઓ ભોંયરામાં રહેતા હતાં.) તે સમયે ગૌતમબૌદ્ધ ત્યાં ન હતા એટલે મહારાજાએ તેમના શિષ્યોને પૂછ્યું કે–"ગુરૂદેવ કયાં છે?" અગાઉથી ગોઠવી રાખેલું તેમ શિષ્યે કહ્યું કે હે રાજા, ગુરૂદેવ આજે ઈન્દ્ર મહારાજાને પ્રતિબોધવા દેવલોકમાં ગયાં છે,

ચેલ્લણા ગુપ્ત રીતે પોતાના સેવકો મારફતે ગૌતમબુદ્ધની તમામ વાતો જાણતી હતી પરંતુ મૌન રહી. આવી રીતે ફરીવાર મહારાજા શ્રેણિક ચેલ્લણાને લઈને દર્શન કરવા આવ્યા ત્યારે પણ ગૌતમબુદ્ધ ન હતાં. ત્યારે મહારાજા શ્રેણિકે પૂછ્યું કે ''ગુરૂદેવ કયાં ગયાં છે?" શિષ્યો—હે રાજા, ગુરુદેવ સિદ્ધ લોકની યાત્રાએ ગયાં છે. એ વાતચીત ચાલતી હતી તે દરમ્યાનમાં જ ગૌતમબુધ્ધ ભોંયરામાંથી બહાર આવ્યાં. તેમને જોઈને તેમના શિષ્યો ઝંખવાણા પડી ગયાં.

ચેલ્લણા બોલી–હે શિષ્યો, તમે કહો છો તે અસત્ય છે. આ પ્રત્યક્ષ શું છે? આનો ભેદ મને સમજાતો નથી.

તત્ક્ષણ બુદ્ધે જવાબ આપ્યો કે—દરરોજ આ સમયે અમે જતાં હોઈએ એટલે શિષ્યો અનુમાનથી કહે તેમાં કાંઈ ખોટું નથી.

ચેલ્લણા તેમનું બધું જ નાટક સમજી ગઈ.

અમૃત કુંભ હાથમાં હોય તે જતું કરી કોઈ ઝેરનો કુંભ સ્વીકારે ખરું ? કદાપિ નહિં, હરગીજ નહિં. તેમ ચેલ્લણા બૌદ્ધધર્મ સ્વીકારે–તેમ નથી.

એક વખત રાજા–રાણી અચાનક ગૌતમબૌધ્ધના મઠમાં ગયાં. બધાં જ સાધુઓ ધ્યાનમાં મસ્ત બનીને બેઠાં હતાં ધ્યાનની મસ્તી જોઈ શ્રેણિક રાજા તો ખુબ આનંદીત થઈ ઊઠ્યા અને રાણીને ઉદ્દેશીને કહેવા લાગ્યાં.

આ મહાત્માઓ કેવા આધ્યાત્મિક છે ?

ધ્યાનમાં કેવા ચકચૂર છે ?

કેવી ઉત્તમ આરાધના કરે છે ?

મોક્ષસુખનો કેવો ઉત્તમ અનુભવ કરી રહ્યાં છે ?

ચેલ્લણા રાજાની દ્રષ્ટિ તરત જ સમજી ગઈ. રાજા વ્યંગમાં મને બૌધ્ધ ધર્મની સર્વોપરિતા સમજાવવા માંગે છે. પરંતુ આ બધુ ધતિંગ છે. હવે મારે સમજાવવું પડે એ જરૂરી છે. રાણીએ પોતાના અનુચરો મારફતે મઠમાં આગ લગાડી. એ ભડ ભડ કરતી પ્રજ્વલિત થઈ. થોડીવારમાં જ મઠ ભસ્મીભૂત બની જશે. એવું વાતાવરણ સર્જાઈ ગયું. ચારે-કોર હાહાકાર મચી ગયો. ધ્યાનમાં બેઠેલા બૌધ્ધ સાધુઓ ઊભા થઈને ભાગવા લાગ્યા–ધ્યાનનું ધતીંગ ઉઘાડું પડી ગયું. ચેલ્લણાના આ કાર્યથી રાજા શ્રેણિક ખુબ જ ગુસ્સે થયાં.

ચેલ્લણાએ ઘણું સમજાવ્યા પરંતુ ચૂસ્ત રીતે જે

બૌદ્ધ ધર્મનો અનુયાયી એવો રાજા શ્રેણિક સહેજ પણ ડગ્યો નહિં.

જૈન સાધુઓ જેમ નિર્દોષ ભિક્ષા વહોરી લાવી ઉપાશ્રયમાં બેસીને વાપરે છે બૌધ્ધ સાધુઓ તેમ કરતા નથી. કોઈના પણ ઘરનું આમંત્રણ હોય તો ત્યાં જમવા માટે હોંશથી જાય છે. હોંશે હોંશે ખાય છે.

એક વખત મહારાજા શ્રેણિકે ખૂબજ ભક્તિભાવપૂર્વક ગૌતમબુધ્ધ અને તેમના પરિવારને જમવાનું આમંત્રણ આપ્યું. સૌ સાધુજનો સમયસર પગમાં પાવડી, ઉપાન વગેરે પહેરીને પધાર્યા એવે સમયે રાજા-રાણી મહેલમાં કામ કરનાર નોકર ચાકર અને અન્ય માણસો હાજર હતાં.

બારણા પાસે સૌ પોતપોતાની પાવડીઓ વિગેરે કાઢી હાથ પગ ધોઈ જમવાના આસને પધાર્યા તે દરમ્યાન ગૌતમ બુધ્ધના પગનું એક ઉપાન રાણીજીએ ગુપ્ત રીતે મંગાવી તેના ખૂબજ ઝીણા ઝીણા ટુકડાઓ કરી કેસર કસ્તુરી અને બદામ પીસ્તાથી ભરેલાં દૂધપાકમાં નાંખી ખૂબજ હલાવીને એક રસ બનાવી નાંખ્યા.

ઉત્તમ પ્રકારનું ભોજન હતું. પ્રિય ભોજન જોઈ સૌ સાધુજનો આનંદમાં આવી જમવા લાગ્યા. હોંસેહોંસે રાજાએ સૌને જમાડયા. જમી પરવારી સૌ ઊભા થયાં અને રાજાએ સૌને નાની મોટી ભેટ આપી વિદાય કર્યા, સૌ સાધુજનોને વળાવવા રાજા-રાણી દ્વાર સુધી આવ્યાં. સૌ પોતપોતાની પાવડીઓ પહેરે છે પરંતુ ગૌતમબૌધ્ધનું એક ઉપાન મલતું

નથી. આથી રાજાને રાણી ઉપર જ શક ગયો એટલે તરતજ પૂછયું કે રાણીજી તમે મોજડી સંતાડી છે ?
રાણી ગુસ્સે થઈને કહે છે–તમારા સાધુનું ઉપાન તેમની જ પાસે છે–મારા ઉપર શા માટે વહેમ લાવો છો ?

રાજા–અમારી પાસે જો હોય તો અમે શોધીએ કે માંગીએ ખરાં ? તમે કોઈએ સંતાડી છે અને એટલાં માટે જ પૂછવું પડે છે.

રાણી–મને એની કાંઈ ખબર નથી પરંતું હું કહું છું ને કે તેમની ચીજ એમની જ પાસે છે,

રાજા–અહીં તો અમને કોઈને દેખાતી નથી.

રાણી–(સાધુજનોને ઉદ્દેશીને) સર્વજ્ઞ કહેવાતાં તમોને તો બધીજ ખબર પડવી જોઈએ, તો પછી ઉપાન કયાંછે તેની ખબર કેમ પડતી નથી ? હાથમાં રહેલાં આમળાની જેમ સકળ જગતને નિહાળવાની તમારી તાકાત છે તો તમારી પાસે રહેલું ઉપાન તમે કેમ દેખી શકતાં નથી ? તો તમે સર્વજ્ઞ કેવા ? તમારું કેવળજ્ઞાન કેવું ? પૂર્ણ કે અપૂર્ણ ? ભવોભવની વાતો જે જોઈ શકે, જાણી શકે છે તો (મોજડી) ઉપાન વિષે અન્યને પૂછવાની શું જરૂર ? આથી રાજાએ કહ્યું કે તમે સ્પષ્ટ કહો તો સમજ પડે.

રાણી– હે રાજન, એ ઉપાન તો એમનાં પેટમાં છે. પોતાના પેટની વાત જે જાણી શકતાં નથી તે સર્વજ્ઞ કેવા પ્રકારના ? શા માટે પોતાની જાતને સર્વજ્ઞ કહેવડાવે છે ? ત્યાર પછી તે સાબિત કરી આપવા માટે ચેલ્લણાએ મીંઢળ

વગેરે મંગાવી સૌ સાધુઓને પીવડાવ્યું અને ઉલટી કરાવી ઉપાનના ટુકડેટુકડા બતલાવ્યા. અને બૌધ્ધ સાધુઓને તેમના અજ્ઞાનનું ભાન કરાવ્યું.

આથી રાજા શ્રેણિક ચેલ્લણા ઉપર ખૂબજ ગુસ્સે થયો. મારા સાધુઓનું આવું ઘોર અપમાન! ખેર હવે શ્રેણિકે વિચાર્યું કે હું ચેલ્લણાના (જૈન) સાધુઓનું અપમાન-કરીશ ત્યારે જંપીશ.

થોડા દિવસ પછી મહારાજા શ્રેણિકે એક જૈનસાધુને આમંત્રણ આપ્યું. તેમનું સન્માન કર્યું અને નગરની બહાર કોઈ દેવસ્થાનના મંદિરના ઓરડામાં ઊતારો આપ્યો. આ સાધુને ભ્રષ્ટ કરી જૈન ધર્મની અવહેલના કરવાના ઈરાદાથી આ પૂર્વયોજીત કાવત્રું હતું. આ જગાએ એક અતિસ્વરૂપવાન નવયૌવના એવી વેશ્યાને અગાઉથી સંતાડી રાખેલી. અને સાધુનું પતન કરાવી બેઈજ્જત કરવાનો ઈરાદો હતો. રાત્રિની નીરવ શાંતિમાં મંદિરને બહારથી બંધ કરી દેવામાં આવ્યું.

સાધુ ધ્યાનમાં ઊભા રહ્યાં, તે સમયે પેલી વેશ્યાએ એની કલા બતાવવાની શરૂ કરી, નર્તકીની માફક અવનવી ભંગીઓ બતાવતી મુનિને ચલાયમાન કરવા અનેક પ્રયત્નો શરૂ કર્યા. અતિશય ઝીણા મુલાયમ વસ્ત્રો તેની લોભામણી કાયાના દર્શન કરવાતા. હતા. વેશ્યા વારંવાર મુનિને ચળાયમાન કરવા તેમની પાસે અવનવી માગણી કરવા લાગી પણ મુનિ તો મૌનજ રહ્યાં.

એકાંત-યુવાની અને નવયુવાન કામણગારી નાર, જાતજાતના નખરાં છતાં મુનિ મેરૂ પર્વત સમાન અડગ નિશ્ચલ રહ્યાં. વેશ્યાની કોઈ યુક્તિ પ્રયુક્તિ કામ આવી નહિં. વેશ્યા આખી રાત નૃત્ય કરીને થાકી ગઈ અને બેહોશ થઈને ધરણીપર ઢળી પડી.

એક બાજુ દિપક જલી રહ્યો છે, મુનિશ્રીએ પોતાના જ્ઞાન દ્વારા જાણી લીધું કે જૈનધર્મની અવહેલના કરવાનું આ કાવત્રું છે. આથી મુનિમહારાજે તરત જ ઓઘો અને એક કપડું દિપકની જ્યોતથી બાળી નાંખ્યું, તેની ભસ્મ શરીરે ચોળી લૌકિક સાધુની જેમ કપાળમાં, બંન્ને હાથે અને ગળે ભસ્મના લીંટા અને ટીલાંટપકાં કર્યા, મંદિરમાં પડેલું ત્રિશુળ હાથમાં લઈ લીધું અને દ્વાર ખોલે તેની રાહ જોઈને બેસી રહ્યાં.

આ બાજુ રાજા શ્રેણિક ચેલ્લણાને કહે છે કે તારા જૈનસાધુ કેવા પાખંડી હોય છે એ હું તને આજે પ્રત્યક્ષ બતાવવા માંગું છું- આપણા નગરની બહારના મંદિરમાં તેઓ રાત રહ્યા છે તે જોગી છે કે ભોગી ? તે હું બતાવવા માંગુ છું-

તું કહે છે કે અમારા જૈનસાધુઓ તો ત્યાગી, વૈરાગી, જ્ઞાની, યોગી, બ્રહ્મચારી અને તપસ્વી હોય છે તે જોવા માટે સવારે મારી સાથે આવવા તૈયાર થઈ રહેજે, એક વેશ્યા સાથે રાત્રિ મંદિરમાં પડી રહે છે તેને પવિત્ર કેવી રીતે કહી શકાય ?

રાણી કહે—જૈનસાધુ સ્ત્રી સાથે રાત્રિ રહે જ નહિં, એ માનવા હું હરગીઝ તૈયાર નથી, આચાર, વિચાર, વાણી, વર્તન વગેરે ઉપર પ્રભુત્વ મેળવનાર જૈનસાધુની આ વાત તદ્દન ખોટી છે.

વહેલી સવારના રાજા-રાણી-પ્રધાનો-મંત્રીઓ અને અન્ય નગરજનોએ જૈનસાધુને જોવા ગયાં. બહારથી બારણે લગાવેલું તાળું ખોલાવે છે અને ઉઘાડતાંની સાથે જ સંભળાયું "અલખ નિરંજન" હાથમાં ત્રિશૂળ લઈ લૌકિક સાધુની માફક એ સાધુ બહાર નીકળી ગયો.

રાજા-રાણી અને સર્વે લોકો આશ્ચર્ય પામ્યા- અહીં જૈનસાધુને બદલે અન્ય બાવો નીકળ્યો. ચેલ્લણા—હે રાજન્, આ લોકોત્તર સાધુ નથી પણ આ તો લૌકિક, લાલ કપડાં-વાળા, ભસ્મ લગાડનારા ત્રિશૂળ રાખનારા અન્ય ધર્મી બાવો છે. આ બનાવથી રાજા ભોંઠો પડી ગયો. ચેલ્લણાના હાથ ઊંચા રહ્યા. જૈનધર્મની અવહેલના ન થઈ શકી.

રાજા વિચારે છે તે હવે મારે શું કરવું?

ત્યારબાદ રાજા વિચારે છે કે મારે કોઈ પણ રીતે જૈનસાધુને નીચા દેખાડવા છે. એટલે ફરી પાછો એક વિચાર ગોઠવ્યો. જૈન સાધુને બોલાવી માંસયુક્ત દૂધપાક વહોરાવી દેવો અને પછી ચેલ્લણાનો તિરસ્કાર કરું.

રાજાએ સેવકોને આજ્ઞા કરી કે કોઇ અજ્ઞાની જૈન સાધુને વહોરવા બોલાવી લાવો. સેવકો સાધુની શોધમાં નીકળી પડયાં. નગર છોડી જંગલમાં ગયાં. જંગલમાં એક

સાધુ કાઉસગ્ગમાં ઊભા હતાં મહાતપસ્વી અને જ્ઞાની હતાં. જેને આ સેવકો અજ્ઞાની મુનિ સમજ્યાં અને વિનંતિ કરવા લાગ્યા– હે મુનિરાજ, આપ મહારાજા શ્રેણિકરાયને ત્યાં વહોરવા પધારો. લાભ આપો.

આ જૈન સાધુ મહારાજને માસક્ષમણનું પારણું હતું અને એ પારણા માટે રાજાના સેવકો સાથે જાય છે. રાણી ચેલ્લણાને ખ્યાલ છે કે મહારાજા જૈન સાધુને અને જૈન ધર્મને બદનામ કરવાના ઈરાદાથી વહોરવા માટે બોલાવ્યા છે. આગંતુક જ્ઞાની ગુરૂભગવંત હશે જ જેથી મારે કોઈ ચિંતાનું કારણ નથી.

રાજાએ કોઈ બાળકનું માંસ દૂધપાકમાં ભેળવી કેસર કસ્તુરી વગેરે નાંખી કોઈને પણ ખબર ન પડે એ રીતે તૈયાર કરાવેલ. ગુરૂ મહારાજ આંગણે પધાર્યા. તે વખતે રાજા–રાણી બારણે ઊભા રહી તેમનું સ્વાગત કરે છે તે વખતે ચેલ્લણાએ જોરથી બારણું પછાડ્યું.

ઈર્યાસમિતિ પૂર્વક ગમન કરતાં ગુરૂદેવનું મોં નીચું હતું. બારણાના અવાજથી સહેજે ઊંચું કર્યું તે વખતે પંજો બતાવી ઈશારાથી પૂછ્યું કે આપ પાંચ જ્ઞાનમાંથી કેટલા જ્ઞાન ધરાવો છો ? તરત જ ગુરૂમહારાજે અંગૂઠો દબાવી બાકીના ચાર આંગળા મૌનથી બતાવ્યા. જેથી રાણી ચુપચાપ સમજી ગઈ કે ગુરૂજી ચાર જ્ઞાન ધરાવે છે જેથી તેના હૈયે અપાર આનંદ થયો.

મુનિ મહારાજ રાજમહેલમાં પધારે છે જ્યાં રાજા

શ્રેણિક અને અન્ય લોકોની હાજરી છે. રાજા પ્રેમથી દૂધપાક વહોરાવવા કમંડલ લઈને આવે છે. આ દૂધપાક જોઈને ગુરૂ મહારાજે કહ્યું આ દુધપાક તો અભક્ષ્ય છે. જે અમારાથી વહોરાય જ નહિં.

રાજા—અરે મુનિરાજ, આ તો દુધપાક છે. શુદ્ધ કેસર-કસ્તુરી અને બદામ પીસ્તા નાંખીને તૈયાર કરાવેલો છે. તે શા માટે આપ વહોરતાં નથી ?

મુનિ—હે રાજન્, આ દૂધપાકમાં માનવીનું માંસ ભેળવેલું છે તેથી એ તદ્દન અભક્ષ્ય છે. અમારાથી આ ચીજ વહોરી શકાય નહિ શ્રેણિક રાજા આ સાંભળી વિચારમાં પડી ગયા કે આ સાધુને કેવી રીતે ખબર પડી હશે ?

રાજા—હે મુનિરાજ, તમને આ વાતની ખબર કેવી રીતે પડી તે કહેશો ?

મુનિ—તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની કૃપાથી મારા જ્ઞાનબળ વડે મેં જાણ્યું. આ સાંભળી ચેલ્લણાનો હર્ષ માતો નથી. ગમે તે રીતે મારા ધર્મનું અને મારા સાધુનું માન રહી ગયું. અવહેલના થતી બચી ગઈ. જ્ઞાની ગુરૂ ભગવંતે જૈનધર્મ અને જ્ઞાન વિષે રાજાને ઊંડી સમજ આપી જેથી રાજા જૈનધર્મ સન્મુખ બન્યો અને અમુક અંશે પણ રસ ધરાવતો થયો.

રાજાએ જૈનધર્મ અને સાધુની અવહેલના કરવા વિચારેલું પરંતુ પરિણામ જુદું જ આવ્યું. જૈનસાધુ સો ટચના સોનાની માફક ઉત્તમ સાબીત થયાં. આ રીતે પરમ

ઉપકારી સાધુ ભગવંતો કર્મો તોડવાની અને તોડાવવાની તાકાત ધરાવે છે તેવા પૂજ્ય ગુરૂદેવોથી જૈન શાસન શોભે છે.

એકવાર મહારાજા શ્રેણિક શિકાર કરવા નીકળ્યાં. જંગલમાં શિકારની શોધમાં ફરતા ફરતા તેઓ મંડિકુક્ષી ઉદ્યાનમાં આવી ચડયા. તે જ ઉદ્યાન વિષે એક જૈન મુનિરાજ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠાં હતાં. એમના મુખ ઉપર તેજ ઝળહળતું હતું. અત્યંત સ્વરૂપવાન અને બહુ નાની ઉંમરના યુવાન સાધુ હતા. આ મુનિરાજને ઉદ્યાનમાં બેઠેલા નિહાળી રાજા ત્યાં આવે છે. અને તેમની પ્રદક્ષિણા કરી વંદન કરી તેમની નિશ્રામાં બેઠો.

જૈન સાધુઓના તપ–ત્યાગ–જ્ઞાન–આચાર વિચાર અને પરોપકારી વૃત્તિથી રાજા આકર્ષાયો તો હતો જ તેથી આ મુનિને જોઈને તેમના પ્રત્યે વિશેષ ભક્તિભાવ ઉત્પન્ન થયો હતો. મુનીશ્વરની કાયા અને ઉંમર જોઈ રાજા વિચારે છે કે આ ઉંમર અને કાયા સંસારી સુખ–ભોગ વિલાસ અને આનંદ માણવાની છે, મુનીશ્વરનું મધુરું રૂપ જોઈ રાજા બોલી ઉઠયો કે :—

अहोवन्नो अहोरुवं, अहोअज्जस्स सोमया : ।
अहोखंति अहेमुत्ति; अहो भोगे असंजया : ॥

અહો ! શું કાયાનો ત્રાંબા જેવો રંગ છે ! શું રૂપ છે ! શું લાવણ્ય છે ! એ આર્યપુત્રની સમતા, શાંતિ, ક્ષમા વગેરે ખરેખર પ્રશંસાને પાત્ર છે. રાજાને ખરેખર રાગ થયો. ત્યારે રાજવી તરીકેના માન–અભિમાન વગેરેને ભૂલી જઈને ગુરૂદેવના પગ પાસે ભક્તિભાવથી જમીન ઉપર બેઠો.

રાજા–હે મુનિવર, આપે આવી તરૂણાવસ્થામાં સર્વ-સ્વનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી છે પણ ખરેખર તો આ ઉંમર સુખસાહ્યબી, ભોગવિલાસ અને મોજશોખ કરવાની છે. તે બધું જ છોડીને સંયમ લેવાનું શું કારણ છે કે તે હું આપના સ્વમુખે સાંભળવા ઇચ્છું છું.

મુનિ :–હે નૃપતિ, હું અનાથ છું. મારો કોઈ નાથ નથી. મારા પ્રત્યે અનુકંપા લાવે તેવો કોઈ મિત્ર નથી. અને કોઈ સુખ આપે તેવો સ્નેહી નથી. ખરેખર આ જગતમાં કોઈ મારું નથી.

રાજા :– મુનિરાજ, આપ તો સકળ ગુણોના ભંડાર છો. આપ મારે ત્યાં પધારો, આપને કોઈ પ્રકારની તક-લીફ નહિં પડે. યૌવનાવસ્થાની મોજ મજાહ અને ભોગ–વિલાસ વગેરે સુખો શાંતિથી ભોગવો. તમે ભલે અનાથ રહ્યા, હું તમારો નાથ બનીશ,

મુનિ :– હે મગધના મહારાજા શ્રેણિક ! તું જે કહે છે તે બરાબર નથી. તને પોતાને પણ ખબર નથી કે તું પોતે પણ અનાથ છે ! એક અનાથ બીજાનો નાથ કેવી રીતે થઈ શકે ! ઊંડો વિચાર કરી જો તો સમજાશે.

જીવનમાં કયારેય આવા શબ્દો મહારાજા શ્રેણિકને કોઈએ સંભળાવ્યા ન હતા· તેથી આ સાંભળીને રાજા ખૂબજ આકુળ-વ્યાકુળ બની ગયો. કાંઈજ સમજાયું નહિં. ત્યાગીઓ જ આવા વેણ સંભળાવી શકે.

રાજા :—હે મુનિરાજ, આપ કહો છો તે મારી સમજમાં આવતું નથી. મારે કયાં કોઈ વાતનું દુઃખ છે? મારે ઘણું મોટું રાજ્ય છે. અઢળક ધન–દૌલત છે. એક કરતાં એક ચડે તેવી અનેક રાણીઓ છે. હાથી–ઘોડા–પાલખી રથ વિગેરે અનેક વાહનો છે. નોકર–ચાકરોનો કોઈ પાર નથી. મોટા રાજમહેલો છે. મારે કોઈ વાતની ખામી કે ઉણપ નથી પછી આપ મને અનાથ કહો છો તે કઈ રીતે? મને કાંઈ સમજાતું નથી.

મુનિ :– હે રાજન, અનાથ અને સનાથ કોને કહેવાય તે તું સમજી શકયો નથી. અનાથ કોને અને કેવી રીતે કહેવાય તે હું સમજાવું છું. આ ભરતક્ષેત્ર વિષે એક મોટી કૌશાંબી નગરી હતી–આ નગરમાં અઢળક દોલતના સ્વામી એવા મારા પિતાજી રહેતાં હતાં. એમને ત્યાં કોઈ ચીજની ખામી ન હતી, દોમ દોમ સાહ્યબી હતી.

મારી પહેલી અવસ્થામાં મને આંખોમાં ભયંકર પીડા ઉપડી. મારા શરીરના પ્રત્યેક અંગમાં કાળી બળતરા થવા લાગી. તેથી અતિ દારૂણ અને અસહ્ય વેદના અતિ થવા લાગી. મને શાંતિ મળે એ માટે મારા પિતાશ્રીએ અનેક ઉપાયો કર્યા. મંત્ર–તંત્ર અને દવા કરવામાં કોઈ કચાશ ન રાખી. તેમ છતાં મને શાતા વળી નહિં. અઢળક પૈસા ખર્ચ્યા પણ તેથી મને દર્દમાંથી કોઇ મુક્તિ મળી નહિં એથી હું અનાથ છું એવું લાગ્યું.

મારા માતા–પિતા મારું દર્દ જોઈને ખૂબજ દુઃખી

થતાં. રડતાં કકળતાં પરંતુ મારું દુઃખ દૂર કરવાને સમર્થ ન હતાં. મારા ભાઈ–બહેનો પણ મારું દુઃખ દૂર કરવાને શક્તિમાન ન હતાં તેથી હું અનાથ છું.

મારા પ્રત્યે અનહદ પ્રેમ રાખનારી–મારી પ્રેમાળ પત્નિ કે મારા આજ્ઞાંક્તિ પુત્રો પણ મને દુઃખમાંથી છોડાવી ન શકયા માટે હું અનાથ છું.

આથી મને લાગ્યું કે આવી અસહ્ય કારમી વેદનામાંથી મને કોઇ છોડાવી શકે તેમ નથી પરંતુ જો મને બચાવનાર હોય તો માત્ર ધર્મ છે. આથી મેં મનોમન નક્કી કર્યું કે જો હું આ રોગમાંથી મુક્ત બનીશ તો વિતરાગ દેવનો પંથ સ્વીકારી–સંયમ ગ્રહણ કરી–આત્મ કલ્યાણ કરીશ–આમ વિચાર કરતાં કરતાં નિદ્રાધીન થઈ ગયો. તે દરમ્યાન મારી વેદના શાંત થઈ ગઈ.

સવારમાં જ્યારે હું ઊંઘમાંથી ઊઠયો ત્યારે મારું તમામ દર્દ ચાલ્યું ગયેલું જણાયું. હું ખૂબ આનંદમાં આવી ગયો. મારી પ્રતિજ્ઞાના આધારે હું મારા માત–પિતા, બહેન-ભાઈ, અને પત્નિ–પુત્રો સગાં સ્નેહીઓની રજા લઈ મેં દીક્ષા ગ્રહણ કરી આ સાધુપણું સ્વીકાર્યું. આ માર્ગ છે તપ ત્યાગ અને સંયમનો. આ માર્ગે જનાર કોઈ કદી અનાથ રહેતો નથી.

શ્રી. જીનેશ્વરદેવની આજ્ઞા પ્રમાણે શુધ્ધ ધર્મની પ્રાપ્તિ માટેનું સાધુપણું પરમપદ અપાવનાર છે. આ માર્ગ ગ્રહણ કરનાર કદી અનાથ રહેતાં જ નથી.

આમ મુનિરાજે શ્રેણિક રાજાને ધર્મબોધ આપ્યો તેમજ મુનિરાજના ઉપદેશથી મગધદેશનો અધિપતિ મહારાજા શ્રેણિક ક્ષાયિક સમ્યક્ત્વ પામી ગયાં. જે મોક્ષના બીજ રૂપે કહેવાય છે.

શ્રેણિકરાજા–: હે પુજ્ય ગુરૂદેવ, આપના સહવાસ અને ઉપદેશથી મારી દષ્ટિ ખુલી ગઈ છે. મને અનેરો આનંદ પણ થયો છે. ખરેખર હું અનાથ જ છું પરંતુ નાથ બનવા પ્રયત્ન કરીશ. આપશ્રીએ મને આત્મદર્શન કરાવ્યું છે. આપે સ્વીકારેલું ચારિત્ર્ય જગતમાં અતિશ્રેષ્ઠ છે ખરેખર માનવ જન્મ આપ સફળ કરી રહ્યા છો. જેથી આપ આપના પોતાના અને અનેકના નાથ છો. મેં પાપીએ સમજણ વગર આપને આ સંસાર ભોગવવાનું આમંત્રણ આપ્યું તે માટે ક્ષમા ચાહું છું. મારો અપરાધ મને માફ કરો.

એમ કરી મુનિરાજના ચરણોમાં માથું નમાવી વંદન કરી રાજા શ્રેણિક પોતાના નગર વિષે પાછો ફરે છે.

(મહારાજા શ્રેણિક અને ચેલ્લણાના પૂર્વ જન્મ વિષે થોડી વાત.)

# ૬–પૂર્વજન્મ – પુત્રજન્મ

**ભરતખંડમાં** વસંતપુર નામે એક મોટું નગર હતું. ત્યાં ઘણા વર્ષો પહેલાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. અનેક રાજાઓને જીતી પોતાનું નામ સાર્થક કર્યું હતું. એ રાજાને અત્યંત સ્વરૂપવાન અમરસુંદરી નામે રાણીને સુમંગળ નામે પુત્ર હતો. તે રાજાના મંત્રીમંડળ પૈકી સેનકનામે મંત્રી પુત્રહતો. તે અત્યંત દુષ્ટ સ્વભાવનો હતો. દેખાવે અત્યંત કુરૂપ હતો. પોતાના રૂપનો અભિમાની સુમંગળ તેની અતિ મશ્કરી કરતો. જેથી સેનકને પારાવાર દુઃખ લાગતું હતું.

સમય જતાં સુમંગળ યુવાન થયો. જિતશત્રુ રાજાએ ખૂબજ ધામધુમથી તેનો રાજ્યાભિષેક કર્યો. ગાદી ઉપર આવીને સુમંગળે પોતાના પ્રતાપ વડે અનેક રાજાઓને હરાવી પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો, અને સમગ્ર જનોમાં સખત ધાક બેસાડી.

બીજી બાજુ પેલા સેનકે સંસાર તજીને દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ પોતાના ગુરૂજીની રજા લઈને માસક્ષમણ તપની આરાધના શરૂ કરે છે, અને ફરી ફરી અત્યંત કપરી

આરાધના કરી આત્મશુદ્ધિ કરે છે. 'સાધુ તો ચલતા ભલા.' એ ક્રમ અનુસાર એક વખત તે સાધુ ફરતાં ફરતાં વસંતપુર પધાર્યા. તપસ્વીને જોઇને નગરના લોકો તેમનું બહુમાન આદર–સન્માન કરવા લાગ્યાં.

કેટલાંક લોકોએ પૂછ્યું કે મુનિરાજ, શા કારણથી આવી ઘોર તપશ્ચર્યા કરો છો.? ત્યારે તેમણે જવાબ આપ્યો કે નાનપણમાં મને લોકોએ તથા તમારા રાજાએ બહુ ચીડવેલો અને તેને કારણે મને વૈરાગ ઉત્પન્ન થયેલ. આ વાત રાજાને કાને ગઈ. એ સાંભળી રાજાને બહુ દુઃખ થયું. અહો ! અણુસમજમાં કે અભિમાનમાં મેં આ મુનિને બહુ દુઃખી કર્યા છે ! તેથી તેમની પાસે જઈ બે હાથ જોડી ખૂબજ વિનયપૂર્વક ક્ષમા માંગી.

મુનિરાજે જવાબ આપ્યો કે હે રાજા ? તારે ક્ષમા માંગવાની કોઈ જરૂર નથી, તું મારો મહાન ગુરૂ છે. તારા કારણે હું વૈરાગ્ય પામ્યો છું અને તપશ્ચર્યા કરી શક્યો છું. આ તપશ્ચર્યા એ સંસારરૂપી સાગર તરવાનું મહામોંઘુ સાધન છે. રાજા આવા વચનો સાંભળી ખૂબજ સંતોષ પામ્યો અને મુનિરાજને માસક્ષમણને અંતે પારણા માટેનું નિમંત્રણ આપ્યું. મુનિરાજે તે સ્વીકાર્યું ત્યારબાદ રાજા વંદન કરી પોતાને ઠેકાણે ગયો.

મુનિરાજ માસક્ષમણ પૂર્ણ થતાં પારણા માટે રાજભવનના બારણે ગયાં. તે સમયે સુમંગળ રાજાને માથામાં ભયંકર દર્દ થતું હતું. તેથી દ્વારપાળને કહેલું કે કોઈને

પણ અંદર આવવા દઈશ નહિ. તે મુજબ તપસ્વીને રોક્યા, સાધુ સહેજ પણ ગુસ્સે થયા વગર જ પાછા ફર્યા અને બીજો માસક્ષમણ શરૂ કર્યો. બીજે દિવસે રાજાને મુનિ મહારાજના પારણાનો દિવસ યાદ આવ્યો. પોતાની ભૂલનો ખુબજ પસ્તાવો થયો અને ગુરૂ મહારાજ પાસે હાથ જોડી ક્ષમા માગી. 'હે ગુરૂદેવ! મેં મોટી ભૂલ કરી.' મારા પાપે આપને પારણું થઈ શક્યું નહિ.

તપસ્વીઓ–સાધુ, મુનિઓ હંમેશા ભક્તિથી રીઝે છે તે મુજબ અહીં સાધુએ રાજાને કહ્યું. હે રાજા! તારા પ્રમાદથી ભૂલ થઈ છે. પરંતુ તારો કોઈ અનિષ્ટ ઈરાદો નથી માટે જા, હું ફરીવાર પારણા નિમિત્તે તારે દ્વારે આવીશ–બીજી વખત પણ અસ્વસ્થ હોવાથી પાછા જવું પડ્યું. ત્રીજી વખત આદરપૂર્વક નિમંત્રણ સ્વીકારી ત્રીજી વખત મુનિરાજ ગોચરીએ ગયા તે વખતે પુત્ર જન્મની ખુશાલીમાં મુનિરાજનાં પારણાની વાત ભૂલી ગયો. આ વખતે મુનિરાજ ક્ષુધાને લીધે અશક્ત થઈ ગયેલ–જેથી અત્યંત ગુસ્સે ભરાયાં.

મનમાં વિચારવા લાગ્યાં–આ રાજાનું નામ સુમંગળ છે પણ તેનું કાર્ય કુમંગળ છે. મેં એની ત્રણ ત્રણ વખતની વિનંતિ શાંતિથી સાંભળી. તેના પ્રત્યે પ્રેમભાવ દાખવ્યો છતાં એ માણસે મારી પ્રત્યે શું કર્યું? પોતે દિવસમાં દસવખત જાતજાતનાં મિષ્ટાન્ન જમે છે અને મને વારંવાર વિનંતિઓ કરીને ભૂખે તરસે મારી નાંખ્યો. હવે તો હું પ્રાણાંતે પણ એને બારણે પગ નહિં મૂકું. અત્યંત ક્રોધમાં

વિચાર્યું કે એવા રાજવીને હું મારી નાખું–પોતાનું તપ આવા અનિષ્ઠ વિચારોને કારણે નષ્ટ થઈ ગયું.

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંયમ ફલ જાય !
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય.

સુમંગળને જ્યારે યાદ આવ્યું ત્યારે તેને ખૂબ જ પસ્તાવો થયો. અને શરમથી માથું ઝુકી ગયું પરંતુ સાધુ પાસે ક્ષમા માંગવા જવાની હિંમત રહી નહિં. પોતે ભયંકર ગુનો કર્યો છે. સાધુજી હવે તો મારા ઉપર ગુસ્સે થશે જ. સમય જતાં એ સાધુ મૃત્યુ પામીને વ્યંતર દેવ થયા. સુમંગળ રાજવી પાછળની જીંદગીમાં દીક્ષા સ્વીકાર કરી. ખૂબજ ઉત્તમ પ્રકારની તપશ્ચર્યા પાળી સદ્ગતિ પામ્યા, સુમંગળનો આત્મા ત્યાંથી ચ્યવીને શ્રેણિક રાજા બન્યો, અને સેનક તાપસનો જીવ વ્યંતરદેવનું આયુષ્ય પૂર્ણ કરીને ચેટક પુત્રી ચેલ્લણાની કુક્ષીમાં ગયો.

પૂર્વ જન્મનું વેર એ તાપસના જીવને વળગેલું હતું. વૈરનો બદલો લેવા માટે પુત્ર પણે ઉત્પન્ન થઈ પિતા બનેલા એવા શ્રેણિક રાજાની. કેવળ ભયંકર કદર્થના કરી તે અગ્રે વાંચવા મલશે.

મહારાજા શ્રેણિક અને મહારાણી ચેલ્લણા સુખ સાહ્યબીમાં—મોજ–મજાહમાં–સંસારી સુખ અને યુવાનીનો થનગનાટનો અનોખો આનંદ માણતા દિવસો પસાર કરી રહ્યા છે. સમય જતાં મહારાણી ચેલ્લણા ગર્ભવતી બની, એ જાણી મહારાજા શ્રેણિકના આનંદનો પાર નથી.

મહારાણી ચેલ્લણાને ગર્ભ રહ્યો છે એ વાત વાયુવેગે સમગ્ર શહેરમાં ફેલાઈ. સૌ આનંદ અનુભવવા લાગ્યાં. ગર્ભવતી સ્ત્રીને સારા–નરસા અનેક પ્રકારના દોહદ થાય છે. એ રીતે ચેલ્લણાને એવો ખરાબ દોહદ થયેલો છે જે તે કોઈને પણ કહી શકતી નથી. અંતરમાં ખૂબ જ ભય અને ચિંતા થાય છે. પોતાના ગર્ભ પ્રત્યે અંતરમાં તિરસ્કાર જન્મે છે. મનમાં વિચારે છે કે આ ગર્ભ તેના પિતાનો પૂર્વજન્મનો વૈરી હોવો જોઈએ નહિતર મને આવો દોહદ થાય જ નહિ.'

આમ મનમાં મનમાં તે દુઃખી થતી હતી. જેથી સુકાતી જતી હતી. આ ગર્ભનો નાશ કરવા તેણે ઘણા પ્રયત્નો પણ કર્યા તે સર્વ નિષ્ફળ ગયા. એકદા શ્રેણિક મહારાજાએ પૂછ્યું કે કયા કારણોથી તું આમ સુકાઈ રહી છે. ત્યારે રડતાં રડતાં ચેલ્લણાએ કહ્યું કે "મારે પેટે કોઈ પાપી જીવ આવ્યો લાગે છે અથવા તો પૂર્વજન્મનો કોઈ વૈરી હશે." એ ગર્ભનો નાશ કરવાના મેં પ્રયત્નો કર્યા છતાં નિષ્ફળતા મળી છે. મને એવો ખરાબ દોહદ થયો છે કે — હું મારા પતિના કાળજાનું માંસ આરોગું–

રાજાએ કહ્યું કે મહારાણી ! ગભરાય છે શા માટે ? તારી ઇચ્છા પૂર્ણ થશે જ બેફિકર રહે જા, ત્યારબાદ રાજાએ અભયકુમારને બોલાવી આ બધી વાત કરી. બુદ્ધિશાળી અભયકુમારે સસલાનું માંસ મંગાવી — રાજાને સુવાડી – તે માંસ તેમના કલેજા ઉપર મુકી – એવો દેખાવ કર્યો કે રાજાના કલેજાનું માંસ છે અને તે ચેલ્લણાને મોકલાવી તેનો દોહદ પૂર્ણ કર્યો. સંરોહિણી ઔષધિથી શ્રેણિકરાજાને તરત જ

આરામ થઈ ગયો છે એવો દેખાવ કર્યો. ચેલ્લણા પોતાના પતિને સાજાનરવા જોઈ ખૂબ જ આનંદિત થઈ ગઈ.

ત્યારબાદ ગર્ભનું રક્ષણ કરતાં પૂરા દિવસે ચેલ્લણાએ પુત્રરત્નનો જન્મ આપ્યો. તે જ વખતે તેણે દાસીને આજ્ઞા કરી કે એના બાપનો દુશ્મન એવા આ બાળકને ગમે ત્યાં દૂર મૂકી આવ. દૂધ પાઈને સાપ ઉછેરવો સારો નહિ. દાસી રાણીની આજ્ઞા મુજબ બાળકને અશોકવાટિકામાં મૂકી પાછી આવતી હતી ત્યાં શ્રેણિક રાજા મળ્યા અને પૂછ્યું કે તું ક્યાં ગઈ હતી ? દાસીએ સત્ય વાત જણાવી.

તરત જ શ્રેણિક રાજા અશોકવાટિકામાં ગયા ત્યાં તેમનો પુત્ર રડી રહ્યો હતો. તેના શરીરની કુણી આંગળી એક કુકડાએ કરડી ખાધી હતી તે લોહી વાળી આંગળી રાજાએ ચૂસી બાળકને શાંત કર્યું. તે આંગળીનો ઘા મટી ગયો. ત્યાં સુધી રાજાએ મુખમાં આંગળી રાખી બાળકને શાતા આપી.

બાળકને લઈ રાજા રાણી પાસે આવી કહેવા લાગ્યો– હે ડાહી અને વિવેકી રાણી, આવું શા માટે કર્યું ? સ્ત્રીઓ પુત્ર પ્રાપ્તિ માટે કેવા અને કેટલા પ્રયત્નો કરે છે! અને તું તારા પોતાના પુત્રને આ રીતે તજી દે છે તે સર્વથા અયોગ્ય છે. ત્યારે રાણી કહે છે કે એ એના પિતાનો વેરી છે. નહિતો એ ગર્ભમાં આવ્યો ત્યારે આવો ભયંકર અધમ દોહદ થાય જ કેમ ?

રાજા કહે છે કે હે દેવી ! ભલે એ વૈરી બને પરંતુ

એ આપણો પુત્ર તો છે જ. પુત્ર કપુત્ર થાય પરંતુ માવતર કમાવતર ન થવાય. ચેલ્લણાને મનને ન ગમવા છતાં રાજાની આજ્ઞા માનીને પુત્ર ને વધાવી લીધો. બાળકને અશોકવાટિકામાં મૂકી આવેલ તેથી રાજાએ તેનું નામ અશોકચંદ્ર આપ્યું: પરંતુ કુકડાએ એની આંગળી કરડી ખાધેલી તેથી મિત્રોએ તેને કુણિત નામથી અંકિત કર્યો ત્યાર બાદ ચેલ્લણાને હલ્લ અને વિહલ્લ નામના બે અત્યંત તેજસ્વી અને સ્વરૂપવાન પુત્રો થયા.

# ૭ – મેઘકુમાર વીતરાગના પંથે

**રાજા-મહારાજાઓના** અંતઃપુરમાં કાંઈ એક-બે રાણી હોતી નથી, એક એકથી અધિક સ્વરૂપવાન, ગુણવાન અને ચારિત્ર્યવાન રાણીઓનો સમુદાય હોય છે. મહારાજા શ્રેણિકે એક નવી રાણી સાથે લગ્ન કર્યા. તેનું નામ ધારિણીદેવી હતું. રૂપનો ભંડાર અને ગુણનો ખજાનો હતી. એની જીભે સદાય સરસ્વતીનો વાસ હતો. તેની વાણી અતિ મધુર હતી. જિનેશ્વર દેવે ચીંધેલા માર્ગે ધર્મધ્યાન કરતી. મહારાજા શ્રેણિક ધારિણીદેવી સાથે ઉત્તમ પ્રકારના ભોગ ભોગવી આનંદવિનોદમાં સમય પસાર કરી રહ્યા હતા. અભયકુમાર જેવા બાહોશ મંત્રીશ્વર હતા એટલે રાજકાર્યમાં તેમને જોવા જેવું રહેતું જ નહિ જેથી સુખશાંતિ પૂર્વક જીવન વ્યતીત કરતા હતા.

**આ તો મહારાજા, શાની કમીના હોય?** સંસારમાં રહી સ્વર્ગસમા સુખો ભોગવી રહ્યાં હતાં. તેમના સુખોની દેવોને પણ ઈર્ષ્યા ઉપજે એવાં અનેક સાધનો હતાં. મહારાજા શ્રેણિક નવી રાણી ધારિણી સાથે યૌવન અને સંસારી સુખ માણી રહ્યાં હતાં.

એક દિવસ રાત્રે મહારાણી ધારિણી પોતાના ભવનમાં સૂતાં હતાં. ઉત્તમ પ્રકારના સુગંધિત ધુપથી વાતાવરણ અતિ મધુર હતું. સોના–રૂપા અને રત્નજડિત પલંગમાં મખમલની સુંવાળી અને રેશમ જેવી મુલાયમ ગાદીમાં ઘસઘસાટ ઊંઘતા હતા. તેવે સમયે એક ઉત્તમ સ્વપ્ન આવ્યું. એક ઉત્તમ મદઝરતા મદોન્મત્ત સફેદ હાથી -- જેને ચાર દંતુશળ હતાં તેવો હાથી પોતાના મુખ વિષે પ્રવેશ કરતો જોયો. તત્ક્ષણ ઊંઘમાંથી જાગી ઊઠી અને પથારીમાં બેઠાં બેઠાં ઈષ્ટદેવનું ધ્યાન કર્યું અને મહારાજાના ભવનમાં ગઈ. અતિ મધુર અને કોમળ વચનોથી રાજાને નિંદમાંથી જગાડયો. અને કહેવા લાગી હે દેવ! મેં ઊંઘમાં એક સ્વપ્ન જોયું એમ કહી તેનું વર્ણન કર્યું અને તેના ફળ વિષે પૂછયું.

મહારાજા શ્રેણિકે કહ્યું: " હે પ્રિયે! તેં સ્વપ્નમાં ગજરાજ જોયો. એનો અર્થ એ થાય છે કે તારી કૂખે મહા બળવાન, પરાક્રમી અને કુળને દિપાવે એવો કુળદિપકનો જન્મ થશે." આવા અતિ પરાક્રમી કુળદિપક એવા પુત્રની પ્રાપ્તિની વાત સાંભળી કઈ સ્ત્રીને આનંદ ન થાય? ધારિણીનું હૈયું આનંદથી નાચી રહ્યું. પાલવને છેડે ગાંઠ વાળી શુકનગ્રંથી કરી અને બોલી હે નાથ! આપના આશીર્વાદથી મને ટુંક સમયમાંજ મારું સ્વપ્ન ફળે.

રાજાની અનુમતિ મેળવી રાણી પોતાના ભવ્ય આરામખંડમાં જઈ પલંગ પર બેઠી. મારું આવું સુંદર

સ્વપ્ન હવે બીજા દુઃસ્વપ્નોથી નાશ ન પામે માટે મારે જાગતા રહેવું જોઈએ. એ રીતે તે જાગતી રહી અને અન્ય સખીઓ સાથે ધાર્મિક કથાવાર્તામાં સમય વીતાવ્યો. રાત્રી પૂરી થઈ ગઈ અને સૂર્યના સોનેરી કિરણોથી નગરી ઝળાંહળાં થવા લાગી.

મહારાજા વહેલા ઊઠી દેવપૂજા વગેરે ધાર્મિક કાર્યો પતાવી સ્વપ્નશાસ્ત્રના જાણકારો અને નિમિત્તજ્ઞોને રાજ દરબારમાં હાજરી આપવાના આમંત્રણો પાઠવ્યાં. મંત્રીઓએ શોભાવેલી સભામાં સ્વપ્નશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને નિમિત્તજ્ઞો સુશોભિત કપડાં ધારણ કરવા પૂર્વક અનેક વિધ શુકનોને ગ્રહણ કરીને સભામાં આવી ગયા હતા. મહારાજા શ્રેણિક સભામાં પધાર્યા. સ્વપ્નશાસ્ત્રના જાણકારોનો સત્કાર કરી મહારાણી ધારિણીને રાત્રીના છેલ્લાં પહોરે આવેલ સ્વપ્નની વાત કરી અને તેનો ફલાદેશ જાણવાની ઇચ્છા દર્શાવી. રાજાના નિર્દેશ પ્રમાણે પડદા પાછળ ધારિણીદેવીની પધરામણી થઈ ચૂકી હતી.

સર્વ સ્વપ્નશાસ્ત્રના જાણકાર અને નિમિત્તજ્ઞોએ અત્યંત હર્ષપૂર્વક જણાવ્યું કે હે રાજાઓના રાજા! આપને ત્યાં મહાન શૂરવીર પુણ્યશાળી તથા જગતને વિષે વંદનીય પુત્રનો જન્મ થશે. રાજાએ ખુશ થઈને સર્વે નિમિત્તજ્ઞોનું બહુમાન કર્યું. ઉત્તમ વસ્ત્રો–આભુષણો અને સોનારૂપાના અલંકારો તેમને ભેટ આપવા પૂર્વક નિમિત્તજ્ઞો વિગેરેને જવા માટે અનુમતિ આપી. નગરમાં ચારે તરફ આનંદનું સામ્રાજ્ય ફેલાયેલું હતું.

સભા પૂરી થઈ કે ધારિણી પોતાના શયનખંડમાં ગયા. તરત જ મહારાજા ધારિણીદેવીના આવાસે જઈ સ્વપ્નનો ફલાદેશ જણાવ્યો. રાણીના આનંદનો પાર ન રહ્યો. પોતાની મનોકામના ફળે. સ્વપ્નનું ફળ મળે એ માટે ધર્મ–ધ્યાનમાં મશગુલ રહેવા લાગી.

સમય જતાં મહારાણી ધારિણીદેવીને ગર્ભ રહ્યો. ખૂબ જ આનંદથી દિવસો વ્યતીત કરતાં ગર્ભનું પાલન કરી રહી છે. ત્રીજે મહિને મહારાણીને દોહદ ઉત્પન્ન થયો કે ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય, આકાશમાં વિજળીના ચમકારા થતા હોય, નદી–ઝરણાં ખળખળ વહેતા હોય, પૃથ્વી ઉપર લીલી હરિયાળી ફેલાઈ ગઈ હોય, મોર નાચી રહ્યાં હોય તેવે સમયે ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરી હું હાથણી ઉપર ઇન્દ્રાણીની જેમ નગરમાં અને વૈભારગિરિ ફરું. મારા માથે છત્ર ધરેલું હોય, નોકરો ચામર વિંઝતા હોય, મંત્રી-–પ્રધાનો સહિત રાજા મારી સાથે હોય એ રીતે હું વર્ષા-ઋતુનું બહુમાન કરું.

આવો અકાળે ઊપજેલો દોહદ સફળ થઈ ન શકે તેમ હોવાથી રાણીએ કોઈને કહ્યું નહિ. મનમાં મુંઝાવા લાગી. અંગત દાસીઓ મારફતે આ વાતની મહારાજાને જાણ થઈ. પોતાનું પ્રિયજન અસ્વસ્થ હોય કોણ બેસી રહે? રાજા શીઘ્રગતિએ ધારિણી દેવી સમીપે ગયો. અને પ્રેમપૂર્વક વાતો કરતાં કરતાં પૂછ્યું ત્યારે રાણીએ જવાબ આપ્યો હે નાથ! મને આવો અકાળે દોહદ ઉત્પન્ન થયો છે જે કોઈ

પણ રીતે પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી તેની જાણ હું આપને કરી શકતી ન હતી. અશકય વાત સાંભળી લોકો મને પાગલ કહેશે તેથી હું મૌન હતી.

રાજાએ કહ્યું – દેવી ! ધીરજ રાખ. તારા તમામ મનોરથો હું શીઘ્રપણે પૂરા કરીશ. જેને બૃહસ્પતિથી ચડે એવો બુદ્ધિશાળી અભયકુમાર જેવો મંત્રી છે. તે જ આવો જવાબ આપી શકે. બીજાનું કંઈજ ગજુ નહિં રાણીને ધીરજ રાખવાનું જણાવી મહારાજા શ્રેણિક રાજસભામાં આવ્યા. રાણીના દોહદ પૂર્ણ કરવાની ચિંતાને કારણે રાજાના મુખ ઉપર ઉદાસીનતા જણાતી હતી. હંમેશા તેમના મુખ ઉપર દેખાતું હાસ્ય અને તેજ આજે અદ્રષ્ય થઈ ગયાં હતાં. આ જોઈને મંત્રી અભયકુમાર નમસ્કાર કરી, બેહાથ જોડી વિનંતિ કરી – હે પરમ ઉપકારી પૂજ્ય પિતા ! આપને શું ચિંતા છે. અમારા જેવા હોવા છતાં આપ શા કારણથી દુઃખી જણાવ છો. આપ આપની ચિંતાનું કારણ અમને જણાવવા કૃપા કરશો ? હું મારાથી બનતી તમામ રીતે આપના કાર્યમાં મદદ કરી આપને ચિંતા મુક્ત કરીશ.

રાજાએ જણાવ્યું હે બુદ્ધિનિધાન, જ્યારે જ્યારે સંકટ આવી પડે અગર એવું કાર્ય આવી પડે જે કોઈથી પૂર્ણ ન થઈ શકે ત્યારે મારે તને જ યાદ કરવો પડે ! સાંભળ, તારી માતાને દોહદ થયો છે અકાળે મેઘવૃષ્ટિ ક્યાંથી સાંપડે ? માટે મેં તને યાદ કર્યો છે. અભયકુમાર કહે અહો ! એમાં શું ? આપ બેફિકર રહો. મારી માતાનો

દોહદ પૂર્ણ થશે જ. ભલે તે અકાળે હોય! પરંતુ કલ્પવૃક્ષ જેવા આપની પરમ કૃપાથી એ સેવા કરવાની તક મને મલે છે તે ઘણો આનંદ મને છે....તે કાર્ય આપની કૃપાથી જરૂર સિદ્ધ થશે.

અભયકુમારે ધર્મધ્યાનની ક્રિયાથી પોતાના એક દેવ મિત્રને યાદ કર્યો. એટલે તે દેવે હાજર થઈને પૂછ્યું કે હે કુમાર! તેં મને કેમ યાદ કર્યો? અભયકુમારે બધી જ વાત સમજાવી અને વિનંતી કરી કે આપ ખરેખર જો મારા પ્રત્યે પ્રેમ સદ્ભાવ લાગણી ધરાવતાં હો તો મારી માતાનો દોહદ પૂર્ણ કરી મારા ઉપર ઉપકાર કરો. આપની સાથેની મૈત્રી હોય પછી મારે હતાશ થવાનું બને ખરું?

એ સાંભળી દેવ બોલ્યા–"તથાસ્તુ" અને અંતર્ધ્યાન થઈ ગયાં. દેવોની અચિંત્ય શક્તિ હોય છે. ભક્તિને આધીન બનેલા કાર્યસિદ્ધિ કરવામાં મદદગાર થાય છે.

દેવના પ્રભાવે વરસાદની નિશાનીનો પ્રારંભ થવા લાગ્યો. વાવાઝોડું થયું. શિતળ પવન ફેલાયો. અને થોડી વારમાં જ વર્ષાનું આગમન થયું. આકાશમાં વિજળીના ઝબકારાની સાથે મેઘની ગર્જનાઓ થવા લાગી. સર્વત્ર જળની વર્ષા છાઈ રહી. જાણે કે મલ્હાર. મયૂર નૃત્ય કરવા લાગ્યા. દેડકાઓ ડ્રાંઉ ડ્રાંઉ કરવા લાગ્યા. આવે વખતે મહારાણી ધારિણીદેવીના તમામ દોહદ પૂર્ણ થયાં. રાજારાણીના આનંદની કોઈ અવધિ નથી. આ રીતે અભયકુમારે પોતાના વરેલી શ્રેષ્ઠ બુદ્ધિપૂર્વક તેમના મનોરથ પૂર્ણ કર્યા, ઇચ્છીત ફળ આપનાર કલ્પવૃક્ષ હોય છે

પરંતુ તે દરેક ત્રનમાં હોય નહિ તેવી રીતે મહા બુદ્ધિશાળી અભયકુમાર જેવો મંત્રી દરેક રાજવીને મલતો નથી.

પોતાનો દોહદ પરિપૂર્ણ થવાથી ધારિણી બહુ આનંદ પામી અને સુખમાં દિવસો પસાર કરવા લાગી. સમય જતાં પૂરા દિવસે પુત્રરત્નનો જન્મ આપ્યો. આ અત્યંત તેજસ્વી કુમારની કાન્તિથી સમગ્ર રાજભવન ઝગમગી ઊઠ્યું. પુત્ર-જન્મની વધામણી દેવા પ્રિયંવદા દાસી દોડતી મહારાજા પાસે જઈ કહેવા લાગી....હે પ્રભુ! મહારાણી એ કામદેવને હરાવે એવો સ્વરૂપવાન અને સૌના સકળ મનોરથ પૂર્ણ કરે એવો તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો છે આ સાંભળી રાજા અત્યંત ખુશ થઈ પોતાના દેહ ઉપર માત્ર રાજમુગટ રાખી બાકીના તમામ અલંકારો ભેટ આપી દીધાં અને દાસીપણામાંથી મુક્તિ આપી, તેમજ અન્ય તમામ દાસીઓને પણ અનેક પ્રકારના દાન



ધારિણી મેઘકુમારને જન્મ આપે છે, પુત્ર જન્મની વધામણી આપનારને રાજા ઘણું દાન કરે છે.

આપી સૌની આશા સંતોષી. આશ લઈને આવેલાની આશા પૂરી કરવી એ મોટા પુરુષોનો ગુણ છે.

મહારાજા શ્રેણિકે સમગ્ર નગરીમાં પુત્ર–જન્મનો મહોત્સવ દયા, દાન અનુકંપા, જમણવાર વિગેરે અનેક શુભ કાર્યો પૂર્વક કરાવ્યો. દ્વારે દ્વારે તોરણ બંધાયા. નગરજનો અક્ષત અને કુંકુંમ લઈ રાજભવને આવ્યા. સૌના મોં મીઠા કરવામાં આવ્યાં. રાજભંડાર છૂટા મૂકી દાન દેવામાં કોઈ કચાશ રાખી નહિ.'

લોકો અભયકુમારના વખાણ કરવા લાગ્યાં – ખરેખર, સર્વ મંત્રીઓમાં શિરોમણી હોય તો એક અભયકુમાર જ કહેવાય. જેણે અશક્ય એવા પોતાની માતાના મનોરથો પૂર્ણ કર્યા. આમ સમગ્ર નગરીમાં આનંદ–મંગળ વર્તાવા લાગ્યા.

ત્રીજે દિવસે નવોદીત પુત્રને સૂર્ય–ચંદ્રના દર્શન કરાવી આનંદ પામ્યા. છઠ્ઠે દિવસે ધર્મમય રાત પસાર કરી. દસમે દિવસે સૂતક શુદ્ધિ કરી. બારમે દિવસે સગાંસંબંધી વર્ગને જમાડી નામાભિધાન કર્યું. એ બાળક ગર્ભમાં આવ્યો હતો ત્યારે તેની ધારિણી માતાને મેઘનો દોહદ થયેલ તેથી તે બાળકનું નામ 'મેઘકુમાર' રાખવામાં આવ્યું. રાજાઓને ત્યાં લાડ લડાવવામાં શું ખોટ હોય? મેઘકુમાર મોટો થવા લાગ્યો. દિવસે ન વધે તેટલો રાતે વધે અને રાતે ન વધે તેટલો દિવસે વધે. ધીરેધીરે બોલતાં ચાલતાં શીખી ગયો આ જોઈને રાજા–રાણીના આનંદનો પાર નથી. સમય જતાં તમામ પ્રકારની તાલિમ આપવામાં આવી. ભણવામાં અત્યંત

તેજસ્વી થયો તેવો શસ્ત્રાસ્ત્ર માં પણ નીપૂણ નીવડયો. આમ નાની ઉંમરમાં તમામ કળાઓ મેળવી તૈયાર થઈ ગયો. જ્યાં અભયકુમાર જેવા બુદ્ધિશાળી ભાઈ અને મંત્રીશ્વર હોય ત્યાં શું ખામી રહે?

સમય જતાં મેઘકુમાર કુમારાવસ્થા વટાવીને કિશોરાવસ્થામાં પ્રવેશ્યો, અને યૌવનાવસ્થામાં પગલાં માંડયા. મહારાજા શ્રેણિકરાયે તેને ઉત્તમ કુળમાં જન્મેલી–ઉત્તમ રૂપ સૌંદર્ય ધરાવતી સૌભાગ્ય લક્ષ્મીથી અલંકૃત એવી ઉત્તમ આઠ રાજકન્યાઓ સાથે મેઘકુમારના લગ્ન કરવામાં આવ્યાં. પ્રત્યેક પત્નિ માટે કૈલાસ જેવો ઉજવળ અને ઉન્નત એવો એકેક રાજમહેલ આપ્યો. અઢળક ધન–દોલત, સાધન–સામગ્રી અને અન્ય ચીજો આપી. આ રીતે મેઘકુમાર દેવતાઓ કરતાં પણ વિશેષ એ આઠે રાજકન્યાઓ ભોગવિલાસ ભોગવે છે એવામાં એકદા દાક્ષિણ્યનિધિ શ્રી મહાવીર ભગવાન ગામોગામ વિચરતાં વિચરતાં અહીં રાજગૃહી નગરીએ સમવસર્યા. અહીં દેવતાઓએ સમવસરણની રચના કરી અને દેવ દુંદુભિનો નાદ થયો. સર્વ કોઈ દેવો–દેવીઓ સાધુ–સાધ્વી અને મનુષ્યો ત્યાં ઉતાવળે પગલે જવા લાગ્યાં.

નગર બહાર તીર્થંકર ભગવાનના આગમનથી ચારે બાજુથી હર્ષનાદ થઈ રહ્યો હતો. ઉદ્યાનપાલકે દોડતા જઈ મહારાજા શ્રેણિકને વધામણીનો સંદેશ આપ્યો કે જેમના પાવનકારી પગલાંથી સર્વ રોગ–શોક દૂર થઈ જાય છે એવા મહા ઉપકારી પરમ પૂજ્ય ભગવાન શ્રી મહાવીરસ્વામી

પધાર્યા છે અને સમવસરણની રચના દેવોએ કરી છે. સર્વ લોકો તેમની વાણી–ઉપદેશ સાંભળવા જાય છે તો આપ પણ જલદીથી પધારો.



[ શ્રી મહાવીરસ્વામી શ્રેણિક મહારાજા, મેઘકુમાર આદિ નગરજનોને દેશના આપે છે. ]

આ સમાચાર સાંભળી રાજાના હર્ષનો પાર નથી સમાચાર લાવનાર ઉદ્યાનપાલકને પ્રેમપૂર્વક મોટું ઈનામ આપ્યું. અને તરત જ પ્રભુજીના દર્શન કરવા જવા માટેની અપૂર્વ તૈયારી કરાવી. મહારાજા શ્રેણિક–તમામ રાણીઓ અને રાજકુંવરો સાથે અભયકુમાર પણ દર્શનાર્થે પ્રભુ પાસે ગયાં. સમવસરણ પાસે પહોંચી છત્ર, મુગટ ચામર, ખડગ

અને પુષ્પ તાંબુલનો ત્યાગ કરી, મોં સાફ કરી સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્રણ રત્નની પ્રાપ્તિ અર્થે ત્રણ પ્રદક્ષિણા તથા ખૂબ જ ભાવપૂર્વક વંદન કરી ત્રણ ખમાસમણ દઈને સ્તવના કરી. પછી મુનિઓને વંદન કરી, પાછળ જઈ સૌ ભગવાનશ્રી મહાવીર સ્વામીની વાણી સાંભળવા બેઠાં.

આ સંસાર દુઃખથી ભરેલો છે. જેમ અમાસના ચંદ્રમામાં લેશ માત્ર પ્રભા જોવા મલતી નથી તેમ સંસારમાં લેશ માત્ર સુખની પ્રભા નથી. પરંતુ સંસારનું આકર્ષણ એટલું મોટું છે કે તેમાં પડેલ માણસ ગમે તેટલા ફાંફા મારે છતાં તરી શકતો નથી. રાગ–મોહ માનવીને અંધ બનાવી મૂકે છે. સત્ય સમજાતું નથી. અરે ! સમજવું ગમતું નથી. મોહમાયાની જાળમાં ફસાયેલ માનવીને તે સમયે તો એ જાળ પણ મીઠી લાગે છે. સંસાર – તથા ભૌત્તિક સુખના સાધનો પર આંધળો રાગ શ્રી જિનભક્તિ તથા રત્નત્રયી ઉપર સાચો રાગ પ્રાપ્ત થવા દેતો નથી.

નામ તેનો નાશ છે જ, જન્મ તેનું મૃત્યુ છે જ. આ સંસાર અનંત દુઃખથી ભરેલો છે. ક્રોધ–માન–માયા લોભ રૂપી ચાર અજગરોએ ભરડો દઈ તમને છેતર્યા છે તેની છોડી બહાર નીકળો – ત્યાગની ભાવના કેળવો.

જન્માન્તરના પુણ્યયોગે આ જન્મમાં તમે મનુષ્યનો અતિ ઉત્તમ અવતાર મેળવી શક્યા છો. અને તેમાં જૈનધર્મ મેળવી શક્યા છો અને જૈનકૂળમાં જન્મ્યા છો. જિનેશ્વર દેવનો ધર્મ મળ્યો છે. જન્માંતર સુધારવાની

સંપૂર્ણરીતે અતિ ઉજવળ તક મળી છે તે રખે ચૂકતાં – ફરી-ફરીને આવો જન્મ અને આવો ધર્મ નહિ મળે. માટે આ મનુષ્યજન્મ એળે જાય નહિ તેની પૂરી તકેદારી રાખજો.

ધર્મ કલ્પવૃક્ષથી અધિક શ્રેષ્ઠ છે. તેનો સહારો લ્યો. તેના વડે સર્વકાર્યની સિદ્ધિ થાય છે તેના આસરે જનારને કદાપિ નિરાશ કે દુઃખી થવાનો વખત આવતો જ નથી. રાગને છોડયા વગર વીતરાગ બનાતું નથી. વીતરાગ બનવા માટે ત્યાગ જોઈએ. ધર્મથી જગતના સર્વ દુઃખ અને સંતાપોનો નાશ થાય છે. જન્માંતરના લાગેલા કર્મોના થર પણ ધર્મના પ્રભાવે ધીરે ધીરે ક્ષીણ થઈ નાશ પામે છે.

રાજ્ય–સત્તા મહા અનર્થને સર્જનારી છે. દોલત એ પાપના પોટલા સમાન છે. આ અસાર સંસારમાં ક્ષણિક સુખ મેળવવા જતાં દુઃખના મહાસાગરમાં ડૂબે છે. ધન–વૈભવ–માયા માનવીને બંધનમાં જકડી રાખી વિનાશ ને પગથારે લઈ જાય છે. કંચન અને કામિનીના મોહપાશમાં પડયા પછી માનવી નરી આંખે દેખતો નથી. અને પરિણામે નર્કાગારમાં ફેંકાઈ જાય ત્યારે ભાન થાય છે કે મેં વૃથા જિંદગી ગુમાવી, પસ્તાવાનો પાર નહિ રહે.

માટે જ ચેતવું હોય તો ચેતજે પ્રાણી,
આ સંસાર નરકની ખાણી.

સુખ ઉપર ઉદ્વેગ આવશે તથા દુઃખ ઉપર સદ્ભાવ

પ્રગટશે ત્યારે તે સમકિતિ થોડા જ સમયમાં આત્મસાધના કરી અજર અમર થશે.

સુખચેનથી અને ધન–વૈભવમાં જીવવું સૌને ગમે છે પરંતુ તે તો પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યનું ફળ છે. એ મેળવવા માટે કેટલું કર્યું હશે ! કેટલું કરીએ છીએ ?' માટે જ સમજો, પૂર્વજન્મના પુણ્યનું ફળ આ જન્મે મળે છે તો આવતા જન્મ માટેનું પુણ્ય ઉપાર્જન કરો છો ખરાં ? ભાવિકાલ સુખી બનાવવા માટે વર્તમાન કાલનું જીવન ત્યાગના પંથેવાળો, શ્રીજિનાજ્ઞાને આધીન બનો.

સંસાર રૂપી મહાસાગર પાર કરવા માટે ધર્મરૂપી હોડીની જરૂર પડે છે અને તે સાથે સાથે જ્ઞાન અને તપ રૂપી હલેસાંની પણ જરૂર પડે છે. એને સહારે સહારે સાત સમંદર પાર કરી જવાય છે.

ભગવાન મહાવીરે ધર્મની તમામ નીતિરીતિ સ્પષ્ટ સમજાવી. શ્રોતાજનોના હૈયાસોંસરી ઊતરી ગઈ. આ દેશનાથી હજારો જીવો પ્રતિબોધ પામ્યા. મહારાજા શ્રેણિકરાયે જૈનધર્મ અંગીકાર કર્યો. મંત્રીશ્વર અભયકુમારને પણ યોગ્ય શ્રાવક ધર્મ અંગીકાર કરાવ્યો. ત્યારબાદ મેઘકુમારે ઊભા થઈ હાથ જોડી કહ્યું કે–હે પ્રભુ ! સંસારમાંથી મારું મન ઊઠી ગયું છે મને દીક્ષાનું દાન આપો, હું મારા માતા પિતાની આજ્ઞા મેળવી – ચારિત્ર લઈને જન્મ સફળ કરીશ.

ભગવાને કહ્યું – કે જા ભાઈ, તારા માતા પિતાની આજ્ઞા

લઈ આવ. તારી ઇચ્છા નિર્વિઘ્ને પરિપૂર્ણ થાવ. પરંતુ તું કોઈપણ ચીજ પ્રત્યે રાગ રાખીશ નહિ.

અહીં મેઘકુમારે માતાપિતાની પાસે જઈ વિનય પૂર્વક–પ્રવ્રજ્યા માટેની આજ્ઞા માંગી આ સાંભળી ધારિણી માતા મૂર્છિત થઈ ગયા. ભાનમાં આવ્યા પછી પુત્રને સમજાવવા લાગી કે ભાઈ! હું જીવું છું ત્યાં સુધી નહિ. ત્યારબાદ તારી ઇચ્છા પરિપૂર્ણ કરજે.

મેઘકુમારે પૂછ્યું હે માતા! કોનું પ્રથમ મૃત્યુ થવાનું છે તે તું જાણે છે? ઘરડાં જીવી જાય છે અને નાનાઓ મૃત્યુ પામે છે. રોગીષ્ટ જીવી જાય છે અને નિરોગી મૃત્યુ પામે છે. આટલું સમજીને મને દીક્ષાની રજા આપો.

ધારિણીએ કહ્યું–હે પુત્ર! અતિ સુંદર અને લાવણ્યવતી, શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલી, નવયૌવન ધરાવતી આઠ આઠ પત્નિઓ છે. હમણાં તો તું તેમની સાથે દેવતાઓને પણ દુર્લભ ભોગવિલાસમાં રતિ કર, પછી તીર્થંકર પ્રભુ પાસે દીક્ષા લેજે.

મેઘકુમારે કહ્યું–હે માતા! આ બધા ભોગ વિજળીના ચમકારા જેવા અસ્થિર અને ક્ષણિક છે. કાલની કોઈને ખબર નથી. જીવન ક્ષણભંગુર છે માટે મોહ છોડી ત્યાગ સ્વીકારી સિદ્ધિના માર્ગે જવું હિતાવહ છે. માતા પુત્રને અનેક રીતે સમજાવે છે—જાત જાતના પ્રલોભનો આપે છે પરંતુ મેઘકુમાર અચલ રહે છે. તેને સાંભળવા છતાં કાંઈ અસર થતી નથી. સામા સામા અનેક પ્રકારની

દલીલો થાય છે છતાં મેઘકુમાર મક્કમ રહી માતાને જિનોક્તવચનોને સમક્ષ રાખી માનું હૈયું જીતે છે.



મેઘકુમારની દિક્ષાનો ભવ્ય વરઘોડો

આખરે માતાને મનાવી તેમની આજ્ઞા મેળવી પછી પિતાજી પાસે જાય છે અને આજ્ઞા માંગે છે. શ્રેણિકરાજા કહે છે કે હે પુત્ર! તું ભલે સંસારથી ઉદ્વેગ પામ્યો પરંતુ અત્યારે મારું રાજ્ય ગ્રહણ કર – પુત્ર કાંઈ બોલી શક્યો નહિં. માતાપિતાના ઉપકારનો બદલો કોઈ વાળી શકે તેમ નથી એટલે તેમની આજ્ઞા માનવી જ રહી. સંયમનો ભાર ઘણો જ કઠીન અને આકરો છે....પ્રવજ્યા દુષ્કર છે તો તે ભાર હમણાં તું સ્વીકારીશ નહિં....

મહારાજાએ ખૂબ જ ધામ ધુમપૂર્વક રાજ્યભરમાં મહોત્સવ મનાવી મેઘકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

ચૈત્ય ગૃહોમાં અષ્ટાન્હિકા મહોત્સવો કરાવ્યાં. પ્રાણીમાત્રને અભયદાન દીધું – બંદીજનોને મુક્ત કર્યા. ત્યારબાદ રાજાએ પૂછ્યું કે હે કુમાર! હવે તારું કેવી રીતે સ્વાગત કરું? હું તને ઇચ્છિત શું કરી આપુ?

મેઘકુમાર—પિતાજી! મારે માટે તપોરાજ્ય દુર્લભ છે. મને રજોહરણ પાત્ર આપો. તેથી શ્રેણિકરાજાએ વર્ષાદાનનો ભવ્ય ધામધુમથી વરઘોડો કાઢી પ્રભુ પાસે દીક્ષાગ્રહણાર્થે લઈ ગયાં મેઘકુમારના વર્ષીદાનનો વરઘોડો પ્રભુ પાસે પહોંચી ગયો અને પરમાત્માએ પારમેશ્વરી દીક્ષાનું દાન કર્યું. દીક્ષા આપી અનેક બોધ આપી અભિનવ સાધુને ગણધરને સોંપી દીધા. રાત્રિ દરમ્યાન સંથારાની મુકરર જગ્યા દરેકને મલી. તેમાં મેઘકુમારને બારણા પાસે સંથારાની જગ્યા મલી. અન્ય સાધુઓની અવર જવરને કારણે તેમને રાત્રી દરમ્યાન સહેજ પણ ઊંઘ આવી શકી નહિં. કર્મના પરિપાકો ઉદયમાં ન આવ્યા હોય તેમ જાણો.



સાધુજનોના પગ અને દંડાસણથી ધૂળથી સંથારો થવાથી મેઘકુમારને દુર્ધ્યાન

મનમાં અનેક દુષ્ટ વિચારો આવ્યા — અરે, આના કરતાં હું સંસારમાં હતો ત્યારે બધાં જ સાધુઓ મને માનથી બોલાવતાં તેમજ જાતજાતની તેમને ગમતી રીતે પૂજા-દાન -ધર્મ કરતાં કરાવતાં ખૂબ જ માનપાનથી લાડ લડાવતા અને આજે એજ સાધુ જનો મને પગ અડાડીને આવે જાય છે માટે મને આવું નથી ગમતું - સવાર પડ્યે હું પાછો સંસારમાં ચાલ્યો જઈશ.

મેઘકુમાર બધાની સાથે વહેલી સવારે દેવાધિદેવ ભગવંતને ભાવ - પૂર્વક વંદન કરી ઊભા ત્યારે ભગવાન મહાવીરે કહ્યું — હે મેઘકુમાર! તારા મનમાં જે વિચાર ઉદ્‌ભવ્યો છે માત્ર આવેશ છે જરા ઠંડા ચિત્તે વિચાર કરજે. સાધુસંતના ચરણના સ્પર્શથી થયેલી વ્યથા કાંઈ જ નથી માટે હે ભવ્યાત્મા, "તું તારા પૂર્વ જન્મની કથા સાંભળીશ પછી તેનું તને સ્મરણ થતાં તું આ કરતાં પણ અધિક વ્યથા સહન કરીશ"—

## મેઘકુમારનો પૂર્વજન્મ

[ કલ્પસૂત્રનાપ્રથમ વ્યાખ્યાનનો પ્રસંગ ]

આ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની નજીકના જંગલમાં તું એક શ્રેષ્ઠ હસ્તી હતો અને એક હજાર હાથીઓનો તું રાજા હતો. રાજા-મહારાજાઓની જેમ તું હાથણીઓ સાથે ભોગ-વિલાસ ભોગવતો હતો એવામાં એક વખત ઊનાળો અતિ ભયંકર ત્રાસદાયક આવ્યો. ઝાડપાન સુકાવા

લાગ્યા. નદીઓ અને સરોવરના પાણી સુકાવા લાગ્યા. પશુ–પક્ષીઓ તરફડવા લાગ્યાં–

એવા સમયે પરસ્પર ઘર્ષણથી વાંસના ઝાડમાંથી અગ્નિ પ્રગટી તેની જ્વાળા સમગ્ર જંગલમાં ફેલાઈ ઊઠી. વાંસના ફાટવાના અવાજથી જંગલના પ્રાણીઓ ભય પામી નાસભાગ કરવા લાગ્યા. ઊંચી ઊંચી પ્રસરતી અગ્નિ જ્વાળાથી અને તેમાંથી ઝરતાં તણખાથી સમગ્ર જંગલ ખળભળી ઊઠ્યું હતું. તેવે સમયે તું તારા પરિવાર સાથે દોડાદોડ કરી રહ્યો હતો. અને તૃષાતુર થવાથી તું બેબાકળો બની અહીંતહીં દોડતો હતો. એવામાં એક કમળોથી ભરેલું સરોવર નજરે પડ્યું. અત્યંત તૃષા લાગેલી તેથી કોઈપણ જાતનો વિચાર કર્યા વગર અવળે માર્ગે તું તે સરોવરમાં પ્રવેશ્યો. પરંતુ ઊંડા કાદવમાં ખુંચાઈ ગયો. બહાર નીકળવાના અનેક વ્યર્થ પ્રયત્નો કર્યા પરંતુ તેમાં તું ફાવી શક્યો નહિ. એવામાં એક વખતનો તારો હરીફ હાથી આવી પહોંચ્યો અને તેના લાંબા અણીદાર બે દંતશૂળથી તારા ઉપર ઉગ્ર પ્રહાર કરી વેર વાળવા લાગ્યો. આવી પીડા સાત દિવસ સહન કરીને તું મૃત્યુ પામ્યો. અને ફરીવાર વિંધ્યાચલના જંગલોમાં એક હાથી રૂપે જન્મ પામ્યો. સાડાસાતસો હાથીના યુથનો તું સ્વામી હતો. અહીં એકવાર દાવાનળ સળગેલો જોઈ તને જાતિસ્મરણ જ્ઞાન થયું. તને તારો પૂર્વ જન્મ યાદ આવ્યો.

તેથી તું તારા યુથ સહિત ગંગાનદીને કિનારે

આવ્યો. ત્યાં જંગલમાં સાફસુફી કરી વસવાટ માટે ત્રણ વિભાગ તૈયાર કર્યા જેથી આગ પ્રગટે તો બચાવ કરી શકાય. દોડાદોડ કરવી ન પડે અને શાંતિપૂર્વક રક્ષણ મળે.

એવામાં પુનઃ એકવાર દાવાનલ ફાટી નીકળ્યો. તું તારા યુથને લઈને આવ્યો તો પ્રથમ વિભાગ હરણ વગેરે પ્રાણીઓએ રોકી લીધું હતું. બીજો વિભાગ પણ આજ રીતે રોકાઈ ગયેલ હતો. સમાન દુઃખ પડે છે ત્યારે દુશ્મનો પણ મિત્ર બનીને રહે છે — બીજું કેટલીક વાર ખપ પડે ત્યારે આપણી પોતાની ચીજ આપણને મલતી નથી–

પ્રથમના બંને વિભાગો રોકાયેલા હોવાથી તું તારા યુથને લઈ ત્રીજા વિભાગમાં આવીને રહ્યો, અહીં પણ પ્રાણીઓ પોતાના બચાવ માટે ખીચોખીચ ભરાઈ ગયાં હતાં. હવે એવું બન્યું કે તને ખરજ આવવાથી તેં તારો એક પણ પગ ઊંચો કર્યો. અને એ જગામાં એક સાસલું દોડતું આવીને ભરાઈ ગયું.

તેં વિચાર્યું કે પગ મૂકીશ તો સસલું મરી જશે. માટે તેને બચાવવા ખાતર તું ત્રણ પગ ઉપર ઊભો રહ્યો. આમ દાવાનલ ચાલ્યો ત્યાં સુધી એટલે કે અઢી દિવસ સુધી ઊભો રહ્યો. દવ શાંત પડતા અન્ય પ્રાણીઓ પોતપોતાના સ્થાને ચાલ્યાં ગયાં. અત્યંત તૃષા લાગવાથી તું એકદમ જળપાન કરવા જવા માટે દોડી જવા વિચાર્યું પરંતુ લાંબો સમય એક પગે ઊભો રહેલો હોવાથી પર્વતનું શિખર તૂટી

પડે તેમ તું પૃથ્વી ઉપર પટકાઈ પડયો. અને મૃત્યુ પામ્યો.

આ રીતે એક સસલા ઉપર કરૂણા કરી, વ્યથા સહન કરી તે જીવદયાના પરિણામે મૃત્યુ પામી તું શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર તરીકે જન્મ પામ્યો છું. એક સસલા જેવા માટે તેં કેટલી કઠીન વેદના સહન કરેલી ? હવે જરા વિચાર કર. ઓ વિવેકી મેઘકુમાર, આ સાધુઓના પગ અથડાયા અગર તેની રજ તારા ઉપર પડી એમાં મુંઝાઈ જાય છે ? આવા ચારિત્ર્યવાન-ધર્મિ સાધુ જનોની ચરણરજ તો ભાગ્યશાળીને જ મળે છે.

આ સાંભળી મેઘકુમારને પોતે કરેલા વિચારો પ્રત્યે ખૂબ પસ્તાવો થયો. ભગવાન પાસે ક્ષમા માંગી. અને બે ચક્ષુ સિવાય શેષ અંગોની કોઈ પ્રકારે સુશ્રુષા કરવી નહિં જીવન એ પૂજ્ય મુનિઓને સમર્પિત કરું છું જે અભિગ્રહણ કર્યો તે જીવન પર્યંત મક્કમતાથી પાળ્યો.

ત્યારબાદ પ્રભુની આજ્ઞા લઈ સોળ માસનો ‘ ગુણ રત્ન ’ નામનો તપ કર્યો. જીવનને તપથી સુશોભિત બનાવી સુંદર આરાધના કરી દેહ શુદ્ધિ કરી. સાથે પ્રભુની સાન્નિધ્યમાં અગીઆર અંગોનો ગુરુ સમક્ષ અધ્યયન કર્યું. અને છેલ્લે તેમને અનશનની ભાવના ઉત્પન્ન થઈ.

ગુરૂ મહારાજ (ભગવાન મહાવીર પરમાત્માને વંદન કરી) પાસે જઈ, હાથ જોડીને પોતાની ઇચ્છા વ્યક્ત કરી અને અનુજ્ઞા માંગી.

ભગવાને કહ્યું– હે મેઘમુનિ ! તમારું ઇચ્છિત ખુશીથી પરિપૂર્ણ કરો અને તમારા કરેલા ધર્મરૂપી શિખર ઉપર કળશ અને ધ્વજા ફરકાવો. મેઘમુનિએ પ્રભુને નમસ્કાર કરી ચતુર્વિધ સંઘની આદરપૂર્વક ક્ષમા માંગી રાજગૃહી નગરી પાસે આવેલ વિપુલગિરિ ઉપર આરોહણ કર્યું– એક શીલા ઉપર બેસી અનશન કર્યું–અનશન પાચું અને આયુષ્ય પૂર્ણ કર્યું.

ત્યાંથી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવરૂપે જન્મ પામ્યા–ત્યાંથી ચ્યવીને મહા વિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મુક્તિ પામશે. અજર અમર પદ પામશે....મેઘકુમારની દીક્ષાના પ્રસંગે બુદ્ધિનિધાન અભયકુમારના મનમાં વિચાર તાંડવ ઊભું થયું કે મેઘકુમારની જેમ આ અસાર સંસાર ક્યારે છોડીશ. એ શુભ વર્ષ, માસ, દિવસ, તિથિ, સમય, ક્ષણ ક્યારે આવશે કે જે મારા જીવન માટે અતિ ઉત્તમ કલ્યાણકારી નિવડી મોક્ષમાર્ગના પથિક એવા સાધુના કપડા પહેરાવશે, ક્યારે હું દેવાધિદેવના ચરણોનો સેવક બનીશ, પ્રભુની સાથે ક્યારે વિહાર કહીશ....નાની ઉંમરથી લઈને અત્યાર સુધીના દીક્ષિતોને ધન્ય છે....હું પામર કહેવાઉં કેમકે–મેળવવા, પામવા, અનુભવવા, આદરવા લાયક એવી પારમેશ્વરી દીક્ષા સ્વીકારી શકયો નથી....મારા માટે આદરવા લાયક ભાગવતી દીક્ષા મેળવવાની શુભ ક્ષણ ક્યારે આવશે. આવી ઉત્તમ ભાવના અભયકુમાર ભાવી રહ્યા છે.

ધન્ય છે મેઘ મુનિને !

ધન્ય છે જીવદયાના પ્રતિપાલક મેઘકુમારને !

ધન્ય છે ધારિણી માતાને કે – જેણે આવા પુત્રનો જન્મ આપ્યો.

ધન્ય છે....અભયકુમારને–કે–જેને આવો ઉત્તમભાઈ મળ્યો.

ધન્ય છે શ્રેણિક મહારાજાને, જેને આવો ઉત્તમ પુત્ર મળ્યો આ બધી છે બલીહારી શ્રી જૈન શાસનની.

" જૈનં જયતિ શાસનમ્ "



# ૮. અભયકુમારનું ચાતુર્ય

**એકવાર** શ્રમણ ભગવાન મહાવીર તથા તેમના શિષ્ય રત્ન ગૌતમસ્વામી તેમના સકળ પરિવાર સાથે અહીં પધાર્યા તેમના સમાચાર મળતાં જ શ્રેણિકરાજા તેમને વંદન કરવા ગયા. ખૂબ ભાવપૂર્વક વંદન કર્યા અને પ્રભુની વાણી સાંભળવા ત્યાં બેઠા. તેમની દેશના સાંભળી સંધ્યા સમયે પોતાના નગરભણી પાછો ફર્યો.

રસ્તામાં એક સરોવરની નજદીક એક નિઃવસ્ત્ર મુનિને કાઉસગ્ગ ધ્યાનમાં ઊભેલાં જોયાં. એટલે શ્રેણિકરાજા પોતાના રથમાંથી નીચે ઊતરી મહારાણી ચેલ્લણાને સાથે લઈ ખૂબ જ હર્ષથી મુનિરાજને વંદન કર્યા. તપસ્વી મુનિના આવા ઉગ્ર તપની પ્રશંસા કરતાં કરતાં નગર તરફ ગયા.

શિયાળાના દિવસો હતા. કડકડતી ઠંડીથી ગાત્રો ધ્રૂજતાં હતાં. મહારાજા શ્રેણિક અને ચેલ્લણા એક જ સુકોમળ પલંગમાં શયન કરી રહ્યાં હતાં. રાત્રિનો સમય હતો. સર્વ અનુચરો પોતપોતના સ્થાને ચાલ્યાં ગયાં હતાં.

રાજા–રાણી પરસ્પર ગાઢ આલિંગનથી પોઢી ગયા. નિદ્રાદેવીને વશ થયા પછી તેમનું ગાઢ આલિંગન છૂટી

જવાથી મહારાણીનો એક હાથ ગરમ ધાબળામાંથી બહાર નીકળી ગયો બહારની ભયંકર ઠંડીથી ચેલ્લણાનો હાથ ઠુંઠવાઈ ગયો. તેની વેદનાથી તે જાગી ઊઠી અને હાથ અંદર લઈ ઢાંકી દીધો.

તે દિવસે જોયેલા મુનિરાજ જે સરોવરને કિનારે નિઃવસ્ત્ર હાલતમાં કાઉસગ્ગ કરી રહ્યાં હતાં તેમનું સ્મરણ થઈ આવ્યું એટલે રાણી બોલી ઊઠી. આટલી ઠંડીમાં મને દુઃખ થાય છે તો એનું શું થયું હશે? એમ વિચારતાં ક્ષણવારમાં રાણી નિદ્રાધીન બન્યાં. તેજ સમયે જાગ્રત રાજા અને રાણીના શબ્દો સાંભળી લીધા. તેને વ્હેમ લાગ્યો કે રાણી અન્ય કોઈ પુરૂષમાં આશક્ત થઈ છે. આથી અત્યંત ક્રોધાઈમાન થયો.

પ્રિયાને વિષે જે વ્યક્ત અત્યંત આશક્ત હોય છે તેઓમાં ભારોભાર ઈર્ષ્યા પણ હોય છે સ્ત્રીને પોતાની માલિકીની ચીજ સમજે છે. સ્ત્રીઓના ચરિત્રો પારખવા ઘણા કઠિન હોય છે.

તે ઠંડીમાં ઠુંઠવાઈ મરતો હશે એમ વિચારીને રાણી ચિંતા કરે છે. કારણકે સ્ત્રીઓના હૃદયની વાત હંમેશા મોંએ આવે જ છે. ખરેખર સ્ત્રીઓને સમજવી એ અતિ મુશ્કેલ કાર્ય છે. દુનિયામાં દરેકને વશ કરવાનું સહેલું છે પરંતુ પ્રમદાવર્ગને આધીન કરવા કોઈ ઉપાય જ બતાયો નથી. જણાતો નથી.

આમ સતી સ્ત્રીને સમજ્યા વિના જ મહારાજાએ

કલંકીની હોવાની શંકા હૃદયમાં પેદા થઈ. એટલે ક્રોધને કારણે અન્ય હલકા વિચારોમાં જાગૃત રહીને રાત્રિ પસાર કરી. સવાર પડતાં જ મહારાજાએ અભયકુમારને બોલાવ્યો અને ગુસ્સામાં આજ્ઞા કરી કે અંતઃપુરમાં પાપ પ્રવેશી ચૂક્યું છે. માટે અત્યારે એને ભસ્મીભૂત કરી નાંખો. આવેગમાં આવી એ પ્રમાણે જણાવી ભગવાન શ્રી મહાવીરના દર્શન કરવા ગયો.

જેને કોઈ પણ વ્યક્તિનો ભય નથી એવો અભય-કુમાર પણ પિતૃઆજ્ઞાથી ડર પામ્યો અને આવા આપત્તિના સમયે વિચાર કરવા લાગ્યો. મારા પિતાજીએ ખરેખર વગરવિચાર્યે આવેશમાં આવી જઈને મને આવો આદેશ આપ્યો લાગે છે. મારી માતાઓને હું સારી રીતે ઓળખું છું તેમનામાં કોઈ કાળે કલંક હોય જ નહિ માટે મારે તેમનું રક્ષણ કરવું જોઈએ એ મારી ફરજ છે.

સાથે સાથે પિતૃઆજ્ઞાનું પાલન પણ કરવું જ જોઈએ. આ ધર્મસંકટ આવી પડ્યું છે. આગળ જઉં તો ડૂબી જવાનો ભય છે કાંઠે ઊભો રહું તો તરસે મરી જવું પડે તેમ છે. ખૂબ વિચાર કરીને એ વિચક્ષણ મંત્રીશ્વરે રાજ-ભવનની નજીકમાં આવેલી જુની પુરાણી ઝુંપડીઓ જલાવી દીધી અને વાત ફેલાવી કે અંતઃપુર સળગ્યું !

શંકાની આગમાં બળી રહેલા રાજવીએ સમવસરણ વિષે જઈને ભગવાન શ્રી મહાવીર સ્વામીને પૂછ્યું કે હે ભગવાન! મારી રાણી ચેલ્લણા જેના ઉપર હું અપ્રતીમ

પ્રેમ રાખું છું તે પતિવ્રતા નારી છે કે પાપીણી છે? અત્યારે ગુસ્સામાં મારું અંગ ધ્રુજે છે.

પ્રભુએ વાસ્તવિક જવાબ આપ્યો કે ચેલ્લણા એ મહાન પતિવ્રતા સ્ત્રી છે. એ સતી શિરોમણી સમાન છે એના માટે કોઈ જાતની શંકા લાવવી એ પાપ છે. આ સાંભળી પોતે કરેલા અવિચારી હુકમનો અતિશય પસ્તાવો થવા લાગ્યો. ઊભો થઈ પ્રભુને પ્રણામ કરી દોડતો રાજભવને આવ્યો. મંત્રીશ્વર અભયકુમાર ત્યાં હાજર જ હતા. રાજાએ મંત્રીને પૂછયું– મારી આજ્ઞા મુજબ તેં બધું કામ કરી નાંખ્યું?

મંત્રી—હા રાજન્, રામચંદ્રજીએ પિતાની આજ્ઞા પાળવામાં વિલંબ કર્યો નથી તો મારે પણ તે મુજબ આપની આજ્ઞા વિલંબ વિના પાળવી જ જોઈએ. તે મેં પાળી છે. આ સાંભળી રાજા અતિશય ક્રોધાયમાન થયાં અને બોલ્યા—અરે દુષ્ટ, પાપી, નિર્દય–આ તેં શું કર્યું? સતી એવી શુદ્ધ પતિવ્રતા તારી માતાઓને તેં જલાવી નાંખી? તો તું શા માટે જીવતો રહ્યો? શું મારે તને મંદિરમાં બેસાડી તારી પૂજા કરવાની હતી? આમ તેઓ મનમાં આવે તેવા શબ્દો બોલવા લાગ્યા. અભયકુમારે કહ્યું–હે પિતાજી! ભગવાન શ્રી મહાવીરદેવની દેશના જેણે સાંભળી છે તેવા મારા જેવાને માટે બાળ મૃત્યુ યોગ્ય છે? હું તો સમયે ભાગવતી દીક્ષા અંગીકાર કરવી એ વિચારમાં છું. પરંતુ મારા પરમ પૂજ્ય પિતાશ્રીએ એવી આજ્ઞા ફરમાવી હોત તો હું સળગતી આગમાં જરૂર પડત. આપ જાણો છો કે આ રીતે મૃત્યુ પામવાથી ધર્મ કે કીર્તિ મળતાં નથી.



અભયકુમાર શ્રેણિકની આજ્ઞાનું પાલન કરી પગે લાગે છે. ત્યારે રાજન્ અભયકુમારનો તિરસ્કાર કરે છે.

શ્રેણિકરાજાએ ફરીથી કહ્યું—હે અભય! મેં ભૂલ કરી પરંતુ તેં ભૂલ શા માટે કરી? હવે તારી માતાઓના મુખદર્શન કેવી રીતે કરીશ? શું તારી મતિ બહેર મારી ગઈ છે? તને કાંઈ વિચાર પણ ન આવ્યો કે આ હું શું કરું છું? એમ બોલતાંબોલતાં શ્રેણિક રાજાને મૂર્છા આવી. અભયકુમારે શ્રેણિકમહારાજાને શીતોપચાર કરી ભાનમાં આણ્યા અને બે હાથ જોડી કહ્યું કે હે પિતાજી! આપ ચિંતા કરશો નહિં—આપનું અંતઃપુર અને મારા સર્વે માતાજી સુખરૂપ છે—ક્ષેમ કુશળ છે. મેં અંતઃપુરની બાજુમાં આવેલી જીર્ણ ઝુંપડીઓ બાળી આપની આજ્ઞા પાળી છે. આ સાંભળી રાજા હર્ષાશ્રુ વહાવતાં ઊભા થઈને કહેવા લાગ્યા

હે પુત્ર! તું દિવ્ય લોચનવાળો છે. તું મહાબુદ્ધિશાળી છે. મારા ગોત્રમાં સૂર્ય સમાન છે. તેં મને આ મહા કલંકમાંથી બચાવી લીધો છે. માટે તારો ઉપકાર માનું તેટલો ઓછો છે. અન્યથા હું સૌને મારું મુખ કેવી રીતે બતાવી શકત?

હવે ચેટકપુત્રી ચેલ્લણા નવા અવતારે આવી હોય તેમ માનીને તેના દર્શન માટે અતિ આતુર બની ગયો અને અંતઃપુરમાં જઈ રાણીઓને મલી આનંદ વિભોર બની રહ્યો. પોતે કરેલા ખોટા વિચારનું પ્રાયશ્ચિત કર્યું અને ચેલ્લણા વિ. સ્ત્રીઓ સાથે આનંદવિનોદમાં રહેવા લાગ્યો.

એક દિવસ રાજમહેલના ઝરુખે રાજા-રાણી બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા. રાજાજી ખૂબ આનંદમાં હતા એવો અવસર જોઈને રાણી ચેલ્લણાએ કહ્યું—હે સ્વામીનાથ! મને એક સ્તંભનો એક અત્યંત સુંદર રમણીય મહેલ કરાવી આપો જેથી હું આપની અન્ય રાણીઓ કરતાં મારી વિશે-ષતા વધે અને તેની આજુબાજુ એક ઉદ્યાન બનાવડાવી દો જેમાં દરેક ઋતુઓમાં પાકતાં ફળો મને બારે માસ મળી રહે. એવી અત્યંત આલ્હાદક જગાએ રહીને હું ક્રીડા કરવા મારું મન તલસી રહ્યું છે.

રાજાએ કહ્યું—તારી ઇચ્છા પૂર્ણ થશે. એ માટે તું બેફીકર રહે. જરૂર તે જણાવેલું કાર્ય સિદ્ધ કરી આપીશ. બીજે દિવસે મહારાજા શ્રેણિકે મંત્રીશ્વર અભયકુમારને બોલાવી એક સ્તંભનો અતિ ભવ્ય અને સુંદર મહેલ અને ઉદ્યાન બનાવવા આજ્ઞા ફરમાવી. અને કહ્યું કે જરા ધ્યાન

રાખજો કે કોઈ ખામી રહે નહિ. અભયકુમારે રાજ્યના એક અતિ બાહોશ શિલ્પીને તે કાર્ય સોંપ્યું. એક સ્તંભ માટે અતિ સુંદર–વિશાળ વૃક્ષની શોધ કરવા જંગલમાં ઠેર ઠેર સ્થળે તે શિલ્પી તપાસ કરવા લાગ્યો. એવામાં એક વિશાળ મનોહર વૃક્ષ મલી આવ્યું. તેને ખૂબ જ આનંદ થયો.

શિલ્પી જાણતો હતો કે આવા વિશાળ વૃક્ષને વિષે તેના અધિષ્ઠાયક દેવોના વાસ હોય જ, માટે આવા વૃક્ષને કાપતાં પહેલાં તેના અધિષ્ઠાયક દેવને રીઝવવો જરૂરી છે. જેથી મારું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ થાય. શિલ્પીએ દીપ ધૂપ કર્યા અને ઉપાસના કરી આરાધના કરી જેથી તે તરૂવરના અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયાં અને અભયકુમારને કહ્યું કે વૃક્ષને કાપવાની કોઈ જરૂર નથી. તારી ઇચ્છા મુજબ મહેલ અને ઉદ્યાન હું બનાવી દઈશ. શિલ્પીને તુરત પાછો બોલાવી લે.

અભયકુમારે શિલ્પીને સેવક મારફતે જંગલમાંથી બોલાવી દીધો. દેવે એક વિશિષ્ટ પ્રકારનો મહેલ અને ઉદ્યાન બનાવી આપ્યાં. આ જોઈને રાજા–રાણી હર્ષ પામ્યા અને તેમણે ત્યાં વાસ કર્યો અને દેવોને પણ જેની ઇર્ષ્યા આવે એ રીતે ભોગ ભોગવતાં કાળ નિર્ગમન કરવા લાગ્યાં. દેવતાઓ પણ જેને ઝૂકે છે એવા અભયકુમારનો જય હો !



# ૯—ચોર પકડાયો



આજ નગરમાં એક માતંગપતિ રહેતો હતો. તેની પત્નિને અકાળે આમ્રફળ ખાવાની ઇચ્છા થઈ આથી તેણે તેના પતિ પાસે આમ્રફળની માંગણી કરી.

પતિએ સમજાવ્યું—અરે ઘેલી! આ ઋતુમાં આમ્રફળ ક્યાંથી થાય? તારી ભાવના કે ઇચ્છા પૂર્ણ કરવા માટે હું અસમર્થ છું. ત્યારે તેની પત્નિએ કહ્યું- હે નાથ! એ ફળ આપને મહારાણી ચેલ્લણાના ઉદ્યાનમાંથી મળશે. ત્યાંથી લઈ આવો અને મારી ઇચ્છા પૂર્ણ કરો. માતંગપતિ તે જ દિવસે ચેલ્લણાના ઉદ્યાનમાં જઈ એ આમ્રફળ નિહાળીને રાત્રિના સમયે ત્યાં ગયો. અવનામિની વિદ્યાના પ્રભાવ વડે આંબાની ડાળો નીચે નમાવી દીધી અને આમ્રફળો લઈ લીધાં અને પછી ઉન્નામિની વિદ્યા વડે તે ડાળાને યથાવત્ સ્થિતિમાં ઊંચી કરી ચાલ્યો ગયો. માતંગપતિએ તે આમ્રફળો પોતાની પત્નિના હાથમાં મૂક્યા. આમ તેણીનો દોહદ પૂર્ણ કર્યો. બીજે દિવસે ચેલ્લણા પોતાના ઉદ્યાનમાં ફરતી હતી ત્યાં તેની નજર આમ્રવૃક્ષ ઉપર પડી. ગઈકાલ સુધી આમ્રફળોથી ઝૂકી ગયેલા વૃક્ષ ઉપર

આજે આમ્રફળ નહિં જોતાં તેને બહુ દુખ થયું. મહારાજા પાસે આવી આ હકીકતની જાણ કરી.

મહારાજાએ તૂર્ત અભયકુમારને બોલાવી તેની તપાસ કરવા જણાવ્યું અને ચોરને પકડી લાવવા કહ્યું. મંત્રીશ્વર એ ત્રણ રક્ષકોને લઈ ઉદ્યાનમાં આવ્યો. ખૂબ બારીકાઈથી તપાસ કરી પરંતુ કાંઈ જ પકડી શકયો નહિં. મનમાં વિચારવા લાગ્યો કે ખરે જ આ ફળો લઈ જનાર સમર્થ હશે.

રાજાનો હુકમ હતો કે ચોરને ગમે ત્યાંથી પકડી હાજર કરો. તેથી મંત્રીશ્વર અન્ય રક્ષકોને લઈને ચોરે ચૌટે શોધ માટે નીકળી પડયા. ઠેર ઠેર તપાસ કરી પણ ચોરનો કયાંય પત્તો લાગ્યો નહિં. એવામાં એકવાર શહેરના કોઈક ભાગમાં રાત્રિને સમયે નાટક ચાલી રહ્યું હતું. ચોર શોધવાની આશાએ મંત્રીશ્વર ત્યાં ગયો. સામાન્ય જનતાનો સમુહ ત્યાં એકઠો થયેલો હતો. અભયકુમાર નાટકના રંગ-મંચ ઉપર ગયા અને લોકોને કહેવા લાગ્યા કે જ્યાં સુધી નાટકનો ભાવ ભજવનારા નૃત્યક લોકો ન આવે તે દરમ્યાન હું આપ સૌને એક સુંદર–મનોહર કથા કહેવા ઇચ્છું છું. તે સૌ શાંતિથી સાંભળશો. અભયકુમારે ચોરને પકડવા બુદ્ધિપૂર્વકની કથા કહેવા શરૂ કરી.

જુના જમાનાની વાત છે. વસંતપુર નામે મનોહર એક શ્રેષ્ઠ શહેર હતું. નગરની બાંધણી અત્યંત સુંદર હતી. મોટા મોટા મકાનો, દુકાનો અને બજારો, તથા દેવમંદિરોથી સુશોભિત નગરી હતી. ઠેર ઠેર કુવા–તળાવ–સરોવર–વન–

ઉપવનોથી ભરેલી હતી. નગરના લોકો દયાળુ–પરોપકારી–વિનયવિવેકી અને ઉદાર ભાવનાશીલ હતાં. તે નગરમાં જીર્ણશેઠ નામે વેપારી વ્યાપાર કરતો કરતો દોમ દોમ સાહ્યબી મેળવી હતી પરંતુ પૂર્વજન્મના પાપકર્મનો ઉદય થવાથી તે સઘળી મિલ્કત અને દૌલત ગુમાવી રંક બની ગયો. એક ટંકનું ખાવાનું પણ મહા મુશ્કેલીએ મલતું. આવી વિકટ પરિસ્થિતિમાં તે પોતાનું જીવન–નાવ ચલાવી રહ્યો હતો.

આ શેઠને એકની એક અત્યંત સ્વરૂપવાન, સૌંદર્યવાન, સંસ્કારી અને યુવાન એવી પુત્રી હતી. ઉંમરલાયક થવા છતાં પોતે અતિશય દરિદ્રી હોવાથી તેના વિવાહ કર્યા ન હતા. ગરીબ ઘરમાં પરણાવવાની તેની ઇચ્છા નહતી અને ધનિક કુટુંબ આ છોકરીને લેવા તૈયાર ન હતું.

આમ સમય વીતવા લાગ્યો પણ જીર્ણશેઠની પુત્રીનું વેવિશાળ થઈ શક્યું નહિં. આથી પોતાને યોગ્ય પતિ મળે એ માટે કામદેવની આરાધના કરવા લાગી. પૂજા માટે પુષ્પો જોઈએ– એ ખરીદી લાવવા જેટલા પૈસા તેણીની પાસે નહતાં – તેથી બાજુના કોઈ ઉદ્યાનમાંથી દરરોજ ચૂપચાપ ફૂલો લઈ આવતી. આ રીતે તેની પૂજા નિયમીત રીતે કરતી અને અન્યના ઉદ્યાનમાંથી રખેવાળની કે માલિકની વગર પરવાનગીએ ફૂલો લાવતી તે તેના અંતરમાં ડંખતું પરંતુ કરે શું? ઉત્તમ સ્વામી મળે એ આશાએ તેણી આ કાર્ય ચાલુ રાખતી હતી.

પોતાના બગીચાંમાંથી કોઈ દરરોજ ફૂલો લઈ જાય છે એવી શંકા બાગના માળીને થઈ અને કોણ લઈ જાય છે તેની તપાસ કરવા એક વખત તે માળી વહેલી સવારથી આવીને સંતાઈ ગયો. સમય પ્રમાણે પેલી શેઠની પુત્રી બાગમાં આવી અને પુષ્પો ચૂંટવા લાગી. તરત જ પેલો માળી આવી તેનો હાથ પકડયો. કુમારીએ રાગયુક્ત દૃષ્ટિથી એ માળીનું હૃદય વીંધ્યું અને માળી તેને જોઈ ને પાગલ બની ગયો.

માળી કહે— હે કોમલાંગી! આ ઉદ્યાન મારી માલિકીનું છે. મારી રજા વગર દરરોજ તું મારા ઉદ્યાનમાંથી ફૂલો લઈ જાય છે. આજે મેં તને પકડી પાડી છે. તું મારી દેવાદાર બની છે. તો તારી રેશમ જેવી મુલાયમ કાયા અને ફાટફાટ થતું યૌવન મને ભોગવી લેવા દે.

આવું સાંભળી જીર્ણશેઠની પુત્રી બોલી– હે માળી, તમારા મુખમાં આવા શબ્દો શોભતાં નથી. હું તો હજુ કુંવારી કન્યા છું, મારી જગાએ જો તારી પુત્રી કે બહેન હોય તો તું તેનું રક્ષણ કરે કે ભક્ષણ?

માળી કહે—જીભાજોડી કરવામાં હું જીતવાનો નથી. તેમજ આજે તને છોડવાનો પણ નથી. તારે મારી ઈચ્છાને તાબે થવાનું જ છે–તે સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નથી.

તું મને વચન આપ– તે સિવાય અહીંથી છુટકારો મેળવવો કઠીન છે.

કુમારીએ કહ્યું– હે માળી ! તું કેવા પ્રકારના વચનની અપેક્ષા રાખે છે ?

માળી કહે– હે હરિણાક્ષી ! તારે પરણીને તારો આ સુકોમળ દેહ પ્રથમ મને ઉપભોગ કરવા આપવો. માળીની માંગણી હાલ પુરતી કબુલ રાખી કુમારીકા અખંડશીલે છૂટી પોતાના સ્થાને ગઈ.

કરિયાણું સારું હોય તો વહેલા મોડા તેની કિંમત ઉપજે છે જ, તે રીતે જીર્ણશેઠની પુત્રીના વિવાહ તેજ નગરીના એક અતિધનવાન શ્રેષ્ઠિના પુત્ર સાથે કરવામાં આવ્યાં અને ટુંક સમયમાં તેમના લગ્ન પણ થઈ ગયાં.

લગ્ન પછીની પ્રથમ રાત્રિએ શ્રેષ્ઠિ પુત્રી ધીમા પગલાં મૂકતી પોતાના શયનગૃહમાં દાખલ થઈ અને કોયલ જેવા મીઠા મધુર અવાજે પોતાના પતિને કહ્યું. હે નાથ ! મારે દિલ ખોલીને સાચી એક વાત આપને કરવાની છે. થોડા વખત પહેલાં મારે શિરે એક ભયંકર સંકટ આવી પડેલું. એક ઉદ્યાનમાંથી દરરોજ પૂજા માટે હું માળીને પૂછ્યા વિના ફૂલ લેતી હતી. એક વખતે હું એ માળીને હાથે પકડાઈ ગઈ તેણે મારી પાસે એક પ્રતિજ્ઞા લેવડાવી હતી અને મારે ન છૂટકે તે સ્વીકારવી પડી હતી.

'એવી તે શાની પ્રતિજ્ઞા લેવી પડેલી ?'

હે સ્વામીનાથ ! મારે મારા લગ્નની પ્રથમ રાત્રે એ માળીને ત્યાં જવું એવી કબૂલાત કરવી પડેલી. તો હે દેવ !

કૃપા કરી મને મારી પ્રતિજ્ઞા પૂરી કરવાની રજા આપો. આપના પુણ્ય પ્રતાપે હું મારા શીલનું સંપૂર્ણ પણે રક્ષણ કરીશ. આપ મારામાં વિશ્વાસ રાખજો કે હું સદા માટે આપની જ છું અને રહીશ.

આ સાંભળી તેનો પતિ હર્ષ પામ્યો અને તે વિચારવા લાગ્યો કે આ સ્ત્રી ખરેખર સત્યવાદીની છે. સ્વર્ગગંગાના સમાન નિર્મળ હૃદયવાળી સ્ત્રી છે. તરત જ તેણે રજા આપી કહ્યું—હે પ્રિયે, મને તારા વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ છે. જા, તું તારી પ્રતિજ્ઞાનું પાલન કરી જલદી પાછી આવી જા. દુનિયામાં મોટે ભાગે લોકો પોતાનું બોલેલું ક્ષણમાં ફરી જતાં હોય છે. સત્યને વળગી રહેનાર બહુ ઓછાં હોય છે.

શ્રેષ્ઠિપુત્રી શ્વસુરગૃહેથી નીકળી પોતાનું વચન-પ્રતિજ્ઞા પાલન કરવા ચાલી નીકળી. રસ્તામાં ચોર લોકો મલ્યા. તેઓ વિચારવા લાગ્યા કે ખરેખર આજે કોઈ ઉત્તમ શકુન પ્રાપ્ત થયા હશે કે જેથી કરીને લક્ષ્મી સામે આવીને મળે છે.

ચોરલોકોએ શ્રેષ્ઠિપુત્રીને રોકી અને તેનું હરણ કરવા લાગ્યા ત્યારે તેણીએ કહ્યું હે ભાઈઓ, હું મારી પ્રતિજ્ઞા પૂરી કરવા જાઉં છું મને રોકો નહિં. હું પાછી આવું ત્યારે મારા તમામ કિંમતી આભુષણો અને અલંકારો ગ્રહણ કરજો પણ અત્યારે મને જવા દો. આ સાંભળીને ચોરોએ જવા માટે અનુમતી આપી. રસ્તામાં ભૂખ્યો

રાક્ષસ મળ્યો. તેને પણ ડાહી બુદ્ધિથી સમજાવી પ્રતિજ્ઞા પાલન અર્થે આગળ કદમ ભરવાનું શરૂ કર્યું.



ચોર લોકોને સમજાવી શ્રેષ્ઠિ પુત્રી વચનનું પાલન કરવા માળી પાસે જાય છે.

ત્યાંથી છુટીને દૃઢ મનોબળવાળી તે શ્રેષ્ઠિપુત્રી માળી પાસે આવી ઊભી. કહેવા લાગી—" હે ઉદ્યાનના રખેવાળ! મેં મારી પ્રતિજ્ઞાનું પાલન કર્યું છે હવે તારા કૂળને તારા સુસંસ્કારોને જે ઉત્તમ લાગે તે પ્રમાણે તું કરી શકે છે. પ્રભુ તને સદ્‌બુદ્ધિ આપે."

શ્રેષ્ઠિપુત્રીની આ પ્રમાણેની વાત સાંભળીને તેનું પાપી મન પલળી ગયું. તે ખૂબ પ્રસન્ન થયો અને વિચારવા લાગ્યો કે ખરેખર આ સ્ત્રી તો કોઈ મહાસતી જણાય છે માટે તે વંદનીય છે. તરતજ તે માળી શ્રેષ્ઠિપુત્રીને હૃદયના ભાવપૂર્વક નમસ્કાર કર્યા. અને ક્ષમા માંગી તેમ જ

કહ્યું કે આજથી તમે મારી બહેન કે માતા સમાન છો. અહીંથી પાછા વળો અને પતિની સેવા કરી સુખી થજો.

શ્રેષ્ઠિપુત્રી પાછી ફરતી હતી– રસ્તામાં રાક્ષસ તથા ચોર લોકો તેની રાહ જોઈને બેઠા હતા ત્યાં આવી માળીએ કરેલાં વર્તાવની વાત કરી એ સાંભળી રાક્ષસ તથા ચોર લોકો વિસ્મય પામી બોલ્યાં– હે બહેન, તું તારું વચન પાળી પાછી આવી તેથી અમે ઘણાં ખુશ થયાં છીએ. તારી વાત સાંભળી — અમે તને રાજીખુશીથી જવા દઈએ છીએ બહેન, તું તારા સ્વામીગૃહે જા, તેમની સેવા કરી તેમની પ્રીતિને પાત્ર થજે. આમ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી નિર્વિઘ્ને પાછી ફરી અને પતિ પાસે આવી સર્વ હકીકત સંભળાવી.

આ સાંભળી ખરેખર તેના પતિને અત્યંત આનંદ થયો. પોતે ખરેખર ભાગ્યશાળી છે કે આવી ઉત્તમ ગુણીયલ એકવચની અને સમજુ સ્ત્રી મળી છે. શ્રેષ્ઠિપુત્રે સુખમય ભોગવિલાસમાં આખી રાત્રિ ક્ષણની જેમ પસાર કરી આનંદમાં રાચતો રહ્યો. અને ત્યારબાદ શ્રેષ્ઠિપુત્ર જીર્ણશેઠની પુત્રી સાથે સુખમય રીતે સંસાર ભોગવી રહ્યો. આમ વાર્તા પૂરી કરી અભયકુમારે નગરજનો સમક્ષ સવાલ કર્યો કે હે નગરજનો, કહો કે સૌથી દુષ્કર કાર્ય કોનું કહેવાય ?

નગરજનો વિચાર કરવા લાગ્યા. અને સૌ પોતપોતાની બુદ્ધિ અનુસાર કહેવા લાગ્યાં. કોઈ કહે કે શ્રેષ્ઠિપુત્રીના

પતિએ દુષ્કર કાર્ય કર્યું કહેવાય તો કોઈ કહે માળીએ દુષ્કર કાર્ય કર્યું કહેવાય. આ વાતો ચાલતી હતી. તે વાત માતંગપતિને ન રૂચી તેથી સૌથી ઊંચા અવાજે એક ખૂણેથી એક માતંગપતિ બોલી ઊઠયો — અરે તમને લોકોને કોઈ ને કાંઈ ખબર પડતી જ નથી અને મનમાં જેમ આવે તેમ વગર વિચાર્યે ભસી નાંખો છો. મારો ઉત્તર એ છે કે સૌથી દુષ્કર કાર્ય કરનાર ચોર લોકો કહેવાય. સુવર્ણ અને રત્નના અલંકારોથી લદાયેલી નવોઢા નારીને લુંટયા વિના જવા દીધી એ દુષ્કર છે. સામે આવેલી લક્ષ્મીને ચોરલોકો કદી છોડે નહિં.

આ પ્રમાણે માતંગપતિને બોલતો સાંભળી અભય-કુમારે બુદ્ધિપૂર્વક વિચારી નક્કી કર્યું કે આમ્રફળનો ચોર આ માતંગપતિજ હોવો જોઈએ.

મહામંત્રી અભયકુમારે તરત જ માતંગપતિને સવાલ કર્યો — હે માતંગપતિ, તેં અમારા ઉદ્યાનમાંથી આમ્રફળની કેવી રીતે ચોરી કરી તે જણાવીશ ?

માતંગપતિ બોલ્યો– હે મંત્રીશ્વર, મારી વિદ્યાથી એ આમ્રફળ મેં હરી લીધા હતા. આમ અનાયાસે ચોરીની કબુલાત કરી દીધી. અભયકુમાર તરત જ માતંગપતિને લઈ મગધપતિને સોંપી દીધો.

રાજાએ કહ્યું – હે મંત્રીશ્વર, અન્ય ચોરોની પણ આપણે ઉપેક્ષા કરતાં નથી જ્યારે આ માતંગપતિ તો

વિદ્યાના બળવાળો હોવા છતાં દુર્જનની જેમ વર્તે છે. રાજાના જ ઘર તોડનારો-ફોડનારો છે.

મહામંત્રી અભયકુમારે કહ્યું - હે રાજન, સૌ પ્રથમ તો આપ એની પાસેથી એ વિદ્યા ગ્રહણ કરવાની તજવીજ કરો. પુત્રની સલાહ મુજબ શ્રેણિકરાજા સુવર્ણઆસને બેસી - માતંગપતિને જમીન પર આસન આપીને - તેની પાસેથી વિદ્યા શિખવા બેઠાં. મગધનરેશે ખૂબ મોટેથી તે પાઠ કરવા માંડચો પરંતુ કેમે કરીને યાદ રહેતો નથી. એટલે શ્રેણિકરાજા ગુસ્સે થયાં અને માતંગપતિને કહ્યું કે તું મને યથાસ્થિત પાઠ ભણાવતો નથી - આમાં કાંઈક કપટ જણાય છે, કંઈક તું ગોપવીને મને છેતરે છે. આ વાર્તાલાપ સાંભળતા અભયકુમારે કહ્યું — હે રાજન્ વિદ્યા આ રીતે ભણાય નહિં ભણાવનાર ગુરુનો વિનય કરી ઉચ્ચાસને બેસાડવા જોઈએ. વિનય વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી.

विद्या विनयेन शोभते ।

માટે હે પરમ પૂજ્ય પિતાશ્રી, આપ વિનય વડે વિદ્યા મેળવવા પ્રયત્ન કરો. આપ જમીન પર બિરાજો. અને માતંગપતિને ઊંચા આસને બિરાજમાન કરો. તો જ આપને વિદ્યા પ્રાપ્ત થઈ શકશે. અત્યારે એ આપનો વિદ્યા ગુરૂ કહેવાય.

મહારાજા શ્રેણિક આ સાંભળીને તરત જ ઊભા થઈ ગયા. અને માતંગપતિને ઊંચા આસને બિરાજવા વિનંતી

કરી. એ મુજબ માતંગપતિ ઊંચા આસને બેઠા અને અને મગધનરેશ રાજા શ્રેણિક જમીન ઉપર બેઠાં. હવે ફરી માતંગપતિએ વિદ્યાના પાઠ શરૂ કરાવ્યાં મહારાજાને તરત જ યાદ રહી ગયા. સર્વ વિદ્યાઓ સ્થિરતા પામી. આ રીતે સર્વ વિદ્યાઓ રાજાએ કંઠસ્થ કરી લીધી.

અભયકુમાર બોલ્યા–હે પિતાજી, માતંગપતિ તો આપના વિદ્યાગુરૂ બન્યા કહેવાય એટલે ગુરૂદક્ષિણામાં આપે એમને છોડી મૂકવા જોઈએ. આમ કરીને અભયકુમારે માતંગપતિને છોડાવ્યો. આથી મનોમન માતંગપતિ પણ બુદ્ધિધન અભય-કુમારની પ્રસંશા કરતો — ગુણગાન ગાતો પોતાને ઘેર ગયો.

"જય હો બુદ્ધિનિધાન—અભયકુમારનો"

## ૧૦. કર્મની અકળ કલા

**મહારાજા** શ્રેણિકરાય માટે મગધદેશનું રાજ્ય મહામંત્રી અભયકુમારની બુદ્ધિથી દુઃખ દારિદ્ર વિનાનું થયું. રાજ્યલક્ષ્મીનું તથા પ્રજાનું લાલન પાલન કરતાં હતાં. તેવામાં શુભ દિને દેવ, દાનવ અને માનવ જેના ચરણકમલ પૂજવા આનંદવિભોર બની નૃત્ય કરી રહ્યા છે એવા પરમ ઉપકારી ભગવાન મહાવીર પરમાત્મા નગરીને વિષે પધાર્યા છે એવા આનંદ દાયક સમાચાર મલતાં જ મગધપતિ શ્રેણિક મહારાજા પ્રભુને વંદન કરવા ઘણા જ ઠાઠપૂર્વક ચાલ્યાં. રસ્તામાં તૂર્ત જન્મેલી દુર્ગંધ મારતી બાલિકા આળોટતી જોઈ. મનમાં વિચાર્યું કે મારે આ બાળા વિષે સંપૂર્ણ માહિતિ મેળવવી પડશે.

સમવસરણમાં પહોંચી જિનેશ્વર ભગવંતને પ્રદક્ષિણાવંદન કરી શ્રેણિકરાજાએ પૂછ્યું–હે ભગવંત, રસ્તામાં મેં એક દુર્ગંધ મારતી બાળા પડેલી જોઈ–એણે એવું શું પાપ કર્યું હશે કે તે આવી પરિસ્થિતિને પામી હશે? તેના જવાબમાં સામાન્ય જનસમુહને બોધ મળે એ હેતુથી ભગવાન મહાવીરે દેશનાનો પ્રારંભ કર્યો.

શાલીગ્રામ નામે નગરમાં ધનમિત્ર નામે એક ધનાઢ્ય શ્રાવક ધર્મમય જીવન વિતાવતો હતો. તેને ધનશ્રી નામે દીકરી હતી. એક વખત ભર ઉનાળામાં તેણીના લગ્ન લીધા. તે સમયે ગોચરીએ એક મુનિ મહારાજ તેને ત્યાં પધાર્યા. શેઠે તેમના બન્ધુજનો સાથે સૌએ મુનિરાજને વંદન કર્યા. અને પુત્રીને કહ્યું કે હે ભગવાન, આજે તારા લગ્નને ટાણે મુનિરાજ પધાર્યા છે. ઘેર બેઠાં ગંગા મલી છે. માટે એમને વિવિધ અને મનોહર ચીજો વહોરાવી લાભ લે. એટલે હર્ષવિભોર બની તેણી મુનિરાજને આહાર વહોરાવવા માટે આગળ આવી. પણ મુનિમહારાજના વસ્ત્રો પસીનાથી ગંધ મારતાં હતાં તેથી શૃંગારની મોહીનીમાં તરબોળ બનેલી એ બાળાએ મોં બગાડયું અને વિચાર્યું કે—જિનેશ્વર ભગવંતે સકળ જગતને તારવાવાળો – સર્વ રીતે અતિ ઉત્તમ ધર્મ આપ્યો છે. માત્ર અચિત્ત જળથી સ્નાન કરવાની છૂટ આપી હોત તો સારૂં! આવા મલીન પ્રસ્વેદયુક્ત અને શરીરને ચોંટી રહે એવા વસ્ત્રો પહેરી ભમવું પડે એ કોને ગમે?

આ પ્રમાણે અસદ્‌વિચારો વિચારતી બાળાએ તે વખતે અશુભ કર્મથી લેપાઈ અને તેની આલોચના લીધા વગર જ મૃત્યુ પામી. ત્યારબાદ આ જ નગરીમાં એક ગણિકાને પેટે જન્મ લીધો. તેણી ગર્ભમાં આવી ત્યારથી જ તેની માતાની દુશ્મન બની ચૂકી હતી. ગર્ભપાત માટે તેની માતાએ અનેક ઉપાયો કરવા છતાં નિષ્ફળ થયાં. એ ગણિકાએ પૂર્વજન્મના નિકાચિત કર્મને લીધે દુર્ગંધ

યુક્ત પુત્રીનો જન્મ આપી તરત જ ત્યાગી દીધી હતી. આ રીતે તેણે પૂર્વે કરેલ સર્વ પાપ ભોગવી લીધું છે અને હવે તે સુખ ભોગવશે.

તે કેવી રીતે તે તું શાંતિથી સાંભળ, એ બાલિકા આઠ વર્ષ સુધી તારી અતિપ્રિય પટ્ટરાણી તરીકે સુખ ભોગવશે.

રાજવીએ પૂછ્યું કે હે ભગવંત, મને તેની ખબર કેવી રીતે પડશે ? ત્રણે કાળના જાણકાર પ્રભુએ કહ્યું કે હે રાજન-રાણીઓ તારી સાથે રમત ગમ્મતમાં મશગુલ બની હશે. તેમાં તારી પીઠ ઉપર જે રાણી બેસી જાય તે આ હશે એમ સમજી લેવું....પ્રભુના મુખેથી અનેકવિધ વાતો સાંભળીને રાજા વિચારે કે કોણ મારી પ્રાણપ્રિયા થનાર છે. દેવાધિદેવને વંદન કરી રાજમહેલે પાછો ફર્યો.

મહિયારીઓ દહી વેચવા ગામડેથી શહેરમાં જતી હતી. રસ્તામાં પડેલી પેલી બાળકી નજરે પડી. અપ્સરાએ ત્યજી દીધેલી કોઈ દેવકન્યા છે અને મારે કોઈ બાળક નથી એમ વિચારી એક મહિયારી આનંદસહ તેને પોતાને ઘેર લઈ ગઈ અને પોતાના જ બાળકની જેમ ઉછેરવા લાગી. સમય જતાં બાલ્યાવસ્થા તજી ક્રમે ક્રમે તે બાલિકા યૌવનપણું પામી.

એકદા કૌમુદી મહોત્સવ નિહાળવા પોતાની પાલક માતાની સાથે તે નગરમાં આવી. આ મહોત્સવમાં મહારાજા શ્રેણિક અને અભયકુમાર ગુપ્તવેશે આવ્યાં હતાં. સર્વત્ર આનંદ વ્યાપેલ હતો. મેળાના મધ્યભાગમાં ગરબા

રાસની રમઝટ ચાલતી હતી – તે જોવા ચારે બાજુ લોકોની ઠઠ જામી હતી. આ સમયે પેલા ભરવાડની પુત્રી અણુ-જાણતાં પેલા રાજા (શ્રેણિક રાજા) ના ખભે હાથ નાંખીને રાસડા જોવામાં તલ્લીન હતી. રાજા પણ ચુપચાપ ઊભો રહ્યો હતો. પરંતુ કુમારીકાના અંગના સ્પર્શથી તેના હૃદયમાં કામદેવનો વાસ જાગ્રત બન્યો.

કામદેવના બાણથી ઘાયલ થયેલા રાજા વિચારવા લાગ્યો. અહો! આ બાળાનું કેવું સુંદર દેહલાલિત્ય છે! ગુલાબના ફૂલ કરતાં અધિક કોમળતા છે! શું રૂપ છે! એની સાથે લગ્ન કરવાની ઇચ્છાથી રાજાએ એક રસ્તો શોધી કાઢ્યો — આ બાળા કોણ છે – ક્યાં રહે છે–તેના માતા–પિતા કોણ છે. તેની ખબર નથી એટલે આ મહોત્સવમાંથી છુટા પડ્યા પછી આ કુમારીકાની ભાળ મેળવવી મુશ્કેલ છે આથી ભૂપાળે પોતાની રત્નજડીત મુદ્રિકા બાળાના વસ્ત્ર સાથે બાંધી પણ પેલી નિર્દોષ બાલીકાને કાંઈ ખબર પડી નહિં.

અહીંથી છૂટા પડ્યા પછી શ્રેણિકરાજાએ પોતાના મહામંત્રી અભયકુમારને કહ્યું કે – હે વત્સ, આ મહોત્સવમાં આપણે લુંટાયા છીએ. મારી રત્નજડિત મુદ્રિકાને કોઈ હરી ગયું લાગે છે. માટે અત્યારે જ વિના વિલંબે દરેક વ્યક્તિની તપાસ કર. અભયકુમારે નગરના તથા મહોત્સવના પટાંગણનાં બધાં જ દ્વારો બંધ કરાવી એક પછી એક–એમ દરેક વ્યક્તિને તપાસતાં તપાસતાં—પેલા ભરવાડે પોષેલી પુત્રીના કપડાના છેડે રાજાની વીંટી જોવામાં આવી.

મંત્રીશ્વરે પેલી ભરવાડ કન્યાને પૂછ્યું—અરે ! તું દેખાય છે નાની—શાણી પરંતુ તારા પરાક્રમ વખાણવા જેવા છે. બોલ ! રાજાની અંગૂઠી તેં ક્યારે અને કેવી રીતે ચોરી હતી ? ત્યારે એ બાળા ગભરાઈ ગઈ, બે હાથ બે કાન ઉપર મૂકીને બોલી— હું કાંઈ જ જાણતી નથી. જો એ ચોરી મેં કરી હોય–કે કરાવી હોય તો ભગવાન મને જોશે. અને અગ્નિપ્રવેશ કરવાની તૈયારી પણ બતાવી. એના હાવભાવ અને સચ્ચાઈ નિહાળી. અભયકુમારે વિચાર્યું કે આ બાળા ખરેખર ચોર હોઈ શકે જ નહિં. કેટલી નિર્દોષ અને ગભરૂ છે ! ખરેખર પિતાજીને આ બાળાનું દેહલાલિત્ય–સૌંદર્ય અને યૌવનથી અનુરાગ થયો હોવો જોઈએ તેથી પિતાજીએ આ કળા અપનાવી છે.

અભયકુમારે કહ્યું— બહેન, તારી વાત કદાચ સાચી હશે પરંતુ ચોરાયેલી મુદ્રિકા તારી પાસેથી મળી આવી છે માટે હું તને છોડી શકું નહિં અત્યારે તું રાજા પાસે હાજર થઈ તેમને સત્ય હકીકત જણાવજે—તેમને જે ન્યાય આપવો હશે તે આપશે તે બાળાને લઈને અભયકુમાર પિતાજી પાસે જઈ પ્રણામ કરીને બોલ્યો—હે પિતાજી, જેણે આપની મુદ્રિકા અને મન, બંનેની ચોરી કરી છે તે ચોરને લઈ ને હું આવ્યો છું તેને જોઈ લો, બરાબર છે ને ?

રાજાએ કહ્યું—હે પુત્ર, તારી વાત સાચી પણ આ કુમારીકાને રાણી બનાવવા માંગું છું. મંત્રીશ્વરે કન્યાના માતાપિતાને બોલાવી જાણ કરી કે આપની પુત્રીએ રાજાની

મુદ્રિકા હરી લીધી છે. હવે જો એ તમારી કન્યાને રાજી-ખુશીથી રાજા સાથે પરણાવશો તો ગુનો માફ કરવામાં આવશે. અન્યથા તેને અને તેના માતાપિતાને પણ ચોરીની શિક્ષા કરવામાં આવશે, રાજા જેવા રાજા અમારા જમાઈ થતા હોય તો અમે શા માટે ના પાડીએ? અમે તો રાજી-ખુશીથી આ કન્યા રાજા સાથે પરણાવવા તૈયાર છીયે. તરત જ ધામધુમથી તેના લગ્ન કરવામાં આવ્યાં અને મહારાજા શ્રેણિકે તે કન્યાને પટ્ટરાણી પદે સ્થાપી. ખરેખર પ્રેમમાં અંધ બનેલ માનવી જાતિ કે કુળ પણ જોતો નથી.

નવી રાણી પ્રત્યે આકર્ષાયેલ એવો મહારાજા અનેક પ્રકારના સુખો–અને ભોગ ભોગવી રહ્યો છે. રમતમાં આઠ વર્ષના વહાણા વહી ગયાં

એકદા રાજા અન્ય રાણીઓ સાથે ક્રીડા કરતો હતો. ત્યારે સોગઠા બાજી રમવાની ઇચ્છા થઈ આવી એમાં નક્કી કરવામાં આવ્યું કે જે જીતે તે હારનારની પીઠ પર બેસે. આમ રમતમાં રાણીઓ રાજાને જીતતી ત્યારે જય મેળવેલી રાણીઓ પોતાના સાલ્લાનો છેડો રાજાની પીઠ ઉપર નાંખી આનંદ માણતી. પરંતુ જ્યારે પેલી ગણિકાપુત્રી (ભરવાડ–પુત્રી) જીતી ત્યારે બીજી રાણીઓએ કરેલ ચેષ્ટા જોવા છતાં તે તો મહારાજાની પીઠ ઉપર ચઢી ગઈ.

માણસ ગમે તે પદ પામે પરંતુ તેની જાત બતાવ્યા વગર રહે નહિં – એ પ્રમાણે આ ભરવાડ પુત્રીએ કર્યું. નરપતિની પીઠ ઉપર બેઠાં બેઠાં કહેવા લાગી કે–હે રાજા, આપની મારા પ્રત્યે અનહદ કૃપા છે જેથી હું પટ્ટરાણી

થઈ છું પરંતુ હવે મને એથી પણ ઉત્તમ પદ આપો. બરાબર આ વખતે મહારાજા શ્રેણિકને શ્રમણ ભગવાન મહાવીરે કહેલી વાત યાદ આવી એટલે તે હસી પડ્યાં. પેલી ભરવાડ–પુત્રી રાજાની પીઠ પરથી ઉતરીને પૂછવા લાગી કે આપ શા કારણથી હસો છો? તેની જક હતી એટલે રાજાએ જિનેશ્વર ભગવાને કહેલી તેના પૂર્વજન્મથી માંડીને આજ સુધીની વાત કરી.

પતિ મુખારવિંદથી પોતાનો વૃત્તાંત જાણી તેણીને સંસાર આકળો લાગ્યો. વૈરાગ્ય પ્રાપ્ત થયો. પોતાનો પૂર્વજન્મ જાણ્યો – પોતે કરેલ ભૂલો યાદ આવી અને આત્મનિંદા કરવા લાગી અને રાજા પાસે બે હાથ જોડીને રજા માંગી— હે દેવ! મને આ દુઃખથી ભરેલા સંસાર ઉપર વૈરાગ આવ્યો છે. ઉપરથી દેખાતું સુખ ભારોભાર દુઃખથી ભરેલું છે. તે મને સમજાયું છે માટે હું દીક્ષા લેવા ઇચ્છું છું. હું મારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માગુ છું. માટે કૃપા કરીને મને રજા આપો તો હું ભગવાન મહાવીર પાસે જઈ દીક્ષા ગ્રહણ કરી સાધ્વી જીવન વ્યતિત કરું. રાજાએ હસતા મુખડે રજા આપી અને ધામધુમથી મહોત્સવ મનાવી રાણીને દીક્ષા ગ્રહણ કરાવી. સંસારનું સ્વરૂપ અને રંગ એવો છે કે જાણવા છતાં છોડી શકાતો નથી. રાગ માનવીને અંધ બનાવે છે અને ડૂબાડે છે. વૈરાગ્ય માનવીને દુઃખથી બચાવે છે.



# ૧૧ – વીરની વાણીથી ચોરનું પરિવર્તન



**વૈભારગિરિની** ગુફામાં લોહખુર નામનો એક મહા ચોર રહેતો હતો. નગર વિષે જઈ ધનવાન લોકોને લુંટી દ્રવ્ય એકઠું કરતો અને આ ગુફામાં સંચય કરતો. તેને રોહિણી નામે સ્ત્રી હતી. લોહખુરને રોહિણીથી એક પુત્ર થયો તેનું નામ રૌહિણેય રાખેલું. પિતાના સમસ્ત ગુણો પુત્રમાં ઊતર્યા હતાં.

એક દિવસ લોહખુરે પોતાનું મૃત્યુ નજીક સમજી પુત્રને કહ્યું કે હે પુત્ર, હું મરવા પડયો છું – છેલ્લે મારી એક શિખામણ છે કે ભગવાન મહાવીર લોકોને દેશના આપે છે તે વચન તું કદી પણ જાણે અજાણે સાંભળતો નહિં. હું જે કહું છું તે તારા સુખને માટે કહું છું માટે મારું વચન માનજે. પુત્રે જવાબ આપ્યો કે આપનું વચન મને પ્રમાણ છે. ત્યારબાદ લોહખુર મરણ પામ્યો. થોડા દિવસ પિતાના મૃત્યુનો શોક પાળ્યો. અને ત્યારબાદ પિતાની જેમ ચોરી કરવા લાગ્યો.

ભગવાન મહાવીર ગામોગામ લોકોને પ્રતિબોધ કરતાં

એ નગરીએ પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી – સુવર્ણપદ્મની ગોઠવણી કરી. અને યોજનગામિની દેશનાનો પ્રારંભ કર્યો. પેલો ચોર નગર તરફ આવી રહ્યો હતો. તેને પિતાની વાત યાદ આવી એટલે વિચાર્યું કે હું નગર તરફ જઈશ તો અનાયાસે પણ તેની વાણી મારા કાને પડશે. પાછો વળું તો મારા બીજા કાર્યો રખડી પડશે. માટે કાન બંધ કરી આગળ જાઉં. આ રીતે કાનમાં આંગળીઓ નાંખી તે શહેર તરફ જવા લાગ્યો–મન મક્કમ હતું કે મારે એમની વાણી સાંભળવી જ નથી.

રસ્તે પસાર થતાં પગમાં એક કાંટો વાગ્યો. કાંટો ખૂબ ઊંડો ઉતરી ગયેલો જેથી તેના પગમાં દર્દ થવા લાગ્યું. ન છૂટકે કાનમાંથી આંગળી કાઢવી પડી. અનાયાસે ભગવાન મહાવીરની વાણી સંભળાઈ—"દેવોને શરીરે કદી પસીનો થતો નથી. તેમની માળાઓ વિકસીત જ રહે છે પણ કરમાતી નથી. એમની આંખો નિમેષરહીત હોય છે. તેમને શરીરે રજ, મળ કે પ્રસ્વેદ હોતાં નથી"

ચોર વિચારે છે કે તેમણે ચોરી વિષે તો કાંઈ જ કહ્યું નથી છતાં કાન બંધ કરી તીવ્ર વેગે નગરમાં ગયો, ત્યાં ચોરીનો અતિશય ઉપદ્રવ કરવા લાગ્યો. આમ હંમેશા થતી ચોરીથી નગરના સર્વ આગેવાન શેઠિયાઓએ મહારાજા શ્રેણિકને ફરિયાદ કરી.

હે રાજા, આપની કૃપાથી અમારે કોઈ વાતે ખામી નથી. અમારા હાટ અને ઘર ઉત્તમ કરિયાણાથી શોભી

રહ્યા છે. આપ અમારા પિતાતુલ્ય છો એટલે અમારે આપની પાસે અમારી મુશ્કેલીઓ તો ન છૂટકે જણાવવી પડે છે. આપણા નગરમાં દરરોજ રાત્રિ દરમ્યાન ચોરલોકો આવી ચોરી કરી અમને પરેશાન કરે છે. તેનાથી અમારું રક્ષણ કરો.

આ સાંભળતાં જ મહારાજ શ્રેણિક એકદમ ગુસ્સે થઈ કોટવાળને બોલાવ્યો અને કહ્યું – ચોરલોકો નગરમાં લોકોના ઘર લુંટે છે ત્યારે તું શું ઊંઘી જાય છે? તું શાનો પગાર ખાય છે? હવે જો તું ધ્યાન નહિ રાખે તો તને જ શિક્ષા કરવામાં આવશે. કોટવાળે નમન કરી કહ્યું – હે રાજન્ રૌહિણેય નામનો ચોર ચોરી કરવા આવે છે – અમે તેને પકડવા ઘણી ઘણી કોશિષ કરીએ છીએ છતાં તે અમારા હાથમાં આવતો જ નથી. ઝબકારાની માફક ફલંગો મારી મોટા મકાનો–દુકાનો ઓળંગીને ભાગી જાય છે. માટે કૃપા કરી કોટવાલની નોકરીમાંથી મને રજા આપો, અન્ય સાહસિકને નોકરી રાખો. અભયકુમારે કોટવાલને કહ્યું— તમે ચિંતા ના કરો. અત્યારે જ તમે હાથી – ઘોડા સહિતનું સૈન્ય લઈ ને નગર બહાર જાઓ. પછી જ્યારે ચોરને નગરમાં પ્રવેશ કરતાં જુઓ કે તરત જ ઘેરી લેજો. અને પકડી લેજો. ત્યારબાદ પેલો કોટવાર શસ્ત્રસજ્જ સૈન્ય લઈ ને નગર બહાર પડાવ નાંખ્યો. હવે તે દિવસે એવું બન્યું કે પેલો ચોર તે જ દિવસે બહાર ગામ ગયો હતો. રાત્રે પાછો આવતાં નગરમાં પ્રવેશ્યો. અને ઉપર કહ્યા મુજબ તેને ઘેરી લઈ પકડી રાજા પાસે રજૂ કર્યો.

રાજાએ કહ્યું કે લોકોને રંજાડનાર ચોરને શિક્ષા કરવી જ જોઈએ. ગુનેગારને શિક્ષા કરવી એ રાજ્યધર્મ છે. ત્યારે અભયકુમારે કહ્યું– હે પિતાજી, આપણાથી પકડાઈ ગયો પરંતુ તેની પાસે ચોરીની કોઈ ચીજ નથી માટે શિક્ષા કરવી એ અયોગ્ય છે.

રાજન્ — ચોર તું ક્યાં રહે છે? અહીં આવવાનું પ્રયોજન શું? તારું જ નામ રૌહિણેય કે? આ સાંભળી ચોર આશ્ચર્ય પામ્યો કે મારું નામ આ રાજા શી રીતે જાણી ગયા હશે? ખેર....

હે રાજા, હું શાલીગ્રામનો વતની છું. દુર્ગચંડ નામથી પ્રખ્યાત છું અને ખેતી કરીને જીવન ગુજારો કરું છું. અમુક કામ અંગે અહીં આવ્યો હતો. થાકી જવાથી દેવમંદિરના ઓટલા ઉપર સૂઈ ગયો હતો. ઊંઘમાંથી જાગી ગયો. ત્યારે રાત્રિ થઈ ગઈ હતી. હું ઘેર જવા તૈયાર થયો. પહેરીગીરો મને પકડવા આવ્યા એટલે મેં વિચાર્યું કે મને પકડીને આ લોકો ખોખરો કરી નાંખશે એટલે કિલ્લો ઓળંગીને જતા રહેવા માટે મેં કૂદકો લગાવ્યો અને સૈન્યના માણસોએ મને પકડી લીધો. અને બંદીજન પેઠે બાંધીને આપની સમક્ષ રજૂ કર્યો છે પરંતુ ખરેખર હું નિર્દોષ છું.

રાજાએ તેની વાત સાંભળી પણ વિશ્વાસ આવ્યો નહિં તે વખતે જેલખાનામાં મોકલી આપ્યો અને તેણે

કહેલી વિગત માટે છૂપી તપાસ આરંભી. રાજના માણુસો શાલિગ્રામમાં જઈ તપાસ આદરી તો અગાઉથી વ્યવસ્થિત રીતે ગોઠવણી કરી રાખેલી તે મુજબ લોકોએ જવાબ આપ્યો. આથી સાચી માહિતી મલી શકી નહિં. ત્યારબાદ અભયકુમારે ચોરને પકડવા એક યુક્તિ કરી. એક સાત માળનો ઊંચો રાજમહેલ બનાવરાવી તેમાં રત્ન-મણિ જડીત સુવર્ણની દિવાલો બનાવી. આભુષણો અને અલંકારોના ભંડાર મૂકયા. ખાવા-પીવાની અને મોજ-મજાહ કરવા માટે અનેક પ્રકારની સાધનસામગ્રી મૂકાવી. અતિ રૂપવતી વારાંગનાઓ અને મધુર કંઠવાળા ગાંધર્વોને મૂકયા.

ચોરનું સત્ય વિધાન સાંભળવા અતિશય દારૂના નશાથી બેભાન કર્યો. એજ અવસ્થામાં તેને ઉત્તમ વસ્ત્રો પહેરાવી — પેલા મહેલના એક મખમલ જેવા મુલાયમ પલંગમાં સૂવાડયો. મદ્યપાન કરનાર માણુસો મનની ગુપ્તવાત પેટમાં રાખી શકતાં નથી. પરંતુ અહીં એવું ન બન્યું.

થોડી વારમાં જ દારૂનો નશો ઉતરી ગયો. અને પોતાના વસ્ત્રો ત્યાં મહેલની શોભા વગેરે જોઈને આશ્ચર્ય પામ્યો. મનમાં વિચારવા લાગ્યો કે—અહો ! આ બધું શું છે ? આ ઇન્દ્રજાળ તો નથીને ? મને કાંઈ સમજાતું નથી.

એટલામાં મહેલના નોકર-ચાકર વર્ગ આવીને બોલ્યા— હે પ્રભો, આપ આ દેવલોકના વિમાનમાં ઉત્પન્ન થયા છો. અમે આપની સેવા કરનારા કિંકરો છીયે. માનવોને દુર્લભ એવી એવી આ અપ્સરાઓ પોતે આપની

સેવાર્થે આવી છે. તમો ઉત્તમ પ્રકારના ભોગવિલાસ ભોગવો.

અનેક પ્રકારના સાંકેતિક શબ્દોથી નોકર વર્ગ સુખના સાધનો ભોગવવા વિનવે છે.

ચોર વિચાર કરવા લાગ્યો કે શું છે કે હું દેવલોક વિષે દેવ તરીકે ઉત્પન્ન થયો છું કે આ બધી અભય મંત્રીની ચાલબાજી છે? કંઈક માયા જાલ છે.

તે સમયે ભગવાન મહાવીરની વાણી સાંભળેલી તે યાદ આવી અને વિચારવા લાગ્યો કે પ્રભુએ કહેલું તે પ્રમાણે હશે તો હું આ હકીકત સત્ય માનીશ. અન્યથા મને યોગ્ય લાગશે. એવા જવાબ આપીશ–પછી તે ફરીને બરાબર નિરીક્ષણ કરવા લાગ્યો તેને જે પ્રભુના મુખેથી સાંભળેલું તેના કરતાં વિરૂધ્ધ પ્રકારનું જ સર્વ વાતાવરણ લાગ્યું એટલે તે ચેતી ગયો.

થોડીવારમાં પ્રતિહારે આવી જણાવ્યું કે સ્વર્ગના દેવ–દેવીઓ આપનું વૃત્તાંત જાણવા પધારે છે ત્યારે ખોટી બનાવટી વાતો ઊભી કરી એમ ચોરે કહી સંભળાવી અને અભયકુમારની કોઈ ચાલમાં સપડાયો નહિં–મંત્રીશ્વર વિચારવા લાગ્યો કે ખરેજ ચોર મહાધૂર્ત લાગે છે.

બીજી બાજુ ચોર મનમાં વિચારવા લાગ્યો કે અનાયાસે પણ જીનેશ્વરદેવના બે વચનો સાંભળ્યા તો હું મૃત્યુના મુખેથી બચી ગયો. મારા પિતાએ મને ખોટા માર્ગે ચડાવ્યો જેથી જિનેશ્વરદેવની વાણી હું પામી શકયો નહિં. જો જિનેશ્વરદેવની સંપૂર્ણ દેશના સાંભળી હોત તો

મારા આત્માની ઉન્નતિ અવશ્ય થઈ ગઈ હોત—એવા મારા ભાગ્ય નહિં હોય! પરંતુ જો હવે હું આ વિપત્તિમાંથી સલામત રહીશ – તો હું ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈશ. જેઓ બાળપણથી જ પ્રભુના શિષ્ય બની શક્યા છે તેમને ધન્ય છે! આ વિચાર રૌહિણેયો કરે છે.

આટ આટલા પ્રયત્નો કરવા છતાં પણ એ પકડાતો નથી. માટે હવે તો ત્રિકાળ જ્ઞાની ભગવાન મહાવીર પાસે ખુલાસો કરું કે અમારા હાથ તળે પકડેલો ચોર ખરો કે નહિં? તરત જ તે મંત્રીશ્વર ભગવાન પાસે જઈ બે હાથ જોડી વંદન કરીને પૂછ્યું—હે પ્રભુ! જે વ્યક્તિ વિષે અમને વહેમ છે તેથી જેને જેલમાં રાખેલ છે તે ચોર ખરો કે નહિ? જ્ઞાનના પ્રકાશથી પ્રભુએ જવાબ આપ્યો કે પહેલાં એ તસ્કર હતો ખરો પરંતુ અત્યારે એ મારો અનુયાયી બન્યો છે અને હવે તે ભવસાગર તરવા માટે શિષ્ય બનવાનો છે. આ સાંભળી અભયકુમાર પ્રભુને નમન કરી રાજભવનમાં આવ્યો. મહારાજા શ્રેણિકને તમામ વાત કરી તેમની રજા મેળવી તે ચોરને મુક્ત કર્યો.

આમ બંદિખાનેથી છોડી દેવામાં આવેલ એવો એ રૌહિણેય તરત જ ભગવાન શ્રી મહાવીર પાસે ગયો અને ખૂબજ ભાવપૂર્વક વંદન કર્યું. હે દયાળુદેવ, આપની મહા મંગલકારી વાણી જયવંતિ વર્તો – અનાયાસે આપની

વાણી મેં સાંભળી અને મૃત્યુથી છૂટયો. હવે આપ મને એવો માર્ગ બતાવો કે જન્મ-જરા અને મરણના દુઃખોથી ભરેલા આ સંસારથી મુક્તિ પામું. ભગવાને તેના પર દયા લાવી (સંયમ) યતિધર્મનો માર્ગ બતાવ્યો.

ત્યારબાદ તે રાજાને કહેવા લાગ્યો. હે રાજન્, રૌહિણેય નામનો જે મહાન લુંટારો કહેવાય છે તે હું પોતે જ છું અનેક વખત આપના નગરને અને નિર્દોષ લોકોને મેં લુંટયા છે. આપને વિનંતી કરવાની કે કોઈ જવાબદાર રાજપુરૂષને મારી સાથે મોકલો જેથી લુંટેલો તમામ ખજાનો હું તમને સોંપી દઉં તે સિવાય મારો બોજ હળવો નહિં થાય. રાજાએ તેની ખૂબ પ્રશંસા કરી અને અભયકુમારને તેમની સાથે મોકલ્યો.

પેલા ચોરે ખાડામાં દાટેલું, પર્વતની ગુફામાં સંઘરેલું, સરોવરના કિનારે સંતાડેલુ તમામ ધન રાજપુત્રને સોંપી દીધું. અને નીતિમાન કુમારે નગરમાં જેનું જે હતું તે તેમને સોંપી દીધું.

ત્યારબાદ રૌહિણેયને ભગવાને દીક્ષા આપી. ભવિતવ્યતાના યોગે તેનું કલ્યાણ થઈ ગયું. દીક્ષા અંગીકાર કર્યા પછી ઘોર તપશ્ચર્યા કરી તીર્થંકરદેવની આજ્ઞા લઈ પર્વતના શિખરે જઈ અનશન કરી, ઉત્તમ મુનિઓનું સ્મરણ કરતાં કરતા સ્વર્ગે સિધાવ્યાં—

"કલ્યાણકારી તીર્થંકર ભગવાનની વાણી અમર રહો,"

"કલ્યાણકારી માર્ગને અપનાવનાર રૌહિણેય અમર રહો"

"કલ્યાણકારી માર્ગને પુષ્ટિ અપાવનાર અભયકુમાર અમર રહો"

"ज्ञानस्य फलं विरति"



# ૧૨. આર્દ્રકનો ઉદ્ધાર

**અતિ** મનોહર આર્દ્રક નામથી અંકિત દ્વીપ હતો તેમાં મરી મસાલા–જાયફળ–એલચી–લવિંગ વગેરે વૃક્ષોથી મઘમઘીય મોટું જંગલ હતું. તેમાં આર્દ્રક નામે એક અતિ સુશોભિત સુંદર નગરમાં મહાપ્રતાપી એવો આર્દ્રક નામે નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને અત્યંત લાવણ્ય-વતી આર્દ્રકા નામે રાણી હતી, એ દંપતિને ત્યાં રૂપ-ગુણનો ભંડાર એવો આર્દ્રક નામે પુત્ર હતો. આર્દ્રક રાજા અને મગધપતિ શ્રેણિકરાજાને અતિ શ્લાઘનીય મિત્રતા હતી.

એક વખત શ્રેણિકરાજાએ સારું એવું ભેટણું લઈને પોતાના એક મંત્રીને આર્દ્રક રાજાના દરબારમાં મોકલ્યો. તેણે ત્યાં જઈ ભરદરબાર વચ્ચે ભેટણું ધર્યું. આ જોઈ આર્દ્રકરાજા અતિ હર્ષ પામ્યો. અને પૂછ્યું–હે મંત્રીશ્વર! મારો મિત્ર શ્રેણિક અને તેનો સકળ પરિવાર સુખરૂપ છે ને? મંત્રીએ જવાબ આપ્યો કે–મારા સ્વામી અને તેમના સકળ પરિવાર સર્વ પ્રકારે કુશળ છે.

તે વખતે ત્યાં હાજર હતો તે આર્દ્રકકુમારે તેના

પિતાને પૂછ્યું-હે પિતાજી, આ શ્રેણિકરાજા કોણ અને તે કયા દેશના રાજા છે? અને આપ તેમને કેવી રીતે ઓળખો છો?

પિતાએ કહ્યું—શ્રેણિકરાજા એ મગધ દેશનો રાજા છે. મહા પરાક્રમી અને પરદુઃખભંજન રાજવી છે. તેમની કીર્તી સર્વત્ર ફેલાએલી છે. તેમના પૂર્વજો અને આપણા પૂર્વજો પરસ્પર મિત્રો હતા તે મિત્રતા મેં નિભાવી છે.

આર્દ્રકકુમાર પેલા મંત્રીને પૂછવા લાગ્યા— કે હે મંત્રી, તમારા રાજાધિરાજને મારા જેવો કોઈ પુત્ર છે ખરો? હોય તો હું તેમની સાથે મિત્રતા કરવા ઉત્સુક છું.

મંત્રી- હે કુમાર, અમારા રાજાને અભયકુમાર નામે અત્યંત બુદ્ધિશાળી પુત્ર છે. તે મંત્રીઓમાં સૌથી પ્રથમ મંત્રીશ્વર તથા મહા બુદ્ધિશાળી છે. કલાવાન-ધર્મવાન અને પરાક્રમી પણ છે.

આર્દ્રકરાજાએ કુમારને જણાવ્યું— હે પુત્ર, તું મહારાજા શ્રેણિકના પુત્ર સાથે મિત્રતા બાંધવા વિચારે છે તે ખરેખર તારું કાર્ય પ્રશંસનીય છે.

કુમારે મંત્રીને કહ્યું કે હે મંત્રી, આપ જ્યારે પાછા ફરો ત્યારે મારો સંદેશ લેતા જજો અને તમારા મંત્રીશ્વર અભયકુમારને આપજો.

થોડા દિવસ પછી આર્દ્રકરાજાએ ખૂબ માન સાથે અનેક ભેટસોગાદો આપી પેલા મંત્રીને મગધ દેશપ્રતિ

મોકલ્યો. આર્દ્રકકુમારે કહેવડાવ્યું કે હે મહામંત્રી, હું આપની સાથે મૈત્રી સંબંધ ધરાવી રહ્યો છું.

તેણે પાછા આવીને સર્વ ભેટસોગાદો રજૂ કરી અને કુમારનો સંદેશો મંત્રીશ્વરને આપ્યો. જૈનશાસનનો સમ્યગ્જ્ઞાતા અભયકુમાર વિચારવા લાગ્યો કે આ આર્દ્રકુમારે પૂર્વજન્મ વિષે સંયમ મેળવ્યું હશે પરંતુ તે સાધ્વાચારની વિરાધના કરી હશે તેથી અનાર્ય દેશમાં જન્મ પામ્યો લાગે છે. મારે મારી ફરજ (મિત્ર તરીકે) બજાવવી જોઈએ. હું એને એના પૂર્વજન્મની યાદ લાવવા માટે દેવાધિદેવની એક ભવ્ય પ્રતિમાજી ભેટ મોકલું. એમ વિચારી જાતિવંત રત્નોની બનાવેલી સુરમ્ય શ્રી આદિનાથ ભગવાનની મૂર્તિ અને અન્ય પૂજાની સામગ્રી સાથે સુંદર પેટીમાં મૂકીને વ્યવસ્થિત પહોંચે તે રીતે મોકલાવી. આ ભેટને એકાંતમાં જોવા માટે જણાવ્યું.

મિત્રે હર્ષપૂર્વક મોકલાવેલી પેટી આર્દ્રકુમારને મલી. એકાંતમાં જઈ એ પેટી ખોલી – સર્વ જગતનો અંધકાર નાશ પમાડે તેવી બેનમૂન–અપ્રતિમ મૂર્તિ જોઈ. ભગવાન શ્રી આદીશ્વરની મૂર્તિ સામે ઘણો સમય સુધી એકીટશે જોઈ રહ્યો– મનમાં સંશય થયો કે આ વસ્તુ મેં ક્યાંક જરૂર જોઈ છે પરંતુ યાદ આવતું નથી. એમ વિચારતાં વિચારતાં તેને જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થયું અને પોતાનો પૂર્વ જન્મ સ્મૃતિપથમાં આવ્યો—

પૂર્વજન્મ વિષે – હું ત્રીજા ભવે વસંતપુર નગરના

વિષે રહેતો હતો. સામાયિક નામથી પ્રસિદ્ધ હતો. બંધુમતી નામે મારે સ્ત્રી હતી. એક વખત સુસ્થિતાચાર્ય મહારાજ અમારા નગરમાં પધાર્યા. હું અને મારી પત્ની વંદન કરવા ગયાં. મુનિરાજની ધર્મદેશના સાંભળી સંસાર સુખો ભોગવવાની અમારી ઇચ્છા નષ્ટ પામી અને અમે બંનેએ દીક્ષા આદરી.

વિહાર કરતાં કરતાં હું મારા ગુરૂદેવ સાથે એક નગરી વિષે ગયો. કુદરતી રીતે બંધુમતી સાધ્વી પણ ભવિતવ્યતાના યોગે અન્ય સાધ્વીઓ સાથે તે નગરમાં આવ્યા હતા. શહેરમાં રસ્તે જતાં મારી નજર બંધુમતી સાધ્વી પર પડી.

કર્મની ગતિ કેવી ન્યારી છે! બંધુમતીને જોઈને પૂર્વે ભોગવેલા જે ભોગવિલાસો છોડયા હતા તે યાદ આવ્યા એટલે હું આત્માને ભૂલી તેની પ્રત્યે આકર્ષાયો. મારા હૃદયની વાત મેં પરંપરાએ બંધુમતીને જણાવી. આ સાંભળીને તેણીને અત્યંત દુઃખ થયું.

બંધુમતીએ વિચાર્યું કે — મારા સંસારી પતિને મારા પ્રત્યે ગાઢ અનુરાગ ઉત્પન્ન થયો છે. કામને વશ થયેલ માનવી પોતાની જાતને પણ ભૂલી જાય છે પોતે શું કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. જો હું અહીંથી વિહાર કરીને બીજે જઈશ તો તેઓ મારી પછવાડે પછવાડે ફરશે. અને મારા પ્રત્યેનો અનુરાગ વધી જશે – મારે નિમિત્તે ભવસાગર

તરી જવાને બદલે ડૂબી જશે. કામાધીન માણસ એવા મારા પતિ મદોન્મત્ત બની હદનું ઉલ્લંઘન કરી નાંખશે તો મારું ચારિત્ર્ય નંદવાશે. માટે મારું શીલ ખંડીત ન થાય એટલા માટે હું પ્રાણત્યાગ કરું એજ શ્રેષ્ઠ છે. એમ વિચારી ગુરૂણીની આજ્ઞા લઈ અનશન કરી પોતાના દેહનો અને આવેલી આપત્તિનો અંત લાવી દીધો. ધન્ય છે જૈનશાસનને—પામેલી સાધ્વી બંધુમતિને! બંધુમતિની વાત જાણી મને પશ્ચાતાપ થયો. મેં વિચાર્યું કે ખરેખર તો બંધુમતી સાધ્વીને મેં જ મારી નાંખી ઘોર પાપ કર્યું છે. આ લોકમાં હું નિંદાને પાત્ર બન્યો છું. અરે! મારા જેવા પામીને જીવવું યોગ્ય છે? આથી મેં પણ અનશન કરી — શુભ ધ્યાને મૃત્યુ પામી સ્વર્ગ વિષે દેવ તરીકે જન્મ પામ્યો. અને ત્યાંથી ચ્યવી આ અનાર્ય દેશમાં આર્દ્રક પુત્ર તરીકે જન્મ પામ્યો છું.

અભયકુમારે જો આ ભગવાન શ્રી આદીશ્વર દેવની પ્રતિમા મને ન મોકલી હોત તો મારા આત્માની ભયંકર ખરાબ અવસ્થા થાત. આમ વિચારી અભયકુમારને કોઈ પણ સંયોગોમાં મલવાની તેની જિજ્ઞાસા ખૂબ જાગી ઊઠી. તે જ દિવસથી યુગાદિશ્વર ભગવાનની હંમેશા નિયમિત રીતે પૂજા કરવા લાગ્યો.

એક દિવસ આર્દ્રકુમારે પિતાને કહ્યું કે–હે તાત, હું શ્રેણિકપુત્ર અભયકુમારના દર્શન કરવા અત્યાતુર છું તો મને ત્યાં જવાની રજા આપશો?

પુત્રવિયોગ સહેવાને અસમર્થ એવા રાજાએ તેને પરદેશ ન જવા માટે ખૂબ ખૂબ સમજાવ્યો. તેમ છતાં સમજતો નથી એટલે ચારસો સુભટોને આજ્ઞા કરી કે કુમાર ચાલ્યો ન જાય માટે તેની ચોકી રાખવી. આમ છતાં એક દિવસ કુમાર ભગવાન શ્રી આદીશ્વરની પ્રતિમા લઈ છાનોમાનો નાસી છૂટયો. સેવકો મારફતે સેવકોના કબજામાં રહેલા આર્દ્રકુમારે સેવકોને વિશ્વાસમાં લીધા....સમય પાકતાં એક વહાણ સેવકો મારફતે તૈયાર રખાવેલું તેમાં બેસીને તે રાજગૃહી નગરીએ પહોંચી ગયો. તરત જ જિનેશ્વરદેવની પ્રતિમા અભયકુમારને મોકલી દીધી. પોતે સાધુનો વેશ ધારણ કરી સામાયિક ગ્રહણ કર્યું

એવામાં – આકાશ વિષે દેવોની વાણી થઈ:—

હે આર્દ્રકુમાર! ખરેખર તમો શૂરવીર અને સત્યવાન છો. ક્ષણમાત્રમાં જ રાજપાટ તજીને દીક્ષા અંગીકાર કરો છો પણ ધીરજ રાખો, હજુ ભોગાવલી કર્મો ભોગવવાના તમારે બાકી છે. નિકાચીત કર્મ ભોગવ્યા વિના ક્ષય પામે જ નહિં. માટે અત્યારે દીક્ષાનો આગ્રહ જતો કરો. તમો ભોગાવલી કર્મો ભોગવી લીધા પછી જ દીક્ષા ગ્રહણ કરજો. આ સાંભળી આર્દ્રકુમારે ખૂબ ખૂબ વિચાર કર્યો– આત્મમંથન કર્યું અને દેવતાના વચનો અવગણીને પણ સંયમ માર્ગે દઢ મને વિહર્યા.

હવે આ આર્દ્રકસાધુ ભવિતવ્યતાના યોગે વિહરતાં

વિહરતાં વસંતપુર નામના નગરમાં આવ્યા. ગગનચુંબી મહેલો – અત્યંત આકર્ષક આરસની હવેલીઓ – સંગેમરમરના બારીક કોતરણીવાળા ઝરુખાઓ ઠેર ઠેર શોભી રહ્યાં હતાં. નગરના એક જિનમંદિરમાં આ આર્દ્રકમુનિ કાઉસગ્ગ કરી રહ્યા હતાં. આ નગરીમાં દેવદત્ત નામે એક ધનિક શ્રેષ્ઠિ રહેતો હતો. તેને ધનવતી નામે સદ્ગુણી પત્ની હતી. પેલો બંધુમતીનો જીવાત્મા દેવલોકમાંથી ચ્યવીને અહીં તેમની પુત્રી રૂપે જન્મ્યો હતો. અને તેનું નામ શ્રીમતી રાખવામાં આવ્યું હતું.

બંધુમતી નાની હતી ત્યારે સમાન વયની સાહેલીઓ સાથે જિનમંદિરની બાજુના ઉદ્યાનમાં વર–વહુની રમત (નિર્દોષ ભાવે) રમતી હતી– “સખીઓ, સૌ સૌને ગમતો વર વરો” તે વખતે શ્રીમતી બોલી કે “હું તો આ મુનિને મનથી વરી ચૂકી છું. એજ મારા પતિ છે” એ વખતે આકાશમાં–દેવવાણી થઈ કે–“હે બાળા, તે યોગ્ય વર જ પસંદ કર્યો છે. એવી ગર્જના કરી રત્નોનો વરસાદ કર્યો.

બાળા મુનિને પગમાં પડી, મુનિ ચાલ્યા ન જાય માટે તેમના પગ પકડી રાખ્યાં. (તે વખતે મુનિના પગમાં રહેલું ચિન્હ કન્યાના જોવામાં આવ્યું હતું) મુનિ પોતાના ચારિત્ર્યના રક્ષણાર્થે ત્યાંથી સત્વરે ઘણા દૂર નીકળી ગયા.

પેલાં રત્નોની દેવોએ વૃષ્ટિ કરી હતી તે રત્નો મૂકીને બાળા ચાલી ગઈ હતી. જે લક્ષ્મીનો કોઈ માલિક ન બને તેનો માલિક રાજા બને – એટલે પેલાં રત્નો રાજાના

સેવકો (રાજાની આજ્ઞાથી) લેવાં ગયાં. પરંતુ રત્નોને બદલે કુંફાડા મારતા નાગ જોવાથી રાજસેવકો જીવ બચાવવા નાસી છૂટયા. એવામાં આકાશવાણી થઈ કે — આ રત્નો તો શ્રીમતીને તેના વર તરફથી ભેટણા તરીકે આપેલાં છે. માટે તેના સિવાય અન્ય કોઈએ તે લેવાની વૃત્તિ ન કરવી. રાજા ઝંખવાણો પડયો અને શરમિંદો બન્યો. શ્રીમતીના પિતા તે સર્વ રત્નો ભેગાં કરી શ્રીમતીની થાપણ ઘેર લઈ ગયા.

સમય જતાં શ્રીમતી યુવાન બની. તેનું રૂપ સોળે કળાએ ખીલી ઊઠયું હતું. તેના અતિ સુંદર દેહ-લાવણ્ય પાછળ અનેક નવયુવાનો ઘેલા બન્યા હતા. સારા સારા કૂળના અને ધનવાનો તરફથી માંગા આવવા લાગ્યાં – પરંતુ શ્રીમતી કહેતી કે હે પિતાજી, હું પેલા સાધુને મનથી પરણી ચુકી છું. એટલે ફરી એ માટે કોઈ વિચાર કરવો એ પાપ છે તેમજ દેવોએ વરણામાં રત્નોનો વરસાદ કરી ભેટણું આપ્યું તે ભૂલી ગયા? દેવોની સાન્નિધ્યમાં એ કાર્ય થયું છે તેમજ એ રત્નો આપે મારા માટે લઈ સાચવી રાખ્યા છે! એટલે આપની ઇચ્છા પણ આવી ગઈ ગણાય. માટે હવે આવી કોઈ વાત મને કરશો નહિં.

દેવદત્ત કહે–હે પુત્રી, મુનિજનો કદી એક સ્થળે સદાકાળ રહેતા નથી, તારા માનેલ મુનિ અહીં કયારે આવશે તે કહી શકાય નહિં એમને કેવી રીતે ઓળખવાં તે પણ એક પ્રશ્ન છે. તેમ જ એ મુનિ તને ચાહે છે કે નહિં

તેની તને પણ ખબર નથી. માટે એ સાધુની વાત પડતી મૂકી કોઈ ઉત્તમ, કૂળવાન ધનવાન વરને પસંદ કરી લગ્ન કરી સુખી થા.

પુત્રી કહે – પિતાજી, આપની વાત બરાબર છે. પરંતુ હું તે મુનિને અવશ્ય ઓળખી કાઢી શકું તેમ છું. હું તેમને પગે પડેલી અને તેમના પગ પકડેલાં ત્યારે તે પગમાં રહેલું ચિન્હ મારા ખ્યાલમાં છે. આ ભવમાં એ સાધુ જ મારા સ્વામી છે. એ સિવાય અન્યનો વિચાર કરવો એ પણ મારા માટે પાપ સમાન છે. માટે હું આપને વિનંતિ કરું છું કે હવે આપ મને ફરીવાર આવી વાત નહિં કરો.

પુત્રીનો આવો મક્કમ જવાબ સાંભળી દેવદત્ત કહે– સારુ, તારા પુણ્ય બળવાન હશે તો તે તેને અહીં ખેંચી લાવશે. ત્યાર પછી દરરોજ નગર વિષે આવતા મુનિવરોને નમી નમીને વંદન કરતી અને દાન દેતી. આમ બાર વર્ષ પછી આર્દ્રમુનિ ભૂલથી અહીં આવી ચડ્યા. ગોચરી વહોરવાને નિમિત્તે શ્રીમતીને જ ઘેર આવ્યા અને શ્રીમતીએ જોયેલા ચિન્હ દ્વારા તરત જ ઓળખી લીધાં. અને કહેવા લાગી–

" હે પ્રાણનાથ, બાળપણમાં દેવાલયના ચોકમાં રમતમાં રમતાં રમતાં મેં આપને પતિ તરીકે સ્વીકાર્યા હતા પરંતુ આપ દેશાંતરે નીકળી ગયા હતા ત્યારથી હું આપની રાહ જોઈ ને બેઠી છું. આજે મારી વર્ષોની તપશ્ચર્યા

ફળી છે. આપ મારે આંગણે પધાર્યા છો. હવે હું તમને જવા દેવાની નથી. આપ મારી સાથે લગ્ન કરો અને સંસારસુખ ભોગવો–જો આપ મારી સાથે લગ્ન નહિં કરો તો આત્મહત્યા કરીશ–આપને સ્ત્રી હત્યાનું પાપ લાગશે–

આ વાતચીત થતી હતી તે સાંભળી રસ્તે જતાં આવતાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું. તમાસાને તેડું હોય? નગરનો રાજા પણ ત્યાં આવી પહોંચ્યો.

રાજા અને સર્વે નગરજનો કહેવા લાગ્યાં—

હે સાધુ! આ બાળાની પ્રાર્થના સ્વીકારો. વર્ષોની એની તમારા માટેની તપશ્ચર્યા છે તેની કદર કરો.

સાધુ કહે – હે નગરજનો, હું સાધુ છું. મારે સાધ્વાચારથી પતિત થવાય જ નહિં. કામ શલ્ય સમાન છે, કામ વિષ તુલ્ય છે. કામ સર્પ સમાન છે, કામની ઈચ્છા કરનાર દુર્ગતિમાં પ્રયાણ કરે છે માટે દીક્ષા અંગીકાર કર્યા પછી – કામ ભોગ – વિલાસને ત્યજી દીધા પછી ફરી કેવી રીતે સ્વીકારી શકું? માટે તમે આવી વાતો કરો એ શોભતું નથી.

રાજા તથા નગરજનો – મુનિરાજ, આપની વાત, તદ્દન સાચી છે. પરંતુ આ બાળા પરણવા લાયક થયા પછી બહુ વર્ષોથી તમારી રાહ જોઈને બેઠી છે સ્વપ્નમાં પણ તમારા સિવાય અન્યને પતિ માન્યો નથી. માટે હે મુનિ! એના મનોરથ પૂર્ણ કરો. એની ભાવના અને એની સેવા સ્વીકારો. એમ નહિં કરો તો તે બાળા આત્મહત્યા કરશે માટે હે

સાધુ! ભોગવિલાસ ભોગવી લ્યો – વૃધ્ધાવસ્થામાં ફરી વાર દીક્ષા લઈ ફરી પણ શુદ્ધ થઈ શકાય છે. આમ મુનિએ સૌની વાત સાંભળી – તે વખતે તેને દેવોની આકાશવાણી યાદ આવી – "હજુ ભોગાવલી કર્મો બાકી છે – તે ભોગવ્યા પછી જ દીક્ષા લેજે" આ વાત મેં સાંભળવા છતાં દીક્ષા લીધેલી – પરંતુ આજે એ સત્ય ઠરે છે.

કર્મને આધીન બનેલા મુનિવરે ચારિત્રને તિલાંજલી આપી. શ્રેષ્ઠિપુત્રી શ્રીમતી સાથે લગ્ન કર્યા. આમ શ્રીમતી ગૃહસ્થાશ્રમ માંડી સંસાર ભોગવવા લાગ્યાં. કર્મના કારણે માનવીને એક જ ભવમાં અનેક પ્રકારની અવસ્થાઓ ભોગવવી પડે છે તે આનું નામ – "**કર્મ કોઇને છોડતું નથી.**"

થોડા વખત પછી એમને ત્યાં કુલદિપક, તેજવંતા પુત્રનો જન્મ થયો. બાળક થોડો મોટો થતાં કાલીઘેલી ભાષામાં બોલી માતાપિતાને આનંદસુખ આપતો.

આર્દ્રકકુમારે એક દિવસ શ્રીમતીને કહ્યું કે પ્રિયે! આ બાળકની સહાયે તું જીવન વ્યતીત કરી શકીશ – મને રજા આપે તો હું ફરી દીક્ષા અંગીકાર કરું. જો મને સમજીને રજા નહિં આપે તો હું દીક્ષા નહીં લઉં. આથી શ્રીમતી તરત જ રેંટિયો લઈ કાંતવા બેઠી. માતાને કાંતવા બેઠેલી નિહાળી પુત્ર માતાને પૂછે છે હે માતા! આ તું શું કરે છે? ત્યારે માતા પુત્રને કહે છે બેટા, તારા પિતાજી આપણને

છોડીને જવાના છે અને દીક્ષા લેવાના છે એટલે ત્યાર બાદ આ રેંટિયાના જ આધારે આજીવિકા ચલાવીશું.

લાડકો બાળક હવે કહે છે – હું મારા પિતાને બંધનથી બાંધી દઈશ. પછી ક્યાં જવાના છે? એમ કહી રેંટિયાની ત્રાકમાંથી સુતર લઈને પિતાના ચરણ બાંધ્યા. અને તે કહેવા લાગ્યો કે માતા, હવે તું ચિંતા કરીશ નહિં –

પિતાએ વિચાર્યું કે આ બાળકને મારા પ્રત્યે અવર્ણનીય સ્નેહ હોવાથી મારા પગ પર મારા પુત્રે સુતરના તાંતણાનાં જેટલા આંટા લગાવ્યા છે તેટલા વર્ષો સુધી હું સંસારમાં રહીશ. તે આંટા ગણતાં ૧૨ (બાર) થયા – સ્ત્રીઓની બુદ્ધિ–ચાલાકી કોઈ ઓર જ હોય છે–પુત્ર મારફતે વ્રત લેતા અટકાવી બાર વર્ષ સુધી અહીંયા રાખી સુખેદુઃખે બાર વર્ષ પસાર કરવાં પડયાં.

બાર વર્ષને અંતે રાત્રે મનમાં વિચાર કરે છે કે અહો! પૂર્વજન્મમાં મેં ચોક્કસ કોઈ વ્રત ભંગ કર્યું હશે જેથી કરીને અનાર્યદેશમાં જન્મ મલ્યો. આમ અજ્ઞાનપણે પાપ કર્યાથી મહાદુઃખ વેઠવું પડે છે તો આ પાપકર્મ તો મેં જાણવા છતાં કર્યું છે. મારી શી ગતિ થશે? વળી જે લોકો વ્રત ગ્રહણ કરી અધવચ્ચે પડતાં મૂકે છે તે સૌથી વધારે નિંદવા યોગ્ય છે મેં એ પ્રમાણે કર્યું છે. એની શુદ્ધિ કરવા દીક્ષા ગ્રહણ કરુ એજ શ્રેષ્ઠ છે.

સવાર પડતાં જ શ્રીમતીને કહ્યું – તારો પુત્ર હવે

મોટો થઈ ગયો છે તેમ જ મેં આપેલ વચન મુજબ બાર વર્ષ પણ પુરાં થઈ ગયાં છે. માટે મને રજા આપો જેથી હું ફરી સંયમ ગ્રહણ કરી મારા પાપનું પ્રાયશ્ચિત્ત કરી શકું.

સમજુ નારી શ્રીમતીએ હર્ષથી રજા આપી. આર્દ્રકુમારે ફરીથી કર્મને તોડવા માટે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ત્રણ જગતના આધાર અને અવતાર સમા શ્રી મહાવીર ભગવંતને વંદન કરવા તથા ગુરુ સમાન અભયકુમારને ભેગા થવા તેમણે રાજગૃહી તરફ વિહાર કર્યો.

રસ્તમાં પૂર્વે તેના રક્ષકો હતાં તે પાંચસો સામન્તો મલ્યાં. આર્દ્રકુમાર ભાગી જતાં – રાજાની બીકને કારણે તે લોકો રાજ્ય છોડી નાસી ગયાં હતાં અને અહીં જંગલમાં રહી ચોરી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમણે મુનિને ઓળખી કાઢી વંદન કર્યાં. મુનિએ એમને ધર્મબોધ આપી પ્રતિબોધ કર્યાં અને એ સર્વ સાંમતોને દીક્ષા આપી સાથે લઈ આગળ ચાલ્યા. આર્દ્રક મુનિવર સંયમીઓથી શાસનને શોભાવતા હતા. રસ્તે જતાં ગોશાળો સામો મલ્યો. તે પોતાની જાતને મહાજ્ઞાની માનતો હતો. તેણે ધર્મની બાબતમાં ખૂબ ચર્ચા કરી – દલીલો કરી. તે સર્વનું ખંડન કરીને વીર પ્રભુના વચન પ્રમાણે મુનિરાજે તેને હરાવ્યો. જેથી તે પણ મુનિની સ્તુતિ કરવા લાગ્યો.

આગળ જતાં હસ્તિ તાપસ નામના એક આશ્રમ પાસે પહોંચ્યા. આ આશ્રમના લોકો અવારનવાર હાથીને મારી તેના માંસ ઉપર નિર્વાહ કરતાં હતાં. તેમનું એવું માનવું

હતું કે હાથીનું માંસ લાંબા સમય સુધી ચાલે છે. અન્ય આહારમાં વધારે પાપ થાય છે.

આશ્રમમાં એક હાથી સાંકળોથી બાંધેલો હતો. આર્દ્રક મુનિ તેમના પરિવાર સાથે ચાલી રહ્યા હતા. અનેક લોકો તેમને ભક્તિ ભાવપૂર્વક વંદન કરતાં હતાં. હાથીએ મુનિને જોયાં એટલે વંદન કરવાની ઇચ્છા થઈ પરંતુ તે બંધનમાં હતો તેથી તે વિચારવા લાગ્યો કે હું પાપી છું–એટલે શું કરું ? મુનિરાજને વંદન કરવાની મારી ભાવના ફળે તેમ નથી. એટલામાં મુનિરાજની કૃપાદ્રષ્ટિ એ હાથી ઉપર પડી. સાંકળનું બંધન મુનિવરના સંયમ પ્રભાવથી આપોઆપ તૂટી ગયું. અને તે હાથી પરમભક્તિપુર્વક મુનિરાજ તરફ દોડચો. લોકો ભયથી ભાગવા લાગ્યા. મુનિશ્રી એમના એમ સ્થિર થઈ ઊભા રહ્યા. સૌ લોકો વિચારવા લાગ્યા કે ચોક્કસ આ હાથી મુનિરાજને જરૂર મારી નાંખશે. પરંતુ હાથી તો મુનિની પાસે જઈ સૂંઢ નીચી નમાવવાપૂર્વક મુનિને પગમાં પડ્યો–વંદન કર્યા. વંદનથી કૃતકૃતાર્થ થયો માની ક્ષણવારમાં તે જંગલમાં નાસી ગયો.

મુનિનો પ્રભાવ જોઈને આશ્રમના તાપસોને ગુસ્સો થયો. મુનિએ શાંતચિતે તાપસોને સમજાવ્યા કે ધર્મ શું છે તેનું તમને જ્ઞાન નથી. ધર્મ વિષે તેમને સમજાવી સાચી દૃષ્ટિ બતલાવી પ્રતિબોધ કર્યા તેમજ તેમને ભગવાન મહાવીર દેવના સમવસરણ વિષે શીઘ્રપણે મોકલી દીધા. ત્યાં પ્રભુના ઉપદેશથી વૈરાગ્ય પ્રાપ્ત કરી દિક્ષા ગ્રહણ કરી.

હાથીના મોક્ષની અને તાપસોના પ્રતિબોધની વાત ચારે તરફ ફેલાતાં ફેલાતાં પિતાપુત્ર મહારાજા શ્રેણિક અને અભયકુમારે સાંભળી. આર્દ્રકમુનિ પાસે આવી વંદન કર્યું. મુનિશ્રીએ ધર્મલાભ કહ્યો. રાજાએ પૂછયું—હે મુનિરાજ, આપના દર્શન માત્રથી હાથીનો મોક્ષ થયો જાણી અમને ખૂબ આનંદ થયો છે. મુનિએ કહ્યું—હે રાજા, હાથીનો મોક્ષ થયો એ કાર્ય અઘરું નથી પરંતુ કાચા સુતરના બંધનોમાંથી મુક્તિ મેળવવી બહુ મુશ્કેલ છે. હૃદયમાં સરળતા હોવાથી મુનિવરે ટુચકો મૂકયો.

રાજા કહે—મુનિરાજ, મને કાંઈ ન સમજાયું.

મુનિરાજે પોતાના જીવનની વાત સંભળાવી. આમ મુનિનું ચારિત્ર સાંભળી સર્વજનો આશ્ચર્ય પામ્યા. ત્યાર પછી મુનિરાજે અભયકુમારને કહ્યું—હે મંત્રીશ્વર, તમે જ મારા સાચા મિત્ર અને ઉપકારી ધર્મ બંધુ બન્યા છો. જે પ્રતિમા યુગાદીશ્વર ભગવંતની મને મોકલી તે જોઈને મને જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે જ મેં દીક્ષા લીધી છે અંધારામાંથી પ્રકાશ લાવનાર તમે મારા ધર્મગુરુ છો તેથી તમોએ કરેલો ઉપકાર હું કદાપિ વાળી શકું તેમ નથી.

ત્યારબાદ શ્રેણિકરાજા અને અભયકુમાર મુનિરાજને વંદન કરી પોતાના સ્થાનકે ગયા.

ત્રણલોકના નાથ એવા ભગવાન મહાવીર સ્વામી સમવસરણ વિષે બિરાજમાન છે ત્યાં મુનિરાજ પોતાના

શિષ્ય સમુદાય સાથે જઈ પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા કરી વંદન કરી પોતાની જગાએ બેઠાં. ધર્મની આરાધના કરી આત્માને નિર્મળ કર્યો અને અનુક્રમે ઘાતીકર્મનો ક્ષય કર્યો – તરત જ કેવળજ્ઞાન થયું. ત્યારબાદ કેટલાક વર્ષો પછી સર્વ-કર્મનો ક્ષય કરી મોક્ષે સીધાવ્યાં.

ધન્ય છે આવા મહાન આર્દ્રક મુનિરાજને!

અમારા કોટી કોટી વંદન હજો મુનિરાજને!

ધન્ય છે અભયકુમારને....બુદ્ધિની ચાતુરાઈથી.

અનાર્યદેશનો માનવી અધર્મમાંથી ધર્મી બની નિજ આત્માનું સાધી પરમપદ પામ્યો...

# ૧૩. વીરની વાણી

**એક** વખત શ્રમણ ભગવાન શ્રીમહાવીર સ્વામી વિચરતા વિચરતા રાજગૃહી નગરી વિષે પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી તેમાં બિરાજી પ્રભુએ દેશના આપી. શ્રેષ્ઠ ઔષધિઓના સેવનથી જેમ વ્યાધિ રોગ નાશ પામે છે તેવી રીતે ધર્મની આરાધનાથી સર્વ આપત્તિ અને વિપત્તિઓ નાશ પામી ઉચ્ચ સ્થિતિને પમાય છે!

વસંતપુર નામે એક નગર હતું. ન્યાયની નીતિવાળા જનોથી એ વ્યાપ્ત હતું. મોટા ગગનચુંબી મહેલો અને આકર્ષક બંગલાઓથી ભરેલું અતિ સુંદર શહેર હતું – ઠેર ઠેર બાગ બગીચા – અને હોજ ફુવારાઓ હતાં.

આ નગરીમાં જિતશત્રુ નામે એક રાજા રાજ્ય કરતો હતો. મહાપરાક્રમી અને શૂરવીર હતો. તે નગરમાં મહાપુન્યશાળી એવો જિનદત્ત નામનો શ્રેષ્ઠિ રહેતો હતો. તે અત્યંત ધનિક હતો તેવો જ ધનેશ્વરી પણ હતો તેથી સર્વત્ર એને બહુમાન મલતું. તેને જિનદાસી નામે એક સૌંદર્યવતી – શીલ – વિનયથી યુક્ત એવી પત્ની હતી. આ

દંપતીને ચારપુત્રો હતા—નાગદેવ – જિનદેવ – ધનદેવ અને સોમદેવ એમનાં નામ હતાં. એવી જ રીતે નાગશ્રી, જિનશ્રી, ધનશ્રી અને સોમશ્રી નામે પુત્રવધુઓ હતી.

ઘેર અનેક નોકર – ચાકરો હોવાથી શેઠના પુત્રો અને પુત્રવધુઓ સુખસાહ્યબીમાં રહેતાં અને લીલાલહેર કરતાં હતાં. જિનદત્ત શેઠે અનેક તીર્થોની અનેક વખત યાત્રાઓ કરી હતી. વસંતપુર શહેરમાં જાણે દેવવિમાન હોય એવું. અતિ સુંદર—નયનરમ્ય—સુંદર કોતરણીવાળું—ઉત્તમ પ્રકારના આરસ પહાણમાંથી તૈયાર કરાવેલું જિનમંદિર હતું. તેની શોભા ખરેખર અનોખી અને અવર્ણનીય હતી. આ મંદિરમાં યુગાદીશ્વર ભગવાન આદિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. વાર તહેવારે અઠ્ઠાઈ મહોત્સવ – પૂજા – સ્નાત્ર વગેરે કરાવતો. અને આ રીતે જિનેશ્વર ભગવાનનો મહિમા વધારતો. પોતે નિયમિત પૂજા કરતો અને સવારસાંજ દેવદર્શન કરવા આવતો.

“ એક સરખો સમય સદાકાળ સહુનો રહેતો નથી ” સંજોગોવશાત્ કોઈ દુષ્કર્મના ઉદયથી તેની લક્ષ્મી તેને છોડી ગઈ. પોતાનો નિર્વાહ ચલાવતો ખૂબ જ મુશ્કેલ થઈ જવાથી અહીં રહેવું યોગ્ય ન લાગ્યું. પોતાના સકળ પરિવારને લઈને ગામડે રહેવા ગયો. નાની એવી ઝુંપડી બાંધી – પુત્રો હળ ચલાવવા રહ્યા અને પુત્રવધુઓ પાણી ભરવા વગેરે કાર્યો કરવા લાગી. આ રીતે તેમનો નિર્વાહ ચલાવતાં હતાં. આવું ભયંકર દુઃખ આવી પડવા છતાં

જિનદત્ત શેઠે ધર્મમાંથી વિશ્વાસ ગુમાવ્યો ન હતો. પરંતુ અપૂર્વ શ્રદ્ધા હતી.

એક દિવસ શેઠે પોતાના પુત્રોને જણાવ્યું કે હું જિનેશ્વર ભગવંતના શહેરમાં દર્શન પૂજા કરી. દિવસમાં પાછો આવી જઈશ. બધાં પુત્રો ભેગાં મળી બોલ્યાં- અરે પિતાજી, ધર્મ ધર્મ કરી ધન હતું તે વાપરી નાંખ્યુ-આજે આવી વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે બે ટાઈમના રોટલા પણ પૂરા મળતાં નથી. અમે બધાં મજુરી કરીને કંટાળી ગયા છીએ છતાં તમે ધર્મ ધર્મ કરીને અમને અકળાવો છો. મહેરબાની કરીને ચૂપચાપ એક ખુણામાં પડી રહો તો સારું. તેમ છતાં જિનદત્ત શેઠ જિનેશ્વરદેવના દર્શનાર્થે શહેરમાં ગયા.

શેઠ શહેરમાં ગયા. રસ્તામાં અનેક લોકોએ તેમને જોયા છતાં કોઈએ બોલાવ્યા પણ નહિં અને આવકાર પણ આપ્યો નહિં.

"નાણા વગરનો નાથીઓ, નાણે નાથાલાલ"

જિનદત્ત શેઠ વિચાર કરે છે કે-હું એજ છું અને આ માણસો પણ એજ છે. ફેર માત્ર એટલો જ છે કે પહેલાં હું ધનવાન હતો આજે હું ધનહીન છું. ખરેખર સમાજમાં ધનની જ પૂજા થાય છે માણસની નહિ. જિનદત્ત શેઠ મનમાં રાગ કે દ્વેષ રાખતા નથી-પોતાના કર્મોને દોષ દે છે.

નાહી ધોઈ પૂજા કરવા જિનદત્ત શેઠ મંદિરમાં જાય છે. દ્વારે એક માણસ ફૂલની માળા શેઠને હાથમાં આપે છે શેઠને ઓળખી જાય છે. શેઠ કહે છે કે માળાના પૈસા મારી પાસે નથી માટે માળા કેવી રીતે સ્વીકારું ? ત્યારે માણસ કહે છે કે હે પૂજ્ય પિતાજી, હજુ સુધી અમે સૌ આપનું આપેલું આરોગીએ છીએ એટલે સહેજ પણ સંકોચ રાખ્યા વગર આ માળા ગ્રહણ કરો એમ કહી શેઠના પગ પકડી રાખી રડી પડી. શેઠ તે માળા લઈ મંદિરમાં ગયા. અત્યંત ભાવપૂર્વક જિનેશ્વર દેવની પૂજા કરી. પ્રભુ સન્મુખ બોલે છે કે હે પ્રભુ, એક વખત એવો સમય હતો કે હું ભારે ધામધુમથી – ઠાઠમાઠથી સુવર્ણના આભુષણો અને પુષ્પોથી આપની સેવા કરતો હતો. અને આજે એવો દિવસ આવ્યો છે કે હું માત્ર ફૂલની માળાથી આપની સેવા કરૂં છું. ખરેખર પૂર્વભવમાં કોઈ અંતરાય કર્મો ઉપાર્જન કર્યો હશે. પૂજાસેવા કરી મંદિર બહાર આવી ઉપાશ્રય વિષે આચાર્ય મહારાજશ્રી ધર્મઘોષસૂરીનું વ્યાખ્યાન ચાલતું હતું તે સાંભળવાની ઇચ્છા થઈ તેથી ત્યાં ગયા.

ઉપાશ્રય ચિક્કાર ભરાયેલો હતો. એટલે જિનદત્ત શેઠે છેડે ઊભા રહી સૂરીશ્વરજીને વંદન કર્યું. અને બેઠાં. તે જ વખતે આચાર્ય મહારાજશ્રીની નજર શેઠ ઉપર પડી. તેમણે ખૂબ જ પ્રેમપૂર્વક ધર્મલાભ દર્શાવી આગળ આવી બેસવા જણાવ્યું. પોતાની અનિચ્છા છતાં અન્ય

શ્રાવકોએ તેમને આગ્રહ કરી પ્રથમ હરોળમાં બેસાડયા. શ્રોતાજનો સૌ વિચારમાં પડયા કે ગુરૂ મહારાજ કદી કોઈનેય આવી રીતે માનથી બોલાવી બેસાડતા નથી – તો આ કોણ હશે ?

સૂરિશ્વરજીએ કહ્યું – હે શ્રોતાજનો – શ્રાવકો – જરા શાંતિપૂર્વક સાંભળો. અહીં આ જે ચોવીશ તીર્થંકરોનું મંદિર છે તે આ જિનદત્ત શેઠે જ બંધાવ્યું છે. આવાઆવા અનેક જિનાલયો–ઉપાશ્રયો તેમણે બંધાવ્યા છે. અનેકવાર સ્વામી વાત્સલ્ય અને તીર્થયાત્રાઓ તેમણે કરી–કરાવી છે.

અનેક પ્રકારના ધર્મકાર્યો એમણે કર્યા છે. સંજોગોવશાત્ આજે તેઓ અત્યંત મુશ્કેલીમાં છે છતાં ધર્મ પ્રત્યેનો રાગ સહેજ પણ ઓછો થયો નથી. ધન્ય છે એવા મહાપુરૂષને! **"ધન્ય છે એ જિનશાસનના શ્રાવકને"**

વ્યાખ્યાન પુરું થતાં જિનદત્ત ઊભો થયો. ત્યાં એક યોગી જેવા પુરૂષે તેમને એક બાજુ લઈ ગયો અને કહેવા લાગ્યો – હે ભાગ્યશાળી, ગુરૂજીએ આમ આપના ખૂબખૂબ વખાણ કર્યા છે – હવે આપ મારી યાચના સ્વીકારો તો એક વાત કરું. શેઠ કહે – મારી પાસે અત્યારે કાંઈ જ નથી – છતાં કહો તમારે શું કહેવું છે? પેલો યોગી કહે – મારી પાસે એક ઉત્તમ મંત્ર છે તે હું તમને આપું છું તમારા જેવું ઉત્તમ પાત્ર બીજું કોઈ મને દેખાતું નથી – આ મંત્ર દ્વારા તમારી ગરીબાઈ ચાલી જશે અને ધનના ઢગલા થશે.

શેઠે કહ્યું – એ મંત્ર તારી પાસે રાખ – અત્યારે મારે ધર્મની આરાધના કરવાનો સમય છે. તેમ છતાં પેલા યોગીએ ખૂબ સમજાવીને એ મંત્ર તેને આપ્યો. અને સમજાવ્યું કે કાળી ચૌદશને દિવસે – રાત્રે સ્મશાનમાં જઈને એકસો આઠવાર જાપ કરજે. જિનદત્તે એ પ્રમાણે કર્યું અને દેવ પ્રત્યક્ષ હાજર થયાં. જોઈએ તે માંગવા કહ્યું – પરંતુ શેઠ માંગી શક્યા નહિં તેથી દેવે કહ્યું કે તારા ઘરના ચારે ખુણામાંથી તને અઢળક સંપત્તિ પ્રાપ્ત થશે. એમ કહી દેવ અંતર્ધ્યાન થઈ ગયા.

શેઠે પોતાના પુત્રોને કહ્યું – હે પુત્રો, ચાલો આપણે પાછા શહેરમાં રહેવા જઈએ. છોકરાંઓને લાગ્યું કે બાપનું ચસકી ગયું લાગે છે. અહીં જે શાંતિથી ઘેંસ અને તેલ મળે છે એ પણ જતું રહેશે. શેઠે ફરીવાર સમજાવ્યું કે મને લાગે છે કે હવે આપણી વેળા વળવાની છે. છેવટે પુત્રો અનિચ્છાએ પણ પિતાની આજ્ઞા પાળી સૌ શહેરમાં આવ્યાં. પોતાનું ઘણું જીર્ણ મકાન સાફસૂફ કરી બે જળના કુંભ સ્થાપન કરાવ્યા.

પિતાએ પુત્રોને કહ્યું – ઘણા વખતથી તમે લોકોએ જિનમંદિરના દર્શન વગરના છો તો દર્શન કરી પાવન થાઓ. પુત્રો અત્યંત ક્રોધાઈમાન થઈ કહેવા લાગ્યા – હે પિતાજી, આટ આટલી વિકટ પરિસ્થિતિ ભોગવવા છતાં તમે ધર્મનો કેડો મૂકતા નથી એ અમને ગમતું જ નથી. શેઠ શાંતિપૂર્વક ફરી બોલ્યા – હે પુત્રો – તમે ક્ષણવાર ઊઠો – દર્શન

કરી આવો–તમને મનગમતું ભોજન કરાવીશ. એટલે મને કમને પણ પુત્રો દેવદર્શન કરી આવ્યાં.

શેઠે કહ્યું–હે પુત્રો, તમે નિયમીત રીતે ધર્મકાર્ય કરશો તો તમને ઈચ્છીત ભોજન અને સુખશાંતિ હું આપીશ–બોલો તમે સૌ ધર્મકાર્ય કરવા તૈયાર છો ? સૌએ હા કહી એટલે શેઠે એક કાગળમાં બધાંની સહીઓ કરાવી લીધી. પોતાના મકાનના એક ખૂણે ઊભા રહી ભૂમિપૂજન કરી–ભાવપૂર્વક પેલો મંત્ર ભણ્યો અને તે ખૂણો ખોદી એક મોટો કળશ કાઢી આપ્યો. એ કળશ ખોલતાં અઢળક હીરા–માણેક મોતી અને સુવર્ણના અલંકારો નીકળ્યાં. આ જોઈ પુત્રો–પૌત્રો અને પુત્રવધુઓ ખુશખુશાલ થઈ ગયાં. તેમાંથી થોડું સુવર્ણ વેચી અનેક સાધન સામગ્રી અને ખાવાપીવાની ઉત્તમ ચીજો લાવી સૌએ સાથે પેટભરીને ભોજન કર્યું.

હવે પેલા પુત્ર–પૌત્ર અને પુત્રવધુઓ કંઈક ભયથી અને કંઈક ભાવથી ધર્મકાર્ય કરતાં હતાં તેમાં શિથિલતા આવવા લાગી એટલે પેલો તેમની સહીઓવાળો કાગળ બતાવી શેઠે કહ્યું–આ લખેલું છે તે રદ કરો–સૌની આંખો ખુલી ગઈ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન બન્યા–ત્યાર બાદ મકાનના બાકીના ત્રણ ખુણામાંથી અઢળક દ્રવ્ય કાઢી સાત ક્ષેત્ર વિષે વાપર્યું અને અનેક ધર્મકાર્યો કર્યા. જિન-દત્ત શેઠ ત્યાંથી થોડા ભવ કરી કેવળજ્ઞાનની લક્ષ્મીને વરી. શાશ્વત સિદ્ધિ પદને પામશે.–

ધર્મ ઉપર અગાઢ શ્રધ્ધાથી આવેલા દુઃખો દૂર થશે જ. સુખમલે એમાં કંઈ નવાઈ નથી આવું ધર્મનું મહાત્મ્ય છે એમ સમજીને તમે સૌ ધર્મકાર્ય કરતાં રહો જેથી તમોને પણ એવી સુખશાંતિનો લાભ થાય.

રાગ છોડો તો જ વીતરાગ બની શકાશે. જન્મ જરા અને મૃત્યુ ઉપર વિજય મેળવવા માટે પણ વીતરાગના અનુયાયી બનવું જરૂરી છે. માનવી પામર છે. જીંદગી ક્ષણભંગુર છે આટલું જાણવા છતાંય મોહ છૂટતો નથી. લાલચ બહુ બુરી ચીજ છે. લાલચમાં ફસાયેલ માનવી આશાના તંતુ પકડી રાખે છે અને આખરે તેને નિરાશ થવું પડે છે. ધર્મ એક જ બચાવનાર છે એને કદી ના છોડશો. તેજ તમારો તારણહાર બની શકશે. આમ પ્રભુ ઉપદેશ આપતા હતા – તેવામાં એક કોઢિઆએ સમવસરણમાં પ્રવેશ કર્યો. અને પ્રભુ પાસે જઈ પોતાના શરીર ઉપરનું પરૂ આદિ અશુદ્ધિથી તેમના ચરણપર સિંચન કર્યું આ જોઈ શ્રેણિકરાજા બહુ જ ગુસ્સે થઈ ગયાં અને વિચારવા લાગ્યાં કે આ પાપીને મારે શિક્ષા કરવી જ પડશે.

એવામાં ભગવંત મહાવીરને છીંક આવી ત્યારે પેલો કોઢિઓ બોલ્યો – " મરો "

શ્રેણિક મહારાજાને છીંક આવી ત્યારે પેલો કોઢિઓ બોલ્યો – " ઘણું જીવો "

અભયકુમારને છીંક આવી ત્યારે પેલો કોઢિઓ

બોલ્યો – " જીવો યા મરો."

અને કાલકસૌરિકને છીંક આવી ત્યારે પેલો કોઢિઓ બોલ્યો –" ન મરો યા ન જીવો."

આ બધું સાંભળીને નૃપતિ શ્રેણિકરાય વિશેષ કોપાયમાન થયાં. આવું ખરાબ વર્તન કર્યું – પ્રભુને આવું કહ્યું – માટે મારે એને શિક્ષા કરવી જ પડશે. પરંતુ અત્યારે સમવસરણને વિષે બેઠાં છીએ એટલે શું થાય ? જો બહાર હોત તો શિક્ષા કરત. કાંઈ નહિ હવે બહાર નીકળે ત્યારે શિક્ષા કરીશ –

પ્રભુની દેશના પૂરી થઈ– પેલો કોઢિઓ પ્રભુને વંદન કરી ચાલવા લાગ્યો. રાજાએ પોતાના માણસોને આદેશ– કર્યો એટલે રાજસેવકો તેને પકડવા ગયાં એવામાં તો તે દિવ્યશક્તિથી આકાશમાર્ગે અદ્રશ્ય થઈ ગયો. એ વાતની રાજાને જાણ કરી. રાજાએ મહાવીર પ્રભુને પૂછ્યું કે – હે ભગવંત, આ કોઢિઓ કોણ હતો ? એનું બોલવાનું શું વ્યાજબી હતું ? ત્યારે ભગવાને કહ્યું – હે રાજા, એ કોઢિઓ ન હતો પરંતુ દેવ હતો. તેણે જે કહ્યું તેની પાછળ રહસ્ય છે તે તું સાંભળ :—

ઇન્દ્રના દરબારમાં તારા વખાણ કરવામાં આવેલાં કે "શ્રેણિકરાજા જેવો ઉત્તમ કોઈ શ્રાવક નથી. મણિ તો ઘણાં હોય પરંતુ ચિંતામણી તો ભાગ્યે જ મળે. શ્રેણિકને જૈન ધર્મની શ્રદ્ધામાંથી ચળાવનાર કોઈ જ નથી." આથી

તે દર્દુરાંક દેવ તારી પરીક્ષા કરવા દેવલોકમાંથી ધરતી પર આવી પહોંચ્યો.

એ દર્દુરાંક દેવે ગોશીર્ષ ચંદનના લેપથી મારી પૂજા કરેલી પરંતુ તારી દૃષ્ટિને તે ન દેખાય તે રીતે તને અન્ય દેખાડ્યું આ રીતે તને કોપાયમાન કર્યો.

રાજા કહે – સારું. એ વાત તો ઠીક સમજ્યો – પરંતુ તેણે બોલેલા અમાંગલિક શબ્દોનો શો હેતુ સમજવો ?

ભગવાન કહે – એણે મને છીંક આવી ત્યારે "મરો" એમ કહેલું એ સર્વથા યોગ્ય જ છે કારણકે આ ભવને વિષે રહેતા તો દુઃખ જ છે અને નિર્વાણે પછી મારી મુક્તિ થવાની છે માટે એ પ્રમાણે કહેલું.

તમે છીંક ખાધી ત્યારે " ઘણું જીવો " એમ કહેલું – કારણકે આજન્મમાં સુખ – સંપત્તિ – વૈભવ – વિલાસ બધું જ છે એટલે અહીં સુખ છે – મૃત્યુ પછી તો તને નરકની દુર્ગતિ મળવાની છે એટલે ત્યાં અપરંપાર દુઃખ છે એટલે તેનું કહેવું સર્વથા યોગ્ય જ હતું.

અભયકુમાર છીંક ખાધી ત્યારે કહ્યું – " જીવો યા મરો."

કારણ કે તે આ જન્મમાં અનેક ધર્મકાર્ય કરે છે મૃત્યુ પછી દેવગતિ પામવાનો છે ત્યાં પણ અપરંપાર સુખ ભોગવવાનો છે માટે તેને કહેલું પણ યોગ્ય જ છે.

કાલકસૌરિકે છીંક ખાધી ત્યારે કહ્યું – "ન જીવો યા ન મરો"

કારણ કે તે આ જન્મમાં માત્ર પાપ કાર્યો કરે છે અને અહીંથી એ સાતમી નરકે ભયંકર દુઃખો ભોગવવા જવાનો છે. આમ દદુર્રાંક દેવ અંગેની સર્વ હકીકત જાણી ત્યારે શ્રેણિક રાજાની પોતાની નરકગતિ થવાની છે એ જાણીને તેમનું મુખ નિસ્તેજ – ઉદાસ બની ગયું. તેમણે ભગવાનને પૂછયું કે હે પ્રભુ! આપણા જેવા ત્રણ જગતને પૂજ્ય – સમર્થ સ્વામી હોવા છતાં મારે નરકે જવાનું કેમ? આપ ન બચાવી શકો? શું આપ મારો બચાવ ન કરો!

ભગવાને કહ્યું – હે શ્રેણિક, આ સંસારમાં દરેક જીવોને કર્માધીન ફળ ભોગવવાં જ પડે છે. નિકાચિત કર્મબંધનને અન્યથા કરવાનું બળ કોઈનામાં નથી. દેવ – દાનવ માનવ – ચક્રવર્તી કે તીર્થંકરો પણ ફેરફાર કરી શકતાં નથી. કર્મ પાસે રાજા અને રંક બંને સરખાં છે. તે નરકનું આયુષ્ય બાંધ્યું છે માટે તારે તે ભોગવવું જ પડશે – તેમ છતાં મિથ્યા ખેદ ન કરીશ. ભવિષ્યમાં થનારા તીર્થંકરોમાં પ્રથમ તીર્થંકર, પદ્મનાભ નામે તું તીર્થંકર થવાનો છું.

આટલું જાણ્યા પછી પણ શ્રેણિક રાજાએ દુર્ગતિથી બચવા માટે ઉપાય જણાવવા વિનંતી કરી (ડૂબતો માણસ તરણું ઝાલવાની વૃથા કોશિષ કરે છે તેમ) ભગવાને કહ્યું – દરેક જીવે પોતાના કર્મઅનુસાર ફળ ભોગવવું જ પડે છે તેમ છતાં તું જો કપિલા નામની બ્રાહ્મણીને હાથે

ભક્તિભાવપૂર્વક સ્વેચ્છાએ કોઈ પણ મુનિને દાન અપાવે તો તથા દરરોજ ૫૦૦ પાડાનો વધ કરનાર કાલિકસૌરિક પ્રાણીઓનો વધ કરતાં અટકાવે તો – પુણીયો શ્રાવક તેની એક સામાયિક આપે તો, તારી નરકગતિ અટકે. પરંતુ તે " ન ભૂતો ન ભવિષ્યતિ " કોઈ કાળે બની શકવાનું નથી.

નરકગતિનું નામ સાંભળતાં જ કંપારી વછૂટે છે તેથી શ્રેણિકરાજાએ ભગવાન મહાવીરે બચવા માટેના જે જે ઉપાયો બતાવ્યાં તે કરી જોયાં પરંતુ તેમાં સફળતા ન મળી તે ન જ મળી.

આમ વીર વચન પ્રમાણ સમજી રાજાએ ધર્મ પ્રત્યે તથા ક્ષાયિક સમ્યક્ત્વને નિર્મલ બનાવવા માટે, અનંત ઘણી શ્રદ્ધા વધારી – ધર્મકાર્યો મહોત્સવો કરાવ્યાં.

**" ચરમાસન્નોપકારી ભગવાન મહાવીરનું શાસન૦ જયવંતા વર્તો "**



## ૧૪. ઈર્ષાની આગ

**મગધેશ્વર** શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરને વંદન કરી એક અવસરે પોતાના નગર ભણી પાછા જતાં હતાં એ વખત દર્દુરાંક દેવે એમની ધર્મશ્રદ્ધાની પરીક્ષા કરવાનો વિચાર કર્યો.

પોતાની માયાજાળ ફેલાવવાપૂર્વક નજીકમાં આવેલાં એક સરોવરમા એક જૈનમુનિને માછલાં પકડતાં જોયા. શ્રેણિક રાજા આ જોઈ વિચારમાં પડી ગયા. તરત જ મુનિ પાસે ગયાં અને પૂછ્યું. આપ આ શું કરી રહ્યાં છો? મુનિએ કહ્યું કે મારે એક કામળીની જરૂરત છે તેથી આ માછલાં વેચી તેના નાણા મળશે તેમાંથી હું અતિઉત્તમ કામળી ખરીદીશ. એ કામળી ઓઢીને ચોમાસામાં હું અપકાય જીવની રક્ષા કરી શકીશ–દયા તો મારે ચોમાસાના કાલમાં પાળવી જોઈએ ને!

રાજાને લાગ્યું કે મુનિ ઓછી બુદ્ધિવાળા લાગે છે. એકેન્દ્રિય જીવની વિરાધનાથી બચવા પંચેદ્રિય જીવને હણે છે તે યોગ્ય નથી. તેથી મુનિને સમજાવીને તેમ કરતાં રોકયાં અને તેમને જોઈતી મનપસંદ કામળી અપાવી.

આગળ જતાં દર્દુરાંક દેવે પોતાની માયાવડે એક સાધ્વીને આંખમાં મેસ આંજેલી ગર્ભવતી સ્થિતિમાં દેખાડી અને તે દુકાને દુકાને ભીખ માંગી રહી હતી. આ જોઈ શ્રેણિકરાજાને અત્યંત દુ:ખ થયું. આવી સાધ્વી સ્ત્રીઓ ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને પછી આવું કૃત્ય શા માટે કરતી હશે ? મહારાજાએ પેલી સાધ્વીને બોલાવી – પૂછયું– અરે ! આવું અયોગ્ય કાર્ય કરીને – શા માટે ખુલ્લા મોંઢે સમાજમાં ફરે છે ? આમાં જૈનધર્મને શા માટે હલકો પાડે છે.

આ સાધ્વીને રાજાએ ગુપ્ત રીતે રહેવાની અને તેની તમામ ક્રિયા પતાવી દેવાની વ્યવસ્થા કરી આપી. ધર્મ વગોવાય નહિં માટે રાજા જાગૃત હતો. પ્રસવકાળ નજીક આવ્યો ત્યારે રાજાએ તેનું સૂતિકર્મ કરાવ્યું. આવું કાર્ય કર્યું હોવા છતાં રાજાને તેના પ્રત્યે સહેજ પણ અભાવ કે તિરસ્કાર ન હતો.

બાળકનો જન્મ થતાં જ પેલા બાળકે દૈવીમાયાને કારણે ખૂબ જોરશોરથી રૂદન કરવા માંડયું. તેનો અવાજ દૂર દૂર સુધી સંભળાવા લાગ્યો. આ જોઈ રાજા શ્રેણિક મુંઝાઈ ગયા. તેમ છતાં શાંતિથી સહન કરતાં રહ્યાં. આમ પોતાની માયાજાળ વડે અનેક રીતે રાજાની પરીક્ષા કરી પરંતુ રાજા દ્રઢ રીતે પાસ થઈ રહ્યા. આમ રાજાની પરીક્ષા લીધી તેમાં રાજાનું ઉત્તમ પ્રકારનું ધર્મ પ્રત્યેનું, ધર્મશ્રદ્ધાનું વલણ જોઈ દેવ પ્રસન્ન થયાં. અને પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ

કર્યું, અને બોલ્યા : હે રાજન્, દેવોની સભામાં મહારાજા ઇન્દ્રે તારી પ્રશંશા કરી એ કરતાં પણ તમો વધુ છો. મેં તારી પરીક્ષાર્થે મારી માયા વડે આ બધું ઉત્પન્ન કરેલું તેમાં તું પાર ઉતર્યો છે અને હું તારા પર ખૂબ પ્રસન્ન થયો છું. એમ કહી એક હાર અને બે ગોળા આપ્યાં અને કહ્યું – હાર તૂટશે ત્યારે તેનો સાંધનારનું મૃત્યુ થશે. (આ હારની કિંમત સમગ્ર મગધ દેશના રાજ્યના મુલ્ય કરતાં ત્રણ ગણી હતી)

મહારાજ શ્રેણિક – દેવે આપેલ અમુલ્ય ચીજો લઈ રાજમહેલમાં ગયો. અને તે પૈકી સુંદર નવલખો હાર ચેલ્લણા રાણીને આપ્યો અને પેલા બે ગોળાઓ હતાં. તે અભયકુમારની જનેતા નંદાને આપ્યાં. મહારાણી ચેલ્લણા આવો સુંદર હાર મલવાથી ખૂબ જ આનંદીત થઈ ગઈ. જ્યારે પટ્ટરાણી નંદાએ ચેલ્લણા પ્રત્યે ઈર્ષ્યા લાવીને કહ્યું – હે સ્વામીનાથ ! શું તમે મને બાળકી કે કુમારિકા માનો છો ? કે આ ગોળા રમવા આપ્યા. તમે આ ગોળા મને આપીને ખરેખર તો મારી મશ્કરી કરી છે એથી મને અત્યંત દુઃખ ઊપજે છે – અને ગુસ્સામાં આવી પેલાં બન્ને ગોળા ઘા કરીને ફેંકી દીધા. એ ગોળાઓ દિવાલ સાથે ટકરાતા તુટી ગયાં. તેમાંથી રત્નજડિત કુંડલો અને બીજામાંથી દિવ્ય વસ્ત્રો નીકળ્યાં. નન્દાએ ખૂબ આનંદમાં આવી તે લઈ લીધાં.

નંદાને પ્રાપ્ત થયેલી વસ્તુઓની જાણ ચેલ્લણાને થઈ

ત્યારે તે પતિને કહેવા લાગી – હે પ્રભુ, એ કુંડલો વગેરે મને લાવી આપો જેથી મારા આભૂષણો અને અલંકારોનો સેટ સંપૂર્ણ થાય.

રાજાએ કહ્યું – હે પ્રિયે, તારી આ યાચના તદ્દન ગેરવ્યાજબી છે. સૌ પ્રથમ એ ચીજો તને બતાવી હતી અને તને જે ગમ્યું તે પ્રથમ તને આપી દીધું છે ત્યારબાદ વધેલી વસ્તુ નંદાને આપી છે. પ્રારબ્ધના જોરે એને જે મલ્યું તે પાછું લઈ લેવું એ શું યોગ્ય લાગે છે?

આથી ખૂબ જ ગુસ્સે થઈને ચેલ્લણા પતિને કહેવા લાગી – હે નાથ ! તમે ધારો તો તેમ કરી શકો છો. નંદારાણીને આપેલી ચીજો મારા કરતાં અતિ ઉત્તમ પ્રકારની છે એથી હું માનભંગ બનું છું – આવી સ્થિતિમાં જીવવું તે કરતાં મૃત્યુ વધુ શ્રેષ્ઠ છે, માટે જો તમે મને એ ચીજો નહિં મેળવી આપો તો હું આત્મહત્યા કરીશ.

મહારાજા કહે – હે પ્રાણવલ્લભા, આ બનવું (મારે માટે) શકય નથી. એ ચીજો તને મળે તેમ નથી જ.

વા ફરે, વાદળ ફરે, ફરે નદીના નીર
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર ॥.

તેમ જ તારે પણ પ્રાણ ત્યજીને – અન્યના ઉપહાસને પાત્ર થવું ઉચિત નથી. આટલું સમજાવું છું. પછી તારે ન માનવું હોય તો તારી મરજી. તને ફાવે તેમ કરી શકે છે.

મહારાજા શ્રેણિકના વચનો કર્ણે પડતાં જ ચેલ્લણાનો ગુસ્સો ખુબ વધી ગયો. શરીર ધ્રૂજવા લાગ્યું. અને પ્રાણ – ત્યાગ કરવાનો મક્કમ નિર્ધાર કરી તરત જ રાજ-મહેલની અગાશીએથી પડતું મૂકવા ઉપર ગઈ. અને પડતું મૂકવાની તૈયારી કરે છે ત્યાં રાજમહેલના પાછળના ભાગમાં કોઈની ગુપ્ત વાત સાંભળવા મલી આથી ચેલ્લણા છૂપાઈ ને વાત સાંભળતી હતી.

તે વાતચીત કરનાર વ્યક્તિ પૈકી એક મહાસેના નામની વેશ્યા હતી અને બીજો હાથીનો મહાવત હતો. મહાસેના પેલા હસ્તીપાલકને કહેતી હતી કે હે પ્રિયે, આ રાજહસ્તીનું ચંપકમાળા નામનું આભૂષણ છે તે મને આજના મહોત્સવમાં માત્ર એક જ દિવસ માટે પહેરવા આપો તેથી હું મારી સખીઓને દેખાડી તેમના બધાં કરતાં ચઢિયાતી છું એવું બતાવી શકીશ. માટે મારા મનોરથો પૂર્ણ કરો.

હસ્તીપાલક – હે પ્રિયા, એ આભૂષણ તને આપવામાં મને શું વાંધો હોઈ શકે? પરંતુ જો રાજાને એ વાતની ખબર પડે તો મને ચોર ગણી બંદીખાને પૂરાવે. માટે આવું કાર્ય કોઈકાળે મારાથી બની શકે તેમ નથી. આટલામાં બધું સમજી જા.

" ડાહ્યા માણસો કદી પણ ઘર બાળીને તીરથ કરતાં નથી."

મહાસેના – હે નાથ, તમને મારા પર સાચો પ્રેમ દેખાતો જ નથી. જો તમે એ આભૂષણ નહિં આપો તો હું આત્મ હત્યા કરીશ. પછી તમે પસ્તાશો. મારી સાથે ભોગવેલા ભોગ – વિલાસ વગેરે બધું જ યાદ કરી કરીને ઝૂરશો ત્યારે જીવન ઝેર જેવું બની જશે.

હસ્તીપાલક – અહો ! આમ આત્મહત્યાની મને બીક દેખાડે છે તે યોગ્ય નથી. તું મરી જઈશ તો જીવની જઈશ એમાં મારું કંઈ જવાનું નથી. '**તું નહિં તો ઔર સહી**' એ મુજબ બીજી સ્ત્રી મળી રહેશે. કુકડો હોય તો જ વહાણું વાય એ ભૂલી જજે. આમ સમજીવિચારીને તારો દુરાગ્રહ છોડી દે. ખોટી જીદ કરવાથી કોઈ ફાયદો થવાનો નથી.

આ બંનેની વાતો સાંભળનાર હસ્તીપાલકનો મિત્ર ત્યાં ઊભો હતો તેણે કહ્યું – બહુ ખેંચ પકડ નહિ સારી – સમજાવવા છતાં જે ન સમજે અને જીદ પકડી રાખે તેવાઓને મનફાવે તેમ કરવા દેવું. ઠોકર વાગે ત્યારે જ સુધરે. આ અંગે હું એક કથા કહું છું તે સાંભળ –:–

## બ્રહ્મદત્ત ચક્રવર્તી.

પંચાલ નામે એક પ્રસિધ્ધ દેશ હતો તેમાં કાંપિલ્યપુર નામે એક નગર હતું. તે અતિસુંદર નગરીના લોકો નિર્વ્ય-સની અને સુખી હતાં. બ્રહ્મદત્ત નામનો રાજા રાજ્ય કરતો

હતો. અનેક રાજા મહારાજાઓને તેણે હરાવ્યાં હતાં. મહાપ્રતાપી રાજવી તરીકે સમગ્ર દેશમાં તેની નામના ફેલાયેલી હતી.

એક વખત બ્રહ્મદત્ત ચક્રવર્તી વાયુવેગી અશ્વ ઉપર બેસી અન્ય રાજવીઓ સાથે ફરવા વનમાં ગયો – અશ્વ ગમે તે કારણે ખૂબ ઝડપથી દોડવા લાગ્યો. બ્રહ્મદત્તને એક જંગલમાં લાવી મૂકયો. તેનું સૈન્ય તેને શોધતાં શોધતાં આવી લાગ્યું અને બ્રહ્મદત્તને સહીસલામત પાછો લાવ્યાં.

રાત્રે બ્રહ્મદત્ત શયનખંડે વિષે ગયો ત્યારે તેની રાણીએ કહ્યું કે – હે નાથ! આ દુષ્ટ અશ્વ આપને ગાઢ જંગલમાં લઈ ગયો ત્યાં રસ્તામાં કોઈપણ જગાએ જો કોઈક આશ્ચર્યકારક ઘટના જોઈ હોય તો મને કહો – ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તી કહે છે–મેં એક આશ્ચર્યજનક કૌતુક જોયું હતું તે હું તને કહું છું – શાંતચિત્તે તું સાંભળજે–

જે જંગલમાં હું અટવાઈ ગયો ત્યાં જંગલી પ્રાણીઓના ભયંકર ઉપદ્રવો દેખાતા હતા. આ વખત ઊનાળાના અસહ્ય તાપથી અત્યંત અકળાઈ ગયેલા મને સખત તરસ લાગી એટલે હું જળાશયની શોધમાં ભટકતો હતો. એવામાં શ્વેત કમળોથી ભરપુર એવું સરોવર નજરે પડ્યું. મને ખૂબ જ આનંદ થયો. સરોવરમાં મેં પ્રવેશ કર્યો. સ્નાન કર્યું તૃષા છીપાવી – જલાશયમાંથી બહાર નીકળતી વખતે તેજ જલાશયમાંથી એક અત્યંત સ્વરૂપવાન નાગકન્યાને નીકળતી મેં નજરોનજર નિહાળી.

એ નાગકન્યાનું અપ્રતિમ સૌંદર્ય નિહાળી હું વિચારવા લાગ્યો કે ખરેખર તીવ્ર તપશ્ચર્યાને આદરનારા યોગી પુરુષો પણ આ લાવણ્યવતી રતિ સમાન સ્ત્રી પાસે એક ક્ષણ પણ ટકી શકે નહિ એવી એની કામણગારી કાયા–રૂપ અને યૌવનધન છે.

નાગકન્યા જલાશય થકી બહાર આવી એક વિશાલ વડના વૃક્ષની નીચે જઈને બેઠી. એવામાં એ વૃક્ષ પરથી કાળો અતિ ભયંકર ગોનસ જાતિનો સર્પ આનંદપૂર્વક તેણીની પાસે આવ્યો. તે જ સમયે નાગકન્યાએ પોતાનું રૂપ બદલીને સર્પિણી બની ગઈ અને પેલા સર્પ સાથે હું જોઈ શકું એ રીતે રતિસુખ માણી રહી.

પરસ્ત્રીને પોતાની પત્નિની જેમ ભોગવતા એ સર્પને દેખી મને ઘણો ગુસ્સો થયો અને એમને દંડ કરવાનો વિચાર થયો. આથી જ્યારે સરોવરની બહાર નીકળ્યો– મારા – ચાબખાના મારથી તેઓ બન્ને મૂર્ચ્છિત થયા. એટલે મેં તેમને જવા દીધા. મૂર્છામાંથી જાગ્યું એવું જ પેલું યુગલ ક્યાં ગયું તેની મને ખબર પણ રહી નથી ત્યારબાદ સમગ્ર સૈન્ય પરિવાર સાથે હું અહીં આવ્યો.

આ વૃત્તાંત સંભળાવી બ્રહ્મદત્ત રાણીવાસમાંથી બહાર આવ્યો ત્યાં સમગ્ર મહેલને પ્રકાશમય કરતાં કોઈ તેજસ્વી દેવને જોયાં. દેવે કહ્યું – હે ચક્રવર્તી બ્રહ્મદત્ત, જલાશયમાં તેં જે નાગકન્યા જોઈ હતી તે મારી પત્નિ હતી. ઘેર આવીને

તેણે મને તારા વિષે ફરિયાદ કરી હતી. તેં એના રૂપ ઉપર મોહીને દુષ્ટ પ્રકારની માગણી કરી હતી, જે તેણીએ ઠુકરાવી એટલે અત્યંત ક્રોધિત થઈને તેં નિર્દયપણે ચાબુક ફટકાર્યા આથી હું તને શિક્ષા કરવા માટે આવ્યો હતો પરંતુ તે મારી સ્ત્રીની કથા તથા ચાબુક માર્યા તે ખોટું થયું છે એમ શ્રદ્ધાપૂર્વક હકીકત તારી રાણીને કહી, જે ગુપ્તપણે મેં સાંભળી છે જેથી મારો કોપ દબાઈ ગયો છે. મેં જે દુષ્ટ વિચાર કરેલ તે માટે ક્ષમા ચાહું છું. હું પ્રસન્ન થયો છુ તું કંઈ વરદાન યાચી લે, તારા મનોરથ પૂરા કર !

બ્રહ્મદત્ત કહે – હે દેવ, આપની કૃપાથી મારે કોઈ વાતની ખામી નથી. પરંતુ આપનું દર્શન ખાલી ન જાય માટે હું માંગી લઉં છું કે મારા નગરમાં કોઈ વ્યાધિ, અકાળે મરણ અને કોઈ ઉપદ્રવ ન થાય. એવી અંતરની મનોકામના પૂરી કરો.

દેવે – તથાસ્તુ. પરંતુ બીજુ કાંઈ માગ.

બ્રહ્મદત્ત — હું સર્વ પ્રાણીઓની ભાષા જાણી શકું તેવી કૃપા કરો.

દેવ – તથાસ્તુ – પરંતુ એ સાંભળેલી વાત જો તું કોઈને કહેશે તો તરત જ તારું મરણ થશે આમ કહી દેવ અંતર્ધ્યાન થઈ ગયો. આવું વરદાન મેળવી બ્રહ્મદત્ત અત્યંત હર્ષ માગ્યો.

એક વખત એવું બન્યું કે બ્રહ્મદત્ત ચક્રવતીં કસ્તુરી આદિ સુગંધીત પદાર્થોવાળો લેપ કરાવી આરામ કરી રહ્યો હતો ત્યારે તેમની પાળેલી કોયલે નર કોયલને રાજાના લેપમાંથી થોડો મેળવી આપવાની વિનંતી કરી અને કહ્યું કે મારે પણ મારા અંગે એ લેપ વિભૂષિત કરવો છે — નર કોયલે કહ્યું કે એ વાત મારા માટે તદ્દન અશકય છે. અસંભવિત છે માટે તે વાત ફરી કરીશ નહિ.

દેવની મહેરબાનીથી બ્રહ્મદત્તે કોયલની હૃદયગત તે વાત જાણી એટલે હસવું આવ્યું. રાણીએ હાસ્યનું કારણ પૂછયું તો કહ્યું કે કોઈ કારણ નથી. અમસ્તું જ, રાણીએ ફરી ફરીને આગ્રહથી પૂછયું છતાં બ્રહ્મદત્તે કોઈ કારણ જણાવ્યું નહિં. રાણીને લાગ્યું કે ચોક્કસ રાજા તેણીની મશ્કરી કરી રહ્યો છે. આથી રાણી છંછેડાઈને કહેવા લાગી કે જો સત્ય વાત નહિં કરો તો પોતે પ્રાણત્યાગ કરશે.

રાજાએ સમજાવ્યું કે તું પ્રાણ ત્યાગ કરીશ કે નહિં એ તો મને ખબર નથી પરંતુ એ હાસ્યનું પ્રયોજન જો હું જાહેર કરું તો મારું મૃત્યુ ચોક્કસ થાય જ. છતાં કદાગ્રહી રાણી માનતી નથી. આથી રાજાએ સેવકો પાસે ચિતા તૈયાર કરાવ્યા પછી રાણીને કહે છે કે ચાલ, રાણી, તને મારા હાસ્યનું પ્રયોજન સમજાવું અને મૃત્યુ વહોરું. ચકલે ચકલે ચોતરે, ચોતરે, નગરજનો ભેગાં મલી વાતો કરે છે કે આ શું થવા બેઠું છે? આ રાજ્યનો નાશ થવાનો હોય તેમ લાગે છે.

રાજા રાણીને લઈને ચાલ્યો જાય છે. રસ્તામાં એક બકરો અને બકરી જતાં હતાં. બકરી બકરાને કહેતી હતી. કે આ રાજાના અશ્વો જે યવ આરોગી આનંદિત થાય છે. તેવા યવ મને આરોગવા જોઈએ. માટે મને મેળવી આપો. બકરો કહે – આ વાત તદ્દન અશકય છે. માની લે કે હું તારા માટે એ યવ લેવા જાઉં અને રાજાના સેવકો મને પકડે અને મારી નાંખે તો તું બચાવવા આવવાની છે? ના! માટે હું યવ લેવા જવાનો નથી. બકરી કહે જો તમે મેળવી આપવાની કૃપા નહિં કરો તો હું પ્રાણત્યાગ કરીશ. તમે જાણતા નથી કે છ ખંડનો અધિપતિ જેવો મહાન્ સિદ્ધિ-વાળો બ્રહ્મદત્ત જેવો ચક્રવતિ રાજા પણ પોતાની પત્નિના માટે મરવા તૈયાર થયો છે?

બકરો કહે — મારે બીજું કાંઈ સાંભળવું નથી. તારે જે આત્મહત્યા કરવી હોય તો ભલે કર. મારે તો જીવવું છે. બ્રહ્મદત્તના અંતઃપુરમાં અનેક રૂપવંતી સ્ત્રીઓ હોવા છતાં એક ક્ષુદ્ર સ્ત્રી પર મોહિત થઈને મૃત્યુને ભેટવા તૈયાર થયો છે તે મૂર્ખ છે. નરપતિ તો નહિં બલ્કે નરપશુ સમાન છે. ધિક્કાર છે એને! મને લાગે છે કે નશીબ વાંકુ હોય ત્યારે જ આવું અવળું કાર્ય સૂઝે."
"વિનાશ કાળે વિપરીત બુદ્ધિ"

પશુની ભાષા સમજનાર બ્રહ્મદત્તે આ વાર્તાનો સંવાદ સાંભળી દીર્ઘદૃષ્ટિથી મનમાં વિચારવા લાગ્યો કે મારા કરતાં આ બકરો સમજું કહેવાય – એક સ્ત્રીમાં મોહ પામી

મેં આવું અવિચારી પગલું ભર્યું ! એક પશુએ મારી મોહદશા ઉતારવા આંખો ખોલી માટે એ પરમ ઉપકારી ગણાય. એવો વિચાર કરી પોતાના કંઠેથી કનકમાળા ઉતારી પશુના ગળામાં પ્રેમથી આરોપીને સ્ત્રી પ્રત્યેનો રાગ દૂર કરી રાણીને કહ્યું – હે પ્રિયે, ગમે તે થાય પણ મારા હાસ્યનું કારણ હવે હું તને કહીશ નહિં. તું આત્મહત્યાની બીક બતાવે છે તો સુખેથી મરી શકે છે. મારે મોતના મુખમાં જવું નથી. " મૃત્યુ સમાન ભય નહીં " હું મૂર્ખ બનવા માંગતો નથી. આમ રાજા મૃત્યુના મુખમાં જતાં બચી ગયો અને રાણીની આશા પૂરી ન થવાથી પગ પછાડતી પોતાના આવાસે ગઈ.

આમ મહાવત પોતાના મિત્રને કહે છે કે હસ્તીપાલક, તું આ બ્રહ્મદત્તની માફક સમજ વિચાર, અને વેશ્યાના દુરાગ્રહને છોડી દે અને સુખી થા.

અગાશીમાં ઊભેલી ચેલ્લણા રાણીએ સર્વ વૃત્તાંત સાંભળ્યો. તેનું અભિમાન – અહંકાર ઊતરી ગયાં અને મનમાં બોલી – મહાવતની વાત તદ્દન સાચી છે.

હલકી કોટીના માણસોમાં પણ કેટલી મોટી સમજ છે! તેણે કહ્યું તે સર્વથા સત્ય છે. હું મરીશ તો મારા જીવની જઈશ બીજાને શું ? મેં જો મૃત્યુ સ્વીકાર્યું હોત તો મારો જન્માંતર નરકમાં થાત. અંતરરિપુ એવા ક્રોધ,

માન, માયા અને લોભ જેવા વૈરીઓને કારણે દુર્ગતિ જ મેળવવી પડે છે"

"માણસ હારે ત્યારે જ હેઠા બેસે છે."

અનેક રત્નોથી સુશોભિત – ઇન્દ્ર ધનુષ્ય જેવા દેદિપ્યમાન હારથી ચેલ્લણાનું હૃદય સુશોભિત બન્યું. દિવ્ય કુંડલ અને દિવ્ય વસ્ત્રથી અલંકૃત એવી નંદારાણી કરતાં અધિક શોભે છે. વેરઝેર અને ઈર્ષ્યા ભૂલી સૌ આનંદથી તરબોળ બની રહ્યાં હતાં.



# ૧૫–દેવે દીધેલો હાર



હવે શુદ્ધ ક્ષાયિક સમકિતથી શોભતો મગધનરેશ શ્રેણિકરાજા મહારાણી ચેલ્લણા વગેરે અન્ય રાણીઓ સાથે આનંદવિનોદમાં દિવસો પસાર કરી રહ્યાં છે. સર્વ નીતિ-રીતિનો ભંડાર મહાબુદ્ધિમાન મંત્રીશ્વર અભયકુમાર રાજકાર-ભાર ચલાવી રહ્યા છે.

એકદા દુર્દરાંકદેવે આપેલો હાર જે મહારાણી ચેલ્લણા અત્યંત હર્ષથી ધારણ કરતી હતી તે તૂટી ગયો. એ હારને સાંધવા માટે કોઈથી બની શક્યું નહિ. અથવા જે જાણતા હતા કે "**એ હાર જે સાંધશે તે મરણ પામશે**" એવી દેવની વાણી થયેલી છે તેથી એ સાંધવા કોઈ તૈયાર થયા નહિં. જાણી જોઈને સળગતી ચિતામાં કોણ પડે? સાપના રાફડામાં કોણ હાથ નાંખે?

શ્રેણિક રાજાએ સમગ્ર નગરીમાં ઢોલ પીટાવી જાહેર કરાવ્યું કે મહારાણી ચેલ્લણાનો હાર જે કોઈ વ્યક્તિ સાંધી આપશે તેને એક લાખ સોનામહોરો આપવામાં આવશે. આ સાંભળી એક મણિયારે વિચાર્યું કે મને અઠ્ઠાણું તો થયાં છે. બહોતગઈ થોડી રહી. હું હવે કેટલું જીવવાનો

હતો ? માટે હું એ હાર સાંધીને દ્રવ્ય મેળવી મારા છોકરાં-
ઓનું ભલુ કરું-



રાણી ચેલ્લણાનો હાર તૂટી ગયો હોવાથી તેને સાંધનારો શોધવા માટે રાજ્ય તરફથી ઢાંડી પીટાવે છે

આમ વિચારી પડહ વગાડનારને પોતાની ઇચ્છા દર્શાવી. અને રાજા પાસે પહોંચ્યો. રાજા પાસેથી મહેનતાણા પેટે અર્ધો લાખ સોનામહોરો અગાઉથી માંગી લીધી. અને એ હાર લઈ એકાન્ત જગ્યાએ સાંધવા-પરોવવા માટે ગયો. પ્રથમ ભૂમિ સરખી કરી. મોતી અને રત્નો વ્યવસ્થિત પાથર્યાં. તેમાં જે દોરી પરોવવાની હતી તે મધવાળી કરી. મધની

લાલચે કીડીઓ મોતીઓના છિદ્રમાં પ્રવેશીને દોડતી આવી. અને દોરના છેડા પકડી છિદ્રમાંથી બહાર નીકળવા લાગી. આમ સર્વ મોતીઓ હારમાં પરોવાઈ ગયાં કે તરત જ મણિયારે છેડા પકડી લઈ વ્યવસ્થિત કરી બાંધી – ગાંઠ કરી. આમ બુદ્ધિના પ્રાબલ્યથી જેવો પહેલાં હતો તેવો જ હાર બાંધી દીધો. બુદ્ધિશાળીઓ માટે શું અશકય છે? હાર તૈયાર થતાની સાથે જ તરત જ મણિયારનું મૃત્યું થયું.

પિતાના મૃત્યુથી શોકથી પિડાયેલા પુત્રોએ પિતાનું અંતિમ કાર્ય કરી પિતાએ સાંધીને તૈયાર કરેલો હાર રાજાને આપવા માટે ગયાં. રાજાએ તેમને માન – આદરથી બોલાવી હાર લીધો. પરંતુ એમને આપવાના બાકી હતા તે અર્ધો લાખ સુવર્ણમહોરો આપી નહિં. છોકરાંઓ સૌ વીલે મોંઢે ઘેર આવી બોલવા લાગ્યા કે – રાજાએ આપણને બનાવ્યાં. ફરી આવા રાજાનું કદી કામ કરવું નહિં. મોટા માણસો ગરજ હોય ત્યાં સુધી જ નાનાનો ભાવ પૂછે છે પરંતુ ગરજ પતી જતાં સામું પણ જોતાં નથી. છોકરાંઓ મન વાળે છે કે એટલું સારું છે કે અર્ધો લાખ સુવર્ણ મહોરો આપી છે તે પાછી નથી લઈ લેતાં! શ્રેણીક મહારાજા જેવા આવું શું કરે?

પેલા મણિયાર (પિતા) મૃત્યુ પામી તે જ નગર વિષે વાનર રૂપે જનમ્યો. મોટો થયા પછી અખિલ નગરમાં બધે જ હરેફરે છે. ફરતાં ફરતાં એક વખત પોતાના જ ગૃહાંગણે આવી ચડયો. ઘર અને ઘરના માણસોને નિહાળી

તેને કંઈક યાદ આવવા લાગ્યું કે આ બધું મેં ક્યાંક જોયેલું છે. વાનરને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું એટલે તેને પોતાના પૂર્વજન્મની બધી જ હકીકતો યાદ આવી. ભૂમિપર લખીને પોતાના પુત્રોને ઓળખાણ આપી, કે હું પૂર્વજન્મનો તમારો પિતા છું. અશુભ કર્મોને લીધે હું આ ગતિ પામ્યો છું.

પુત્રો પ્રત્યેના રાગને કારણે પેલા વાનરે ફરીવાર અક્ષરો લખ્યાં કે “ રાજાએ બાકીની અર્ધી લાખ સોનામહોરો આપી કે નહિં ? ” પુત્રોએ કહ્યું કે – રાજાએ કાંઈ જ આપ્યું નથી બે આંખની જ શરમ છે – આ સાંભળી વાનરને રાજા પ્રત્યે બહુ ગુસ્સો ચડયો. મારે આના માટે કાંઈક કરવું પડશે. એટલે એ હાર ઉપાડી લાવવા માટે કંઈક રસ્તો વિચારવા લાગ્યો. વાનરને શહેરમાં ગમે ત્યાં હરવા ફરવાનું–કોઈ નિયંત્રણ હોઈ શકતું નથી. ત્યારબાદ એ વાનર રાજાના અંતઃપુરની આજુબાજુ ફર્યા કરતો અને તકની રાહ જોઈ બેસી રહ્યો.

એવામાં જોઈતી તક મલી ગઈ.

એકવાર મહારાણી ચેલ્લણા અશોકબાગમાં ક્રીડા કરવા પોતાની માનીતી દાસીને લઈને જતાં સ્નાનાગૃહમાં ઊતરતાં પહેલાં પોતાના સર્વે અલંકારો અને સર્વાભૂષણો ઊતારી દાસીને સોંપ્યા. અને રાણી સ્નાનાગૃહમાં ન્હાવા ઊતરી – ખૂબ જ આનંદપૂર્વક શિતળ જળમાં ડૂબકી મારીને ન્હાતી હતી. એવે વખતે પેલો વાનર અહીં આવી ચડયો.

પેલા વસ્ત્રો અને અલંકારો લઈને દાસી ઝાડતળે બેઠી હતી ત્યાં ખૂબજ ધીમે ધીમે આવ્યો. અને પેલા અલંકારોમાંથી ફક્ત હાર લઈને ચાલ્યો ગયો. દાસીને તેની કાંઈ જ સમજ પડી નહિં એ હાર લઈને વાનરે પોતના મોટા પુત્રને ઝડપથી આપી દીધો.

ચેલ્લણા રાણી સ્નાનાગૃહથી બહાર નીકળી આભૂષણો અને અલંકારો માંગ્યા. તેમાં પેલો હાર નહિં જોતા તેણીનો જીવ અદ્ધર થઈ ગયો. દાસીને ખૂબ જ ઠપકો આપ્યો. દાસી કહે મેં અહીં મૂકેલો – બીજું કોઈ આવ્યું જ નથી. મને પણ આશ્ચર્ય થાય છે. મારા ઉપર ક્રોધ ન કરો. પછી તેમણે બંન્નેએ મળી અશોકબાગમાં બધે જ શોધાશોધ કરી છતાં હાર મલ્યો નહિં. આથી ચેલ્લણાએ જઈને રાજાને બધી વાત કરી.

## ૧૬. ભયનું દર્શન

**રાજાએ** ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈએ એ હાર લીધો હોય તેણે આવીને આપી જવો – કોઈને શિક્ષા કરવામાં આવશે નહિં – પરંતુ પાછળથી જો તે પકડાશે તો મહા-શિક્ષાને પાત્ર ગણાશે. છતાં હારની કોઈ ભાળ મળી નહિં. આથી રાજાએ અભયકુમારને બોલાવી હુકમ ફરમાવ્યો કે એ હાર જો સાત દિવસની અંદર નહિં મલે તો ચોરની જે દશા તેવી દશા તારી થશે. આથી એ હાર શોધવા અભયકુમાર પણ ખૂબ જ પ્રયત્ન કરવા લાગ્યો – સર્વત્ર ફરવા લાગ્યો. પરંતુ હારની કોઈ બાતમી મલતી નથી.

ચેલ્લણા રાણીને તો જાણે પોતાનું સર્વસ્વ લુંટાઈ ગયું હોય તેમ ચિંતિત બનીને ખોઈ ખોઈ ફરે છે. લેશ માત્ર ચેન પડતું નથી – હાર ચેલ્લણાનો ગયો પણ વધુ ચિંતા તો અભયકુમારને થવા માંડી.

આમને આમ છ દિવસ પસાર થઈ ગયાં. એક જ દિવસ બાકી રહ્યો છે છતાં હારનો કોઈ પત્તો મલતો નથી. હાર નહિં મળે તો પિતાજી મને શું શિક્ષા કરશે તે કહી શકાય નહિં. તેથી આજની રાત્રિ હું ધર્મધ્યાન કરવામાં

પસાર કરું. કદાચ ધર્મના પસાયે એ હાર મળી જાય. આમ વિચારી અભયકુમાર પૌષધશાળામાં ગયો અને આખી રાત ધર્મકાર્યમાં પસાર કરી.

પેલા મણિકારનો મોટો પુત્ર વિચાર કરે છે કે આ હાર મારા ઘરમાંથી નીકળશે અને રાજાને ખબર પડશે તો મને અવશ્ય શિક્ષા કરશે અભયકુમાર જેવા બુદ્ધિનિધાનને આ હાર શોધવાનું કાર્ય સોંપાયું છે. તેથી હાર છાનો નથી રહી શકવાનો તેથી ડર લાગ્યો અને તે હાર પેલા વાનરને પાછો સોંપી દીધો. વાનરે વિચાર્યું કે હું આ હાર જેના ઘરમાં મૂકીશ તેને રાજા પ્રાણદંડ દેશે. આમ નિર્દોષને રંજાડવાથી મને કોઈ ફાયદો થવાનો નથી. પૂર્વજન્મના પાપે તો હું નીચ કોટિમાં જન્મ્યો છું – તો હવે વધારે પાપ શા માટે કરી આવતો જન્મ બગાડું? હાર કોઈ મુનિ પાસે મૂકી આવું. મુનિને રાજા શિક્ષા નહિં કરે. આથી આ નગરમાં પધારેલા જ્ઞાનીગુરુદેવ સુસ્થિત આચાર્ય મહારાજના કંઠે આરોપણ કરી પેલો વાનર ભાગી ગયો.

એટલામાં આચાર્ય મહારાજનો શિષ્ય ગુરૂદેવની ભક્તિ અંગે ત્યાં આવ્યો અને ગુરૂજીના કંઠે પેલો હાર જોઈને ગભરાઈ ગયો. જૈન સાધુ મહારાજ કંચન – કામિનીના ત્યાગી જ હોય છે. અચાનક આ હાર કયાંથી આવ્યો. આ હાર શું આપત્તિ લાવશે એવા ઘણા વિચારોના મંથનમાં મહાત્માને ભય હોય જ કયાંથી?

મુનિ કહે – હે શ્રાવક, સાધુઓ સદા નિર્ભય જ હોય છે. પરંતુ મને ગૃહસ્થાશ્રમ વિષે અનુભવેલો ભયનો પ્રસંગ યાદ આવ્યો તેથી બોલી જવાયું.

અભયકુમાર – આપે કેવી રીતે ભય અનુભવેલો તે સાંભળવાની મારી જિજ્ઞાસા છે. તો તે વાત મને સંભળાવશો ?

મુનિ— હે મહાબુદ્ધિમાન, દેવ-ગુરુ-ધર્મોપાસક તારા જેવા વિદ્વાન નર રત્નો કથા સાંભળીને તેનો સાર સમજે છે —

સ્વર્ગની યાદ ભૂલાવી દે એવી મનહર, નયનરમ્ય અને અતિ સુંદર એવી ઉજ્જૈયીની નામની નગરી હતી. અતિ ભવ્ય મહેલો, ઊંચી ઈમારતો અને હવેલીઓ પર ઠેર ઠેર ધ્વજ ફરકી રહ્યા હતા. અતિ ધનવાન નગરી હતી. બાગ-બગીચા-સરોવર-ફુવારાથી આચ્છાદિત નગરી ખરેખર અદ્‌ભૂત હતી. ધંધા રોજગાર ખૂબ મોટા પ્રમાણમાં ચાલતા હતા. આજુબાજુના હજારો નાના નાના ગામડાના લોકો ત્યાં ખરીદી માટે આવતાં અને અનેરો આનંદ અનુભવતાં.

આવી ધનવાન નગરીમાં શિવ અને શિવદત્ત નામે બે ભાઈઓ વસતા હતા. આર્થિક સ્થિતિ ઘણી જ કંગાળ હતી. નસીબની બલિહારી છે. તે વગર કોઈને પણ કશું જ મલતું નથી. એક વખત આ બંને ભાઈઓ દ્રવ્ય ઉપાર્જન કરવા પરદેશ જવા વિચાર્યું.

આથી બંને ભાઈઓ એક વખત પોતાનું નસીબ અજમાવવા ફરતાં ફરતાં તેઓ સૌરાષ્ટ્ર વિષે આવ્યાં. અહીં લાંબો સમય રહી – ખૂબ જ મહેનત મજૂરી કરી સારું એવું ધન એકઠું કર્યું. ધન માનવીનું જીવન ફેરવી નાંખે છે તેમ આ બંને ભાઈઓ પણ હવે શેઠ જેવા દેખાવા લાગ્યા. જીવન પરાવર્ત્તન કરાવવાની શક્તિ ધન–અને ધર્મમાં છે.

પોતાના કુટુંબને છોડીને નીકળ્યા ઘણો વખત થયો હતો તેથી એક વાર પોતાના કુટુંબને મળવાની ઇચ્છા થઈ આવી. સુખ મળ્યું તે ભોગવવા કુટુંબીજનોને યાદ કર્યા. પછી પોતાની તમામ મિલ્કત એકઠી કરી વાંસળીમાં ભર, વાંસળી કમરે બાંધી પોતાને ગામ જવા ઉપડયાં. ધનની ભરેલી વાંસળી બંને ભાઈઓ માર્ગમાં વારાફરતી રાખતાં, જેથી એક જ વ્યક્તિને વધુ સમય મજુરી કરવી ન પડે. આમ વાતો કરતાં રસ્તો વટાવતા ચાલ્યા જાય છે.

રસ્તે જતાં એ ધનની થેલી એક ભાઈ પાસે હતી તે દરમ્યાન તેણે વિચાર કર્યો કે *"મારા ભાઈને જો હું મારી નાંખુ તો આ ધનની થેલી મારી માલિકીની બને."* તેવા જ પ્રકારનો વિચાર બીજા ભાઈને પણ આવ્યો. આમ કોઈ પણ કારણ વગર બંને ભાઈઓ પરસ્પર શત્રુતા રાખતા થયા. આમ કરતાં કરતાં તેઓ બન્ને વૈતરીણી નદી પાસે આવ્યા.

"અરિસો છે દેવી, હૃદયરૂપ જોવા જગતનો"

આ નદીની વચ્ચે વિશાલ ધરો હતો, સેવાળથી વ્યાપ્ત અને નાના મોટા અનેક પ્રકારના માછલાંઓ પણ ભરેલાં હતાં. આ બંને ભાઈઓ મુસાફરીથી થાકેલાં હતાં તેથી ત્યાં વિસામો કરવા બેઠાં. મુસાફરો માટે જળાશયનો કિનારો એ આરામ કરવા માટેની ઉપયોગી જગ્યા કહેવાય. ધરાના જળમાં બન્ને નહાવા પડ્યા. તે વખતે એક ભાઈને વિચાર આવ્યો, અરે! આ મારો સહોદર ભાઈ છે. મારા પ્રત્યે અત્યંત પ્રેમભાવ રાખે છે અને અને મેં કેવો ખરાબ વિચાર કર્યો! ખરેખર, આ ધન એક એવી ચીજ છે કે જેને કારણે અનેક દુષ્ટ વિચારો આવે છે. અર્થ એ અનર્થનું મૂળ છે. મારા સગા ભાઈને મારી નાંખવાની બુદ્ધિ ઉપજાવનાર આ ધન છે માટે મારે એને તિલાંજલી આપવી જોઈએ. આમ વિચારતાં તરત જ તે ધનની થેલી ધરામાં ફેંકી દીધી.

તે સમયે શિવદત્તે કહ્યું-અરે, ભાઈ આ તું શું કરે છે? નાના બાળક કરે એવું તું કેમ કરે છે? લોકો જાણશે તો તારી મશ્કરી કરશે. કેટલું કષ્ટ વેઠી આપણે આ ધન ભેગું કરેલું અને તમે ઘડીના છઠ્ઠા ભાગમાં ફેંકી દીધું. કેટલી મહેનતે કેટલે દૂરથી ઊંચકીને લાવ્યા હતા. તે મહેનત વ્યર્થ ગઈ! આપણે આપણા વતનની નજીક આવી ગયા છીએ અને આવે સમયે તમે આમ કર્યું તે યોગ્ય ન કહેવાય. ઘેર જઈને સૌને શું કહેશું?

શીવ—ભાઈ, મારી વાત જરા શાંતિથી સાંભળ, એ

થેલી જ્યારે મારી પાસે હતી ત્યારે તું મારો સહોદર ભાઈ હોવા છતાં મને તારા પ્રત્યે વૈરબુદ્ધિ થતી. તને મારી નાંખી બધું જ ધન હું જ લઈ લઉં એવી દુષ્ટ ભાવના થતી.

શિવદત્ત–અરે ભાઈ, મને પણ એવી જ દુષ્ટ ભાવના થતી હતી. ખરેખર ધન એ એવી ખરાબ વસ્તુ છે.

કે જેને કારણે ભાઈ ભાઈનું ખૂન કરતાં ખચકાતો નથી. પુત્ર પિતાનું ખૂન કરતાં અચકાતો નથી. લક્ષ્મી ખાતર માનવી શું નથી કરતો ? સર્વ આપત્તિ વિપત્તિઓનું મૂળ લક્ષ્મી ઉપરનો આંધળો રાગ છે. અનેક અનર્થો સર્જનારી લક્ષ્મી જ છે માટે તમે તેને નદીમાં ફેંકી દીધી તે બહુ જ સારું કર્યું.

ત્યારબાદ બંને ભાઈઓ પોતાના ગામ પહોંચ્યા. ઘેર જઈ સર્વકુટુંબી જનોને મળ્યાં. સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો. માતાને પુત્રો પ્રત્યે જ મમતા હોય છે એ ખરેખર અવર્ણનીય હોય છે માટે જ કહ્યું છે કે

“ જનનીની જોડ જગે નહીં મળે રે લોલ ! ”

ઘણા વખતે અમે બંને ભાઈઓ ઘેર આવેલાં તેથી આજે સારું જમવાનું બનાવવાની તૈયારીઓ ચાલી રહી. અમારી બહેન બજારે જઈ એક મોટી માછલી ખરીદી લાવી. અમે પેલી દ્રવ્યની થેલી નદીમાં ફેંકી દીધેલી તે કોઈ માછલી ખાવાની ચીજ સમજીને પેટમાં પધરાવી દીધી. માછીમારના હાથે તે માછલી પકડાઈ અને બજારમાં વેચાવા

આવી ત્યાંથી બહેન તેને જ ખરીદીને ઘેર લાવી. સર્વ અનર્થોનું મૂળ ફરી પાછું ઘરમાં આવ્યું.

બહેન એ માછલી ચીરતી હતી ત્યારે પેલી દ્રવ્યની થેલી નીકળી તે અમારી બહેને એકદમ લઈને ઘરમાં જઈ સંતાડી આવી. એ જોઈ માતાએ પૂછ્યું કે શું હતું ? બહેને જવાબ ન આપવા જેમ તેમ વાત કરવા લાગી. પરંતુ તેને થયું કે માને ખબર પડી ગઈ છે. એટલે એ ભાઈઓ પાસે બોલી નાંખશે અને એ બધું દ્રવ્ય ભાઈઓ લઈ લેશે. મારી પાસે કાંઈ જ નહિં રહે. આથી કાંઈપણ લાંબો વિચાર કર્યા વગર જ અમારી બહેને માતાને તલવારથી મારી નાંખી. આમ એ જ દ્રવ્ય પાછું આવ્યું અને ફરી અનર્થ કર્યું. અમે જેને છોડીને ભાગ્યા પણ તેણે અમને ન છોડયાં. તેણે અનર્થ સર્જ્યો. અમે માતા ગુમાવી. ( મુનિ શિવ અભયકુમારને જણાવી રહ્યા છે.) ધનના લોભે બહેને માતાને મારી નાંખી છે એવું અમે જાણ્યું – હવે એ બહેન ઉપર ગુસ્સો કરવાથી કે મારી નાંખવાથી મરેલી માતા પાછી આવવાની નથી એટલે અમે ખૂબ જ શાંતિ જાળવી.

બહેનનું કાંઈ પણ અહિત કરીશું તો ઊલટાનું વૈર વધવાનું છે. અને એ જન્માંતર સુધી ભોગવવાનું છે માટે અમે બંને ભાઈઓએ બહેનને કાંઈ જ કહ્યું નહિં. એ કુકર્મોથી તે હણાયેલી તો છે જ. એનું ફળ એને જ ભોગવવાનું છે. આપણ શા માટે એમાં ભાગીદાર બનવું ?

આ સકળ સંસાર સ્વાર્થમય છે. સ્વાર્થમાં ભ્રષ્ટ બનવું એ અત્યંત મૂર્ખનું કામ છે. આથી એ બંને ભાઈઓએ સંસાર છોડી સંયમના માર્ગે જવાનું મનમાં નક્કી કર્યું.

જેમ કે કપડું લાલ તો હતું જ અને વળી કસુંબામાં બરાબર પલાળ્યું. એના જેવી સ્થિતિ થઈ. થોડી ભાવના હતી – તે સબળ બની. આ ભાઈઓમાં શિવ તે હું પોતે જ છું. માતાની અંતિમક્રિયા વિગેરે કાર્ય પતાવીને તમામ ધન – દોલત બહેનને આપી. અમે સંસાર છોડી સાધુ થયા. આવો ભય મેં ગૃહસ્થાશ્રમને વિષે અનુભવેલો તમોને દર્શાવ્યો.

અભયકુમાર – હું એક સંસારી માનવી છું. આપ સંત મહાત્મા છો. તમોએ જે કહ્યું તે સત્ય જ છે. આ સંસારમાં એવા અનેક જીવો છે કે ધનને પોતાના જીવ કરતાં પણ અધિક સમજતાં હોય છે. અને લક્ષ્મી પાછળ ગાંડા બની ન કરવાના કાર્યો કરતાં હોય છે. અને આપ જેવા કોઈક પુન્યશાળી આત્માઓ એમાં અપવાદ રૂપ હોય છે

આ સમય દરમ્યાન પ્રથમ પ્રહર પૂરો થવાથી બીજા શિષ્ય–તપસ્વીશ્રી સુવ્રત નામના સાધુ ગુરૂજીની પાસે ભક્તિ અર્થે જાગ્રત રહેવા નિમિત્તે પધાર્યા. ઉપકારી પૂ. ગુરૂના ગળામાં હાર દેખીને અત્યંત ભયથી કંપી ઊઠયાં. સુવ્રત મુનિ વિચારવા લાગ્યા કે ખરેખર કોઈએ લોભમાં આ હાર હરી લીધો હશે પરંતુ રાજાજીનો ઢંઢેરો સાંભળ્યા પછી તે હાર સાચવવો જોખમ સમજીને ગુરૂજીના ગળામાં પહેરાવી ગયો

હોય એમ લાગે છે. આમ જાત જાતના વિચારો કરતાં સુવ્રતમુનિના મુખમાંથી શબ્દો સરી પડ્યા– "**મહાભય.**"

આ સાંભળી અભયકુમારે કહ્યું– હે મુનિરાજ, આપ જેવા વિશિષ્ટ મહા પુરુષને તે વળી મહાભય હોય જ ક્યાંથી ?

મુનિ– ભાઈ, ગૃહસ્થાશ્રમ વખતે એક ભય મેં અનુભવેલો તે સ્મૃતિમાં આવી ગયો એટલે મારાથી એકદમ બોલી જવાયું.

મંત્રીશ્વર–હે મુનિરાજ, આપને વાંધો ન હોય તો એ વાત જાણવાની મારી જિજ્ઞાસા છે તો આપ પૂરી કરો.

મુનિ— હે અભયકુમાર, આ સંસારમાં ડગલે ને પગલે ભય રહેલો છે. જો સાચવી સંભાળીને ના રહો તો ઊંડી ખાઈમાં ધકેલાઈ જવાનો પણ ભય સમજવો– મહાભયની વાત મારી પોતાની અનુભવેલી છે– તે કહું છું— સાંભળ :—

ગંગા નદીને કિનારે અંગ નામનો અત્યંત રમણીય અને સમૃદ્ધ પ્રદેશ હતો. ખેતરોમાં ઢગલાબંધ ધાન્ય નીપજતું. લોકો સૌ સુખી અને સંતોષી હતાં તેમાં એક નાના ગામમાં હું એક ખેડૂત હતો. પૈસેટકે સુખી હતો. સૌંદર્યમાં રતિને પણ ચડી જાય એવી અત્યંત રૂપવતી મારે સ્ત્રી હતી. અમે બંન્ને પરસ્પર સંસારસુખ ભોગવી આનંદમાં દિવસો વિતાવતા હતા. હું મારી જાતને માનતો કે મારા જેવો કોઈ સુખી માણસ આ દુનિયામાં નહિ હોય.

એ સમયમાં ચોર-ડાકુ લોકોનો બહુ ભય હતો. એક-

વાર અમારા ગામ ઉપર લુંટારાઓ ત્રાટક્યા. લોકો ડરના માર્યા પોતાનો જીવ બચાવવા ભાગ્યા. જીવ બચાવવા જ્યાં ફાવે ત્યાં ચાલ્યા ગયા. હું પણ ડરનો માર્યો મારા મકાનના એક ખુણામાં સંતાઈ ગયો. મારી પત્નિને લાગ્યું કે ગામના માણસો સાથે હું પણ નાસી ગયો છું. જો આ ડાકુ લોકો મારા પતિને મારી નાંખે તો સારું જેથી હું આ ડાકુ લોકો સાથે ચાલી જાઉં અને તેમની સાથે સુંદર પ્રકારના ભોગ ભોગવી શકું. મારા ભાગ્ય જો જોર કરતાં હોય તો જ આવું બની શકે. અન્યથા નહિં. આ સમયે મને એ લોકો સાથે ભાગી જવાનો ચાન્સ છે અને આવો ચાન્સ વારંવાર મળતો નથી એટલે આ ચાન્સ હું જતો કરવા ઈચ્છતી નથી.

એવામાં એ ડાકુ લોકો મારા ઘરમાં પ્રવેશ્યા – મારી પત્નિએ હસતે મુખડે તેમને આવકાર આપ્યો તેમજ તેણે કહ્યું કે હે બહાદુરો, મને તમારી સાથે લઈ જાઓ.– હું તમારી સાથે આવીશ. તમારી પત્નિ બનીને તમારી સાથે મનોરંજન કરીશ. આમે તમે આવી ચડયા તે મારું નસીબ કહેવાય. પરી જેવી સ્વરૂપવાન અને ફાટ ફાટ થતા યૌવનથી મદમાતી નવયૌવના સામે ચાલીને આવતી હોય તો કોણ જવા દે !

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા કોણ અભાગી જાય !

ચોર લોકો આનંદથી તેણીને લઈ ગયા અને પલ્લીએ

જઈ એ સ્ત્રી પોતાના નાયકને ભેટ આપી. આવી સુંદર ભેટ મલવાથી તેમનો નાયક ખૂબ જ રાજી થયો. અને તેણીની સાથે લગ્ન કર્યા– અને ત્યારબાદ એ સ્ત્રી આનંદ-પૂર્વક રતિસુખ ભોગવવા લાગી. ભોગ ભોગવવાની તૃષ્ણા છીપાવવા ચકચુર બની અને રાતદિન તેમના નાયકને પાગલ બનાવી દીધો. નાયક હવે આખો દિવસ તેની નિશ્રામાં પલ્લીમાં જ રહેતો.

આ બાજુ ચોર લોકો ચાલ્યા ગયા બાદ ગામના બધા માણસો પાછા આવ્યાં. હું પણ ઘરની બહાર ફરવા લાગ્યો અને સૌ સૌના કામધંધે લાગી ગયા. પરંતુ લાજમર્યાદા મૂકીને ગયેલી એવી મારી પત્ની પાછી ન ફરીતે ન જ ફરી. જેને મૂકી લાજે, એને નાનું એવું રાજ;

ગામના કેટલાંક ડાહ્યા માણસોએ મને કહ્યું— કે આમ બેસી બેસીને શું કરીશ? ડાકુ લોકો માગે તેટલું ધન આપીને તારી પત્નિને છોડાવી લાવ. ધણી જીવતો હોય અને તેની નજર સામે પોતાની પત્નિ અન્ય ઘેર રમતી હોય તે માણસમાં અને કૂતરામાં શું તફાવત? માટે ગમે તે રીતે પોતાની પત્નિ પાછી મેળવવી એ મનુષ્ય માત્રની નૈતિક ફરજ છે. સંબંધીઓના ઉત્સાહ ભર્યા આશ્વાસન અને ઉષ્મા ભર્યા તથા યોગ્ય શબ્દોથી મને પાનો ચડ્યો એટલે હું મારી પત્નિ પાછી મેળવવા નીકળ્યો. પત્નિ મેળાપના વિચારો કરતાં કરતાં હું ડાકુઓની પલ્લી સુધી પહોંચ્યો, ત્યાં અંદર જવું અતિશય મુશ્કેલ હોવાથી એક વૃદ્ધાને

થોડું ધન આપી રાજી કરી. તે વૃદ્ધા મારું કામ કરી આપવા તૈયાર થઈ.

મેં એ વૃદ્ધ સ્ત્રીને મારું નામ અને ગામ જણાવ્યા. તેમજ કહ્યું કે મારી પત્નિને આ લોકો હરણ કરી લાવ્યા છે. રૂપમાં સૌ કોઈ અંધ બને એ સ્વાભાવિક છે એ રીતે તમારો પલ્લીપતિ મારી પત્નિના રૂપમાં મુગ્ધ બન્યો છે એને મારો સંદેશો પહોંચાડી દે. મેં તે વૃધ્ધા સાથે કહેવડાવ્યું – હે ગજગાંમીની, તારો પતિ તારા પ્રેમથી ગાંડો બનીને તને લેવા માટે અહીં આવ્યો છે અને તને મલવા માંગે છે. વૃધ્ધા સ્ત્રીએ મારો સંદેશો પહોંચાડયો. આ સાંભળી મારી પત્નિને મનમાં દ્વેષભાવ હતો છતાં કૃત્રિમ પ્રેમની લાગણી બતાવતાં કહ્યું- હે બાઈ, મારા પ્રિય પતિ મને લેવા આવ્યા છે એ જાણી મને અત્યંત આનંદ થયો છે. એમનો મારા પ્રત્યેનો અપાર પ્રેમ અને લાગણી સ્પષ્ટ દેખાઈ આવે છે. હું બહુ ખુશ થઈ છું – તું તેમની પાસે જઈને કહેજે કે તમારી પત્નિ તમારા વિયોગમાં ઘણી ઝુરે છે. આપના મધુર મિલનની પ્રતિક્ષા કરી રહી છે. પલ્લીપતિ યાને ડાકુઓનો અગ્રેસર આજે બહાર જવાનો હોવાથી તમે અમુક સમયે તમો આવજો–ત્યારબાદ કેવી રીતે છૂટવું તેનો રસ્તો મને આવડે છે એટલે તે વિષે આપણે:મલીશું ત્યારે વાત કરીશ. હું તમારી છું અને તમારી રહેવાની છું એમાં લેશ માત્ર શંકા રાખશો નહિ.

પેલી વૃધ્ધા મારી પાસે આવી હર્ષપૂર્વક કહેવા લાગી-

કે હે પુત્ર, જેવી રીતે સતી સીતા રાવણને ત્યાં રહી રામનું ધ્યાન ધરતી હતી તેવી રીતે તારી સ્ત્રી– તારું જ સ્મરણ કરતી ધરતી આ લુંટારાઓની પલ્લીમાં રહી છે. તને સહેજે ભૂલી નથી. તારા નામની માળા ગણે છે. અને કહેવરાવ્યું છે કે પલ્લીપતિ ધાડ પાડવા જાય ત્યારે તમે આવીને મળજો.

આવા સ્નેહભર્યા શબ્દો સાંભળી મને ખૂબ જ આનંદ થયો. અને પલ્લીપતિની ગેરહાજરી થઈ એટલે સૂર્યાસ્ત બાદ કેટલોક સમય ગયા પછી હું મારી પત્નિને મલવા ગયો. મને જોઈને મારી પત્નિ બનાવટી પ્રેમ દાખવી દોડતી મને સામે તેડવા આવી. અને તેની ઝુંપડીમાં લઈ ગઈ. મીઠા મીઠા શબ્દોથી મને રાજી રાજી કરી દીધો. અને કહેવા લાગી કે હે નાથ, ખરેખર હું ભાગ્યશાળી છું કે હું આપના પવિત્ર દર્શનથી પવિત્ર બની. નદી સમુદ્રને મળવા જાય છે પણ સમુદ્ર નદીને મળવા આવતો નથી તેવી રીતે મારે આપની પાસે આવવું જોઈતું હતું પરંતુ હું લાચાર હતી. આ ચોરલોકોની કેદમાં આવી પડેલી તેથી શી રીતે આવી શકું ? આપને મારા પ્રત્યે કદાચ ગુસ્સો આવી ગયો હોય તો મને ક્ષમા કરશો હું તો આપની જનમોજનમની દાસી છું. આવા આવા સ્નેહભર્યા શબ્દો સાંભળી હું પીગળી ગયો. અને વિચારવા લાગ્યો કે ખરે જ ! આ સ્ત્રીને મારા પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. એની મીઠી ભાષા અને એના સ્રીચરિત્રમાં હું છેતરાઈ ગયો. સ્ત્રી–ચરિત્રને કોણ સમજી

શકયું છે ? ભલભલા મહારથીઓ પણ તેની પાસે હારી ગયા છે તો હું માત્ર કોણ ?

મારી પત્નિ ખોટું ખોટું રડવા લાગી. મેં સત્ય સમજીને એના આંસુ લુછવા માંડયા. અને મેં એને સાન્ત્વન આપ્યું. છાની રાખી. આથી તે શાંત થઈ ગઈ. અને ત્યાર બાદ મને હાથ પકડીને પલ્લીપતિના ખાટલામાં બેસાડયો. એનું હૃદય તો વિષથી ભરેલું હતું છતાં ઉપરથી કળવા પણ દેતી ન હતી. મારા પગ ધોવા તૈયાર થઈ એવામાં પેલો ડાકુઓનો માલિક પાછો આવતો જોઈ મારી પત્નિએ મને સંતાઈ જવા સમજાવ્યું. પલ્લીપતિ બહુ ઘાતકી અને દુષ્ટ છે. હું એને પાઠ ભણાવી બધું ઠીકઠાક કરી દઈશ. દરમ્યાન તમે પલંગ નીચે સંતાઈ જાવ. હું મારી પત્નિના વચનોમાં વિશ્વાસ રાખી ખાટલા તળે છૂપાઈ ગયો.

મારી પત્નિએ તેના જારને ખૂબ જ માનથી બોલાવી હાથ ઝાલી પલંગ પાસે લાવી ત્યાં બેસાડયો. અને તેની સેવા કરતાં કરતાં મારી પત્નિએ પેલાં નાયકને પૂછયું— “હે સ્વામિનાથ, કાકતાલી ન્યાયે કદાચ મારો પતિ અહીં આવી ચડે તો તમે શું કરો ? ”

પેલા નાયકે કહ્યું – હું ખૂબ જ ભાવપૂર્વક તેની સ્ત્રી તેને પાછી સોંપી દઉં. જે તારો પતિ છે એ મારે આદરણીય – પૂજ્ય જ હોય, આ સાંભળી મારું હૈયું આનંદીત થયું. પરંતુ તેનો આવો જવાબ મારી પત્નિને ગમ્યો ન

હતો. એટલે તેના મોં ઉપર નાખુશી અને ગુસ્સાનો ભાવ લાવી લાલ આંખ કરી મૌન રહી. આ જોઈ પેલો પલ્લી-પતિ ફરી બોલ્યો —

હે રૂપસુંદરી! તું આમ ગુસ્સે શા માટે થાય છે? હું તો તારી મશ્કરી કરતો હતો. આવી (તારા જેવી) સુંદર-સલોની રૂપકડી લલના મળે તેને કેમ પાછી અપાય? હવે પાછી આપવાની વાત કરાય જ નહિં. પરંતુ જો કોઈ લેવા આવે તો તેને જીવતો પાછો જવા દઉં જ નહિ.

સુંદરતાકા સભી શિકારી, કોઈ નહિં હૈ પૂજારી.

આ સાંભળીને મને મારી પત્નિ પ્રત્યે ધિક્કાર ઉપજ્યો. મને મારી નંખાવવા માટે જ આ કાવત્રુ કર્યું હોય એવું લાગ્યું. અત્યાર સુધી કેવી મીઠી વાણી આદરસત્કાર વગેરે બતાવતી હતી પરંતુ તેના હૃદયમાં હુળાહુળ ઝેર હતું, તે હું પારખી શક્યો નહિ. પલંગ નીચે પડ્યો પડ્યો હું અનેક વિચારો કરી રહ્યો હતો.

એવામાં મારી પત્નિએ પેલાને આંખના ઇશારે સમજાવી દીધું કે હું પલંગની નીચે ભરાયો છું. એટલે એણે મારા વાળ પકડી–ઢસડીને બહાર કાઢ્યો અને મીઠાવાળા ચામડાની વાધરીથી એક થાંભલી સાથે મને બાંધી અને ચાબૂકથી ખૂબ જ ફટકાર્યો, માર માર્યો. આથી હું વેદના સહી શકતો ન હતો. મારી પત્નિ મારા તરફ જોઈને મનમાં હસતી હતી.

ત્યાર પછી પેલો પલ્લીપતિ અને મારી પત્નિ પલંગમાં બંનેએ લજ્જાને તિલાંજલી આપી મારી સન્મુખ મને બાળવા માટે સૂઈ ગયાં. તેઓ મીઠી ઉંઘ તાણી રહ્યા હતા. એ દરમ્યાનમાં કોઈ ઉંદરડો આવી મારું ચામડાનું બંધન કરડી મને છૂટો કર્યો એ કોઈ દૈવી સંકેત જ હશે. નિર્વિઘ્ને હું છૂટચો. પહેલાં પેલા પલ્લીપતિને મારી નાંખવાની ઈચ્છા થઈ પરંતુ ના, ના, એ નિર્દોષ બિચારાનો પ્રાણ લેવો નથી આમાં ખરેખર ગુનેગાર તો મારી પત્નિ જ છે. પણ પત્નિ ખરાબ ચાલની હોવા છતાં પણ તેને જારના ઘેર રહેવા દેવી ઉચિત નથી એટલે મેં એક હાથમાં તલવાર બતાવી ચૂપચાપ મારી સાથે ચાલી આવવા જણાવ્યું.

ડરને કારણે તેણી પલંગમાંથી ઊઠી. મારી સાથે ચાલી નીકળી – અમે અમારા ગામ તરફ વળ્યાં. રાત્રિના અંધકારનો સમય હતો અને અમે બંને ચાલ્યાં જતાં હતાં. મારી સ્ત્રીના હૃદયમાં મલિન વિચારો હતાં તેથી પોતાના વસ્ત્રની કિનારી કિનારી ફાડીને કકડાં રસ્તે નાંખતી આવતી હતી. આમ જતાં જતાં સવાર પડી. હવે માર્ગમાં વાંસનું એક બિહામણું વન આવતું હતું અમારે તેમાં થઈને પસાર થવાનું હતું એટલે અમે તે જંગલમાં પ્રવેશ્યા.

તે દરમ્યાનમાં પેલો પલ્લિપતિ જાગી ઊઠચો અને મારી પત્નિની શોધ કરતાં કરતાં મારી પત્નિએ રસ્તે વેરેલી કાપડના ટુકડાની નિશાનીએ દોડતો અમારી પાછળ આવી લાગ્યો અને મને પકડચો. મને સખત માર માર્યો. હું

બેભાન થઈ જમીન પર ઢળી પડયો, તેમ છતાં મને મારી નાંખવાના ઇરાદાથી સખ્ત માર માર્યો. હું બેભાન બની ગયો. મને એમને એમ મૂકી – મારી પત્નિને લઈને તે લોકો ભાગી ગયા.

ખરેખર સ્ત્રી ઉપરનો રાગ એ સર્વ પાપનું મૂળ છે.

પેલો પલ્લીપતિ મારી સ્ત્રીને પાછો લઈ ગયો – મારી પત્નિ પોતાને બુદ્ધિશાળી માનવા લાગી કે જેથી તે પાછી પલ્લીપતિને ત્યાં આવી શકી અને તે લોકો સ્વચ્છંદપણે ભોગ–સુખ ભોગવવા લાગ્યાં.

એવામાં એક વાનર અચાનક મારી પાસે આવી બેઠો. મને જોઈને એને ખૂબ જ દુઃખ થતું હોય એમ મૂર્છિત બની ગયો. થોડીવારમાં તે કયાંક જતો રહ્યો અને અમુક ઔષધિઓ અને પાણી લઈને આવ્યો. મારા શરીર પરના ઘા તેણે સાફ કરી ઔષધિનો લેપ લગાડયો. જેથી મને ખૂબ જ શાતા વળી. થોડા સમયમાં મને સ્ફૂર્તિ આવી. હું ઊભો થઈ શકયો. આમ વાનરની કૃપાથી હું સાજો સમો થયો – નવો અવતાર મળ્યો. આ રીતે તેણે મારા ઉપર અનહદ મહાન ઉપકાર કર્યો.

હવે હું તદ્દન સાજો સમો થઇ ગયો એટલે પેલા મારા પરમ ઉપકારી વાનરે મને લખીને તેની કેટલીક વાત સમજાવી કે તે વાનર પૂર્વજન્મમાં સિદ્ધ કર્મા નામનો વૈદ્યરાજ હતો. પરંતુ કર્મોના પરિણામે આ જન્મમાં વાનર તરીકે જન્મ પામ્યો છું. મારી જાતિમાં યુથપતિ તરીકે હર્ષથી

હું આ જંગલમાં ફરું છું. મારે એક પત્નિ હતી. તેની સાથે ક્રીડા કરતો જીવન પસાર કરતો હતો. એકદા એક બળવાન વાનર આ જંગલમાં આવી ચડ્યો અને મારી પત્નિ (વાનરી) વિષે તેને પ્યાર ઉત્પન્ન થયો. તેથી તેણે મારી સાથે લડાઈ કરી. લડાઈમાં હું હારી ગયો તેથી તે મારા યૂથનો અને પત્નિનો ભોકતા બન્યો. જેથી હું અત્યંત દુઃખી થઈ ગયો છું અને ગાંડાની જેમ ભટકું છું. તારા બળવાન આયુષ્યના જોરે હું અહીં આવી ચડ્યો અને તું બચી ગયો. મેં તને ક્યાંક જોયો છે એ યાદ કરતાં મને મારો પૂર્વજન્મ યાદ આવી ગયો અને મારી વિદ્યાનું સ્મરણ થયું જેથી એ ઔષધિ લાવી તને સાજો કર્યો. હવે હું તારી પાસે એક માગણી કરું છું — કે પેલા મારા શત્રુવાનર પાસેથી મને મારું રાજ્ય અને પત્નિ પાછી અપાવ. તું મારા ઉપર ઉપકાર કરી મારા મનને શાંતિ આપનારો બન.

મેં વિચાર્યું કે મારા પ્રાણ બચાવનાર માટે મારે કાંઈક તો અવશ્ય કરવું જ જોઈએ નહિંતર હું નગુણો કહેવાઉં એટલે મેં મદદ કરવાની તૈયારી બતાવી જેથી એ વાનર મને તેની સાથે લઈ ગયો. દરેક જગાએ બળ કામમાં આવતું નથી કળથી પણ કામ લેતાં શિખવું જોઇએ. આ વાનર પેલા બળવાન વાનર સાથે જોર જોરથી લડવા લાગ્યો. બન્ને એકબીજાને નખ મારતાં બચકાં ભરતાં પરંતુ યુદ્ધમાં આ વાનર હારીને મારી પાસે આવી ગયો. મને લખી જણાવ્યું કે તમારી આશાએ હું લડવા આવ્યો હતો પરંતુ

તમે મને કોઈ જ મદદ ન કરી એટલે મારી આવી સ્થિતિ થઈ. મેં તમારો વિશ્વાસ રાખ્યો પરંતુ હવે સમજાયું કે—

"પારકી આશા સદા નિરાશા."

મેં તેને આશ્વાસન આપી સમજાવ્યું– હે મિત્ર, તું કહે છે તે સત્ય છે પણ હું તને સહાય ન કરી શકયો એમાં મારી દાનત એવી ન હતી, પરંતુ તમે બંને એક સરખા દેખાતા હતા એટલે જો હું કાંઈક કરું અને કદાચ તને જ ઈજા થઈ જાય તો ? એટલે હું લાચાર બની ગયો હતો. મારી કોઈ ખરાબ દાનત ન હતી. માટે તું જલ્દીથી ઓળખાઇ શકે એ માટે કોઈ ચિન્હ રાખવું જરૂરી છે. તું ગળામાં માળા રાખ– આ રીતે ગળામાં માળા ધારણ કરી ફરીવાર પેલા શત્રુવાનર સાથે લડવા લાગ્યો. મારા ઉપકારી વાનરને બચાવવા મેં એક ધારવાળો પત્થર દુશ્મન વાનરના મર્મસ્થળે સજ્જડ માર્યો જેથી એ વાનર બેભાન બની ગયો અને તરત જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. આમ શત્રુનો નાશ થવાથી મારા ઉપકારી વાનરને તેનું યૂથ અને પત્નિ મલી ગયાં. તે અત્યંત આનંદમાં આવી ગયો. અને હું તેની અનુજ્ઞા મેળવી પલ્લી તરફ ચાલી નીકળ્યો.

પલ્લી ગામમાં જઈ પલ્લીપતિના ઘરમાં ખાતર પાડી અંદર પ્રવેશ્યો. મેં જોયું તો તે મારી પત્નિ સાથે ઊંઘતો હતો. પાસે જ તેની ખુલ્લી તલવાર પડી હતી. તરત જ મેં તે ઉપાડી લીધી અને ગુસ્સામાં આવી મેં તેનું માથું કાપી નાંખ્યું. બાજુમાં સુતેલી મારી પત્નિ જાગી ઊઠી અને

મારું રૌદ્ર સ્વરૂપ જોઈ થરથર ધ્રુજવા લાગી. મેં તેનો ચોટલો પકડ્યો અને બોલ્યો– અરે ! નીચ, પાપી, કુલટા, મારા ઘરની આબરૂ નાશ કરનારી અધમ સ્ત્રી ચાલ આગળ થા – જો એક પણ શબ્દ બોલીશ તો તારા પ્રેમીની જેમ – જીવતી નહિં રહે. મારી પત્નિ સમય સમજી મૌન રહી આગળ ચાલવા લાગી અને તેની પાછળ હું હતો. આમ અમે ઘર તરફ અમારા ગામ જવા લાગ્યા.

રસ્તામાં મેં અનહદ શબ્દો સંભળાવ્યાં. મારા ગામ જઈને એ નીચ સ્ત્રી મારા ભાઈઓને સુપ્રત કરી જણાવ્યું કે આ કુલટાને સાચવજો.

આ સમયે અભયકુમારે પૂછ્યું– હે મુનિ મહારાજ, એક વાર જીવતી જવા દીધી તેનું કેવું પરિણામ મલ્યું ? તો ફરી શા માટે આવી ભૂલ કરી ?

મુનિશ્રી– હે અભય, તારો પ્રશ્ન તદ્દન સરળ અને સ્વાભાવિક છે. મારે મારી સ્ત્રીનું કોઈ જ કામ ન હતું પરંતુ મારે તો પ્રતિજ્ઞાનું પાલન કરવું હતું માટે જ મારે ગામ લઈ આવ્યો હતો. આમ સ્ત્રીનું ચરિત્ર જોયું. સંસાર ઉપરથી મને વૈરાગ થયો. કહેવત છે કે હિમાલયની ઊંચાઈ માપી શકાય.

સમુદ્રની ઊંડાઈ માપી શકાય.

પણ સ્ત્રીનું હૃદય કદી માપી શકાતું નથી.

આથી સંસારની માયા છોડી મેં સુસ્થિતાચાર્ય પાસે

દીક્ષા અંગીકાર કરી. આ પ્રકારે સંસારમાં મેં અનુભવેલો "**મહાભય**" યાદ આવી જતાં. મારા મુખમાંથી એ શબ્દો સરી પડેલાં.

અભયકુમાર એ મુનિને બે હાથ જોડી વંદન કર્યું મુનિરાજની ઘણી ઘણી પ્રશંસા કરી એટલામાં રાત્રિનો ત્રીજો પહોર શરૂ થયો અને ધનદ નામના ત્રીજા સાધુ આચાર્ય મહારાજ પાસે ભક્તિ અર્થે જાગરણ કરવા આવી ગયાં. આચાર્ય દેવના ગળામાં ઝળહુળતો હાર જોઈ તે ધ્રૂજી ઊઠયા– અરે ! કોઈ અધમ માણુસે આ દુષ્કૃત્ય કર્યું લાગે છે, પણ એને ખબર નથી કે પોતે શું કરી રહ્યો છે. મુનિ પોતાનો સમય પૂરો કરી જતી વખતે બોલી ગયાં કે "**અતિભય**" આથી અભયકુમારે પૂછ્યું કે હે મુનિરાજ, આપને વળી અતિભય કેવો ? મુનિ બોલ્યા– તારી વાત ખરી છે પરંતુ સંસારીપણામાં મેં અનુભવેલો "**અતિભય**" મને યાદ આવી જતાં મારાથી એ શબ્દો નીકળી પડ્યા.

અભયકુમારે વિનંતિ કરી કે તે વૃત્તાંત મને કહેવા કૃપા કરશો ? ગુરૂજીએ કહ્યું– "સાંભળ."

અવન્તી નગર પાસે એક નાનું એવું ગામ હતું. ચારે વર્ણોથી એ શોભતું હતું. ખેડૂતોની વસ્તી સારા પ્રમાણમાં હતી. આ નગરમાં હું એક ક્ષત્રિયને ત્યાં પુત્ર રૂપે જન્મ્યો હતો. અને અવન્તીના એક સારા કુળવાન

ક્ષત્રિયની પુત્રી જે અત્યંત રૂપગર્વિતા હતી. તેની સાથે મારા લગ્ન થયાં હતાં અને તેનું નામ લક્ષ્મી હતું. ખરેખર તે ક્ષત્રિય પુત્રી ખરેખર પાપની મૂર્તિ હતી. પરંતુ મેં એની કોઈપણ જાતની તપાસ કર્યા વગર જ માત્ર રૂપ જોઈને મોહીને લગ્ન કરેલાં પરંતુ તેના ગુણ જોયાં ન હતાં.

મારા લગ્ન થઈ ગયાં પછી એક વખત મારી પત્નિ તેના પિયરીયે ગયેલી ત્યારે તેને તેડવા માટે હું મારા સાસરે જવા નીકળ્યો. જાતે ક્ષત્રિય હતો એટલે તલવાર તો સાથે હોય જ ને! ડર શું ચીજ છે એ તો હું જાણતો જ ન હતો. માર્ગે જતાં અન્ય કોઈને પણ ઉપયોગી થવું એ અમારી ફરજ સમજતાં. ચાલતાં રસ્તામાં મહાકાલ નામનું ભયાનક સ્મશાન આવ્યું. તે સમયે રાત્રી થઈ ગઈ હોવાથી ધીરે ધીરે અંધકાર ઊતરતો જતો હતો. આ સ્મશાન એટલે કે મહાકાલનું નામ લેતાં જ અચ્છા અચ્છાના છક્કા છુટી જતાં, કાચા પોચા માનવીનું તો ત્યાંને ત્યાં હાડ બેસી જતું. અનેક સંખ્યાબદ્ધ અહીં ભૂતપ્રેત નૃત્ય કરતાં, કોઈ કોઈ જગાએ મડદાંના ઢગ પડેલાં દેખાતાં, વળી ઠેરઠેર હાડકાં–ખોપરી પડેલાં જોઈ ભયાનકતામાં વધારો. કરતાં, જાતજાતના વિચિત્ર અવાજો સંભળાતા, હાથમાં છરા લઈને ફરતા પિશાચો દેખાતાં, કોઈક જગાએ ચિતા જલતી દેખાતી, ઘુવડની કીકીયારી સંભળાતી, શિયાળવાની લાળી સંભળાતી, એ સમયે હું ત્યાંથી પસાર થઈ રહ્યો હતો. મેં એ સ્મશાનમાં રડતી એક

સ્ત્રી જોઈ મને દયા આવવાથી હું નિર્ભયતાથી ત્યાં ગયો અને પૂછ્યું– હે બાઈ, તું શા માટે આટલું ભયંકર આક્રંદ કરે છે તારે જે કાંઈ દુઃખ હોય તે મને કહે– હું મારાથી બનતી તમામ રીતે મદદ કરીશ.

ત્યારે તે સ્ત્રી બોલી– અરે ભાગ્યશાળી, જેની તેની પાસે પોતાનું દુઃખ ગાવાની શું જરૂર છે? પરદુઃખભંજન એવા ક્ષત્રિયો હવે આ પૃથ્વી ઉપર રહ્યાં નથી. છતાં મેં કહ્યું— અરે બાઈ, મુખ્ય મુદ્દાની વાત કર. બધાં જ બાયલા હોતા નથી, ક્યાંક તો મર્દ પણ હોય છે, માટે તારી દુઃખની વાત કર તો મને કાંઈક સમજ પડે.

બાઈ બોલી— જો આ બાજુ શૂળી ઉપર જે મડદું છે તે મારા પતિનું છે. હું એમને મન અને એ મારે મન પ્રાણ કરતાં પણ અધિક હતાં. જેથી હું તેમને શી રીતે વિસરું ? એક સામાન્ય ગુનાના કારણે નિર્દય પોલીસોએ એમને આવી સજા કરી છે. એ જોઈ હું ખૂબ ખૂબ રડી. પણ હવે થાય શું? મારા પતિને દહીં–ભાત બહુ ભાવતાં એટલે છેલ્લે છેલ્લે મારા હાથનું ભોજન જમાડું એવી મારી ઈચ્છા છે. હું નીચી છું અને તેઓ શુળી ઉપર હોવાથી મારો હાથ ત્યાં પહોંચી શકે તેમ નથી. એટલા માટે હું રડી રહી છું.

આ સ્ત્રીની વાત સાંભળી મને તેના પ્રત્યે અત્યંત લાગણી થઈ. ખરેખર આ સ્ત્રી પતિભક્ત લાગે છે આવું ઉત્તમ રત્ન બધે જ મળતું નથી. આથી તેને કહ્યું કે મારી

પીઠ ઉપર પગ મૂકી ઊભી રહી તું તારા પતિને પ્રેમથી જમાડજે.

આ સાંભળી રડવાનું બંધ કરી ભોજનની થાળી લઈ મારી પીઠ પર ઊભી રહીને બોલી– જ્યાં સુધી હું મારા પતિને ભોજન પૂરું ન જમાડું ત્યાં સુધી તારે મારી સામે ઊંચું જોવું નહિં. કારણ કે શરમથી મારા હાથમાંથી પાત્રો છટકી જશે તો તે પાત્રો અને હું નીચે પડી જઈશું એવો મને ભય છે.

સામાન્ય રીતે થવો જોઈએ તે કરતાં વધારે સમય થઈ જવા છતાં પેલી સ્ત્રી નીચે ન ઊતરી તેમજ મને તેનો ભાર વધુને વધુ લાગતો ગયો ત્યારે હું વિચારવા લાગ્યો કે આ સ્ત્રી ક્યાં સુધી આમ ખવડાવ્યા કરશે? હવે કેટલી વાર લાગશે તેમ બીજા વિચારો વિચારી મેં તેની સામે જોયું.

એ સ્ત્રી શૂલીપર રહેલા પુરુષના મૃતદેહમાંથી માંસ કાપી રહી હતી. એ જોઈ મને તેણીના પ્રત્યે ધિક્કારની લાગણી જન્મી. તેમજ જરૂર આ કોઇ ડાકણ હોવી જોઇએ કારણ કે આ જગ્યા નગરની યોગિનીની જ છે. હું ક્ષત્રિય હોવા છતાં ભય પામ્યો અને મારી તલવાર મૂકીને નગર તરફ ભાગવા લાગ્યો. પેલી સ્ત્રી મને ઓળખી ગઇ હતી. એને મનમાં શંકા થઈ કે આ મારો પતિ કદાચ મને ઓળખી ગયો હશે. એટલે મને મારી તલવાર વડે મારવા મારી પાછળ દોડતી આવી. હું આગળ અને એ પાછળ દોડતી હતી.

હું નગરની નજીક આવી પહોંચ્યો અને જેવો હું નગરમાં પ્રવેશ કરવા જાઉં છું ત્યાં તેણીએ મને છૂટી તલવાર મારી જેથી મારા શરીર ઉપર ઉગ્ર ઘા પડયો. અને હું પડી ગયો. અને સંકટ સમયે સૌ દેવ દેવીને યાદ કરે છે તેમ હું કુળદેવતાનું સ્મરણ કરવા લાગ્યો. હે દેવ મારી રક્ષા કરો. અત્યંત પીડા ભોગવી રહ્યો હતો છતાં કુળદેવતાને વિનંતિ કરી રહ્યો હતો. હે દેવ, હું પરોપકાર કરવા ગયો તેના બદલામાં મને આવું ફળ મલ્યું છે માટે મને બચાવો દેવ !

કૂળદેવતા પ્રત્યક્ષ થયા અને બોલ્યા – હે વત્સ, બહુ ખેદ ન કરીશ, હિંમત રાખ. તને પડેલ ઘા મટાડી દઉં છું. સ્મશાનમાં વસતી શાકીનીઓની અમુક હદ હોય છે એટલે તેમની હદમાંથી બહાર નીકળી ગયા પછી તેમનું કાંઈ જ ચાલતું નથી. માટે હવે તારે માટે ચિંતાનું કોઈ કારણ રહેતું નથી. નિર્ભય બન.

આથી હું શુદ્ધિમાં આવ્યો. મને પડેલ ઘા દેવની કૃપાથી તરત જ રૂઝાઈ ગયો અને મેં બે હાથ જોડીને સદ્‌ભાવનાથી કુળદેવતાની સ્તુતિ કરી. ત્યારબાદ હું નગરીમાં ગયો. પ્રિયાને ભેટવાની તીવ્ર ઉત્કંઠા હોવાથી એકદમ સસરાના ઘેર ગયો. જોયું તો ઘરના બારણાં બંધ જોઇ બારણા પાસે આવી ઉઘડાવવા વિચાર્યું પણ બારણાના એક નાના છિદ્રમાંથી અંદર નજર કરી તો હું અવાક્ થઈ ગયો. મારી પત્નિ અને તેની માતા અત્યંત આનંદપૂર્વક મદિરા

પૂર્વક–માંસાહાર કરી રહ્યાં હતાં અને વાત કરી રહ્યા હતા. તે સાંભળવાની મારી જિજ્ઞાસા થઈ એટલે ચૂપચાપ ઊભો રહી સાંભળવા લાગ્યો.

માતા— મારી વ્હાલી પુત્રી, આવું જીભને મનગમતું સ્વાદિષ્ટ માંસ કયાંથી મેળવી લઈ આવી? આવો સ્વાદ મેં કદી માણ્યો નથી.

પુત્રી— હે માતા, આ જે તું ખાઈ રહી છે તે તારા જમાઈના દેહમાંથી કાપી લાવેલું માંસ છે.

માતા— બેટા, આવું મનફાવે તેમ ખોટું શું બોલે છે?

ત્યારે પુત્રીએ વિગતવાર તમામ હકીકત કહી સંભળાવી. પાપી લોકોને પાપ કર્યાનો ગર્વ હોય છે અને તેને કારણે આનંદ અનુભવે છે. પરંતુ એનું પરિણામ શું આવશે તેનો વિચાર આવતો નથી–

માતા— હે પુત્રી, આ તેં યોગ્ય કર્યું ન કહેવાય. આ પ્રમાણે માતાએ પોતાની પુત્રીને ઘણીઘણી શિખામણ આપી પરંતુ અહંકારીને શિખામણ ગમતી જ નથી.

પુત્રી— મેં એમને ઊંચે જોવાની મના કરી હતી છતાં શા માટે ઊંચે જોયું? માટે કરે તે ભરે એ મુજબ એમને પોતે કર્યું તે ફળ ભોગવવા જ પડે! મને હતું કે એ મૃતદેહ (શૂળી ઉપરના)નું ઘણું ઘણું માંસ હું લાવીશ પરંતુ તે મુજબ બની શકયું નહિં.

આવા બુદ્ધિહીન માનવીને શિક્ષા તો થવી જ જોઈએ! મારી સ્ત્રીની આ પ્રમાણેની વાતચીત સાંભળીને મારા રોમરોમે ગભરાટ થઈ ગયો. હું મારી જાતને ધિક્કારવા લાગ્યો કે રૂપ જોઈને હું મોહો પડ્યો. વિષયસુખ ભોગવવા જતાં મેં કાંઈજ વિચાર્યું નહિં. હું માનતો હતો કે આ સ્ત્રી કુળવાન, ખાનદાન છે, પરંતુ તેનુ આચરણ જોતાં એ અધમમાં અધમ કોટીની નીચ સ્ત્રી નીકળી. શીલ કે ચારિત્ર્ય જેવું કાંઈ મને દેખાતું નથી.

હું તરત જ ત્યાંથી પાછો ફર્યો. અને યક્ષિણીના મંદિરમાં આરામ કરવા લાગ્યો. મારો જીવ વિચારે ચડી ગયો જેથી ઊંઘ શાની આવે? જેમ તેમ કરી રાત્રિ વીતાવી. સવાર પડી. સાધુજનો અને શ્રાવકો પ્રતિક્રમણ વિગેરે ક્રિયા કરવા લાગ્યા. તેમનો મીઠો મધુર અવાજ સંભળાતો હતો. હું મનથી વિચારી – સ્ત્રીનો ત્યાગ કરી – સંસાર ત્યાગ કરવાની ભાવના ભાવતો મારે ઘેર પાછો આવ્યો. મારા ભાઈભાંડુઓને મારી મનો-ભાવના જણાવી અને આત્મ કલ્યાણાર્થે મેં દીક્ષા અંગીકાર કરી.

આ રીતે સંસારમાં મેં જે ‘અતિભય’ અનુભવેલો તેનું મને અત્યારે સ્મરણ થઈ ગયું એટલે મારા મુખમાંથી ‘અતિભય’ શબ્દ સરી પડેલો, મનને જીતવું ઘણું જ કઠિન છે.

“મન મર્કટ સમાન છે, જે કદી સ્થિર રહેતું જ નથી.”

આ સમયે અભયકુમાર બોલ્યાં— અહો મુનિરાજ, ધન્ય છે આપને, કે આપ જ્ઞાનનું ફલ સમજ્યા- તેમ, જ વિરતિ મેળવવાનો પ્રયત્ન કર્યો. તમો સ્ત્રીનું અસલ સ્વરૂપ સમજી – તેનો સહવાસ ત્યજી – કામદેવનો પરાજય કરી– સંસાર છોડી પ્રવજ્યા અંગીકાર કરી જીવન સફળ બનાવી શક્યા છો. ઇંદ્રિઓનું દમન કરી – સ્ત્રી અને ભોગવિલાસને તજી જીવનનૈયા સહીસલામત પાર ઊતારી ગયાં.

રાત્રિનો ત્રીજો પહોર પૂરો થતાં ચોથા શિષ્ય ગુરુદેવની ભક્તિ અર્થે જાગરણ કરવા ગુરુજીની પાસે આવી લાગ્યાં. અને ગુરૂના કંઠમાં ઝળહળતો હાર જોઈ મુનિ સહેજ ગભરાયા. મને લાગે છે કે "રાજાને દર્દુશંક દેવે આપેલ હાર આ જ હશે! તેમજ રાણીનો ખોવાયેલ હાર પણ આ જ હોવો જોઈએ." આવો અલૌકીક – દિવ્ય અને ભરતકામ માનવીનું હોય જ નહિં. એટલે આ હારના ચોરને સખ્ત શિક્ષા ફરમાવી છે. ખરેખર ચોર આ હાર જીરવી નહિં શકયો હોય એટલે ગુરૂદેવના કંઠમાં પહેરાવી ભાગી ગયો હોવો જોઈએ. આ જોઈ "**અત્યંત ભય**" એમ બોલી જવાયું.

અભયકુમારે પૂછ્યું—હે મુનિરાજ, સૂર્ય હોય ત્યાં અંધકાર રહી શકે ખરો? આપને વળી ભય કેવો?

મુનિ- હે શ્રાવકરત્ન, સંસારીપણામાં અનુભવેલ અત્યંત ભય યાદ આવી જતાં મારા મુખમાંથી "**અત્યંત ભય**" એમ અનાયાસે બોલાઈ જવાયું. અભયકુમારને એ અત્યંત

ભય જાણવાની ભાવના હોવાથી મુનિ મહારાજ પાસેથી નીચે પ્રમાણે સ્વરૂપ સમજવા મંત્રી આતુર બન્યા.

ઉજ્જયીની નામે અતિ સુંદર નગરી હતી. ઠેરઠેર દેવમંદિરોથી – મોટી હવેલીઓ અને ગગનચુંબી મહેલોથી તે શોભી રહી હતી. અનેક ધનવાનો રહેતાં હતાં અને તેમના રક્ષણ માટે રાજ્યતરફથી રક્ષકદળ રાતદિવસ શહેરમાં ફરતું રહેતું હતું. ઠેર ઠેર બાગબગીચા અને હોજ ફુવારાઓ હતાં. લોકો ખૂબ સુખી અને સમૃદ્ધ હતાં એ નગરીમાં ધનદત્ત નામનો શેઠ અને સુભદ્રા નામે શેઠાણી રહેતાં હતાં. બંને નિરાભિમાની, ઉદાર અને ગુણવાન હતાં. તેમને બારણે આવેલ કોઈપણ યાચક ખાલી હાથે પાછો ફરતો નહિં. આમ છતાં તેઓ બંને ખૂબ જ નમ્ર અને અહંકાર વગરના હતાં. પરસ્પર ખૂબ જ પ્રેમભાવ રાખતાં અને કુળના આચાર વિચાર પાળતાં હતાં.

એવા કુટુંબમાં મારો જન્મ થયો. ઉંમરલાયક થતાં મને પરણાવવામાં આવ્યો– મારી પત્નિનું નામ શ્રીમતી હતું અને ખરેખર તે રૂપરૂપનો અંબાર, પુણ્યવતી અને બુદ્ધિશાળી હતી. મારા પ્રત્યે અત્યંત પ્રેમભાવ રાખતી. એના અસાધારણ એવા પ્રેમમાં હું સ્નાન કરી રહેતો. સંજોગોવશાત્ કોઈ કાળે હું ગુસ્સે થાઉં તો પણ તે સ્ત્રી તેની મર્યાદાનું ઉલ્લંઘન કરતી નહિં વિનય–વિવેક છોડતી નહિં. પરસ્પર અગાધ પ્રેમ હોવાને કારણે અમે ઊઠતાં–બેસતા–જમતાં–અને સૂતાં પણ એક સાથે જ. આમ હું

પત્નિમય અને તેણી પતિમય બની આનંદમાં સમય વિતાવતાં હતાં.

એક દિવસે મારી પત્નિને મૃગપુચ્છનું માંસ ખાવાની ભાવના થઈ તેથી તે લાવી આપવા મને કહ્યું-મેં પૂછયું કે તે કયાં પ્રાપ્ત થશે ? ત્યારે તેણીએ મને જણાવ્યું કે રાજગૃહી નગરમાં અભયકુમારના પિતા એવા શ્રેણિક રાજાના મહેલમાં જ મળી શકે બીજે કયાંય મળી શકે નહિં. તેથી હું રાજગૃહી જવા નીકળ્યો. અહીં આવ્યા પછી નગર બહારના ઉદ્યાનમાં એક વિશાળ વૃક્ષની નીચે આરામ કરતો હતો.

એ દિવસે અને એ સમયે શહેરમાં મહોત્સવ ચાલતો હતો. ત્યાંની વારાંગનાઓ સુંદર વસ્ત્રાભૂષણ અને અલંકારો પહેરી નગરની બહાર પડાવ કર્યો હતો. તેઓની સાથે કેટલાંક પુરુષો પણ ક્રીડાર્થે આવ્યાં હતાં. બગીચામાં અનેક પ્રકારે ક્રીડા કરી, જલક્રીડા કરવા માટે સરોવર વિષે પ્રવેશ્યાં. અને પાણીની છોળો ઉડાડવા લાગ્યાં. પાણીમાં ડૂબકી મારી બહાર આવતાં વળી વારંવાર ડુબકીઓ લગાવતાં, આ રીતે આનંદવિનોદ કરી રહ્યાં હતાં. આમ તોફાન મસ્તી કરતાં સ્રીઓના અંબોડાઓ પણ છૂટી ગયાં હતાં. સર્વત્ર આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.

આ વારાંગનાઓમાં મગધસેના નામે એક અતિ રૂપવતી – સૌંદર્યવાન અને લાવણ્યમયી વારાંગના હતી. આ સમયે તેણી અપસરાઓમાં ઈન્દ્રાણી શોભે તેમ શોભી

રહી હતી. એનું રૂપ જોઈને ભલભલા અંજાઈ જાય તેમ હતું. આ સમયે એક યુવાન વિદ્યાધરદેવ આ રસ્તે થઈને આકાશમાર્ગે જઈ રહ્યો હતો. તેણે મગધસેનાને જોઈ તેના રૂપમાં લુબ્ધ બની ગયો. તેના પ્રત્યેનું એનું આકર્ષણ ખૂબ જ વધી ગયું અને તે સ્ત્રીને મેળવવાની ઈચ્છા થઈ. પણ પરિણામનો લેશ માત્ર વિચાર કર્યા સિવાય તે વિદ્યાધરે મગધસેનાનું હરણ કર્યું આ જોઈ અન્ય સ્ત્રી પુરુષો ક્રીડા કરી રહ્યાં હતાં. તેઓ સૌ ગભરાઈને બૂમો પાડવા લાગ્યા. મગધસેના જોર જોરથી રડવા લાગી. અને બોલવા લાગી— "કોઈ મને બચાવો, મને આ ઊપાડી જાય છે. બચાવો–બચાવો" અને વિલાપ કરવા લાગી-

મગધસેનાનો વિલાપ સાંભળી મને કરુણા આવી. મેં પેલા આકાશમાર્ગે જતાં વિદ્યાધરને પગમાં બાણ માર્યું– જેથી મગધસેના તેના હાથમાં છૂટી થવાથી સરોવરમાં પડી. જેથી તેને કોઈ જ ઈજા થઈ નહિં. પાણીમાંથી બહાર નીકળતાંની સાથે મારી સન્મુખ ઊભી રહી. બે હાથ જોડી બોલી– હે સ્વામી ! આપ બહાદુર નવયુવાન છો. આપે મને બચાવી એ બદલ હું આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપ મારા મહેમાન છો. આપ મારી સાથે કદલી ઘરમાં પધારો– હું તેની સાથે ગયો. ત્યાં તેની દાસીઓ દ્વારા તેલ માલીસ કરાવી, સુગંધિત જળ વડે સ્નાન કરાવ્યું અને સુંદર વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં. ખૂબ જ ઉત્તમ પ્રકારનું જમણ જમાડ્યું અને ભોજન કર્યા પછી આરામ કરવા લઈ ગઈ

અને પલંગમાં બેસાડયો. ત્યારપછી પૂરા આદરભાવથી મને પૂછ્યું—હે પરદેશી, આપ કોણ છો? કયાં રહો છો? અને શા કારણથી આપને અત્રે પધારવું થયું છે?

મેં જણાવ્યું—હે સુંદરી, હું અવન્તીના એક વેપારી વણિકનો દીકરો છું. મારી પત્નિને મૃગપુચ્છનું માંસ ખાવાની ઈચ્છા થવાથી તે લેવા માટે મારે અહીં આ નગરીમાં આવવાનું થયું છે.

મગધસેના—હે પ્રાણદાતા, હે નાથ! આપે કહ્યું એ ઉપરથી હું આપને એટલું જ કહીશ કે આપની પત્નિ ખરેખર વ્યભિચારીણી હોવી જોઇએ. સ્ત્રીઓના ચરિત્ર અમે સ્ત્રીઓ સરળતાથી સમજી શકીએ. ખોટું લાગે તો ક્ષમા કરશો.

મેં કહ્યું—હે સુન્દરી, તારી વાત હું માનવાને તૈયાર નથી. મારી સ્ત્રી શીલ, ભક્તિ અને ગુણની ખાણ છે. વર્ષોથી હું તેની સાથે સહચાર માણું છું એટલે મને ખબર હોય તેટલી તને ન હોય.

આ સાંભળી મગધસેના મનમાં સમજી કે આમને પોતાની પત્નિ પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. એટલે મૌન રહી. કદાચ વધુ કાંઈક કહીશ તો અર્થનો અનર્થ સમજશે એટલે મૌન અતિ-ઉત્તમ છે.

થોડીવાર પછી મગધસેનાએ પોતાનો રત્નજડીત મુગટ મને પહેરાવ્યો. અને મને કહેવા લાગી, હે સ્વામી.

પધારો....ચાલો હવે આપણે શહેરમાં જઈશું. સેવકો દ્વારા રથ તૈયાર કરાવ્યો અને મને તેની સાથે રથમાં બેસાડયો: અને શહેરમાં જવા માટે હુકમ છૂટયો. ઢોલનગારાં અને જાતજાતના વાજિંત્રોના સૂર રેલાવા લાગ્યાં અને વરઘોડા રૂપે અમે નગરમાં પ્રવેશ કરવા લાગ્યાં. વેશ્યાઓ પણ રાજાની રાણીઓ જેવી રીતે રહેતી હોય તેમ રહે છે. આમ અમારી સવારી નગરમાં જતી હતી.

એવામાં એક મદોન્મત્ત હાથી પોતાનું બંધન તોડી દોડતો આવી રહ્યો હતો. લોકોમાં નાશભાગ અને બૂમાબૂમ મચી ગઈ હતી. સૌ જીવ બચાવવા જેને જેમ ફાવ્યું તેમ નાસી ગયાં. એવામાં એ હાથી અમારી પાસે આવી પહોંચ્યો અને મારા રથમાં સૂંઢ નાંખી. તરત જ હું રથમાંથી ઊતરી ગયો. હાથીને ખૂબ ભમાવવા લાગ્યો. આ રીતે મેં હાથીને થકવી દીધો.

લોકો કહેવા લાગ્યાં કે આ પરદેશીને હાથી મારી નાંખશે. મેં હાથી થકવીને ઢીલો કરી નાંખ્યો. જ્યારે હાથી તદ્દન થાકી ગયો- ત્યારે હું તેની પીઠ ઉપર સ્વાર થઈ ગયો. અને તેના મહાવતને સોંપી દીધો. લોકોએ જયજયકાર કર્યો. પાછો આવી હું રથમાં મગધસેના સાથે બેસી ગયો. મારા આ કાર્યથી તેણી મારા પ્રત્યે ખૂબ જ આકર્ષાઈ અને મને ચાહવા લાગી. થોડી વારે અમે તેના આવાસે પહોંચ્યા અને તેણી મને હાથ પકડી અંદર લઈ ગઈ. ખૂબખૂબ વાતો કરી આત્મિયતા કેળવી.

થોડા સમય બાદ મગધસેનાએ મને કહ્યું- આજે રાજસભામાં હું નૃત્ય કરવા જાઉં છું. તમે મારી સાથે આવો અને મારી કળા જુઓ તો મને બહુ આનંદ થશે. મેં કહ્યું- ત્યાં ઘણા માણસો આવ્યા હશે એટલે મને નહિ ફાવે. તેથી મગધસેના એકાકી જ રાજસભામાં ગઈ. રાજસભા ભરાયેલી હતી. થોડી જ વારમાં શ્રેણીક મહારાજા પધાર્યા, દેવસ્તુતિ કરી નૃત્યનો આરંભ કર્યો. ઉત્તમ પ્રકારના વસ્ત્રાભૂષણો અને અલંકારોમાં સજ્જ થઈ આવેલી નૃત્યાંગનાએ નૃત્યની રમઝટ બોલાવી. એના પગના ઠમકા, હાથની મુદ્રાઓ અને મોં પરના લાક્ષણિક હાવભાવથી સૌના દિલ અને દિમાગ ડોલી ઊઠયા. આંખો, ભ્રમર અને શરીરના તમામ ભાગનું ડોલન – જાતજાતની ભંગીઓ રચી પ્રેક્ષકોને ગાંડા બનાવી મૂકયા હતા. તેના હાથ પગ અને વાજિંત્રોના તાલ અતિસુંદર હતા.

આ બાજુ મગધસેના રાજસભામાં નૃત્ય માટે ગઈ તે પછી મને વિચાર આવ્યો કે અત્યારે રાજ્યના સેવકો અને અન્ય નોકર વર્ગ નૃત્ય જોવામાં મશગુલ હશે માટે એ દરમ્યાન હું મૃગપુચ્છનું માંસ લઈ આવું અને મારી પત્નિની મહેચ્છા પૂર્ણ કરું. એમ વિચારી તે રાજમહેલમાં ગયો અને સરળતાપૂર્વક મૃગપુચ્છનું માંસ લઈ વ્યવસ્થિત મૂકયું. આ વાતની રક્ષકોને ખબર પડી એટલે રાજા સમક્ષ જઈ ફરિયાદ કરી કે કોઈ ચોર મૃગપુચ્છનો નાશ કરી ભાગી ગયો છે. નૃત્ય ચાલુ હતું એટલે એ સમયે રાજાએ મૌન રાખ્યું.

મેં મારું કાર્ય પતી ગયું છે એટલે બીજે દિવસે ઉજ્જયીની જવાનો નિર્ણય કર્યો.આ વખતે મગધસેના નૃત્ય કરી રહી હતી. એ જોવાની ઇચ્છા થઈ તેથી ત્યાં ગયો અને ચૂપચાપ ટોળામાં બેસી ગયો. હું તો નૃત્ય કરનારી મગધસેના પ્રત્યે એકીટશે જોઈ જ રહ્યો. તેના ચતુરાઈ ભર્યા નૃત્યો અને માદક સંગીતથી સૌ પ્રેક્ષકો રસમાં તરબોળ બની આનંદ માણી રહ્યા હતાં. નૃત્ય પુરું થતાં રાજાએ કહ્યું– હે રાજ– નર્તકી, તારા અતિ આકર્ષક નૃત્ય અને તારી કલાકૌશલ્યથી ભરપૂર એવા અંગમરોડથી હું અત્યંત પ્રભાવીત બન્યો છું. અને વરદાન આપું છું તે માંગી લે– ત્યારે નર્તકીએ કહ્યું અવસરે માંગીશ. નૃત્યના નૂપુરઝંકાર ચાલુ જ હતાં. ઝનક ઝનક પાયલ બાજે. રાજા ફરીવાર ખુશ થયો અને વરદાન માંગવા કહ્યું ત્યારે પણ તેણે બાકી રાખ્યું અને જ્યારે ત્રીજી વખત કહ્યું ત્યારે પણ સમય આવે માગીશ એમ કહી બાકી રાખ્યું.

ત્યાર પછી હું રાજસભામાં તેણીના નૃત્યનો પ્રેક્ષક છું કે નહિં તે શોધી કાઢવા તેણીએ સભામાં જાહેર કર્યું— કે મારો ચુડામણી મુગટ ગ્રહણ કરનાર, મૃગપુચ્છનું માંસ ચોરનાર અને મને જીવતદાન આપનાર જો આ સભામાં હોય તો તેણે તરત જ અહીં રાજા સન્મુખ ઉપસ્થિત સ્ટેજ ઉપર આવી જવા વિનંતિ છે.

આ સાંભળીને હું રંગમંચના સ્ટેજ ઉપર હાજર થઈને મેં મગધસેનાને કહ્યું હે પ્રિયે, તારા મનમાં જે કંઈ ઇચ્છા હોય તે પ્રદર્શિત કર.

મને નિહાળીને એ મગધસેનાએ મહારાજાને કહ્યું—હે રાજન્, મને નગર બહાર ઉદ્યાનમાં જળક્રીડા કરતી વખતે એક વિદ્યાધર મને ઉપાડી જતો હતો તેની પાસેથી છોડાવનાર આ સજ્જન પુરુષ છે. મૃગપૃચ્છના માંસ લઈ જનાર પણ એ જ વ્યક્તિ છે. તમોએ આપેલા પ્રથમ વરદાનનું ફલ આ સજ્જન માટે અભયદાન માંગું છું અને બીજા વરદાનના બદલામાં હું માંગું છું કે એ મારો પતિ બને, અનેક પતિની પત્નિ હવે બનવા માગતી નથી. અને તેની તમામ માગણીઓ શ્રેણિક રાજાએ કબુલ કરી ત્યારબાદ સભા વિસર્જન થઈ.

અત્યંત આનંદમાં અને મસ્તીમાં તરબોળ બનેલી એ સ્ત્રી (મગધસેના) મને પોતાના ઘેર લઈ ગઈ. અને અમે બન્ને પ્રતિદિન સ્વર્ગસુખ ભોગવવા લાગ્યા. અમે બન્ને એકમેકમાં એવા ખોવાઈ ગયાં હતાં કે સમય અને દિવસોનું પણ અમને ભાન રહ્યું નહિં.

એક દિવસ મને પત્નિ શ્રીમતી યાદ આવી. એટલે મેં મગધસેનાને કહ્યું—હે પ્રિયે, અવન્તી છોડીને અહીં આવ્યા બહુ દિવસો થઈ ગયા. શ્રીમતી મારી ચિંતામાં સૂકાઈ ગઈ હશે માટે તું મને જો હર્ષપૂર્વક રજા આપે તો હું જઈ શકું, અન્યથા નહિં.

મગધસેના— સ્વામીનાથ, હું તો તમારી છાયાની પાછળ પાછળ ચાલનારી છું માટે તમારી સાથે જ હું આવીશ.

પરદેશી — હે પ્રિયે, તને મારા પ્રત્યે ઘણી લાગણી છે. પરંતુ તારે રાજાની રજા લેવી પડે. એ સિવાય તું નગર બહાર જઈ શકે જ નહિં.

મગધસેના તરત જ રાજા પાસે ગઈ અને ત્રીજું વરદાન માગ્યું કે હે મહારાજા, મારા સ્વામીનાથ પોતાના દેશમાં પાછા ફરે છે. હું એમની પત્નિ બની છું એટલે એમની સાથે જવા ઇચ્છું છું (હું હવે કુલીન સ્ત્રી બનીને જીવવા ઇચ્છું છું) તો મને રજા આપો—

રાજાએ તરત રજા આપી. અને મગધસેના વાહનો વગેરે તથા પોતાની તમામ ચીજવસ્તુઓ લઈ તુરત પરણેલી કૂળવધુની માફક મારી સાથે વતન તરફ આવી. રસ્તામાં નાનામોટા ગામડાંઓ જોતાં, જંગલ અને નદી ઝરણાં જોતાં આનંદવિભોર કરતાં અમે ઉજ્જયીની પહોંચ્યાં.

મગધસેના અને તમામ નોકર–ચાકર વિ. ને સારું મુહૂર્ત જોઈને પછી નગર પ્રવેશ કરાવવાનો હતો. તે દરમ્યાન મને મારી પત્નિ શ્રીમતીને મળવાની ખૂબ તાલાવેલી થઈ. મગધસેનાએ કહ્યું કે અત્યારે જવામાં મઝા નથી છતાં હું હાથમાં તીક્ષ્ણ તલવાર લઈને મારે ઘેર જઈ બારીએથી જોયું તો મારી પત્નિ અન્ય કોઈ જાર પુરૂષ સાથે સૂતેલી જોઈ મને અત્યંત ક્રોધ થવાથી જાર પુરૂષનું માથું મારી તલવારથી કપાઈ ગયું. મારી સ્ત્રી હજુ ઊંઘતી હતી એટલે હું એક ખૂણામાં છુપાઈ ગયો.

જાર પુરૂષના શરીરમાંથી લોહી નીકળતું હતું. તે ગરમ લાગવાથી મારી પત્નિ જાગી ગઈ અને પોતાના પ્રિય જારની આવી સ્થિતિ જોઈ મનમાં ખૂબ જ કલ્પાંત કરવા લાગી. પરંતુ આજુબાજુ કોઈને પણ ખબર ન પડી જાય એટલે ચૂપ રહી. પછી ઘરમાં ખાડો ખોડી પ્રિયજનના મૃતદેહને ભંડારી દીધો અને લોહીથી બગડેલી ભૂમિ પાણીથી સાફ કરી એ દુષ્ટ સ્ત્રી ફરી ઊંઘી ગઈ. (સૂવાની કોશિષ કરતી પડી રહી હતી)

મારી પત્નિનું આવું નીચ કૃત્ય જોઈ ને મને ખૂબ જ ખેદ થયો. મનમાં થયું કે ખરેખર સ્ત્રી દુનિયામાં સૌથી મહાભયંકર ચીજ છે. એને કોઈ જ સમજી શક્યું નથી. એના હૃદયનું ઊંડાણ માપવું અશક્ય છે. સ્ત્રી એ પુરૂષોની નબળાઈ છે. એને કારણે જ પુરૂષો સ્ત્રીની પાસે હાર ખાય છે.

સ્ત્રીનું મન પવન કરતાં પણ વધુ ચંચળ છે. સ્ત્રીને કોઈપણ રીતે અંકૂશમાં રાખી શકાતી નથી-તે માટે કહેવત છે કે "સ્ત્રી રહે તો આપથી અને જાય તો સગા બાપથી."

ઉત્તમકૂળમાં જન્મ પામેલી તેથી મારા પિતાએ તેના લગ્ન મારી સાથે કરાવ્યાં છતાં આવી નીચ, અધમ અને પતિત જોવા મલી તો પછી વેશ્યાનો વિશ્વાસ થાય જ કેમ? માટે આ ભોગ જે અનેક રોગોને તથા આપત્તિ-દુઃખોને આપનાર છે એ હવે મારે ન જોઈએ. માટે હવે હું

આ મગધસેના પ્રત્યેનો રાગ ભૂલી જઈ તેને પાછી મૂકી આવું અને આત્મોન્નતિના માર્ગે જાઉં.

ત્યારબાદ મારે ઘેરથી બીલ્લી પગે નીકળી મગધસેના પાસે આવ્યો. મેં તેણીને કહ્યું – હે પ્રિયે, તેં જે કહ્યું હતું તે સત્ય ઠર્યું. શ્રીમતી ખરેખર કુલટા છે. માટે હવે આપણે પાછા રાજગૃહી જઈને રહીએ. મગધસેનાના વિચારો પ્રમાણે પાછા રાજગૃહી આવીને રહ્યાં. અહીં મગધસેના સાથે અનિચ્છાએ તેના સહવાસમાં થોડાક દિવસો પસાર કર્યા.

થોડા દિવસ પછી મેં મગધસેનાને જણાવ્યું કે હે, મૃગાક્ષી, કમલનયની, હું ઉજ્જયીની જવા ઇચ્છું છું ગઈ વખતે ગુસ્સામાં મારા માતાપિતાને મલ્યા વગર આપણે ચાલી નીકળેલાં તેથી તેમને હું મલી શક્યો ન હતો. માટે જો તું મને અનુમતિ આપે તો હું તેમને મલવા માટે જાઉં. ભાગ્યશાલીને જ માતા પિતાની સેવા કરવાની તક મલે છે. મારે માતા–પિતાના દર્શન કરી સેવા કરીને પાવન થવું છે.

માતૃદેવ, પિતૃદેવ....માતાપિતા એ ભગવાન તુલ્ય છે. મારા આવા શબ્દો સાંભળી તેણીએ કચવાતા મને રજા આપી અને કહ્યું હે નાથ! જેમ બને તેમ જલદી પાછા આવી જજો. તમારા વગર હું રહી શકું તેમ નથી. મારી સ્થિતિ પાણી વગરની માછલી જેવી છે હું તરત પાછો આવી જઈશ એમ કહીને ત્યાંથી નીકળી સીધો ઉજ્જૈયીની

પહોંચ્યો. પુત્રવિયોગના દુઃખથી પીડાતા મારા માતા-પિતાને મળ્યો. એમને શાંતિ કરી ત્યારબાદ હું મારી પત્નિ શ્રીમતીને મળવા ગયો. મેં જાણે કે કંઈ જ જાણતો નથી એવો દેખાવ કર્યો અને તેણી પણ જાણે કાંઈ જ બન્યું નથી એવી રીતે જ વર્તી રહી.

બપોરના જમવાના ટાણે શ્રીમતીએ તૈયાર કરેલા ઘેબરમાંથી એક પેલા ખાડા પાસે નૈવેદ્યની જેમ ધર્યું. અને પછી જ બધાંને પીરસવામાં આવ્યું. આ રીતે તેણી દરરોજ કરતી હતી. તેણીનો પ્રિયજન પ્રત્યેનો પ્રેમ જોઈ મને આશ્ચર્ય થયું. તેમ છતાં તે વિષેની પરીક્ષા કરવા મેં એકવાર મારી પત્નિને કહ્યું કે સાકર નાંખીને નાના નાના પાતળા ઘેબર મને બહુ ભાવે છે માટે તું તે બનાવજે, અને મારા જમ્યા પહેલાં તેમાંથી એક પણ નંગ કોઈને આપવું નહિં એવી તાકીદ પણ આપી.

આ સાંભળી કપટી સ્ત્રી બોલી– હે સ્વામીનાથ, આમ કેમ કહો છો? શું મારે આપના સિવાય કોઈ પ્રિય વ્યક્તિ છે? પહેલું આતિથ્ય પતિદેવનું–ત્યાર બાદ જ અન્યનું હોઈ શકે– તેમ છતાં સારું થયું કે આપે મને યાદ કરાવી આપ્યું. જેથી અજાણે પણ ભૂલ થાય નહિં– ઘેબર તૈયાર કરી મારા માટે સુંદર થાળ મૂકયો – હું જમવા બેઠો એટલે પેલા ઘેબર પૈકી એક પેલા ખાડા ઉપર મૂકી પછી મને પીરસવા લાગી–

મેં પૂછ્યું— શું મારી વાત ભૂલી ગઈ?

પત્નિ— ક્રોધપૂર્વક કહે, તું શું કહેવા માંગે છે?

મેં કહ્યું—હે પાપીણી, આ ઘેબર અહીં....આટલું સાંભળતા જ તેણી એકદમ વીફરી અને મોટી મોટી આંખો કાઢી મને ડરાવવા લાગી અને બોલી– રે નીચ, દુષ્ટ માનવી, મારા પ્રિયતમનું તેં ખૂન કર્યું છે એ હું જાણું છું. આજે હું એનું વેર વસૂલ કરીશ. અને જેમતેમ બોલવા લાગી. ત્યારબાદ ઘીની ભરેલી અતિશય તપી ગયેલી જાણે અગ્નિ ન હોય તેવી કડછી લઈને મને મારવા આવી. એ જોઈને હું ભાગ્યો પરંતુ એણે મારી પૂંઠ પકડી. બારણા પાસે આવી તેણે મારી ઉપર તે કડછીનો જોરથી ઘા કર્યો જેના કારણે હું ખૂબ જ દાઝી ગયો.

મહા મુશીબતે મારા માતા પિતાશ્રીનું સાન્નિધ્ય પામ્યો. મારી માતાએ લાગણીથી મારી સારવાર કરી મને સાજો કર્યો– પછી મેં વિચાર્યું કે આવી સ્ત્રીથી દૂર રહેવું એજ સલામતીભર્યું છે, એટલે મને સંસાર પ્રત્યે અભાવ ઉત્પન્ન થયો. મેં મારા માતાપિતા અને ભાઈઓને સંસાર છોડવાની મારી ભાવના સમજાવી તેમની રજા લઈને સંસાર છોડી સાધુ થયો.

હે અભયકુમાર, સંસારમાં મેં જાતે અનુભવેલો, જોયેલો ભય યાદ આવવાથી અતિશય ભય બોલાઈ ગયું.

અભયકુમાર બોલ્યા — હે મુનિરાજ, આ સંસાર દુઃખથી ભરેલો છે. છતાંય કેટલાંક જીવોને સંસાર બહુ પ્રિય લાગે છે. આપ ખરેખર મહાન છો કે સંસાર છોડીને સંયમ–

માર્ગ ગ્રહણ કરી શકયા છો. આમ વાતચીત કરતાં કરતાં રાત્રિ વ્યતિત થઈ ગઈ. પોતાને કરવાની ક્રિયા પતાવીને અભયકુમાર પોતાને સ્થાને જવા તૈયાર થાય છે. મુનિ મહારાજને વંદન કરી બહાર જાય છે ત્યાંજ ગુરૂ જ મહારાજના ગળામાં પડેલો પેલો દિવ્ય હાર જોવામાં આવ્યો. તેને અતિ આનંદ થયો- જેના કારણે જીંદગી જોખમમાં હતી તે ચીજ મલવાથી કોને આનંદ ન થાય?

અભયકુમાર વિચારે છે કે ત્રણે લોકમાં દેવ, મનુષ્ય કે દાનવમાં જૈન મુનિની સમાન કોઈ જ આવી શકે નહિં. જેમને ધન–દોલત કે કંચન–કામિની પ્રત્યેનો રાગ તથા મોહ છોડી દીધો છે. મારી જાતને ધન્ય છે, કે આજે આવા મહાન મુનિરાજની સેવા કરવાની મને તક મલી, તેમના પ્રભાવથી આ હાર મલી જવાથી મૃત્યુના મુખમાંથી બચ્યો. હવે મને થોડો ખ્યાલ આવે છે કે શિષ્યો "ભય" "મહાભય" "અતિભય" અને "અત્યંતભય" એમ બોલેલાં તે આ હાર જોવાથી જ બોલ્યા હશે. પણ હું અજ્ઞાની સમજી શકયો નહિં.

ત્યારબાદ સમસ્ત જગતના તરણ તારણહાર મહાન ઉપકારી ગુરુદેવ શ્રી સુસ્થિતાચાર્યને ખૂબ જ ભક્તિભાવ સહિત વંદન કરી નમ્રતાપૂર્વક પૂજ્યના ગળામાંથી પેલો હાર ગ્રહણ કર્યો. અને મહારાજા શ્રેણિક પાસે ગયો.

શ્રેણિક રાજા — કુમાર, હારનું શું થયું? તને યાદ હશે કે આપેલો સમય આજે પૂરો થાય છે.

અભયકુમાર — આ રહ્યો તમારો હાર ! વિનયપૂર્વક અભયકુમારે હાર રાજાને આપ્યો. શ્રેણિક રાજાને ખૂબ જ સંતોષ અને શાંતિ થયાં. તરત જ એ હાર ચેલ્લણાને મોકલવામાં આવ્યો. તે પણ રાજી રાજી થઈ. અને અભયકુમારને કહ્યું—હે પુત્ર, તું ખરેખર બુદ્ધિનો ભંડાર છે સર્વ મંત્રીઓનો શિરોમણી છે એ સત્ય સાબિત કર્યું. અને ખૂબ ખૂબ વખાણ કરી સન્માન કર્યું. અભયકુમારની બુધ્ધિ એ સન્માર્ગની, સન્માર્ગના પોષકની અને જૈન શાસનની પ્રભાવનામાં ઉપયોગી બની હતી. એ અભયકુમારની બુધ્ધિ આપણે સૌ મેળવવા ઝંખીએ છીએ પણ તે મેળવવા માટે તેવા પ્રકારના (જ્ઞાનાવરણીય) કર્મને તોડીશું તો જરૂર પ્રાપ્ત થશે....

ધન્ય છે એ અભયકુમાર ને ! એવા નરશ્રેષ્ઠ મહા બુધ્ધિશાળી અભયકુમારના પૂર્વ જન્મનું કથન.

એક નગરમાં એક અતિ ધનાઢય શેઠ રહેતાં હતાં. તેઓ જૈન ધર્મી હતા અને દરરોજ નિયમીત જિનેશ્વર દેવની પૂજા સેવા કરતાં.

અનન્ય ભાવભક્તિ પૂર્વક પ્રભુ સેવા કરતાં. એક દિવસ એક છોકરો ભીખ માંગતા માંગતા શેઠને દ્વારે આવ્યો અનાજની માંગણી કરી. શેઠે તેને બોલાવ્યો. પ્રેમથી પૂછયું.

શેઠ — તું શું ધંધો કરે છે ?

છોકરો — હું ભીખ માંગુ છું.

શેઠ — આખા દિવસમાં તને કેટલું મળે છે ?

છોકરો — શેઠજી આખો દિવસ ઘેરઘેર અને શેરીએ શેરીએ ફરું છું ત્યારે માંડ એક માણા જેટલું અનાજ મળે છે.

શેઠ — એથી અધિક હું તને આપીશ પણ હું કહું એમ તારે કરવું પડશે.

છોકરો — શેઠજી, તમે કહો તેમ કરવા તૈયાર છું છોકરો રાજી રાજી થઈ ગયો.

શેઠે કહ્યું — જો તારે દરરોજ સુંદર રૂપાળાં ફૂલડાં મારા બાગમાંથી ચુંટી લાવવા તેના બદલામાં હું તને ખૂબ જ દાણા આપીશ. છોકરો એ પ્રમાણે કરવા લાગ્યો અને શેઠ તેને વધુને વધુ દાણા આપવા લાગ્યા.

છોકરો વિચારવા લાગ્યો કે શેઠ મને આટલા બધાં દાણા આપે છે અને ફૂલો લઈ દેવને ચડાવે છે. દેવસેવા અતિ મહત્ત્વની હોવી જોઈએ. માટે હું પણ એ રીતે ફૂલથી દેવની સેવા કરું. આમ શેઠની સાથે સાથે એ છોકરો પણ ફૂલોથી દેવની સેવા કરવા લાગ્યો.

આમ પુષ્પપૂજાથી એ છોકરાએ મોટું પુણ્ય બાંધ્યું. અને મરીને સ્વર્ગે ગયો.

સ્વર્ગમાંથી ચ્યવીને શ્રેણિક મહારાજાને ત્યાં પુત્રરૂપે જનમ્યો જે બુધ્ધિના ભંડાર તરીકે જાણીતા છે. તેનું જ નામ અભયકુમાર.

## ૧૭–'બળ વધે કે બુદ્ધિ ?'

**માળવા** નામે પ્રસિદ્ધ દેશમાં મેઘરાજાની કૃપાથી અઢળક ધાન્ય ઉત્પન્ન થતું હતું તેથી ત્યાંના લોકો સુખી હતાં. પુષ્કળ જળ ભરેલી નદીઓ નિત્ય ત્યાં વહેતી હતી તેથી દુષ્કાળ કદીયે ત્યાં ડોકાતો પણ નહિં. આવા દેશમાં ઉજ્જૈયીની નામે એક મોટું નગર હતું. સિપ્રા નામે નદી તેની બાજુમાં થઈને વહેતી હતી. એ નગરીમાં મહાપ્રતાપી રાજા ચંડપ્રદ્યોતનું શાસન ચાલતું હતું. આ મહાબળવાન અને પરાક્રમી રાજાએ આજુબાજુના સોળ રાજાઓને જીતી લઈ તેમને ખંડીયા રાજા બનાવ્યા હતા. આથી ચંડપ્રદ્યોત રાજાનું વિશાળ સશસ્ત્ર સૈન્ય ઘણું મોટું હતું. એક વખત આ રાજાને મગધ દેશ જીતવાની તમન્ના જાગી અને તરત જ આજ્ઞા કરી કે સૈન્યને મગધદેશ ઉપર મોકલો. ચંડપ્રદ્યોત રાજા તાબેના રાજાઓ સાથે મગધ જીતવા નીકળી પડ્યો.

પોતાના વિશ્વાસુ ગુપ્તચરો દ્વારા શ્રેણિક રાજાને સમાચાર મળ્યાં કે માલવ નરેશ ચંડપ્રદ્યોત પોતાના ખંડીયા રાજાઓ અને વિશાળ સૈન્ય સાથે ચડી આવે છે. એટલે

એણે વિચાર કર્યો કે આટલા મોટા સૈન્ય સામે હું લડી શકીશ નહિં. આમ ઘુઘવાટા કરતા સમુદ્રના મોજા કે સમુદ્રને કોણુ અટકાળી શકે? પોતાને કાંઈ સમજણ નહિ પડવાથી તે ગભરાયા અને તાત્કાલિક મંત્રીઓની સભા બોલાવી. અને સર્વ હકીકતની જાણ કરી.

મહારાજાએ કહ્યું—ચંડપ્રદ્યોત રાજાનું સૈન્ય ઘણું મોટું અને તાલીમ પામેલું છે એટલે તેમની સામે આપણું સન્ય ઘણુ નાનું છે. તેમજ આપણું સૈન્ય તૈયાર કરવા માટે સહેજે પંદર–વીસ દિવસ જોઈએ તો હવે શું કરવું ?

સૌ મંત્રીઓ મૌન બેસી રહ્યા હતા – કોઈની બુદ્ધિ ચાલતી નથી એટલે એક મેકની સામું જોયા કરે છે સૌને આશા હતી કે મહામંત્રી અભયકુમાર તેમની તીવ્ર બુદ્ધિથી રસ્તો જરૂર કાઢશે.

અભયકુમાર મહારાજા શ્રેણિકનું અને અન્ય મંત્રીઓના મનની વાત જાણી લીધી અને પછી બોલ્યો– હે મહારાજા, આપ સારી રીતે જાણો છો કે ચંડપ્રદ્યોત રાજાની સામે આપણે ખુલ્લી લડાઈમાં પરાજય આપી શકવાને સમર્થ નથી. માટે એવો ઉપાય શોધવો પડે લડાઈ કર્યા વગર આપણી જીત થવી જોઈએ– એ માટે આપ બેફિકર રહેજો. હું મારી બુદ્ધિની ઊકેલ શોધી કાઢીશ. સાપ મરે નહિં અને લાકડી ભાંગે નહિં.

આ સાંભળી રાજા શ્રેણિકને અને અન્ય મંત્રી-

શ્વરોને શાંતિ થઈ– તેમને ખાતરી હતી કે અભયકુમાર જે કાંઈ રસ્તો કાઢશે તેમાં સૌનું હિત હશે.

બીજે દિવસે અભયકુમાર સેનાપતિને લઈને નગર બહાર ચંડપ્રદ્યોત તથા તેમના તાબેદાર સોળ રાજાઓના પડવાની જગાની નોંધ લઈ તે દરેક જગાએ અઢળક ધન–સોનામહોરોના દાબડા દાટી દેવા હુકમ કર્યો અને તે મુજબ કરી નાંખ્યું.

થોડા દિવસમાં મહારાજા ચંડપ્રદ્યોત પોતાના ખંડીયા રાજાઓ સાથે આવી રાજગૃહી નગરીને ફરતો ઘેરો ઘાલ્યો. નગરીના તમામ દ્વારો બંધ કરી દેવામાં આવ્યા – નગરીના લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો અને તરેહ તરેહની વાતો ફેલાવા લાગી.

અભયકુમારે વિચાર્યું કે શત્રુઓનું બળ તોડવું હોય તો અંદરોઅંદર વિરોધ ઉત્પન્ન કરાવવો જોઈએ આથી અભયકુમારે એક પત્ર લખી તૈયાર કરાવ્યો અને એક શિષ્ટ પુરુષ સાથે ખાનગી રીતે મોકલાવ્યો. જે ખાનગીમાં ચંડપ્રદ્યોત રાજાને હાથોહાથ પહોંચાડયો.

તેમાં લખ્યું હતું કે :–

રાજરાજેશ્વર, મહારાજાધિરાજ, સોળ મંડળેશ્વરોના સ્વામી મહારાજા શ્રી. ચંડપ્રદ્યોત મહારાજાની સેવામાં–

આપનાં રાણીશ્રી શિવાદેવી મારી માતાશ્રી ચેલ્લણા દેવીનાં મોટાં બહેન છે એટલે કે મારા માસી થાય છે.

અને આપ મારા માસા થાવ છો. એથી આપ મારે મન પૂજ્ય છો. આથી મારે આપને એક આપના હિતની ખાનગી વાત જણાવવાની છે. માટે હું જે જણાવું છું તે લક્ષમાં રાખીને વિચારશો–

મારા પરમ ઉપકારી મારા પિતાશ્રીએ આપના કહેવાતા સર્વ મંડલેશ્વરોને અઢળક સુવર્ણમુદ્રાના ચરુ સમર્પિત કરી ફોડી નાંખ્યા છે. આ કાર્યમાં મારા પિતાજી ખૂબ જ કાબેલ છે. તેથી તેઓ સર્વ ભેગાં મળી આપને દોરડાના બંધનથી બાંધીને મારા પિતાશ્રીને સોંપવાના છે. આ રીતે તેમના અંતરમાં તમારા પ્રત્યેનું વેર છે તે સંતોષાશે. કદાચ મારી વાત આપને માનવામાં ન પણ આવે તો મંડળેશ્વરોના તંબુઓમાં ખોદાવી ધનસંપત્તિ જોઈ શકો છો, જેથી સાચુંખોટું સમજાઈ જશે.

અભયકુમાર પ્રેરિત પત્ર વાંચી રાજા ચંડપ્રદ્યોત ગુસ્સે થયાં અને પોતાના ચાર રક્ષકોને લઈને કોઈ એક મંડળેશ્વરના તંબુમાં જઈને ભૂમિ ખોદવા કહ્યું–તે ભૂમિ ખોદતાં જ સુવર્ણમુદ્રાઓ અને સોનામહોરોથી ભરેલાં ચરુ મળી આવ્યાં. તે પાછા મૂકી તરત જ પોતાના તંબુમાં આવ્યાં.

ચંડપ્રદ્યોત રાજા વિચારવા લાગ્યા કે ખરેખર આ બુદ્ધિશાળી અભયકુમારે જ મને બચાવી લીધો છે. તેણે મને જો આ વાતની જાણ ન કરી હોત તો એ લોકો ભેગાં મળી મને બંધનયુક્ત કરી દુશ્મન રાજાને સોંપી દેતા અચકાત નહિં. અભયકુમારને મારા પ્રત્યે ખૂબ લાગણી અને

પ્રેમ છે એ સાબિત થઈ ચૂક્યું છે– તેમજ સગપણ વિષે મને કોઈ જ્ઞાન ન હતું તે તેણે મને સમજાવ્યું. હવે અત્યારે આ વાત કોઈને કહેવાય તેમ નથી. બધાં જ દ્રોહી બની ગયાં છે માટે મારે મારો જીવ બચાવવો હોય તો અહીંથી ભાગી છૂટવું જ એક એ ઉપાય છે.

તરત જ એક પવનવેગી અશ્વ પર બેસીને કોઈને પણ કહ્યા વગર મહારાજા ચંડપ્રદ્યોત રણભૂમિ છોડીને નાસી છૂટયો. તેમના ચાલ્યા જવાથી રણભૂમિ ઉપર અવ્યવસ્થા ઊભી થઈ અને બધાં ખંડિયા રાજાઓ અને સશસ્ત્ર સૈન્ય પણ ભાગવા લાગ્યું.

આ જોઈ શ્રેણિક રાજાનું સૈન્ય કિલ્લાની બહાર આવ્યું અને ભાગતા સૈન્યનો પીછો પકડયો અને મોટી સાધનસામગ્રી તથા હાથી ઘોડા વગેરે કબજે કરી લીધાં. કેટલાંક રથ અને હથિયારો પણ પડાવી લીધા અને સર્વત્ર ભાગાભાગ થઈ ગઈ.

અભયકુમારની ચાલાકી કામમાં લાગી અને વગર લડાઈએ શત્રુઓને ભગાડયા તેમજ અનેક પ્રકારની સામગ્રી મફતમાં મેળવી. આની જાણ મહારાજા શ્રેણિકને કરવામાં આવી. મહારાજા અત્યંત ખુશી થયાં અને બુધ્ધિશાળી અભયકુમારને શાબાશી આપી.

આ તરફ મહારાજા ચંડપ્રદ્યોત રણમેદાનમાંથી ભાગીને પોતાના નગરમાં આવી. અંતઃપુરમાં આરામ કરી રહ્યાં હતાં પરંતુ જેણે જીંદગીમાં કદી હાર શું ચીજ છે એ

જાણી ન હતી. પરંતુ આ વખતે વગર લડયે નાસી જવું પડયું એનું એને બહુ લાગતું હતું એટલે એના જીવને લેશમાત્ર શાંતિ ન હતી.

ચંડપ્રદ્યોત રાજાની પછવાડે મંડળેશ્વરો, સુભટો અને સેનાપતિઓ પણ નગરીમાં આવી ગયાં હતાં તેઓ સૌ મહારાજાને મળવા આવ્યાં અને પૂછયું હે શૂરવીર, મહાપરાક્રમી રાજા ચંડપ્રદ્યોત, અમને સમજ નથી પડતી કે અમને સૌને મૂકીને આપ એકલાં કેમ નાસી આવ્યા ?

રાજા – પ્રપંચ – વિશ્વાસઘાત – દગો – ફટકો ? અભયકુમારે મને જાણ કરી ન હોત તો મારું શું થાય ?

સૌ મંડળેશ્વરો એકી સાથે બોલી ઊઠયા – હે રાજાધિરાજ, આપ મહાબળવાન અને શક્તિશાળી છો. આપની સામે આંખ ઊંચી કરવાની તાકાત આખા સૈન્યમાં કોઈની નથી.

ચંડપ્રદ્યોત – તમે સૌ માત્ર લક્ષ્મીના લોભમાં અંધ બની સ્વામીદ્રોહ કરવા પ્રેરાયા એ ખરું છે ?

મંડલેશ્વર – સ્વામી આ વાત તદ્દન ખોટી છે.

## ૧૮ – "છળકપટ"

પરંતુ મહામંત્રી અભયકુમારની બુધ્ધિ કામ કરી ગઈ છે અને આપણને સૌને બનાવ્યા છે. ચંડપ્રદ્યોત મનમાં વિચારવા લાગ્યો કે શિવાદેવી મારાં માસી થાય એમ કહી એ કપટીએ મારા જેવા શક્તિશાળીને પણ બનાવ્યો છે. હવે તો તેને પણ બાંધીને અહીં લાવું ત્યારે જ મનેશાંતિ થશે.

બીજે દિવસે રાજસભામાં જાહેરાત કરવામાં આવી કે જે કોઈ અભયકુમારને ગમે તે રીતે પકડી મારી સમક્ષ રજૂ કરશે તેને મોટો પુરસ્કાર આપવામાં આવશે અને રાજ્ય તરફથી તેની કદર થશે. ત્રણ ત્રણ વખત જાહેરાત કરવામાં આવી છતાં કોઈ મર્દ ઊભો થતો નથી કે પડકાર ઝીલતો નથી. છેલ્લે નગરની ચતુર ગણિકા રત્નમંજરીએ એ બીડું ઝડપ્યું – અને કહ્યું કે "હું એ કાર્ય કરીશ." રાજાએ તેને અભિનંદન આપ્યાં અને એમ પણ કહ્યું કે આ કાર્ય માટે જે જે ચીજ વસ્તુઓ અને જોઈએ તેટલું ધન લઈ જવાની તને છૂટ છે પરંતુ અભયકુમારને મારી સમક્ષ રજૂ કરવો પડશે.

રત્નમંજરીએ રાજાને પ્રણામ કર્યા અને કહ્યું કે

એ માટે હું એક નક્કર યોજના ઘડી રહી છું ત્યારબાદ રાજગૃહી જઈશ અને મારું કાર્ય પાર પાડીશ.

રત્નમંજરી પોતાના આવાસે ગઈ.

રત્નમંજરીએ પોતાના આવાસે આવીને વિચાર કર્યો કે અભયકુમાર કોઈ મામુલી માનવી નથી મહાબુદ્ધિવાન અને શક્તિશાળી મંત્રી છે. એને ફસાવીને લાવવો એ ખરે જ દુષ્કર કામ છે – પરંતુ મેં બીડું ઝડપ્યું છે એટલે તે કાર્ય સિદ્ધ કરીને જ રહીશ. મારે એને ફસાવવા માટે જૈન ધર્મનું જ્ઞાન મેળવવું આવશ્યક છે. તેમ જ મારી સહાયમાં બે અત્યંત સૌંદર્યવાન નવયૌવનાઓનો સાથ પણ લેવો જરૂરી છે.

આમ વિચારી તેણે ચંડપ્રદ્યોત રાજા પાસે બે સ્વરૂપવાન નમણી નાગરવેલ જેવી બે નવયૌવના મદદમાં આપવા જણાવ્યું. તે મુજબ રાજાએ તેવી બે સ્ત્રીઓ આપી અને ખર્ચ માટે વિપુલ દ્રવ્ય પણ આપવામાં આવ્યું. ત્યારબાદ એ ત્રણે સ્ત્રીઓએ જૈન સાધ્વીઓની ભક્તિ અને ધર્મનો અભ્યાસ કરવા લાગી અને ટુંક સમયમાં જ સારું જ્ઞાન મેળવી, ઉત્તમ શ્રાવિકા જેવો આચાર પણ પાળવા લાગી. પરંતુ મનમાં માયા કપટ રાખીને ખાલી દેખાવ કરવા પૂરતો આચાર પાળે છે.

થોડા દિવસો પછી એ ત્રણે સ્ત્રીઓ પોતાનું કાર્ય પૂર્ણ કરવાના બદઇરાદાથી રાજગૃહી નગરીમાં પ્રવેશ કર્યો.

શહેરમાં આવીને શહેરના જુદા જુદા જૈન મંદિરોએ દર્શન કરી છેલ્લે મહારાજા શ્રેણિકે બનાવેલા ઊંચા જૈન દહેરાસરમાં દર્શન કરી ભાવભક્તિથી ચૈત્યવંદન, અષ્ટપ્રકારી પૂજા સહર્ષ કરી. જૈન મંદિર અત્યંત સુંદર હતું.

અહીં રાજગૃહી નગરી વિષે એક પાંથશાળામાં મુકામ રાખ્યો. તેના વહીવટકારોએ ઉત્તમ શ્રાવિકા સમજીને આવકાર આપ્યો અને સારા મોટા બે ખંડ વાપરવા માટે કાઢી આપ્યા, ત્યારબાદ શહેરમાં એક આલીશાન સુંદર ભવન મળી ગયું એટલે ત્યાં રહેવા લાગ્યાં. અને દરરોજ સવારે દીપ, અક્ષત, કેસર, ચંદન, બરાસ અને ધૂપ તથા ફૂલો વગેરે લઈ જિન મંદિરે પૂજા કરવા જતાં તેમ જ ખૂબ જ ભાવપૂર્વક ચૈત્યવંદન વગેરે કરતાં. સાચા હીરા કરતાં બનાવટી હીરો હંમેશાં વધુ ઝળકતો હોય છે તેમ આ વેશ્યાની પૂજામાં બનાવટી ભાવ સાચા ભાવને પણ ચઢી જાય તેવો હતો.

એક દિવસ પેલા શ્રેણિક મહારાજાના બંધાવેલા ભવ્ય ઉન્નત જીનાલયમાં પેલી વેશ્યા અને તેની સાથીદાર પેલી બન્ને સ્ત્રીઓ સેવાપૂજા પતાવીને ગભારામાં બેઠી બેઠી અત્યંત મોહક અને મધુર અવાજે સ્તુતિ કરી રહી હતી. લોકો સૌ મુગ્ધભાવે સાંભળી રહ્યા હતા. બરાબર તે જ સમયે શ્રેણિકપુત્ર, મહામંત્રી અભયકુમાર જિનેશ્વર દેવના દર્શનાર્થે જીનાલયમાં આવ્યા. અત્યંત મીઠા કર્ણપ્રિય અવાજથી ચૈત્ય વંદન કરી રહેલી પેલી સ્ત્રીઓને જોઈ અને તે સાંભળી

પોતે બહુ જ ખુશ થયા. એમની ભક્તિમાં વિક્ષેપ ન પડે એ હેતુથી પોતે બહાર ઊભા રહી દર્શન કરી ઊભા રહ્યા અને પેલી સ્ત્રીઓ ગાઈ રહી હતી તે સ્તુતિ એકધ્યાનથી સાંભળી રહ્યા. પેલી સ્ત્રીઓની ભક્તિપૂજા પૂરી થતાં તેઓ દર્શન કરી બહાર આવી.

અભયકુમાર બહાર ઊભા રહી તેમની પ્રતિક્ષા કરી રહ્યો હતો એટલે પેલી સ્ત્રીઓ બહાર આવી કે તરત જ અભયકુમાર તેમની પાસે ગયો અને હાથ જોડીને બોલ્યો— બહેનો, આપ ક્યાંથી આવો છો ? આ નગરી વિષે આપને હું પ્રથમવાર જ નિહાળું છું. આ સાંભળીને પહેલી ગણિકા બોલી— હે ધર્મબંધુ ! હું અવન્તી નગરીના એક ધનવાન શ્રાવકની ધર્મપત્નિ છું. થોડા વર્ષો પહેલાં મારા પતિદેવનું અવસાન થયું છે. अनित्यानि शरीराणि, वैभवो नैव शाश्वत: જ્ઞાનીએ દર્શાવેલ એ પંક્તિ અનુસાર શરીર, પદાર્થો, વૈભવો, ધન, ધાન્યાદિ અનિત્ય કહેતાં નાશવંત છે, વૈભવ ક્યારે પણ શાશ્વત બન્યો નથી બનવાનો નથી. આ સંસાર કે મનુષ્ય, કોઈ સ્થિર નથી એમ સમજીને મેં ધર્મનો આશ્રય લીધો છે. શક્ય એટલી તપશ્ચર્યા કરું છું. મારી સહકારી આ બન્ને મારી જ પુત્રવધુઓ છે. પુત્ર પણ સ્વર્ગવાસી થયો છે, એટલે તેઓ પણ મારી માફક ધર્મના રંગે ચડી છે. માનવજીવન ખરેખર ક્ષણભંગુર છે. પૂર્વજન્મમાં પાપ કર્યાં હશે તેથી આ જન્મે ભોગવવાં પડે છે. હસતાં ય ભોગવવાનાં છે અને રડીને ય ભોગવવાનાં છે.

તો શા માટે ધર્મકાર્ય કરતાં કરતાં હસતાં હસતાં ન ભોગવવાં? ભવિષ્યમાં અમે ત્રણે જણ દીક્ષા લેવા જરૂર જઈશું. તે માટે અમારો અત્યારથી જ ભગીરથ પ્રયત્ન ચાલુ છે.

દીક્ષા અંગેની તૈયારીઓ થાય છે. તે દરમ્યાન અમોને તીર્થયાત્રાની અભિલાષા હતી. તે પ્રમાણે ભાવના પૂર્વક અનેક તીર્થોએ યાત્રા કરી અમારા દ્રવ્યનો સુમાર્ગે ઉપયોગ કર્યો છે. તીર્થદર્શન કરી વતન તરફ જતાં અહીંના જિન મંદિરોની ભવ્યતા સાંભળી અહીં યાત્રા નિમિત્તે આવ્યા છીએ.

ઉપર મુજબની વાત સાંભળી અભયકુમાર અત્યંત ખુશ થયો અને સાધર્મિક ભક્તિનો લાભ મેળવવા તેણે પેલી ત્રણે સ્ત્રીઓને પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રણ આપ્યું. પેલી સ્ત્રીએ તરત જ જવાબ આપ્યો કે આજે તો અમોએ ઉપવાસ આદર્યો છે એટલે આમંત્રણ સ્વીકારી શકીશું નહિ. અભયકુમારને ખબર નથી કે મારા માટે જાળ બીછાવી રહી છે. અભયકુમારે બીજા દિવસ માટેનું આમંત્રણ આપ્યું ત્યારે પેલી સ્ત્રીએ હસતાં હસતાં જવાબ દીધો કે હે મંત્રીવર્ય, આવતી કાલની અત્યારે શી વાત! કાલની કોઈને ખબર નથી. મંત્રીશ્વર શું તમે શાસ્ત્ર સમજતા નથી?

" આડી રાત અને અત્યારે શી વાત?"

મંત્રીએ વિચાર્યું કે આવતી કાલે પ્રભાતે જઈને હું આમંત્રણ આપી આવીશ. અને સૌ સૌના આવાસે ગયાં.

સ્ત્રીની વાચાળ બુદ્ધિથી છેતરાયેલા અભયકુમાર રસ્તામાં તે સ્ત્રીઓના ઉત્તમ પ્રકારના આચાર વિચાર અને ભાવનાને બીરદાવતા હતા.

બીજે દિવસે વહેલી સવારે જઈ આમંત્રણ આપી જમવાના સમયે બોલાવી લાવ્યો. ખૂબ જ ભાવપૂર્વક જાતજાતની વાનગીઓ તૈયાર કરાવેલી. જુદી જુદી અનેક પ્રકારની મિઠાઈઓ તૈયાર પડી હતી. તે સમયે પેલી ગણિકાએ (ઉત્તમ પ્રકારની છાપ ઊભી કરવા) કહ્યું—હે ભાઈ, માલ મલીદા અને તેલ મરચું વગેરેથી ભરેલી ભોજન-સામગ્રી મને પસંદ નથી. જે ખાવાથી મનને ઉત્તેજના મળે તેવા આહારથી હું દૂર રહું છું અને તેથી મારી ધર્મભાવનાને ખલેલ ન પડે. એમ કહી માત્ર સાદું ભોજન જમ્યાં. આથી અભયકુમારને બહુ આનંદ થયો.

આમ સાધર્મિક ભક્તિ કરી તેમ સાથે મહામૂલ્યવાન વસ્તુ-પદાર્થો આપવાપૂર્વક ભક્તિ કરીને વિદાય કર્યાં.

ત્યારબાદ થોડા દિવસો પછી પેલી ગણિકા (બનાવટી શ્રાવિકા) એ અભયકુમારને પોતાને ત્યાં સાધર્મિક ભક્તિ માટે આમંત્રણ આપ્યું. પોતાની સાધર્મિક બહેનો સમજી તેમને નારાજ ન કરવાને કારણે તેણે તેમનું આમંત્રણ સ્વીકાર્યું. થોડી સંખ્યા સાથે અભયકુમાર બીજે દિવસે તેમને ત્યાં ગયો. ખૂબ જ માનપૂર્વક ભાવભીનું સ્વાગત કર્યું અને ધર્મ અંગેની ખૂબ ખૂબ ચર્ચા કરી. આ રીતે પેલી સ્ત્રીએ અનોખી છાપ પાડી.

ખૂબ જ ચીવટ રાખી પોતાનું કાર્ય કરતી હતી. સમય થતાં અભયકુમાર આદિને જમવા બેસાડયા. સાદું ભોજન હતું છતાં અત્યંત શ્રેષ્ઠ પ્રકારનું લાગ્યું. જમી રહ્યા પછી દહીંને મળતાં પ્રકારનું ચંદ્રહાસ મદિરા મૂકી. અભયકુમાર તો તેની સાથે વાતમાં હતો અને આવા ધાર્મિક ઘરમાં બીજું કાંઈ હોય જ નહિં એમ સમજી ચંદ્રહાસ-મદિરાનું પાન કરી ગયો. મદિરા એટલે મદિરા – તેણે તેનું કામ શરૂ કર્યું. અભયકુમારની આંખો ઘેરાવા લાગી અને નિદ્રા આવવા લાગી. તે સમયે પેલી સ્ત્રી બોલી ઊઠી હે ધર્મબંધુ, આ ઘર–પલંગ આપનાં જ છે. આપ સુખેથી આરામ કરો. અને અભયકુમાર શયનખંડમાં પહોંચતા પહોંચતા ઢળી પડયા અને મૂર્છિત થઈ ગયા. પેલી વેશ્યા તો રાજીના રેડ થઈ ગઈ. પોતાની યોજના સાકાર બનવા લાગી.

તરત જ તેણે સેવકો અને રક્ષકોને બોલાવ્યાં અને અભયકુમારને હાથપગ દોરડાથી બાંધી રથમાં સૂવાડી શીઘ્ર વેગવાળા અશ્વો જોડી રથને ચંડપ્રદ્યોત રાજાના નગરભણી વિદાય કર્યો. સાથે એક સેવિકાને પણ મોકલી હતી. અભય-કુમાર બંધનયુક્ત દશામાં હોવાથી કોઈ જ ભય હતો નહિં. અને આ રીતે પ્રપંચ કરી અભયકુમારને ઊઠાવી જવામાં તે સફળ થઈ તેથી ખૂબ જ આનંદમાં આવી ગઈ.

અહીં રાજમહેલમાં અભયકુમાર હાજર ન હોવાથી શ્રેણિકરાજાએ તેની શોધ કરવા માંડી. રાજના માણસો શોધતાં શોધતાં પેલી બનાવટી શ્રાવિકાને ત્યાં પહોંચી

ગયાં અને પૂછ્યું કે અભયકુમાર અહીં આવ્યાં છે? પેલી બાઈએ જરાપણ ગભરાયા સિવાય જવાબ આપ્યો કે- આવ્યાં હતા ખરાં- પરંતુ તેમને બહુ કામ હોવાથી તરત જ ચાલ્યાં ગયાં છે. રાજાના અનુચરોને લાગ્યું કે આવી ઉત્તમ બારવ્રત ધારી શ્રાવિકા કદી ખોટું બોલે જ નહીં એટલે તરત જ તેઓ બીજે તપાસ કરવા ચાલ્યાં ગયાં. તેમના ગયા બાદ પેલી ગણિકાએ વિચાર્યું કે હવે વધુ સમય અહીં રહેવું એ જોખમ છે કદાચ મારા પ્રપંચનો સર્વ ભેદ ખૂલી જાય તો રાજા મને છોડે નહિં માટે અહીંથી સત્વરે રવાના થઈ જવું જોઈએ. એટલે તરત જ તે ત્યાંથી નીકળીને ઉજ્જયીની નગરીમાં આવી ગઈ.

અભયકુમારને અહીં લાવી રાજા ચંડપ્રદ્યોતને સુપ્રત કર્યો અને પોતે કેવી રીતે પકડી લાવી શકી એ તમામ વાત રાજાને કરી. આ વાત જાણી રાજાએ તેને ઠપકો આપ્યો કે હે ચતુર સ્ત્રી! તેં તારું કાર્ય પાર પાડ્યું છે એ જાણી આનંદ. પરંતુ તેં જે ધર્મના આધારે કપટ કર્યું છે તે યોગ્ય નથી. રાજાઓ પણ લોકનિંદાથી ગભરાતા હોય છે.

આ સાંભળીને અભયકુમારે મીઠો ઘા લાગે તેવી સરલતાથી રાજાને કહ્યું કે હે રાજન્, વારાંગના જેવી આપને ત્યાં રાજકારભારીઓ છે પછી ઉત્તમ રાજ્યનીતિ કે લોક-નિંદાની વાત કરવાનો શું અર્થ છે? જેની ચતુરાઈ અને રાજધર્મને નિહાળી ધર્મરાજા રિસાઈને ક્યાંય ચાલ્યા

ગયા. એવા આપને મારા અભિનંદન છે. આ રીતે વચન બાણ અભયકુમારે સંભળાવ્યું. આથી રાજા શરમાયો અને ગુસ્સે થયો. અને તેને એક લાકડાનાં પાંજરામાં પૂરવાનો હુકમ કર્યો. એટલે સંપૂર્ણ સગવડતા આપવા પૂર્વક જેલમાં પૂર્યો.

[ વિદ્યાધર પુત્રી–યાને અભયકુમારની પત્નિનું ઉજ્જયિની પ્રયાણનું પ્રયોજન ]

અભયકુમારે વિદ્યાધરની પુત્રી સાથે લગ્ન કર્યા હતા. એ સિવાય અન્ય સ્ત્રીઓ પણ હતી. પરંતુ સૌથી અધિક પ્રેમ મહારાજા શ્રેણિકની ભાણી – વિદ્યાધરની પુત્રી પરત્વે હતો. અન્ય સ્ત્રીઓને તેની ખૂબ જ ઈર્ષા આવતી. એટલે એને દૂર કરવા બધી સ્ત્રીઓ મલી એક વિચક્ષણ દાસીના સહારે એક અનુભવી માતંગીને બોલાવી આ વાત સમજાવી. અને સમજાવ્યું કે ગમે તે રીતે એક યુક્તિ કરો જેથી એના પરથી સ્વામીનો પ્રેમ દૂર થઈ જાય.

પેલી માતંગીએ પોતાના મંત્રબળે સમગ્ર નગરમાં મરકીનો ઉપદ્રવ ફેલાવી દીધો. નગરના લોકો ત્રાસી ગયાં એટલે આ રોગ શાંત કરવા માટે અભયકુમારને કહેવામાં આવ્યું. અભયકુમારે આ માતંગીને બોલાવીને કારણ પૂછ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે તપાસ કરીને જણાવીશું. ત્યારપછી એ માતંગીઓએ ચાલબાજી રમીને અભયકુમારના આવાસમાં જઈ તેની રાણીના મુખમાં લોહી રેડી પાસરયું અને જ્યાં ત્યાં કાળા ભમરવાળા હાડકાં વગેરે

નાંખ્યા. અને અભયકુમાર પાસે જઈને જણાવ્યું કે આ ઉપદ્રવની ઉત્પત્તિ તમારા પોતાના ઘરમાંથી જ થઈ છે. તે નિર્ણયપૂર્વકની વાત છે.

અભયકુમારે પોતાના આવાસમાં આવીને જોયું અને તેના હૃદયમાં ખૂબ જ દુઃખ થયું. અહો એક વિદ્યાધરની પુત્રી થઈને આવી નઠોર નીકળી! તેના પ્રત્યેનો પ્રેમભાવ અદ્રશ્ય થઈ ગયો. અને વિચાર્યું કે ચાહે ગમે તેવી સગામાં હોય કે રુપમાં, ગુણમાં કે પ્રેમમાં હોય પણ આવી નારીનો ત્યાગ કરવો જ જોઈએ. સમગ્ર પ્રજાજન હિતાર્થે તેણે એવો નિર્ણય લીધો અને માતંગીને કહ્યું આને તમે લઈ જાવ અને યોગ્ય પાઠ ભણાવજો પણ એ કોઈ ન જાણે તે રીતે કરજો એમાં સૌનું હિત છે. પેલી માતંગી આ વિદ્યાધરની પુત્રીને શહેર બહાર તરછોડીને લઈ ગઈ. ખૂબ ન બોલવાના શબ્દો બોલી બોલીને તથા ખોટા આક્ષેપો કરીને તેને હલકી પાડી. અને તારા પતિએ તારો ત્યાગ કર્યો છે માટે તારે જ્યાં જવું હોય ત્યાં ચાલી જા. પરંતુ શહેરમાં પાછી આવીશ નહિં આમ તેને ભયંકર જંગલમાં છૂટી મુકી દીધી.

જંગલમાં તે સાથીદાર વગરની હોવાથી ઘણી ગભરાઈ ગઈ

તેણી ભયંકર આક્રંદ કરવા લાગી. મારા પતિદેવે સત્યાસત્યની પરીક્ષા કર્યા વિના મારો ત્યાગ કર્યો, હું એકલી અબળા શું કરીશ? એવામાં તેણીના પુણ્યબળે

ખેંચાઈને કેટલાંક તાપસો ત્યાં આવી ચડયા અને પૂછપરછ કરવા લાગ્યા. હે બેન, તું કોણ છે અને શા માટે રડે છે ? તારી આવી પરિસ્થિતિ કોણે કરી ? વિદ્યાધરની પુત્રીએ પોતાની બધી જ વાત કહી. આ સાંભળી પેલા તાપસોને દયા આવી. તેમણે સાન્ત્વન–આશ્વાસન આપ્યું અને સારા શબ્દોપૂર્વક શાંતિ આપી. તેમની સાથે લઈ ગયાં.

આમ ફરતાં ફરતાં તાપસો સાથે તે ઉજ્જયીની આવી. તાપસીએ શિવાદેવીને વાત કરી અને તે વિદ્યાધરની પુત્રી તેમને સોંપી. શિવાદેવી ચેલ્લણાની બહેન હતી એટલે આ સ્ત્રી તેમની ભાણેજ વહુ ગણી ગૌરવ સાથે સ્વીકારી. આ સમયે અભયકુમાર અહીં હતો. તેમને બોલાવી આ પુત્રવધુ નિર્દોષ તથા નિષ્કલંક છે. તે વાત સમજાવી. સત્ય વાત જાણી અભયકુમારને સંતોષ થયો અને પોતાની પત્નિને પોતાના આવાસે લઈ ગયો.

ચંડપ્રદ્યોત રાજાને આ બધી વાતની જાણ થતાં વિશાળ આવાસ અને તમામ સગવડતા પ્રેમપૂર્વક આપી. ત્યાં આ બંને આનંદથી રહેવા લાગ્યાં અને સંસારસુખ ભોગવવા લાગ્યાં.

卐

# ૧૯ – વાસવદત્તા–ઉદયનમિલન

**સુખસંપત્તિના** ભોક્તા ચંડપ્રદ્યોતના રાજ્યશાસન વિષે ચાર અગ્રણી શ્રેષ્ઠ રત્નો હતાં (૧) રાણી શિવાદેવી (૨) અનલગિરિ નામે હાથી (૩) અગ્નિભીરૂ નામે રથ અને (૪) લોહજંઘ નામે કાસદ. રાજા ચંડપ્રદ્યોત લોહજંઘને દરરોજ મંડળિક રાજાના ભરુચ નગરને વિષે ચરપુરુષ તરીકે મોકલતો. જે ખંડીયા રાજાઓને મન ગમતું ન હતું. કારણ કે તેને માટે તમામ પ્રકારની સુવિધા કરવી પડતી. આથી એને મારી નાંખવા યુક્તિ કરી તે લઈને આવતો. એવા લાડુને બદલે ઝેરવાળા લાડુ અદલબદલ કરી મૂકી દીધાં. પોતાનું કાર્ય પતાવી જમવાના સમયે તે નજીકના જળાશયને તીરે દાતણપાણી કરી સ્નાનાદિ પરવારી જમવા બેસતો હતો ત્યાં અનુકુલ શુકન ન થવાથી તે જમ્યો નહિં. આગળ જતાં ફરીવાર અને ત્રીજી વખત પણ એવું જ થયું તેથી તે જમ્યો નહિં અને પાછો પોતાના રાજ્યમાં આવી રાજાને બનેલી હકીકતનું નિવેદન કર્યું.

આથી રાજાએ અભયકુમારને પૂછ્યું – હે બુદ્ધિના ભંડાર ! આ પ્રમાણે બનવાનું કારણ શું ? તે તું અમોને

જણાવ. મંત્રીશ્વરે એ લાડવાનું બોકસ સુંઘીને કહ્યું – હે રાજા, આ લાડુમાં ઝેર મેળવેલું છે. આ ખાનારનું તરત જ મૃત્યુ થાય છે. રાજાએ તરત જ તેની ચકાસણી કરી તેમાંથી વિષ સર્પ નીકળ્યો અને તેને બાળી નાંખ્યો.

આ સમયે રાજા ચંડપ્રદ્યોત મનમાં વિચારવા લાગ્યા કે આ અભયકુમાર વારાંગનાના પ્રયત્ન–મહેનત કરતાં મારા પ્રારબ્ધના બલથી અહીં આવી ગયા છે. જો એમની હાજરી અહીં હોત નહિં તો મારો અંત–કાળ જ અહીં બની ગયો હોત. ખૂબ જ હર્ષ પામી અભયકુમારને કહ્યું કે–હું તારા પર પ્રસન્ન થયો છું. માત્ર છૂટો કરવા સિવાય અન્ય કોઈ પણ વરદાન માંગ, માંગ! ત્યારે અભયકુમારે જવાબ આપ્યો કે એ વરદાન હાલ પૂરતો આપની પાસે જ રાખો. સમય આવ્યે કે યાચી લઈશ.

આ રાજાને અંગારવતી નામની એક રાણી હતી. તેની કુક્ષીએ જન્મેલી વાસવદત્તા નામે એક પુત્રી હતી. આ કન્યામાં ઉત્તમ લક્ષણો હતાં તેમજ તેની વાણીમાં વિનય–મધુરતા વગેરે ગુણો હતાં તેથી રાજા તેને પુત્રથી પણ અધિક ગણતો. ગુણીયલ વ્યક્તિ દરેકને માનનીય, પૂજનીય હોય છે.

એક દિવસ આ રાજાએ અભયકુમારને પૂછ્યું – હે મંત્રીશ્વર, ગાંધર્વવિદ્યામાં પ્રવીણ હોંશિયાર – ચતુર કોઈ વિદ્વાનપંડિત તમે નિહાળ્યો છે. જેથી તેની પાસેથી મારી

પુત્રી વાસવદત્તા સંગીત વિદ્યાનો ઉચ્ચ કક્ષાનો અભ્યાસ કરી શકે?

મંત્રીશ્વરે કહ્યું – હે રાજા, મારા જાણવામાં કૌશામ્બી નગરીનો નરેશ ઉદયન આ કળામાં અત્યંત ચતુર છે. એ એવું સુંદર ગાઈ શકે છે કે મદોન્મત્ત હાથીને પણ વશ કરી શકે છે એને અહીં લઈ આવો તો આપની કાર્ય-સિદ્ધિ અતિઉત્તમ પ્રકારે થશે. એ માટે મંત્રીશ્વરે એક ઉપાય પણ બતાવ્યો.

હાથીના પૂરા કદનો લાકડાનો એક હાથી બનાવો. બહારથી એના રૂપરંગ અસલ હાથી જેવા કરાવો. યંત્રથી હલનચલન કરી શકે તેવી વ્યવસ્થા કરો. જેથી જોનારને સાચો હાથી જ લાગે. તેના શરીરમાં બળવાન શસ્ત્રાસ્ત્ર-વાળા સૈનિકો રહી શકે. તેમ કહી કૌશામ્બી નજીકના જંગલમાં દેખાયા કરે એવી ગોઠવણી કરો.

ત્યાંનો રાજા ઉદયન – આ બનાવટી હાથીથી અજાણ હશે એટલે તેને પકડવા આવશે. તે સમયે અંદર રહેલા સુભટો બહાર નીકળી તેને બાંધીને અહીં લાવે એટલે આપણું કાર્ય સિદ્ધ થશે. મંત્રીશ્વરની યુક્તિ સાંભળી રાજા પ્રસન્ન થયા. અને તેમના કહેવા મુજબ બધું કરાવી-બનાવટી હાથીને છૂટો મૂક્યો. જંગલમાં ચોતરફ ભમતા હાથીને જોઈ જંગલવાસીઓએ રાજાને ખબર આપ્યા કે એક અતિસુંદર હાથી આપણા જંગલમાં ફરે છે. આ હાથીને પકડવા રાજા જંગલમાં ગયો. હાથીને દૂરથી જોયો-

પોતાની સાથે રાખેલા પરિવારને એક જગ્યાએ મૂકી ઉદયન રાજા એકલો જ તે હાથીની નજીક ગયો. અને હાથીને વશ કરવા મધુર સ્વરથી સુંદર ગીત ગાવા લાગ્યો. હાથી સ્થિર થઈ ગયો છે જાણીને તેને પકડવા તેની સમીપે જઈ ફલાંગ મારી તેની પીઠ પર આરૂઢ થયો. તરત જ તેના પેટમાંથી સૈનિકો નીકળ્યા અને ભેગાં થઈ રાજાને જમીન આળોટતો કરી દીધો. અને તેની સાથે કોઈ ન હોવાથી એકલા રાજાને દોરડાથી બાંધી દીધો. આમ પ્રપંચ કરી રાજા ઉદયનને ચંડપ્રદ્યોત પાસે હાજર કર્યો.

ચંડપ્રદ્યોતે કહ્યું– હે ઉદયન તમને મારી પુત્રીએ ગાંધર્વ વિદ્યામાં હોંશિયાર બનાવવા માટે અહીં લાવવામાં આવ્યા છે. માટે ભણાવો અને સુખશાંતિથી રહો. જો આ પ્રમાણે નહિ વર્તો તો જીવના જશો. તેટલું સમજી લેજો. આથી ઉદયન રાજાએ વિચાર કર્યો કે હમણાં તો તે કહે તેમ કરવું જ પડશે. આગળની વાત આગળ ઉપર થઈ પડશે. એમ વિચારી ચંડપ્રદ્યોતની વાત મંજૂર રાખી અને ગાંધર્વ વિદ્યાનો અભ્યાસ કરાવવાની હા કહી.

ચંડપ્રદ્યોતરાજા કહે– હે ઉદયન, તું સાંભળી લેજે, મારી પુત્રી કદરૂપી છે આંખે કાણી છે એટલે એની સામે કદિ જોવાનું નહિં તેમ પોતાની પુત્રીને કહ્યું – મેં તારા માટે એક ઉત્તમ સંગીતશાસ્ત્રી બોલાવ્યો છે. પરંતુ એ કુષ્ટ રોગથી ગ્રસિત છે માટે તું અભ્યાસ કરે તે દરમ્યાન તું એ રોગી સામું જોઈશ નહિ કેમકે એ તને જોવો પણ

રૂચશે નહિ. એકચિત્તે તું અભ્યાસ કરી જલદીથી સંગીતમાં વિદ્વાન્ બની જા એટલે એ કુષ્ટીને રજા આપી વિદાય કરું. આમ પુત્રીને ખૂબ શિખામણ દીધી.

ત્યારબાદ વચ્ચે કનાતનો પડદો કરીને અભ્યાસ શરૂ કર્યો. આમ શિખતાં કેટલોક સમય પસાર થઈ ગયો. પરંતુ કોઈ એકબીજાના સામું જોતા નથી. એક વખત રાજપુત્રીને થયું કે આવા સંગીતરત્ન ગુરૂજી દેખાવે કેવાક છે તે જોઉં તો ખરી! આ વિચારમાં એને ભણતી વખતે ધ્યાન ચલિત થયું. ગુરૂ શિખવે કંઈ અને રાજપુત્રી બોલે કંઈ જુદું. આથી ગુરૂજી જરા ચીડાયા અને બોલ્યા – હે કાણી, તારું ધ્યાન કયાં છે? હું ભણાવું છું છતાં તું બોલે છે જુદું! ખરેખર ભય વગર વિદ્યા મળે જ નહિં! આથી રાજપુત્રીને ગુસ્સો થયો કે મને કાણી કહી! – એટલે તે બોલી – હે કુષ્ટી, હું કાણી નથી – તું અસત્ય ભાષા કેમ વદે છે? તું તારી જાત તો જરા જો પછી બીજાની વાત કર. આથી ઉદયને વિચાર કર્યો કે રાજપુત્રી મને કુષ્ટી કહે છે પરંતુ હું તેવો નથી એટલે એ પણ કાણી તો નહિ જ હોય માટે લાવને જરા તેને જોઉં એમ વિચારી જોવામાં અંતરાયભૂત પડદો દૂર કરી દીધો.

ઉદયને જોયું તો અપ્સરાતુલ્ય દેવકન્યા જેવી રાજપુત્રી હતી અને રાજપુત્રીએ જોયું તો રૂપમાં દેવોને પણ ચડી જાય તેવો ગુરૂ ઉદયન હતો. અને પરસ્પરનો ગુસ્સો શાંત થઈ ગયો – પરસ્પર પ્રેમમાં પડયા—

પછીથી દરરોજ અભ્યાસાર્થે તેઓ મળતાં તે સમયે અભ્યાસ ભૂલી જઈ હાસ્યવિનોદ અને પ્રેમગોષ્ઠી કરવા લાગ્યાં. એકબીજાનો સહવાસ અત્યંત મીઠો લાગવા માંડયો. રાજપુત્રી કહે હે નાથ ! મને મારા પિતાજીએ ખોટું કહી છેતરી છે. જેથી આજ સુધી આપના દર્શનનો લાભ મેળવી શકી નથી. મારે અભ્યાસ કરવાની હવે કોઈ જરૂર નથી. હવે તો તમે મારા પતિ થાઓ એવી એક જ મહેચ્છા છે. તે આપ મારી ભાવના પૂરી કરો.

ઉદયન રાજા કહે– હે ચંદ્રમુખી– તારા પિતાએ ખોટું બોલી મને છેતર્યો છે. છતાં કાંઈ બગડી ગયું નથી. જરૂર તારી ઈચ્છા પૂરી કરીશ. પરસ્પર હૈયાં મલ્યા હોય પછી છુપાવવાનું શું હોય ? આમ આનંદમાં સુખમાં સમય પસાર કરતાં હતા. કુદરતને કરવું એક દિવસ નિલગિરી હાથી–ગાંડો થઈ, બંધન તોડી, મહાવતને પણ ગણકાર્યા વગર ભાગ્યો. રસ્તામાં બધે જ તોડફોડ કરતો – લોકોના ઘરબાર તોડતો દોડતો હતો. નગરના લોકો બધાં ભયભીત બની નાસભાગ કરવા લાગ્યાં. કેટલાંક લોકોએ મોટી હવેલીનો આશરો લીધો.–કેટલાક દેવમંદિરમાં ભરાયા, અને કેટલાક લોકો ઝાડ ઉપર ચડી આરામ કરવા લાગ્યા. અને કેટલાક લોકો જીવ બચાવવા નજીકના જંગલમાં ભાગવા લાગ્યા. સ્ત્રી બાળકો ગભરાટમાં ખૂણેખાંચરે સંતાવવા લાગ્યા. સૌને થયું કે શું થશે ?

ગભરાયેલા ચંડપ્રદ્યોત રાજાએ અભયકુમારને પૂછવા

લાગ્યા કે હે મંત્રીવર, આ હાથીને વશ કરવા શું કરું ? તરત જ મંત્રીએ જવાબ આપ્યો કે ઉદયન રાજા અહીં જ છે. તે ગાય તો હાથી જરૂર શાંત થઈ જશે. તરત જ રાજાની આજ્ઞા થઈ અને ઉદયન તથા રાજપુત્રી બંને સાથે ગાવા લાગ્યાં. એમના ગાવાની જાદુઈ અસર થઈ અને હાથી શાંત બની ગયો. શાંતચિ ઊભેલા હાથી ઉપર ઉદયન આરૂઢ થયા. મહાવતને સુપ્રત કર્યો. આ માર્ગ દેખાડનાર અભયકુમાર ઉપર રાજા ખુશ થઈ ગયા અને બીજુ વરદાન માંગવા કહ્યું– પણ અભયકુમારે બાકી રાખી કહ્યું કે સમય આવે માગીશ.

એક વખત રાજા ચંડપ્રદ્યોત પોતાની રાણીઓ તથા અન્ય નગરજનો સાથે બગીચામાં સહેલ માટે નીકળ્યો. બગીચામાં જઈને મધ્યમાં બેઠક ગોઠવી. સૌ બેઠાં અને સંગીત શરૂ કરવાની સૂચના આપી. કોઈક નવી અનેરી ભાત ભાતની ગીતની વાનગીઓ જોવાની ઇચ્છાથી પોતાની દીકરી વાસવદત્તા અને ઉદયનને આમંત્રણ આપ્યું. એ વખતે ઉદયને પ્રેમી વાસવદત્તાને ખાનગીમાં સમજાવી દીધું કે આજે આપણે નાસી છૂટવાની તક છે. આથી વાસવદત્તાએ સત્યા નામની અત્યંત વેગવાળી હાથણી તૈયાર કરાવી તે વખતે તેની બન્ને તરફ બંધ બાંધતી વેળાએ તે હાથણીએ ચીસ નાખી એ સમયે એક અંધ જ્યોતિષી નજીકમાં રહેતો હતો તે બોલ્યો કે આ હાથણી સો જોજનનો પંથ કાપીને તરત જ મૃત્યુને વરશે.

ઉદયને હાથણીની ઉભય તરફ ચાર મૂત્ર ઘંટ બંધાવી પોતે રાજપુત્રીને લઈને હાથણી ઉપર સવાર થઈ ગયો. હાથણીને વેગથી એકદમ દોડાવી. જતાં જતાં રાજ્યના સૈનિકોને કહેતો ગયો કે તમારા રાજાને કહેજો કે વત્સરાજ સૌની નજરે ધોળે દિવસે તમારી પુત્રી અને હાથણી લઈને ભાગી ગયો છે. આમ કહી ઝડપથી હાથણી દોડાવી મૂકી.

સૈનિકો દોડતા રાજા ચંડપ્રદ્યોત પાસે ગયાં અને સર્વ માહિતી આપી. આ સાંભળી રાજા ખૂબ જ દુઃખી થયો અને ગુસ્સે થઈ બોલ્યો-મેં મારી દીકરી ભણાવવા રાખેલો વત્સરાજ મારી જ પુત્રીનું સૌના દેખતાં હરણ કરી ગયો. સનિકોને આજ્ઞા કરી કે જાઓ તેને પકડી લાવી હાજર કરો. પરાક્રમી નિકો શસ્ત્રબદ્ધ બની નીલગિરિ હાથીને લઈને વત્સરાજને પકડવા નીકળી પડચા. હાથી ઉપર સવાર થઈને પકડવા સેવકો આવતા હતા. વત્સરાજે મૂત્રઘંટને છોડી ઢોળી દીધો. તેથી તે સૂંઘવા માટે હાથી ઊભો રહ્યો જેથી અત્યંત ઝડપી હાથણી સત્યાને તેઓ પકડી શકચા નહિં. વત્સરાજ અને વાસવદત્તા પોતાના નગરમાં સુખરૂપ પહોંચી ગયા. લાંબા પ્રવાસથી થાકેલી હાથણી અહીં આવીને તરત જ મૃત્યુ પામી. રાજાના સૈનિકો વીલા મોઢે પાછા ફર્યા. આ જોઈને પ્રદ્યોતન રાજા અત્યંત ક્રોધાઈમાન થઈ ગયા. અને યુદ્ધ કરવા તૈયારી કરવા માંડી.

પરંતુ રાજ્યના ડાહ્યા અમાત્યોએ ભેગાં મળી રાજાને સમજાવ્યો. યુદ્ધ કરવાનો કોઈ અર્થ નથી. દીકરી તો

હંમેશાં પારકે ઘેર જ શોભે છે. પુત્રીએ પોતાની મતિ પ્રમાણે ઉદયન જેવો શ્રેષ્ઠ શૂરવીર હોંશિયાર અને ગુણવાન સ્વામી મેળવ્યા છે એમાં કશું જ અયોગ્ય નથી. આના કરતાં વધુ સારો બીજો કયો પતિ મળવાનો હતો? માટે સમજીને હવે વત્સરાજને તમે તમારો જમાઈ તરીકે સ્વીકારી લો તેમાં જ વધુ ડહાપણ છે.

મંત્રીઓની આવી સમજણ યુક્ત વચનોથી રાજા ચંડપ્રદ્યોત શાંત થયો અને આનંદ મંગલ વર્તાઈ રહ્યો. અને વત્સરાજને પોતાના જમાઈ તરીકે સ્વીકારી ભેટસોગાદો અને વસ્ત્રાલંકાર તથા આભુષણો સહર્ષ મોકલાવ્યાં.

એકદા ઉજ્જયીનીમાં અગ્નિદેવ કોપાયમાન થવાથી શહેરમાં આગે તાંડવરૂપ ધારણ કર્યું. લોકોની નાસભાગ થઈ રહી. સૌ પોતાની કિંમતી ચીજવસ્તુ બચાવવા જાનના જોખમે પણ પ્રયત્ન કરતાં હતાં. આ અગ્નિદેવનો કોપ થયો છે એવા રાજાને સમાચાર મળ્યા કે તરત રાજાએ અભયકુમારને બોલાવ્યો. મંત્રીશ્વરે ઉપાય બતાવ્યો કે કાંટો કાંટાને કાઢે તેમ અગ્નિ સામે અગ્નિ ધરવાથી અગ્નિ શાંત થશે. એ પ્રમાણે કરતાં અગ્નિ શાંત પડી ગયો. આથી રાજા ખૂબ જ રાજી થયો અને અભયકુમારને ત્રીજું વચન માંગવા કહ્યું. અભયકુમારે આ વચન પણ બાકી રાખ્યું અને કહ્યું કે સમય આવે માગી લઈશ.

સર્વ નગરીઓમાં શ્રેષ્ટ ગણાતી એવી ઉજ્જયીની નગરીમાં કેટલોક સમય આનંદ મંગળ ગવાતો રહ્યો. પ્રજાજનો આનંદમાં રહેતા હતાં.



# ૨૦—આકરી પ્રતિજ્ઞા



એક વખત એક અત્યંત દુઃખદ ઘટના બની. કોઈ અસાધારણ ઉપદ્રવ ફેલાતાં લોકો ખૂબ પીડાવા લાગ્યા. આ વાત રાજાને કાને પહોંચી એટલે તતક્ષણ તેનો ઉપાય કરવા અભયકુમારને પૂછ્યું. ત્યારે અભયકુમારે તેમાંથી બચવાનો ઉપાય દર્શાવ્યો.

હે રાજા! આપની તમામ રાણીઓ, શ્રેષ્ઠ વસ્ત્રાલંકાર પહેરી બનીઠનીને આપના મુખ્ય આવાસમાં આવે અને ત્યાં દ્રષ્ટિયુદ્ધમાં આપને કઈ રાણી હરાવે છે એ મને જણાવજો. એટલે હું ઉપાય બતાવી શકીશ. અભયકુમારની સૂચના મુજબ કરવામાં આવ્યું. તેમાં શિવાદેવીએ મહારાજાને પરાજય આપ્યો. એ વાતની અભયકુમારને જાણ કરવામાં આવી.

રાજપુત્ર અભયકુમારે કહ્યું કે આજની જ રાત્રીએ શિવાદેવી વિધિપૂર્વક ભૂતપૂજા :કરે જેથી તમામ ઉપદ્રવરૂપી ભૂત હાજર થશે. તે સમયે તેમના મોંઢા ઉપર જોરથી

કૂરના બાકળા ફેંકવા. આમ કરવાથી નગરીનો તમામ ઉપદ્રવ દૂર થવાથી રાજા ચંડપ્રદ્યોતે ખૂબ જ સંતોષ મેળવ્યો. અને (મેરૂ પર્વત, નદી, તળાવ, મહા સરોવરો સર્વેને પહોંચાય પણ તીવ્ર બુદ્ધિશાળી અભયકુમારની બુદ્ધિને પહોંચાય નહિં.) બુદ્ધિશાળી અભયકુમારની બુદ્ધિના વખાણ કરવા લાગ્યાં. અને ચોથું વરદાન માંગવા કહ્યું. આ પ્રમાણે કુલ ચાર વરદાન માંગવાના થયાં.

બુદ્ધિના ભંડાર અભયકુમારે પોતાના છૂટકારાનો ઉપાય શોધી રાખી અને એકી સાથે ચારેચાર વરદાનની યાચના કરી. હે ચંડપ્રદ્યોત રાજા, તમારા આપેલા ચાર વરદાન માંગુ છું તે નીચે મુજબ છે (૧) હું નલગિરિ નામના રાજ્યના હાથી ઉપર સંવાર થાઉં (૨) શિવાદેવી માતાના ખોળામાં હું બેસું. (૩) નલગિરિ હાથીના મહાવત તરીકે આપ એટલે કે રાજા ચંડપ્રદ્યોત પોતે થાય અને હાથીને ચલાવે (૪) અગ્નિભીરૂના કાષ્ટની બનાવેલી ચિતામાં મારે પ્રવેશ કરવો.

અભયકુમારની આવી માગણીઓથી રાજા તો ઠંડો પડી ગયો. અને વિચારવા લાગ્યો કે આ મહાબુદ્ધિશાળી અભયકુમારને પહોંચાય તેમ નથી. એટલે બે હાથ જોડીને રાજા બોલ્યો— હે અભયકુમાર, તું બુદ્ધિનો બેતાજ બાદશાહ છે. તેં જે જે માગણીઓ કરી છે તે આપવાને અગર પૂરી કરવાને હું અસમર્થ છું– જો કે તારો આશય હું સમજી ગયો છું એટલે હું તને બિનશરતે છૂટો કરૂં છું–હવે

તું સ્વતંત્ર છે. તારે જ્યારે અને જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. તારું ભલું થાય એવા મારા આશીર્વાદ છે.

તેજ સમયે અભયકુમારે કઠીન પ્રતિજ્ઞા કરવાપૂર્વક જણાવ્યું કે— હે રાજા, તમે મને ધર્મકપટ કરી બેભાન અવસ્થામાં અહીં લઈ આવ્યા છો પરંતુ હું તો તમને ભર બજારે, ધોળે દિવસે, સર્વ લોકો નિહાળે તે રીતે લઈ જઈશ. એક ગાંડા માણસની જેમ તમે બરાડા પાડશો છતાં લોકો તમારી વાત નહિં સાંભળે અને મશ્કરી કરશે અને હું લઈ જઈશ, અને દુનિયા જોતી રહી જશે. મારી પ્રતિજ્ઞામાંથી હું જો સહેજ પણ પાછો ફરું તો માનજો કે હું મગધપતિ મહારાજા શ્રેણિકનો પુત્ર ન હતો.

થોડા સમયમાં જ અભયકુમાર પોતાની પત્નિ સાથે રાજગૃહી પાછો આવી ગયો. તેના આગમનથી રાજા-રાણી અને પ્રજાજનો ખૂબ આનંદ પામ્યા. અન્ય મંત્રીશ્વરોની પણ મુંઝવણ ઓછી થઈ. સૌ આનંદમાં સમય પસાર કરે છે પરંતુ અભયકુમાર પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા માટે વિચારમાં જ રહે છે.

અત્યંત સ્વરૂપવાન - મનોહર નેત્રોવાળી આકર્ષક દેહ લાલિત્યવાળી - બે વેશ્યા પુત્રીઓને તૈયાર કરી. પોતાને ઊપાડી લઈ જનાર વેશ્યા કરતાં અનેક ગણી રીતે ચઢિયાતી અને સંગીતના જ્ઞાનમાં પાવરધી હતી-અને જોનાર વ્યક્તિ તરત જ તેના નેત્રબાણથી ઘાયલ થઈ જાય એવી અતિ સુંદર એ વેશ્યા પુત્રીઓ હતી-

અભયકુમારે ગુટિકાનું અનુપાન કરી પોતાનો અવાજ બદલાવી નાંખ્યો અને એક વણિક વેપારીનો વેશ ધારણ કર્યો. અને ચંડપ્રદ્યોત રાજાની નગરીએ આવ્યો. રાજમાર્ગને અનુસરી એક વિશાળ હવેલી રાખી ત્યાં રહેવા લાગ્યો. અભયકુમારે એક કરિયાણાની દુકાન કરી અને ઉત્તમ પ્રકારનું કરિયાણું નગરને આપવા લાગ્યો.

એકદા પેલી બે ગણિકા પુત્રીઓ પોતાના આવાસના ઝરુખે ઊભી ઊભી નગરીની શોભા જોઈ રહી હતી. એ સમયે ત્યાંથી પસાર થતાં રાજા ચંડપ્રદ્યોતની નજર આ બંને બાળાઓ ઉપર પડી. અત્યંત સ્વરૂપવાન મનમોહક સૌંદર્ય–આકર્ષક દેહ લાલિત્યવાળી બન્ને બાળાઓની નજર પણ રાજા ઉપર પડી. સામસામી નજરો ટકરાઈ. અને બાળાઓએ તીરછી નજર કરી પોતાના પ્રત્યે આકર્ષવા નયનબાણો ફેંકવા લાગી–

કામદેવના આહવાહનને જીરવવાની તાકાત રાજામાં ન હતી. વિષયવાસનાનો લોલુપી રાજા ચંડપ્રદ્યોત પેલી બાળાઓના નયનબાણથી વિંધાઈને ઘાયલ થઈ ગયો હતો. મનમાં તેને પામવાના વિચારો કરતો કરતો રાજમહેલે ગયો. દિલમાં ચેન નથી. હૃદયમાં શાંતિ નથી. કામની વેદનામાં રાજા જલી રહ્યો છે.

રાજમહેલમાં જઈ પોતાની એક અતિ વિશ્વાસુ દાસીને બોલાવીને કહ્યું – પેલી હવેલીના ઝરુખે ઊભેલી અતિ

સૌંદર્યવાન અને મદમસ્ત નવયૌવના કોણ છે? તેની સાથે મારી દ્રષ્ટિ મલી ત્યારથી મારા હૃદયમાં અશાંતિ ઉત્પન્ન થઈ છે. તેના વગર હું એક ક્ષણ પણ રહી શકું તેમ નથી માટે ગમે તે રીતે એ સ્ત્રીને મારા આવાસે લઈ આવો.

દાસી તો તરત જ ત્યાંથી નીકળી અભયકુમારની હવેલીએ ગઈ. ત્યાં જઈ પેલી બંને બાળાઓને મલી. અને કહ્યું કે અમારા મહારાજા આપના ઉપર પ્રસન્ન થયાં છે. આપ રાજમહેલે પધારો.

આ સાંભળી પેલી ગણિકાપુત્રી અત્યંત ક્રોધાઈમાન થઈ કહેવા લાગી – અરે નાલાયક, આવી હલકી વાત કરવા આવતાં તને શરમ નથી આવતી? શું તારા રાજા આવું ચારિત્ર્ય ધરાવે છે? ચાલી જા અહીંથી અને ફરીવાર આવતી નહિં. આથી દાસી રાજમહેલે પાછી ફરી અને સર્વ હકીક્ત રાજાને જણાવી.

આમ રાજાની આશક્તિ વધતી ગઈ એટલે ફરીવાર દાસીને સમજાવીને મોકલી. કામી જનોને ભય કે લજ્જા હોતાં નથી.

"कामातुराणां न भयं न लज्जा" ।।

બીજે દિવસે દાસી ફરીવાર આવી. રાજા ચંડપ્રદ્યોતના ખૂબ ખૂબ વખાણ કર્યાં. રાજા જેવો રાજા તમારા પ્રત્યે પ્રેમભાવ રાખે છે માટે તમે ખરેખર ભાગ્યશાળી કહેવાઓ.

તમે તેમનું અપમાન કરો છો તેમ છતાં રાજા તમારા પગલાં પૂજે છે. તમારા પ્રત્યે પ્રેમભાવ રાખનારને તમે પણ પ્રેમભાવ દર્શાવો એમાં જ તમારું શ્રેય છે. આ સાંભળી પેલી બાળાઓએ તેનું અપમાન કરી ફરી કાઢી મૂકી. રાજમહેલે જઈ રાજાને સર્વ હકીકત જણાવી. છતાં રાજાએ પ્રયત્ન ચાલુ રાખવા સમજાવી.

ત્રીજે દિવસે વળી પેલી દાસી આવી અને કહેવા લાગી – હે બાઈઓ, રાજા તમારા નામની માળા ગણે છે. તમારી પાછળ ગાંડો બની ગયો છે. મારી વાત જો તમે માનશો તો સુખી થશો. આ સાંભળી પોતે રાજા પ્રત્યે રાગી બની છે એવો દેખાવ કરી બોલી – બહેન, તારી વાત સર્વથા સાચી છે. અમને પણ આવું બધું ગમે છે પરંતુ અહીં અમે અમારા ભાઈના રક્ષણ તળે છીયે. તે ખૂબ જ ધર્મિષ્ઠ છે. એમની રજા સિવાય અમે બહાર નીકળી શકતાં નથી. અમારા ઉપર પૂરી ચોકી છે. એટલે લાચાર છીએ.

પણ, હા – એક વાત કહું. આજથી બરાબર સાતમે દિવસે અમારો ભાઈ અહીંથી બહાર જનાર છે તેથી તે દિવસે – સંધ્યા સમયે – તમારો રાજા અહીં એકલો આવે તો એકાંતમાં મેળાપ થશે. અને તેમના હૃદયને શાંતિ થશે.

આ વાત સાંભળી દાસી ખૂબ જ રાજી રાજી થઈ ગઈ અને પોતે ધાર્યું નિશાન પાડ્યું છે તેમ ગર્વ લેતી લેતી રાજા પાસે જઈને આ વાતની જાણ કરી. ચંડપ્રદ્યોત

રાજા પણ આ વાત જાણી ખુશ થયો. પોતાની મનોકામના પૂર્ણ થશે એના આનંદમાં ઝૂમી ઊઠ્યો.

આ જગતમાં જે અશક્ય કાર્ય છે તેને શક્ય કરી બતાવવું છે એવી છે ભાવના જેની, એવું છે બુદ્ધિ સામર્થ્ય જેનું. એવા મગધના મહામંત્રી અભયકુમારે રાજા ચંડપ્રદ્યોતની સમાન મુખાકૃતિ અને શરીર સૌષ્ઠવવાળા એક માણસને શોધી કાઢ્યો. તેને પોતાના કાર્યમાં મદદ કરવા બદલ અઢળક ધન આપવાની લાલચ આપી પોતાનો કરી લીધો અને સાથે રાખ્યો. અને તેનું નામ પ્રદ્યોત છે. એમ લોકોને જણાવ્યું. અભયકુમારે સર્વ લોકોને નગરમાં પણ પોતાનો ભાઈ છે અને અસ્થિર મગજનો છે એવી વાત આબાદ રીતે ફેલાવી. તેમજ અભયકુમાર જ્યાં જ્યાં જતો ત્યાં આ વાત ફેલાવતો જ રહ્યો.

અભયકુમાર દરરોજ પેલા પ્રદ્યોત (બનાવટી ભાઈ) ને એક માંચા ઉપર બાંધીને લઈ જતો ત્યારે અગાઉથી શિખવી રાખેલું તે મુજબ તે બરાડા પાડતો અને જતાંઆવતાં લોકોને સંભળાવતો. અને કહેતો કે “અરે! નગરજનો, મારી વાત સાંભળો – હું આ નગરીનો રાજા છું મારું નામ પ્રદ્યોતરાજા છે. મને આ બધાં ઊપાડીને લઈ જાય છે. મને છોડાવો.” લોકો સૌ સાંભળીને ઠેકડી કરતાં.

આ સમયે અભયકુમાર લોકોને સમજાવતો કે આ મારા વડીલબંધુને ચિત્તભ્રમ થઈ ગયું છે તેની દવા

કરાવવા વૈદ્યરાજને ત્યાં લઈ જાઉં છું. તે નાસી ન જાય તેથી મારે બાંધી રાખવા પડે છે. એટલે તે ખૂબ મોટેથી બૂમબરાડા પાડે છે અને મનફાવે તેમ બોલે છે. આથી મારે શરમાવું પડે છે પણ હું શું કરું ?

નગરજનોએ અભયકુમારની વાત સાચી માની અને નગરના મોટાથી માંડીને બાળકો સુધી તમામમાં પૂરો વિશ્વાસ ઊભો કર્યો. આ પ્રમાણે દરરોજ બનતું તેથી લોકોએ પણ પોતાનું ધ્યાન ન આપ્યું.

બીજી બાજુ રાજા ચંડપ્રદ્યોત સાત દિવસ પૂરા થવાની રાહ જોતો હતો. એક દિવસ એક ભવ જેટલો મોટો લાગતો હતો. મહા મુશ્કેલીથી દિવસો પસાર કર્યા અને એ દિવસ આવી પહોંચ્યો. આજે ઈચ્છીત વસ્તુ મલવાની છે પણ તે સમય વિતાવતાં એક એક ક્ષણ દિવસ મોટી જેવડી મોટી લાગવા માંડી.

માનવી કામમાં અંધ બને છે ત્યારે માનવતા શું ચીજ છે તેનો ખ્યાલ રહેતો નથી. કર્તવ્ય ભૂલી ધર્મને ઠોકરે મારી રાક્ષસી વૃત્તિમાં અંધ બની દોડે છે એ સમયે તેનું મગજ કાર્ય કરતું બંધ પડી જાય છે અને સારાસારનું ભાન ગુમાવી બેસે છે.

કામમાં ચકચૂર બનેલ રાજા સમય નક્કી કર્યા પ્રમાણે એકલો પેલી બે બાળાઓના આવાસે પહોંચી ગયો. અંદર પ્રવેશ કરતાંની સાથે જ અભયકુમારના સશસ્ત્ર પહેરેગીરો

અને કદાવર રક્ષકોએ રાજાને પકડી જાડા દોરડાથી બાંધી દીધો. અને પેલા માંચામાં નાંખી નગરની મધ્યમાં થઈને લઈ ગયા–

રાજાએ ઘણી બૂમો પાડી – કે હું આ નગરીનો પ્રદ્યોત રાજા છું શત્રુઓ મને લઈ જાય છે — પણ નગરજનોએ કોઈએ સાંભળવાની દરકાર પણ કરી નહિં– કારણ કે આ ઘટના દરરોજની થઈ ગઈ હતી તેથી કોઈને કાંઈ જ અસર થઈ નહિં. પરંતુ લોકો મશ્કરી કરવા લાગ્યા. અભયકુમારે જણાવ્યું કે આજે મારા વડીલ ભાઈને વિશેષ સન્નેપાત થયો લાગે છે. વૈદ્યરાજને ત્યાં લઈ જઉં છું. લોકો અભયકુમારને કહેતાં— અહો ! આ શી ઉપાધિ આવી પડી છે ! આખા માર્ગમાં રાજાએ બૂમો પાડી પરંતુ તેનું કાંઈ વળ્યું નહિં પરંતુ અભયકુમારે દિલાસો આપતાં આપતાં નગર બહાર અગાઉથી ગોઠવી રાખેલ વ્યવસ્થા મુજબ, ખૂબ જ વેગવાન અશ્વોવાળા રથમાં રાજા ચંડપ્રદ્યોતને નાંખી રાજગૃહી નગરીમાં લાવ્યો અને કહ્યું— હે રાજા, મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરી છે.

રાજગૃહીમાં અભયકુમાર આવી ચંડપ્રદ્યોત રાજાને શ્રેણિકરાજાના દરબારમાં હાજર કરે છે અને પોતાને ધર્મ-કપટ કરી પકડી લઈ જનારને ભરબજારે નગરીની વચ્ચેથી પકડી લાવેલ છે તે સવિસ્તર વાત કરી. આ વાતની જાણ થતાં શ્રેણિકરાજા તેને મારવા ખુલ્લી તલવારે દોડ્યા પરંતુ અભયકુમારે રોકીને સમજાવ્યું.



આકરી પ્રતિજ્ઞાનું પાલન કરી રાજગૃહીમાં અભયકુમાર પાછા ફર્યા ત્યારે રાજપુરોહિતો દ્વારા મંત્રીમંડળ તેમનું ભાવભીનું સ્વાગત કરે છે.

હે પિતાજી, આપ સમજુ અને શાણા રાજવી છો. જેવાની સાથે તેવા ન થવાય. એણે આપણું અહિત કર્યું તેથી આપણો શત્રુ છે એ વાત ખરી પરંતુ એ અત્યારે આપણા મહેમાન છે મહેમાનને મરાય નહિં પણ માન–પાન સનમાન આપવું જોઈએ.

અભયકુમાર આવા ભાવભર્યા વિવેકી શબ્દો સાંભળી ચંડપ્રદ્યોત રાજા ખૂબ જ ખુશ થયો અને બોલ્યા– હે મહા-બુધ્ધિમાન અભયકુમાર – તમારી બુધ્ધિ માટે મને માન ઉપજે છે. તમે બોલ્યું કરી બતાવ્યું 'એ તમારી બુદ્ધિનો પરચો

છે, આપની બુદ્ધિને ધન્ય છે. આપ અનંત-અનંતગણી બુદ્ધિના સ્વામી છો.

મહારાજા શ્રેણિકે ચંડપ્રદ્યોત રાજાને ખૂબ જ માન આપ્યું- શત્રુને મિત્ર બનાવી, ભાવભીની વિદાય આપી.

"ધન્ય છે એ બુદ્ધિનિધાન અભયકુમારને'

ધન્ય છે એની કાર્યદક્ષતાને-

ધન્ય છે એને કે અશક્યને શક્ય બનાવી શક્યો,

ધન્ય છે એ અભયકુમારને કે દુશ્મનને પણ મિત્ર બનાવ્યો.



## ૨૧ – કૃત પુણ્યનું પુણ્ય



**રાજગૃહી** નગરીમાં ધનદત્ત નામે પ્રસિદ્ધ સાર્થવાહ રહેતો હતો. તે ખૂબ જ ધનવાન હતો તેવો જ એ દાનેશ્વરી પણ હતો. તેમ જ તે ખૂબ જ ચારિત્ર્યવાન પણ હતો. તેને વસુમતી નામે સુશીલ પત્ની હતી. અને તેઓ સુખમાં દિવસો વ્યતીત કરતાં હતાં. એમને એક વાતનું દુઃખ હતું કે તેમને ત્યાં પુત્રપ્રાપ્તિ થઈ ન હતી. આ સંસારમાં સર્વના મનોરથો કદાપિ પૂર્ણ થતાં નથી.

વસુમતીના અંતરમાં અગાથ વેદના ભરી હતી. પુત્રની પ્રાપ્તિ માટે બહુ વલખાં મારતી અને જાતજાતની દવા ઓસડ લેતી. દેવ દેવસ્થાનની માનતા માનતી. જ્યોતિષી-ઓના કહ્યા પ્રમાણે ગ્રહો પૂજન કરતી. જપ અને મંત્રોના ઉપાયો પણ કરવામાં કોઈ બાકી રાખી નહિ. કાળે કરીને પાપકર્મનો લોપ થવાથી તેની કુક્ષીએ એક ઉત્તમ ભાગ્યશાળી જીવ ઉત્પન્ન થયો. અન્ય અનુભવી સ્ત્રીઓએ બતાવેલ તે પ્રકારે ગર્ભનું રક્ષણ કરવા લાગી. હૈયામાં આનંદની હેલી ચડે છે. પૂરા દિવસે તેણીને એક પુત્રજન્મ અવતર્યો પુત્રજન્મ સાંભળતા જ શેઠ ગાંડા-ઘેલા થઈ હર્ષિત બન્યા.

પુત્રજન્મની વાત સાંભળી ધનદત્ત સાર્થવાહે મોટો મહોત્સવ કર્યો. અનેક લોકો પોતાનો હર્ષ પ્રદર્શિત કરવા આવ્યા. પિતાએ તેનું નામ કૃતપુણ્ય રાખ્યું. ધીમે ધીમે એ પુત્રને આઠ વર્ષ વ્યતીત થયા. એક ઉત્તમ કળાચાર્યની સાન્નિધ્યમાં અભ્યાસ કરાવવા લાગ્યા. પુત્ર અત્યંત બુદ્ધિમાન હતો તેથી ટુંક સમયમાં સર્વ પ્રકારની કળામાં પારંગત બન્યો.

આજ રાજગૃહી વિષે એક સાગરદત્ત નામના ધનવાન ઉદાર શેઠને જયશ્રી નામે પુત્રી હતી. તે ખૂબ જ ગુણવાન હતી. કૃતપુણ્યના લગ્ન જયશ્રી સાથે કરવામાં આવ્યા. આ રીતે વસુમતીની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવા છતાં એને કંઈક નવું જોવાનું થયું.

કૃતપુણ્ય સંસારમાં રહેવા છતાં ભોગી નહિં પણ યોગી તરીકે જીવન જીવતો તેથી પત્નિ પ્રત્યે સહેજ પણ પ્રેમભાવ થતો જ નહિં. ભોગવિલાસથી પુત્રને દૂર રહેતો જોઈને વસુમતીને ખૂબ જ દુઃખ થયું.

જયશ્રી જેવી સૌંદર્યવતી સ્રીનું યૌવન અકાળે વૃથા કરમાઈ રહ્યું છે. તેથી તેણે પોતાના પતિને કહ્યું – હે નાથ, આ આપણો પુત્ર જાણે પરમયોગી થયો હોય તેમ સાંસારિક ભૌતિક – વિષયોપભોગથી દૂર ને દૂર રહે છે. આટલું અઢળક ધન છે તે નહિં ભોગવે કે સોના રૂપાના આભૂષણો નહિ બને તો આ બધું શા કામનું ? સ્રીઓ હંમેશા પોતાના પુત્રને ભોગવિલાસ કરતો જુએ છે તો આનંદ

થાય છે. માટે હે – સ્વામી ! મારે એટલું જ કહેવું છે કે આપણા દીકરાને એવા મિત્રોની સોબત કરાવો કે જેથી કરીને તે કામભોગ અને વિલાસ પ્રત્યે આસક્તિવાળો બની વિષયવિલાસમાં ડૂબ્યો રહે.

ધનદત્ત કહે — હે પ્રિયે, આવી અવિવેકી વાત કરીને તું તારી મૂર્ખાઈનું પ્રદર્શન કરે છે. આ વિષયમાં તો પુત્ર વખત આવે જાતે જ સમજશે. થોડી ધીરજ રાખ અને તેમ છતાં યોગીરાજની જેમ બ્રહ્મચારી દેખાશે તો તારી સૂચના અમલમાં મૂકીશું.

છતાં વસુમતીના હઠાગ્રહને કારણે પિતાએ પુત્રને હલકી સોબતમાં મૂક્યો. હલકી સોબતને કારણે જ્યાં ત્યાં રખડતો થયો. ખરાબ ભાષા બોલતો થયો. જુગાર રમતો થયો અને હલકા લોકોની વાસના તેનામાં આવી. મિત્રો તેને વેશ્યાગૃહે લઈ જતાં અને શૃંગાર પ્રત્યે પ્રેમ કરતો કરી દીધો.

તે નગરમાં દેવદત્તા નામની એક અત્યંત સુંદર નવયૌવનથી થનગનતી વેશ્યા રહેતી હતી. તેનો સપ્રમાણ દેહ અને મદભર નૈન ભલભલાને ડોલાવી દેતાં. એકદા કૃતપુણ્યના મિત્રો તેને આ વેશ્યાના આવાસે લઈ આવ્યા. સુંદર નવયુવાન – કિંમતી વસ્ત્રાલંકારથી સુશોભિત આ કૃતપુણ્યને જોઈ એ વેશ્યા હર્ષ પામી. તેને જોઈ એ ઊભી થઈ આદર–સન્માનપૂર્વક આસન આપ્યું. શૃંગાર પૂર્ણ તેમ

વિષયોત્પાદક કામજનેતા ભાષા વાપરી તેનો સત્કાર કર્યો. અને તેના રૂપમાં કૃતપુણ્યને લટ્ટુ બનાવી દીધો.

આ દેવદત્તા વેશ્યાએ કૃતપુણ્યનું મન હરી લીધું જેથી એ પોતાની પત્નિને પણ ભૂલી ગયો. વારાંગનાએ તેને ખૂબ ભયંકર ફસાવી દીધો. પુત્ર સ્નેહને કારણે પિતા હંમેશા ધન મોકલતો રહ્યો અને પુત્ર મોજમજાહ કરતો રહ્યો. થોડા સમયમાં તેના (કૃતપુણ્યના) માતા પિતા અવસાન પામ્યા પરંતુ તેની સ્ત્રી પુત્રને ભોગવિલાસ માટે પૈસા મોકલતી રહી.

કૃતપુણ્યના પિતાનો દેહાંત થવાથી પેઢી બંધ પડી. આવક બંધ થઈ. ખર્ચ ચાલુ રહ્યો અને છેવટે તમામ મિલ્કતની પાયમાલી થઈ ગઈ. છેક છેલ્લી વખતે જયશ્રીએ પોતાના આભરણો સાથે ત્રાક અને પૂણી મોકલ્યાં. ચતુર વેશ્યા સમજી ગઈ કે હવે આના ઘરની લક્ષ્મી ચાલી ગઈ છે. માટે આવા નિર્ધનની હવે મારે જરૂર નથી. વેશ્યાએ જયશ્રીએ મોકલાવેલા આભુષણો સાથે એક હજાર સોના-મહોરો ઉમેરીને પાછી મોકલાવી આપી. અને કૃતપુણ્યને ઘરની બહાર કાઢી મૂક્યો.

ઊંઘમાંથી જાગીને જોયું તો ઘર નથી – વૈભવ નથી. – દેવદત્તા નથી. ક્ષણ માત્રમાં પરિસ્થિતિ પામી ગયો. મનમાં પસ્તાવો થવા લાગ્યો અને વિચાર્યું કે હું ઘેર જાઉં. જોઉં તો ખરો કે મારી સ્ત્રી મને શું કહે છે? શું કરે છે?

આમ વિચારી તેણે ઘેર જઈને જોયું તો મકાન જીર્ણ થઈ ગયેલું છે. અગાઉની રોનક ચાલી ગઈ છે. પોતાની પત્નિ અંદર બેઠી બેઠી ધ્યાન ધરતી હતી. પતિને જોયા કે તરત જ આવકાર આપી ઘરમાં લઈ ગઈ. ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. પત્નિની આવી ભક્તિ જોઈ તેણી પ્રત્યે તેનું મન આસક્ત થયું. મનમાં વિચારે છે કે અહો, આવી કુલીન સ્ત્રીને છોડી હું નીચ વેશ્યામાં આસક્ત થયો ! ધિક્કાર છે મને, મારા કરતાં આ સ્ત્રી ઊંચી, ગુણીયલ ! સ્નાન કરાવી નવીન વસ્ત્રો ધારણ કરાવી ભોજન જમાડયું. અત્યંત આનંદ પામેલ કૃતપુણ્ય પોતાની પત્નિ સાથે રાત રહ્યો. જયશ્રીને ગર્ભાધાન થયું. હવે વધતી જતી જવાબદારી માટે કોઈક વ્યવસાય કરવો પડશે.

એકદા તેણે પોતાની પત્નિ જયશ્રીને પૂછયું કે તારી પાસે કોઈ દ્રવ્ય છે ? હું પરદેશ જવા ઇચ્છું છું અને ત્યાં જઈ કોઈક ધંધો કરવા ચાહુ છું. અહીં આપણા ગામમાં રહી નાનો ધંધો હું કરી શકીશ નહિં. પત્નિએ જવાબ આપ્યો કે વેશ્યાએ મોકલાવેલ એક હજાર સોનામહોરો હાલ મારી પાસે ઉપસ્થિત છે.

આમ કૃતપુણ્ય દેશાવર ધંધાર્થે જવાનું વિચારતો હતો તે વખતે એક સાર્થ પણ વસન્તપુર તરફ જતો હતો. તેથી તે દિવસે પ્રસ્થાન કરી નજીકના કોઈ દેવમંદિરમાં રાતવાસો રહી બીજે દિવસે પ્રયાણ કરવાનું નક્કી કર્યું. પતિને નીચે સૂઈ રહેવું ન પડે તેથી તેની પત્નિ જયશ્રીએ

એક ખાટલો ઘેરથી લઈ જઈને ત્યાં પાથરી આપ્યો જેથી તેનો પતિ રાત્રિ દરમ્યાન શાંતિથી ઊંઘી શકે. સવારે જઈને પતિને વિદાય કરી તે ખાટલો પાછો ઘેર લઈ આવીશ એમ મનમાં નક્કી કર્યું. અહીં સુંદર બિછાનું સૂવા માટે મળ્યું એટલે કૃતપુણ્ય શાંતિથી ગાઢ નિદ્રામાં પોઢી ગયો.

હવે આજ નગર વિષે એક અત્યંત ધનાઢ્ય શેઠાણી રહેતાં હતાં. ધનદોલત — નોકરચાકર – બાગબગીચા અને મહેલાતોનો પાર ન હતો. પતિ પરલોક સિધાવ્યો હતો. સંતતિમાં માત્ર એકનો એક પુત્ર હતો. ચાર કુળવાન અને અતિ સૌંદર્યવાન કન્યાઓ સાથે તેના લગ્ન કર્યા હતા. અઢળક ધનનો માલિક હોવા છતાં એકદા સાગર ખેડીને પ્રવાસે ગયો હતો. અનર્ગળ દ્રવ્ય ઉપાર્જન કરી પાછા વળતાં સમુદ્રમાં તોફાન થયું. વહાણ તૂટીને ખલાસ થઈ ગયું અને કેટલાંક પ્રવાસીઓ સાથે શેઠાણીનો પુત્ર પણ ડૂબી ગયો. તે વહાણમાંથી એક ખલાસી બચી ગયો હતો. તેણે આવી તમામ હકીકત શેઠાણીને જણાવી. શેઠાણી બહુ ચતુર હતાં તેમણે આ ખલાસીને એકસો સોનામહોરો આપી આ વાત કોઈને કહીશ નહિં એમ સમજાવી દીધું.

શેઠાણીએ વિચાર્યું કે પુત્ર ગયો અને વારસદારના અભાવે તમામ લક્ષ્મી રાજ્ય પડાવી લેશે માટે લક્ષ્મી બચાવવાનો ઉપાય કરું. મારી ચારે પુત્રવધુઓના ખોળા ખાલી છે. હું કોઈ એવો પુરૂષ શોધી લાવું કે જેથી મારી ચારે પુત્રવધુઓ પુત્રવતી

બને અને મારી લક્ષ્મી જળવાઈ રહે. તેમ વિચારી ચારે પુત્રવધુઓને લઈ દેવમંદિરે ગઈ. ત્યાં ખાટલામાં ઘસઘસાટ ઊંઘતો તેજસ્વી પુરૂષ કૃતપુણ્યને જોયો એટલે ખાટલા સાથે ઊપડાવી ઘરમાં લાવી. કૃતપુણ્ય હજુ તો ભર ઊંઘમાં હતો. શેઠાણીએ પુત્રવધુઓને સમજાવી કે પુત્રીઓ, તમારો સ્વામી સમુદ્રની સફરેથી પાછા વળતાં રસ્તામાં ડૂબી ગયો છે અને મરણ પામ્યો છે. આ ખાટલામાં સૂતો છે તે પણ તમારો દિયર છે. એ પુત્ર આજે ઘણા દિવસે મને મળ્યો છે તેથી તેને ઘેર લઈ આવી છું. (મને ગઈ રાત્રે દેવે સ્વપ્નમાં એની વિગત કહેલી હતી) હવે આ મારો પુત્ર અને તમારો દિયર તમને ભળાવું છું એને તમે સ્વામી તરીકે સ્વીકારી ભોગસુખ ભોગવજો. તમે હજુ નાદાન છો. વિષયસુખની ભાવના સૌ કોઈને થાય છે તેમ સમજીને તમને તે ભોગવવાની હું મંજુરી આપું છું. કૃતપુણ્યના રૂપલાવણ્ય શરીર સૌષ્ઠવ વગેરે જોઈને પેલી પુત્રવધુઓ મોહિત થઈ ગઈ અને સાસુની સલાહ માન્ય રાખી. કૃતપુણ્ય જાગ્યો ત્યારે આ બધું જોઈ વિચારમાં પડ્યો કે આ માયાજાળ શું છે? પરંતુ વેશ્યાગૃહે રહી આવેલ હતો એટલે અહીં કાંઈજ અતડું ન લાગ્યું – સૌની સાથે મળી ગયો અને ચાર ચાર સ્ત્રીઓ સાથે ભોગવિલાસ ભોગવવા લાગ્યો. અમન-ચમન એશઆરામમાં જીવન વિતાવતો હતો. વાતવાતમાં બાર વર્ષો વહી ગયા. ચારે સ્ત્રીઓને ચાર ચાર પાંચ પાંચ પુત્રોની પ્રાપ્તિ થઈ. આમ આનંદમાં સૌ સંસાર માણી રહ્યાં હતાં.

પોતાને ત્યાં વંશ-વારસ વંશ સાચવનારા તથા વધારનારા પુત્રો જન્મ્યા છે એટલે હવે આ કૃતપુણ્યની શી જરૂર છે? મારે આને વહેલી તકે અહીંથી વિદાય કરવો જોઈએ. એટલે સાસુએ ચારે પુત્રવધુઓને બોલાવીને જણાવ્યું :- હે પુત્રીઓ, આ માણસ જેની સાથે તમે સુખેથી ભોગ ભોગવો છો એ મારો પુત્ર નથી પરંતુ બીજો કોઈ છે. એ વખતે હું જ એને લઈ આવી હતી એ માત્ર વંશવેલીની વૃધ્ધિ માટે અને આપણા ધનની રક્ષા માટે એની જરૂર હતી. હવે આપણી બધી જ આશાઓ પરિપૂર્ણ થઈ ગઈ છે. માટે હવે આ વ્યક્તિની કોઈ જ જરૂર નથી. એટલે તેને કાઢી મૂકવો જોઈએ. સાસુની આવી કઠોર વાણી વહુઓને ગમી નહિં. વહુઓને કૃતપુણ્ય પર અત્યંત રાગ હતો પરંતુ સાસુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની શક્તિ તેમનામાં હતી નહિં. ઘરની તમામ ચીજવસ્તુઓ અને મિલ્કત સાસુના હાથમાં હતી એટલે વહુઓ કાંઈ જ બોલી કે વિરોધ કરી શકી નહિં.

વહુઓએ સાસુને કહ્યું - હે માતાજી, આપણે ત્યાં આવતા કોઈપણ મહેમાનને ભાતુ બંધાવ્યા વગર જવા દેતા નથી તો જો આપ રજા આપો તો આમને પણ ભાતુ બંધાવીએ. સાસુએ કહ્યું - ભલે, જેવી તમારી ઇચ્છા, એટલે વહુઓએ તેની પ્રત્યે ગાઢ રાગ હોવાથી - તેને આર્થિક રીતે મદદ કરવાના ઈરાદાથી લાડુ તૈયાર કર્યા અને દરેક મોદકમાં અમુલ્ય મણિઓ મૂકયા. પછી રાત્રિ દરમ્યાન તે

જ્યારે ભર ઊંઘમાં સૂતો હતો ત્યારે સૌ સ્ત્રીઓ સાથે મળી ખાટલા સાથે ઊંચકીને જ્યાંથી લઈ આવ્યા હતા તેજ મંદિરના ઓટલે જઈ મૂકી આવ્યાં. મોદકનો ડબો તેમના ઓશિકા નીચે સંતાડીને મૂકયો હતો. શોકાગ્નિથી બળી રહેલી અને વિરહની વેદના અનુભવતી ચારે પુત્રવધુઓ પાછી ઘેર આવી. તેમના હૃદયમાં અત્યંત વેદના અને વિરહનો અગ્નિ જલતો હતો છતાં સાસુના ડરથી બોલી શકી નહિં.

હવે કુદરતી રીતે એવું બન્યું કે પેલો વસન્તપુર (સાર્થ) ગયેલો સંઘ તે જ દિવસે પાછો આવવાનો હતો. સંઘ આવવાની વાત જાણી જયશ્રીને થયું કે મારા પતિદેવ પણ આ સંઘ સાથે જરૂર પાછા આવશે. વહેલી સવારે પોતાના પતિદેવનું સ્વાગત કરવા સામી ગઈ. સંઘે જ્યાં ઉતારો રાખેલો તે પેલા દેવમંદિરે ગઈ તો તે મંદિરના ઓટલે પોતાનો પતિ હજુ ખાટલામાં ઊંઘતા હતો. જયશ્રીએ અત્યંત મૃદુભાવે પ્રેમપૂર્વક જગાડયાં. કૃતપુણ્ય જાગીને ચારે બાજુ જોવા લાગ્યો. પોતાની આ સ્થિતિ જોઈને વિચારવા લાગ્યો કે આ બધું શું હતું? મારી મતિનો ભ્રમ હતો કે ઇન્દ્રદેવની માયાજાળ હતી?

જયશ્રી પણ વિચારવા લાગી કે મારા પતિને સૂવા માટે હું ખાટલો મૂકી ગઈ હતી તે વળતે દિવસે હું લેવા આવી ત્યારે મલ્યો ન હતો અને આજે અહીં કયાંથી આવી ગયો? છતાં એ બધું ભૂલી જઈને પતિને ત્યાં

ખાટલો અને ભાતાનો ડબો લઈને ઘેર ગઈ. પતિ થાકી ગયા હશે એમ સમજીને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. તેલ મર્દન કરી શાંતિ આપી એટલામાં તે દેશાવર ગયો ત્યારે માતાના ગર્ભમાં હતો તે તેનો પુત્ર જે અત્યારે અગિયાર વર્ષનો થઈ ગયેલ તે શાળાએથી ઘેર આવી તેની માતાને કહેવા લાગ્યો કે – હે માતા, મને ખૂબ જ ભૂખ લાગી છે જલદીથી ખાવા આપીશ? જયશ્રીએ ભાતાના ડબામાંથી એક લાડુ કાઢી તેને આપ્યો.

બાળકને લાડુ મલવાથી ખૂબ જ આનંદ થયો. તે હાથમાં લઈને બહાર ગયો. લાડુનાં બે ટુકડા કર્યા તો અંદરથી ઝગમગતું મણિ નિહાળ્યું. તે ખીસામાં મૂકીને લાડુ હોંશથી ખાવા લાગ્યો. ખાઈ રહ્યા પછી એ બાળક મણિ લઈને કંદોઈની દુકાને મીઠાઈ લેવા ગયો. મણિ આપીને બદલામાં પોતાની પ્રિય ચીજો ખરીદી અને પેટ ભરીને ખાધું. કંદોઈએ તે મણિ સાચવવા માટે પાણીની કુંડીમાં નાંખ્યું. પરંતુ તેમાં તરત જ બે ભાગ થઈ ગયા એટલે કંદોઈ તરત સમજી ગયો કે આ તો અમુલ્ય જલકાંત મણિ છે. અગણિત છે કિંમત જેની એવો આ મણિ લઈને સંતાડી દીધું. મનમાં શંકા હતી કે રખે એ છોકરો કે તેના અન્ય સગાં એ મણિ લેવા પાછા આવશે તો?

ઘણા વર્ષો પહેલાં – હોમહવન વગેરે ક્રિયાકાંડમાં ચતુર એવો એક બ્રાહ્મણ રહેતો હતો. એક વખત તેણે એક મોટો યજ્ઞ શરૂ કર્યો. યજ્ઞમાં તો સૌ કોઈ આવે. સૌ

ભેગા થાય ત્યારે જ સાધના ફળે. આ યજ્ઞની રક્ષા માટે તેણે એક નોકર રાખ્યો હતો. નોકરે બ્રાહ્મણને કહ્યું કે-"જો તું મને શેષ આપવા મંજુર થાય તો જ હું અહી રહીશ. નહિતર બીજે ચાલ્યો જઈશ." બ્રાહ્મણે તેની વાત માન્ય રાખી.

આ પ્રમાણે તેને મળતી શેષ તદ્દન શુદ્ધ અને નિર્દોષ હતી. તેમાંથી અત્યંત ભક્તિ ભાવપૂર્વક તે સાધુ-મહારાજોને સુપાત્ર દાન કરતો. પારકે ઘેર નોકરી કરી આહાર મેળવનાર પણ પૂર્ણ ભક્તિભાવથી મુનિઓને દાન આપતો જેથી તેણે દેવનું આયુષ્ય બાંધ્યું. અને અનુક્રમે મૃત્યુ પામી દેવ તરીકે જન્મ્યો. વર્ષો સુધી દેવતાઈ સુખો ભોગવ્યાં અને દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને મહારાજા શ્રેણિકને ત્યાં પુત્ર રૂપે જન્મ્યો એ રાજપુત્રનું નામ નંદિષેણ અંકિત કરવામાં આવ્યું. નાની ઉંમરમાં જ સર્વ કળાઓ અને ઉત્તમ ગ્રંથોનો અભ્યાસ પૂરો કર્યો. રાજાએ અનેક કુળવાન, સ્વરૂપવાન અને ધર્મિષ્ઠ કન્યાઓ સાથે તેનો લગ્નપ્રસંગ ઉજવ્યો. રાણીઓની સંગાથે અનેક પ્રકારના ભોગ-વિલાસો ભોગવતો સમય પસાર કરવા લાગ્યો.

ઊંડા પાણીથી ભરેલી વિશાળ પટવાળી અને મહાસાગર જેવી દેખાતી ગંગા નામે નદી હતી. તેના બંને કિનારે અસંખ્ય વૃક્ષો આવેલા હતા. નજીક આવેલા વનમાં એક મહાબળવાન હાથી રહેતો હતો. તેની સાથે હાથણીઓનો પરિવાર હતો.

હાથી તેમની હાથણીઓને સાથે લઈને મસ્તીથી જળક્રીડા કરતો. આ હાથીને એક ખરાબ ટેવ હતી કે કોઈપણ હાથણીને નર બચ્ચું જન્મતાંની સાથે જ તેને મારી નાંખતો.

પેલો ક્રિયાકાંડ કરનાર બ્રાહ્મણનો જીવ કાળે કરીને આ પૈકી કોઈ એક હાથણીને પેટે જન્મ લીધો. હાથણીએ વિચાર્યું કે આ દુષ્ટ હાથીએ મારા અનેક પુત્રોને જીવતાં રહેવા દીધા નથી તે રીતે આ વખતે પણ આને જીવતો રાખશે નહિં પરંતુ આ વખતે તો ગમે તે રીતે હું મારા ગર્ભનું રક્ષણ કરીશ. જેથી પુત્રના મુખ જોવાનો અવસર મળે.

આ હાથણીએ પોતાના પગમાં વાગ્યું છે એવો દેખાવ કરી લંગડાતી ચાલતી એટલે હાથીની સાથે ચાલી શકતી નહિં. યુથપતિ પેલો હાથી તેની બરાબર તપાસ રાખતો કે અન્ય કોઈ હાથીની સાથે વિષયસુખ ભોગવે નહિ. હાથણી પણ બેત્રણ દિવસે મળતી રહેતી જેથી હાથીને તેના પ્રત્યે વિશ્વાસ થયો. અંતિમ સમય આવેલો જાણી પોતાના ઘેર તરફ પ્રયાણ હોય તેમ કોઈ તાપસોનો સહારો લેવા આશ્રમમાં જઈ સૌને વંદન કર્યું. તાપસોએ તેના પ્રત્યે કરૂણા લાવી ત્યાં રાખી. અહીં નિર્વિધ્ને રહેતા સમય થયે એક નર હાથીનો જન્મ થયો અને પોતાના બાળકને અહીં તાપસોને સુપ્રત કરી વનમાં ચાલી ગઈ. અને તેમના યુથમાં ભળી ગઈ. કોઈક કોઈક વાર છાનીમાની પોતાના બચ્ચાને સ્તનપાન કરાવવા આવી જતી.

અહીં આશ્રમમાં તાપસોએ બચ્ચાંની ખૂબ જ માવજત કરી ઉછેર્યો. અત્યંત લાડમાં ઉછેર થયો. અનુક્રમે વૃદ્ધિ પામતા તરૂણાવસ્થાને પામ્યો. અહીં મુનિના બાળકો સાથે આનંદથી રમતો. વળી પોતાની સૂંઢમાં પાણી ભરી લાવી આશ્રમના વૃક્ષોને પાણી પાતો તેથી તાપસોએ તેનું નામ સેચનક પ્રસિદ્ધ કર્યું. હવે તે યુવાન બન્યો એટલે મદોન્મત્ત અવસ્થાનો સાક્ષાત કાળ જેવો દેખાતો. અહીં તહીં જંગલમાં નિરંતર ફરતો અને આનંદ કરતો–

પાંખ પ્રાપ્ત થયા પછી કોઈપણ પંખીને માળામાં પડી રહેવું ગમતું નથી તેવી રીતે આ હાથી સેચનકને અહીં ગમતું નહિં. એક વખત ફરતા ફરતા તે ગંગા નદીને કિનારે આવ્યો. એજ વખતે તેનો પિતા હાથી પણ ત્યાં આવી ચડયો. તેને જોઈને અત્યંત કોપાઈમાન થઈ સેચનક તેના પિતાને મારવા તેની સામે દોડતો ગયો. ગજરાજ થોડો ઘરડો થયો હતો છતાં લડવા તૈયાર થઈ ગયો. સામસામા પ્રહારો કરવા લાગ્યાં. પિતા પુત્ર ઉછળી ઉછળીને લડતાં હતાં. અંતે યુથપતિ તેનો પિતા મરણ પામ્યો અને સેચનક યુથનો સર્વોપરિ માલિક બન્યો. તમામ હાથણીઓએ તેનો સ્વીકાર કર્યો. ઉગતા સૂર્યને સૌ કોઈ પૂજે, આથમતા સૂર્યને નહિં.

સેચનક વિચારે છે કે પેલા આશ્રમના તાપસોએ મને મોટો કર્યો છે. મેં મારા પિતાને મારી નાંખ્યા છે તેથી એ તાપસો મને મારી નાંખશે માટે તે પહેલાં હું જાતે જ

એમના આશ્રમને ખલાસ કરી નાંખુ તે હિતાવહ છે. આ કાર્યમાં વિલંબ ન કર્યો તરત જ ત્યાં ગયો અને આશ્રમને હતો ન હતો કરી દીધો. એટલે તાપસો ત્યાંથી ચાલ્યા ગયાં અને મહારાજા શ્રેણિક પાસે જઈને ફરિયાદ કરી. તેમજ કહ્યું કે એ હાથી તો આપના રાજદરબારમાં અત્યંત શોભે તેવો છે.

ત્યારબાદ મહારાજા શ્રેણિકે જંગલમાં જઈ એ હાથીને સાંકળથી બાંધી લીધો. તિક્ષ્ણ અંકુશ અને આર મારી મારીને ઢીલો કરી નાંખ્યો. આશ્રમના તાપસો અહીં બંધનગ્રસ્ત હાલતમાં હાથીને જોઈને ખુશ થયા. તેમ જ ઠપકો આપવા લાગ્યા કે હે પાપી, અમે તને ઉછેરીને મોટો કર્યો તેનું આવું ફળ? ધિક્કાર છે તારી જાતને! સારૂં થયું કે તું પકડાયો જેથી અમારું વિઘ્ન તો દૂર થયું! તેમજ અમારું રક્ષણ થયું.

આ સાંભળી સેચનકનું લોહી એકદમ તપી ગયું. અત્યંત ગુસ્સે થઈને–જોર કરીને ઊભો થયો અને ક્ષણ વારમાં આક્રોશપૂર્વક તમામ બંધનો તોડી નાંખ્યા. આ જોઈને તાપસો સૌ જીવ લઈને ભાગ્યા.

સેચનક જંગલમાં ગયો. આમ હાથમાં આવેલો શિકાર નાસી જતાં મહારાજા શ્રેણિક, અભયકુમાર અને અન્ય સામંતોએ તેનો પીછો કર્યો. જંગલમાં તેને ઘેરી લીધો. રાજાના માણસોએ સમજાવટથી–પ્રેમથી કામ લેવા માંડયું. પરંતુ સેચનકે કોઈને નમતું ન આપ્યું. પરંતુ જ્યાં નંદિષેણ-

કુમાર જોવામાં આવ્યા. અને એના શબ્દો સાંભળતાં જ હાથી શાંતિથી ઊભો રહી ગયો. હાથીને નંદિષેણુ સાથેનો પૂર્વભવ સ્મૃતિપટમાં યાદ આવ્યો. નંદિષેણુ તે હાથીની પીઠ પર જઈ બેઠો. હાથીને નગરીમાં લાવવામાં આવ્યો. ઉત્તમ દિવસે તેને પટ્ટહસ્તી તરીકે બિરદાવ્યો.

ત્યારબાદ એવું બન્યું કે આ હાથી એકવાર સ્નાન કરવા નદીએ ગયો. જળમાં રહેલાં તન્તુક નામના ચારપગવાળા પ્રાણીએ એને પકડયો જે છૂટવા માટે હાથી ફાંફા મારવા લાગ્યો– હાથીની આવી કઢંગી પરિસ્થિતિ નિહાળી સેવકોએ રાજાને જાણ કરી. રાજાએ તરત જ હાથીને સંકટમાંથી બચાવવા માટે અભયકુમારને ઇશારો કર્યો.

અભયકુમારે કહ્યું– હે પિતાજી, જો જલકાંત મણિ મળે તો તરત જ હાથીને છોડાવી શકાય. બીજા કોઈની શક્તિ નથી. આથી રાજાએ તરત જ પડહ વગડાવી નગરીમાં જાણ કરી કે જે કોઈ માણસ જળકાંત મણિ લાવી આપશે અને સેચનક હાથીને તન્તુકના પંજામાંથી મુક્ત કરાવશે તેને રાજા એકસો ગામ ભેટ આપશે ઉપરાંત પોતાની પુત્રી પરણાવશે.

આ પડહ પેલા કંદોઈએ સાંભળ્યો. અને બહુ રાજી થયો. વિચારવા લાગ્યો કે અમુલ્ય અવસર આવી ગયો છે. એક તો રાજાની પુત્રી મલશે અને સો ગામનો ગરાસ મલશે. જીવનભર કમાવાની કોઈ જ ચિંતા રહેશે નહિં. મારી દારિદ્રતા ટળી જશે અને હું સુખી થઈ જઈશ. જેથી તે જળકાંત મણિ લઈને નદી કિનારે આવ્યો. ત્યાં જઈ એ મણિ હાથીના

પગમાં ફેંક્યો. તરત જ જળ બે ભાગમાં વહેંચાઈ ગયું. જળની જગાએ જમીન થઈ તેથી પેલું તન્તુક હાથીને છોડી તેના સ્થાને ભાગી ગયું. હાથી અભયકુમારની બુદ્ધિથી બચી ગયો.



મણિ લઈ આવનાર માણસનું નામ ઠામ વગેરે રાજાએ પૂછ્યું તો જાણવા મલ્યું કે મણિ લાવનાર માણસ કંદોઈ છે. રાજા વિચારે છે કે કંદોઈ જેવા પાસે આવું મણિ ક્યાંથી? પણ હવે શું કરવું? કંદોઈને પોતાની પુત્રી શી રીતે આપી શકું? પરંતુ પ્રતિજ્ઞા તો પ્રાણાંતે પણ પાળવી જ પડે. હું કંદોઈને પુત્રી આપીશ તો મારું જીવતર

ધૂળ થઈ જશે. આમ રાજા અને મંત્રી ઊંડા વિચારમાં ઊતરી ગયાં હતાં–

જયશ્રીએ પુત્રને એક લાડુ આપ્યા પછી તેઓ જમવા બેઠાં. કૃતપુણ્યની શ્રીમતીએ એક લાડુ ભાંગ્યો તો તેમાંથી એક સુંદર રત્ન નીકળ્યું. એટલે કુતૂહલથી અન્ય લાડુઓ તપાસ્યા તો દરેકમાંથી રત્નો નીકળ્યાં એટલે તેણે કૃતપુણ્યને પૂછ્યું– હે સ્વામીનાથ, આ શું ? ચોરાઈ જવાના ભયના કારણે લાડુમાં કિંમતી રત્નો સંતાડી રાખેલાં હતાં ? તેમજ આ એક હજાર સોનામહોરો પણ પાછી લાવ્યાં છો ? કૃતપુણ્યે થોડી ગંભીરતા રાખી પ્રેમથી જણાવ્યું– હે પ્રિયવાદીની, માર્ગમાં ચોરી થવાનો ડર તો રહે જ, એટલે મેં આ રત્નો જાનના જોખમે છૂપાવી રાખ્યાં હતાં. સોના-મહોર વાપરવાની જરૂર ન પડી.

શ્રીમતી કહે– અરે આપણા પુત્રને મેં એક લાડુ આપ્યો હતો. તેમાં પણ રત્ન અવશ્ય હોવું જ જોઈએ માટે તેને બોલાવીને પૂછીયે. બાળકને ખાવાની મનગમતી લાલચ આપી એટલે તે સત્ય બોલી ગયો. અને પિતાની સાથે જઈને કંદોઈની દુકાન બતાવી. કૃતપુણ્યે મણિની માગણી કરી. પુત્રે જે કાંઈ તારી પાસેથી ખાવાનું લીધું હોય તેની કિંમત લઈ લે. અને મારો મણિ પાછો આપી દે.

હાથમાં આવેલી ચીજ પાછી આપવી કોઈને ગમતી નથી. તેથી કંદોઈએ કહ્યું કે શેઠ, તમે જરા વ્યાજબી વાત

કરો. તમારા પુત્રને મિઠાઈ વિગેરે જે જોઈતું હતું તે આપીને તેના મૂલ્ય તરીકે મણિ મને આપ્યો છે. ખાદ્ય પદાર્થો આપ્યાં છે – મફતમાં પડાવી લીધું નથી. માટે મહેરબાની કરી આવ્યા છો તેવા પાછા જાવ. મણિ નહિં મળે. આ ઝઘડો ગયો રાજદરબારના બારણે, રાજ્યસભા રાજાની સમક્ષ જઈ બંને જણાએ પોતપોતાની ફરિયાદ કરી. રાજા તરત જ સમજી ગયો. રાજાના મનમાં જે સંશય હતો તે ખુલી ગયો. આ મણિ આ કંદોઈનું હોઈ જ ના શકે. એટલે રાજાએ કંદોઈને કહ્યું – હે ભાઈ, તેં આ નિર્દોષ બાળકને જે કાંઈ ખાવાનું આપ્યું છે. તેની કિંમત લઈ લે અને તેમનું મણિ પરત કરી દે. મનેકમને પણ મણિ આપી દેવું પડ્યું.

રાજા મનમાં ખુશી થયો. સારું થયું કે આ મણિનો માલિક કૃતપુણ્ય હતો. આ શ્રેષ્ઠિને પુત્રી દેવામાં મને કોઈ બાદ નથી. ખરેખર મારી પુત્રી ભાગ્યશાળી હશે કે જેથી તે કંદોઈને જતાં જતાં રહી ગઈ અને શ્રેષ્ઠિને ત્યાં ગઈ. શુભ સમયે પોતાની પુત્રી મનોરમાના લગ્ન કૃતપુણ્ય સાથે ખૂબ જ ધામધૂમથી કર્યા અને સાથે સાથે સો ગામની બક્ષીસ આપી. પુણ્યોદયનો પ્રારંભ થયો ત્યારે ચોતરફથી થવા માંડ્યો. કૃતપુણ્ય ચારે બાજુ ખીલવા માંડ્યો. સો ગામગરાસ અને ધન પણ મલ્યું આ વાતની જાણ પેલી દેવદત્તા વેશ્યાને થઈ. એટલે ફરીવાર સંબંધ બાંધવાની ઇચ્છા થઈ પોતે સફેદ વસ્ત્રો પરિધાન કરી. વિરાગી જેવી બની દેખાવ

કરવા લાગી. એક દાસીને સમજાવી ને કૃતપુણ્ય પાસે પોતાનો સંદેશો કહેવા રવાના કરી.

દાસી આવી કહેવા લાગી– હે મહાનુભાવ, અમારી માલિકણ વૃદ્ધાએ જે દિવસથી આપને ઘરથી તિલાંજલી આપી રખડતા મૂકયા છે ત્યારથી તમારી પ્રાણપ્રિયા દેવદત્તાએ તમામ પ્રકારના ભોગ ત્યાગી દીધા છે. તમારા વિયોગના દુઃખે રડયા કરે છે. તમારા દર્શન વિના અન્ન પણ આરોગતી નથી. તમને ખૂબ જ શોધ્યા પરંતુ આપનો કોઈ પત્તો મલતો ન હતો. દેવદત્તા તો કહે કે આ જન્મમાં આ કાયા ફક્ત કૃતપુણ્ય માટે જ છે. એ મળે તો ભલે નહિંતર અગ્નિદેવ તો છે જ. કોઈ એક નિમિત્તજ્ઞે કહ્યું હતું કે તને તારા પ્રિયજન બાર વર્ષે મળશે તેથી તે દિવસની રાહ જોઈને બેસી રહી હતી. બાર વર્ષ પૂરા થઈ ગયાં અને આજે આપની ભાળ મળી એટલે મને આપની પાસે મોકલી છે.

આપ કૃપા કરીને અમારે આંગણે પધારો. આપના દર્શન માત્રથી દેવદત્તાને શાંતા વળશે. એના પ્રાણ બચી જશે.

દાસીનું આવું લાંબુ ભાષણ સાંભળી કૃતપુણ્યને આશ્ચર્ય થયું. જે ગણિકાએ એનો ત્યાગ કરી ઘરની બહાર કાઢી મૂકેલો તે ભૂલી જઈ અત્યંત નમ્ર ભાવે બોલ્યા – હે દાસી, તમને બધાંને સારી રીતે જાણું છું. તમારું આચરણ પણ હું સમજું છું. તમારો વૈભવ વિલાસ અને ભોગોપભોગ મેં જોયા છે. તમારા ઘેર ઘણી વખત જમ્યો છું.

પરંતુ એટલું ચોક્કસ કહી શકું છું કે જે વ્યક્તિ પોતાનું ભલું ઇચ્છતો હોય તેણે તો તમારી છાયાનો પણ સ્પર્શ શુદ્ધાં, પણ ન કરવો જોઈએ. બે જીભવાળી વેશ્યાનો આ જગતમાં કોણ વિશ્વાસ કરી શકે? દાસી કહે – હે નાથ! આપની વાત સત્ય હોવા છતાં મારી સ્વામીની દેવદત્તામાં એવા કોઈ અવગુણ નથી. પાંચ આંગળીઓ સરખી ના હોઈ શકે. આપ સર્વને એક ત્રાજવે ન જોખી શકો. મારી સ્વામાની અત્યંત ભલી – ભોળી અને સરળ છે. આપ તેને કયાં નથી ઓળખતાં?

આ સાંભળી કૃતપુણ્યે વિચાર્યું – "ભલે એક ખૂણે પડી રહે" અને દાસીને કહ્યું – જો તારી દેવદત્તાને વાસ્તવિક મારી સાથે પ્રિતી હોય તો આડીઅવળી વાતો કર્યા વગર સીધી સામે ચાલીને મારી પાસે આવે. નદીઓનો પતિ સમુદ્ર છે તેમ સમુદ્ર નદીઓથી દબાયેલો નથી માટે સમજીને અહીં આવે. દાસીને કૃતપુણ્યની વાત સમજાણી અને સાચી લાગી તેથી બોલી – તમે મારી માલિકનને એક અલગ વિશાળ મહેલ આપો જેથી તે તેનો પરિવાર સાથે જ રહી શકે. આથી તેણે પોતાની અતિસુંદર હવેલીની બાજુમાં એક ઘર આપ્યું કારણ કે હજારોનો પાલનહાર હતો. સો ગામનો ધણી હતો એટલે તેને માટે અશકય ન હતું. અને દેવદત્તા પોતાના સમગ્ર પરિવાર સહિત ત્યાં આનંદથી રહે છે. દરરોજ પતિના દર્શન કરી પાવન થાય છે.

## ૨૨ – કૃતપુણ્યની સાત પત્નિઓ

હવે કૃતપુણ્યને ત્રણ ત્રણ સ્ત્રીઓ થઈ. એક પોતાની પ્રથમ પરીણિત પત્નિ, શ્રેણિક પુત્રી મનોરમા અને દેવદત્તા ગણિકા, આમ એ ત્રણે પત્નિઓ સાથે ભોગ–વિલાસ ભોગવતો હતો. એકદા એ વિચારતો હતો કે જયશ્રી એ મારી પ્રથમ પરણેતર છે. સર્વગુણસંપન્ન છે અને માતા બનેલી છે માટે તેને કુટુંબની મહારાણીની જેમ અગ્રેસર માનવી જોઈએ. બીજી શ્રેણિક રાજાની પુત્રી મનોરમા છે તે મારી આબરૂ છે અને ત્રીજી દેવદત્તા ગણિકા છે. તે ભોગવિલાસમાં કુશળતાવાળી હોવાથી તમામ પ્રકારના સુખો આપે છે.

આ ઉપરાંત પેલી શેઠાણીની ચારે આજ્ઞાંકિત વહુઓ પણ મારી પત્નિઓ જ ગણાય. તેઓને મારા પ્રત્યે અનહદ રાગ અને પ્રેમભાવ હોવાને કારણે લાડુમાં રત્નો નાંખી મને ભેટ ધર્યા. રૂપમાં દેવાંગનાઓ અને સુરાંગનાઓને પણ ચડી જાય તેવી એ ચારેને મારે મેળવવી જ જોઈએ. એ આવશે એટલે તેમની લક્ષ્મી પણ આવવાની જ છે. મારાથી ઉત્પન્ન થયેલાં તેમનાં પુત્રો પણ મારાં જ છે એ પણ તેઓની સાથ આવી મળવાનાં છે માટે એ ચારે સ્ત્રીઓને મારે મેળવવી રહી.

આ માટે કૃતપુણ્ય બુદ્ધિના ભંડાર એવા અભયકુમારને મલી તમામ વાત કરી અને કહ્યું કે એ શેઠાણીનું ઘર હું ઓળખી શકું તેમ નથી. પરંતુ તમો ગમે તે રીતે મને એ ચારે પત્નિઓને મેળવી આપો. અભયકુમારે કહ્યું કે તમે શાંતિ રાખો. હું તમને તમારી ચીજ મેળવી આપીશ. ત્યારબાદ મંત્રીશ્વરે એક બે બારણાવાળું દેવમંદિર બનાવી. તેમાં કૃતપુણ્ય જેવી પ્રતિમા બનાવરાવી સ્થાપના કરી. અને નગરમાં પડહ વગડાવી કે વિઘ્ન વિનાશક યક્ષ પ્રતિમાનું પૂજન આ નવા દેવમંદિર વિષે રાખવામાં આવ્યું છે તો સર્વજનોએ આબાલ-વૃધ્ધ તમામ લોકોએ મંદિરે પૂજન કરવા જરૂર પધારવું. રાજ્ય જ્યોતિષીઓનું કહેવું છે કે જો એમ કરવામાં નહિં આવે તો સાત દિવસમાં ભયંકર વિઘ્ન આવી પડશે અને નગરીના લોકો હેરાન પરેશાન થઈ જશે. આવું સાંભળી શહેરના પ્રજાજનો ત્યાં આવવા લાગ્યાં.

સમુદ્રમાં ભરતી આવે તેમ લોકોના સમુહ ત્યાં આવવા લાગ્યા અને ગવાક્ષમાં ઊભા રહીને અભયકુમાર અને કૃતપુણ્ય બધાં લોકોને જોતાં હતાં. એવામાં પેલી શેઠાણી એની ચારે પુત્રવધુઓ અને બાળકોને લઈને આવી. કૃતપુણ્ય તરત જ ઓળખી ગયો અને અભયકુમારને બતલાવી.

મંદિરમાં પેલી ચારે પુત્રવધુઓ આવી અને મૂર્તિ જોતાં તેમની આંખોમાંથી અશ્રુની ધારા વહી રહી. કારણ કે મૂર્તિ કૃતપુણ્ય સમાન હતી જેથી પુત્રવધુઓને પેલી પોતાનો

પતિ યાદ આવી ગયો. બાળકો પણ એમ સમજ્યા કે આ મારા પિતા પોતે છે એટલે અત્યંત લાડ કરવા લાગ્યાં. મહા મુશ્કેલીએ સમજાવી – ખાવાની લાલચ આપી ઘેર ગયાં. વૃદ્ધા પુત્રવધુઓને લઈને ઘેર ગઈ. તેમની પાછળ ગુપ્ત રીતે રાજ્યના સેવકોને મોકલી તેનું ઘર બરાબર જોઈ લીધું. અને એ નિશાની મુજબ અભયકુમારની બેનનો પતિ તથા અભયકુમાર સાળો બનેવી બંને તે શેઠાણીને ઘેર પહોંચ્યા.

પોતાના પતિને આમ અચાનક ઘેર આવેલા જોઈ ચારે પત્નિઓ રાજી રાજી થઈ ગઈ. આજનો દિવસ એમને ધન્ય ધન્ય લાગ્યો. પતિદેવ પુનઃ મલ્યાં. આવી સ્વપ્ને પણ કલ્પના કરી ન હતી કે પતિદેવ આમ સરળ-તાથી મલી શકશે.

એ વખતે અભયકુમારે પેલી શેઠાણીને સ્પષ્ટ જણાવી દીધું – અહો ! માતાજી ! તમારી તમામ બાજી હવે ખુલ્લી પડી ગઈ છે. અમારા નગરમાં રહી અમારી સામે કુડ-કપટ કરી તમારી તમામ લક્ષ્મી રાજ્યના હાથમાં જતી રોકી છે. એ માટે આ કૃતપુણ્યને વંશવૃદ્ધિ માટે વર્ષો સુધી ગોંધી રાખ્યો અને ચારે પુત્રવધુઓને સંતાનોની પ્રાપ્તિ થતાં તેને કાઢી મૂકયો. એ વાત ખરી છે ને ? પુત્રવધુઓને વલવલતી જોવાં છતાં તારા દિલમાં દયા ન આવી ? ખરેખર તું પત્થર કરતાં પણ વધુ નિષ્ઠુર છે. તારા જેવી સ્ત્રી મેં કયાંય જોઈ નથી. માત્ર ઘમંડ અને કપટ સિવાય તારી પાસે છે શું ?

## ૨૩ – કૃતપુણ્ય દીક્ષાના પંથે

રાજ્ય તરફથી તમને હુકમ કરવામાં આવે છે કે – હાલને હાલ, આ કૃતપુણ્યને ચારે વધુએ — પુત્રો અને સંપૂર્ણ લક્ષ્મી સોંપી દઈ તું ઘરની બહાર નીકળી જા. આ સાંભળી પેલી શેઠાણીની જીભ તો બોલતી બંધ થઈ ગઈ અને બે હાથ જોડી ક્ષમા માગવા લાગી. આથી અભયકુમારે તે વૃધ્ધાને જીવે ત્યાં સુધી ભોજન, વસ્ત્રાદિક ખર્ચની વ્યવસ્થા કરી બાકીનું તમામ કૃતપુણ્યને સોંપી દીધું.

ચારે સ્ત્રીઓ – બાળકો અને અઢળક ધન લઈને કૃત-પુણ્ય પોતાના આવાસે ગયો. હવે તે સાત પત્નિનો પતિ બન્યો. જયશ્રીને સ્વામીની પદે સ્થાપી એટલે બાકીની છએ સ્ત્રીઓ તેની આજ્ઞા માનવા લાગી. સાત સાત સ્ત્રીઓ સાથે આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યો. જયશ્રીનો એક પુત્ર અને અન્ય સ્ત્રીઓના પુત્રોથી ઘર ભર્યું ભર્યું લાગવા માંડ્યું. ધર્મ – અર્થ અને કામમાં સુખરૂપ દિવસો વિતાવતાં તેણે સારી એવી નામના મેળવી.

એવામાં એકદા ભગવાન શ્રી મહાવીર વિહાર કરતાં કરતાં રાજગૃહી નગરીની નજીકમાં ગુણશૈલ ચૈત્યને વિષે

પધરામણી થઈ. દેવોએ ભક્તિથી સમવસરણ બનાવ્યું ભગવાનની વાણી સાંભળવા દેવો પણ આવીને બેસી ગયાં હતાં. ગૌતમ ગણધર પોતાના શિષ્ય પરિવાર સાથે પ્રભુની સેવા કરતાં હતાં. બારે પર્ષદા પ્રભુની સન્મુખ બેસી ગઈ.

ઉદ્યાન પાલકે મહારાજા શ્રેણિકને વધાઈ આપી કે હે નરકેસરી, સિદ્ધાર્થ રાજાના કુળદિપક એવા ભગવાન શ્રી મહાવીર આપણા નગરની બહાર ઉદ્યાન વિષે આવી બિરાજમાન થયા છે. પ્રભુ પધાર્યાની વાત સાંભળી શ્રેણિક રાજા ખુશખુશાલ થઈ ગયાં અને વંશપરંપરા ચાલે તેટલું ધન માળીને આપી વિદાય કર્યો. ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય શ્રેણિક રાજાએ તૈયાર થઈ અભયકુમાર વગેરે પરિવારને લઈને ભગવાનને વંદન કરવા નીકળ્યાં.

દૂરથી ભગવાનનું સમવસરણ નજરે પડતાં જ શ્રેણિક-રાજા હાથી ઉપરથી નીચે ઊતરી ગયાં. પગે ચાલીને અને તે પણ ખુલ્લાં પગે રાજા સમવસરણમાં પ્રભુની વાણી સાંભળવા પ્રવેશ્યા. પોતાના સકળ પરિવાર સાથે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી ત્રણ વાર ખમાસણાં દઈ સ્તુતિ કરી – અને શ્રેણિક રાજા પ્રભુની અમૃતમય દેશના સાંભળવા પોતાના સકળ સમુદાય સાથે યોગ્ય સ્થાને બેઠા. એવામાં પુણ્યાત્મા કૃતપુણ્ય પણ સ્ત્રી–પુત્ર પરિવાર સાથે ત્યાં આવી પહોંચ્યો અને ભગવાનશ્રી મહાવીરને વંદન કરી સમવસરણમાં બેઠો. અને તરત જ ભગવાને ધર્મ-દેશના આપવી શરૂ કરી.

પ્રાણી અનંતકાળથી અનેક યોનિમાં જન્મમરણના

ફેરા ફરતો આવે છે આમ નીચ યોનિમાં ભમી ભમીને જીવ દેવોને પણ દુર્લભ છે એવો મનુષ્ય ભવ પ્રાપ્ત કરે છે અને તેમાં આર્યદેશ, ઉત્તમ જ્ઞાતિ, ઉત્તમ કુળ મળે છે એથી અધિક જૈન ધર્મ, સંત સમાગમ, ધર્મ શ્રદ્ધા અને પ્રવજ્યા વગેરે સર્વ મેળવવું અત્યંત કઠીન છે. પૂરા પુણ્ય કર્યા હોય તો જ આ બધું મળે. પરંતુ જેને આવી સામગ્રી મળી હોય તેને સહેજ પણ પ્રમાદ સેવવો ન જોઈએ. આ બધું ફરી ફરીને મળવાનું નથી. કર્મનો નાશ કરવાની અને તમામ પ્રકારના સુખો આપવાની તાકાત માત્ર ધર્મમાં જ છે અન્યમાં નહિં. ધર્મ એ સંસાર સાગર તરી જવાનું અમોઘ સાધન છે.

ધર્મ એજ માતા, ધર્મ એજ પિતા, તેમ ધર્મ પ્રેમાળ ભાઈ છે અને અનેક દુઃખોમાં સહાય કરનાર મિત્ર પણ છે. રૂપ કૂળ, જાતિ, અક્ષત ઈન્દ્રિયો અને નિરોગી કાયા એ બધું જ ધર્મથી મળે છે. તીર્થંકરપદ કે સિધ્ધ દશા પણ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. માટે નિરંતર ધર્મની આરાધના કરવી જોઈએ. એ એક કલ્પવૃક્ષ સમાન છે. માટે ફરી ફરીને વિચારજો કે ધર્મ એજ સર્વસ્વ છે તેના વગરનું જીવન એ જીવન નથી.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચન્દ્ર યૂરીશ્વરજી મ. વીતરાગ સ્તોત્રમાં જણાવે છે.

दानशीलतपोभाव, भेदा धर्मचतुर्विधम्
मन्ये युगवदाख्यातुं, चतुर्वक्त्रोभवद्भवान "

ધર્મના ચારે પ્રકારો એકીસાથે વર્ણવા માટે ચારે દિશામાં ભગવંતના સમવસરણમાં મુખ હોય છે....એ વીતરાગ ભગવાન ચોતરફ ચારે ધર્મને ફેલાવવા માટે દેશનાનો પ્રારંભમાં કહે છે.

ધર્મના ચાર પ્રકાર છે (૧) દાનધર્મ (૨) શીલધર્મ (૩) તપોધર્મ અને (૪) ભાવધર્મ હવે થોડાં આગળ જઈએ તો દાનધર્મના પણ અનેક પ્રકારો છે. (૧) જ્ઞાનદાન (૨) અભયદાન (૩) ધર્મોપષ્ટંભદાન અને (૪) દયાદાન, સુપાત્રદાન, અનુકંપાદાન વિગેરેદાન બતલાવ્યા છે.

**અભયદાન** :– જગતના પ્રાણી માત્રને આપણા તરફથી ભય ન રહે, ભય મલે નહિં : સર્વથા અભય જ મલે ત્યારે અભય-દાન આપ્યું કહેવાય, અભક્ષ્ય–અનંત કાય, રાત્રિભોજન, આઇસ્ક્રીમ બરફ, રેફ્રીજેટર દ્વિદળ, કાચું પાણી વિગેરેનો ઉપયોગ કરનારા જૈનધર્મની દષ્ટિએ અભયદાન કરી શકતા નથી? તેમાં વળી ધર્મથી વિમુખ બનેલા મત્સ્યાદિ, ઇંડા, માંસા-હાર કરનારા તો અધિકતર અભયદાન પ્રાપ્ત કરી શકતા નથી. ભગવાન દેવાધિદેવ પરમાત્મા જણાવે છે કે અભય દાન જેવું કોઈ સર્વોપરિ શ્રેષ્ઠ દાન નથી.

પૂર્વે વસંતપુર નામે એક નગર હતું. તેમાં જિતશત્રુ નામે મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેને ચાર રાણીઓ પરણી હતી. એ નગરીમાં એક ચોર આખા શહેરમાં અવારનવાર ચોરીઓ કરી લોકોને ખૂબ જ પરેશાન કરતો હતો. એક વખત ચોરી કરતાં તે પકડાઈ ગયો.

રાજાએ તેને શિક્ષા કરી તે મુજબ તેને ગધેડા ઉપર બેસાડી નગરની વચ્ચે થઈને વધસ્થાને લઈ જતાં હતાં.

આ સ્થિતિમાં તેને લઈ જવામાં આવતો હતો. તે સમયે રાજમહેલના ઝરૂખે ઊભેલી રાણીની દ્રષ્ટિમાં એ ચોર આવ્યો. તેને ખૂબ જ દયા આવી. તેથી રાજા પાસે જઈને વિનંતિ કરી કે આજના દિવસ માટે એને મુક્ત કરો. એમ વિનંતિ કરાવી તેને છોડાવી દાસીઓ મારફતે મહેલમાં લઈ ગઈ. ત્યાં સ્નાન વિગેરેથી માવજત કરાવવા પૂર્વક ઉત્તમ પ્રકારનું ભોજનથી સંતોષ પમાડી ઉત્તમ વસ્ત્રો પહેરાવ્યાં અને તાંબુલ આપી તેનું સન્માન કર્યું. રાણીએ મોકલાવેલ ઉત્તમ રૂપવંતી....વેશ્યાની સાથે ભૌતિક સુખમાં રાત પસાર કરી. જીંદગીમાં સૌથી પ્રથમ જ વખત આવા સુખનો અનુભવ કર્યો હતો.

બીજે દિવસે બીજી રાણીએ પણ રાજાની સંમતિથી પોતાના આવાસે બોલાવી પ્રથમ રાણીની માફકનું સુખ આપ્યું. તે જોઈને ઉત્તરોત્તર અનુક્રમે ત્રીજી રાણીએ પણ એ મુજબ જ વિશેષ ભક્તિભાવ પ્રદર્શિત કર્યો. છેલ્લી રાણીનો વારો હોવા છતાં તેણે રાજા પાસે કોઈ જ યાચના કરી નહિં તેથી સામે ચાલીને રાજાએ પોતે પૂછયું કે હે દેવી, બીજી રાણીઓની માફક તું કેમ કાંઈ બોલતી નથી? ત્યારે અવસર ઊચિત ચોથી રાણી કહે માંગ્યુ મળે તોજ માંગવું જોઈએ.

માંગ્યું ન મળે તો જીભ ઉપાડીને કંઈ ફાયદો

ખરો? ત્યારે રાજાએ કહ્યું કે તું માંગે અને હું ના પાડું એવું કદાપિ ન બને.

રાણી કહે — હે સ્વામીનાથ, આપ બોલ્યા છો તો હવે મક્કમ રહેજો અને બોલ્યુ પાળજો.

રાજા કહે — હે પ્રિયે, મારી પ્રતિજ્ઞા કોઈ કાળે ખોટી પડતી નથી. માટે ચિંતા કર્યા વગર માગી લે.

રાણી કહે — જો ખરેખર આપ કહેતાં હો તો એ ચોરને મારે અભયદાન આપવું છે. બીજી રાણીઓની માફક દયા દેખાડી દંભ આચરતા મને આવડતું નથી.

આ સાંભળી રાજાએ ચોરને છોડી મૂકવાનો હુકમ કર્યો. જીવતદાન મલવાથી ચોર ચોથી રાણીનો ખૂબ ખૂબ આભાર માનવા લાગ્યો. ત્યારપછી ચારે રાણીઓ ભેગી મળી ત્યારે પહેલી ત્રણે મલીને ચોથી રાણીનો ઉપહાસ કરવા લાગી.

ચોથી રાણી કહે – જુઓ તમે ઘણા છો અને હું એક છું એટલે તમને પહોંચી શકુ તેમ નથી. પરંતુ સૌથી ઉત્તમ એ છે કે ચોરને બોલાવીને પૂછો એટલે તરત જ સ્પષ્ટ થઈ જશે કે તમારું દાન ઉત્તમ છે કે મેં આપેલું દાન ઉત્તમ છે? તરત જ ચોરને બોલાવીને પૂછ્યું – હે ભાઈ, જે સત્ય હોય તે કહેજે. કે અમે ત્રણે રાણીઓએ તને જે સુખ અને આનંદનો ઉપભોગ કરાવ્યો તે ચડે કે આ ચોથી રાણીએ કર્યું તે ચડે?

ચોરે ખૂબ ઊંડો વિચાર કરીને જણાવ્યું કે – હે

માતાઓ, તમે ત્રણેએ મને ખૂબ જ સુખનો અનુભવ કરાવ્યો છે પરંતુ આ ચોથી માતાએ મને સૌથી વધુ આપ્યું છે. મારા માથે મૃત્યુનો ભય તોળાઈ રહ્યો હતો તેવે સમયે આપે મને ઉત્તમ ભોજન – ઉત્તમ વસ્ત્રો અને ઉત્તમ સુખો આપ્યાં હતાં તે મારે મન ઝેર જેવાં હતાં. જ્યારે માથે મૃત્યુનો ભય ઝઝુમી રહ્યો હોય ત્યારે ખાવું-પીવું કે અન્ય સુખો વ્હાલાં લાગતાં નથી. નજર સમક્ષ મૃત્યુ જ દેખાતું હોય છે. એટલે તમે આપેલાં સુખો મને ગમ્યાં જ ન હતાં જ્યારે આ ચોથા રાણીમાની કૃપા-દ્રષ્ટિથી હું બચી ગયો અને મને નવજીવન મલ્યું છે. આજે મને જીવનદાન મલ્યું એથી જગતની સર્વસંપત્તિ મને મલી ગઈ હોય એટલું સુખ મલ્યું છે.

આમ અભયદાન એ સર્વશ્રેષ્ઠ દાન છે.

ત્યારબાદ ભગવાન શ્રી મહાવીર દેશનામાં બાર ભાવનાનું સુંદર વર્ણન કરી જગતના ભવ્ય જીવો બોધ પામે છે. ભગવંતે કહેલી બાર ભાવના ભવ્ય જીવોએ ભાવવી જેથી પાપનો ક્ષય થાય છે, શીલ કે તપશ્ચર્યા ન હોય છતાં પણ આવી ઉત્તમ ભાવના હોય તો તેના પ્રભાવથી ભરત ચક્રવર્તીની જેમ ઘાતિકર્મો ક્ષય કરવાથી કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે. માટે હે ભવ્ય આત્માઓ, બાર ભાવનાનો આદર કરતાં શીખો. પ્રભુની આવી મીઠી ભાવ-વાહી વાણીથી ભવ્ય પ્રાણીઓની ઊંઘ ઊડી અને અંતરથી જાગ્રત બન્યા, એટલે કે બોધ પામ્યા.

આ વખતે પર્ષદામાં બેઠેલા કૃતપુણ્યે સમય જોઈને પ્રભુને બે હાથ જોડીને પૂછવા લાગ્યો. હે પ્રભુ, આપ તો સર્વજ્ઞ છો. પૂર્વજન્મમાં મેં એવા તે શા પુણ્યપાપ આદર્યા હતા કે આ જન્મમાં મારા સુખોમાં વિક્ષેપ પડયો? અને પૂર્વ જન્મના કયા યોગને કારણે મને આવી ઉત્તમ સાત સ્ત્રીઓ મળી? મને સુખો મળ્યા પણ ત્રૂટક ત્રૂટક કેમ થયાં?

ભગવાન શ્રી મહાવીરે ગંભીરતાપૂર્વક જણાવ્યું કે કૃતપુણ્ય, તારો પૂર્વજન્મ કેવો હતો. એ જન્મમાં તેં શું પુણ્ય કે પાપ ઉપાર્જન કરેલાં તે વાત શાંત ચિત્તે સાંભળ.

કોઈ નગરમાં સુરાદિત્ય નામે ગૃહસ્થ રહેતો હતો. તેમને રત્ના નામે પતિપદાચારીણી ઉત્તમ સ્ત્રી હતી. અને પ્રસન્નાદિત્ય નામે કુંવર હતો. એક દિવસ સૂરાદિત્યનું અકાળે અવસાન થયું એટલે તેમની સ્ત્રી અત્યંત દુઃખમાં આવી પડી. ભરણપોષણ માટે પારકા કામ કરવા જવું પડતું. પુત્ર પણ લોકોના ઢોર ચરાવવા જતો. અભણ બાળકને બીજું શું આવડે? ગમે તે રીતે પેટ તો ભરવું જ પડે ને? એક દિવસ એ નગરના લોકોએ દૂધપાકનું ભોજન કરી ઉજવણી કરી. જેથી ગરીબ લોકો પણ એ પામી શકે.

સરખેસરખી ઉંમરના બાળકો દૂધપાકનું જમણ કરતાં જોઈ આ બાળકે તેની જનેતાને કહ્યું–મને પણ આવું

ભોજન લાવી આપ. પોતાની સ્થિતિ સારી ન હતી એટલે બાળકને તે લાવી આપી શકે તેમ ન હતી તેથી રડવા લાગી. અને પુત્રને સમજાવવા લાગી – હે મારા લાલ, આપણે શ્રીમંત નથી. આટલા પારકા કામ કરું છું ત્યારે માંડ માંડ ઘેંશ મળે છે તો તને ક્ષીર ક્યાંથી ખવડાવું? અને એમ બોલતાં બોલતાં રડી પડે છે.

એ સાંભળી એક પડોશીબાઈએ આવીને પૂછ્યું – કે બહેન, તમે અને તમારો પુત્ર શા માટે રડો છો? રત્નાએ કહ્યું કે – હે દયાળુબેન, એ બાળકને ક્ષીર ખાવાની ઇચ્છા થઈ છે. એ શું સમજે કે અમારા દિવસો કેવી રીતે પસાર થાય છે? ઘરની સ્થિતિ શું છે? આ તો બાળ હઠ! પણ કેવી રીતે પૂરી કરું? અન્ય પડોશી સ્ત્રીઓ આ સાંભળી દુઃખી થઈ. તેમણે કહ્યું કે બહેન, મૂંઝવણને છોડી દે. અમે બધાં ભેગા મળીને તારા બાળની ઇચ્છા પૂરી કરીશું. કોઈએ ગોળ, કોઈએ દૂધ અને કોઈએ ચોખા આપ્યાં. એટલે રત્નાએ બાળકને દૂધપાક તૈયાર કરી આપ્યો. બાળક તો આ જોઈને રાજી થઈ ગયો. રત્નાએ વ્હાલસોયા દીકરાને જમવા બેસાડી ક્ષીર થાળીમાં આપી.

બરાબર એજ સમયે કોઈ એક સાધુ માસક્ષમણના પારણે વહોરવાં પધાર્યા. બાળક તો મુનિ ભગવંતને જોઈ બહુ સંતોષ પામ્યો. મુનિ મહારાજને વહોરાવવાનો મને બહુ ભાવ છે પણ મારા જેવા ગરીબ પાસે આ ક્ષીર સિવાય બીજું કાંઈ જ નથી.

તરત જ પાટલા ઉપરથી ઊભો થયો, મુનિરાજને વંદન કર્યા અને બોલ્યો – હે ગુરુદેવ, કૃપા કરીને આ ક્ષીર વહોરો એ નિર્દોષ છે. મુનિરાજે જોઈને પાત્ર ધર્યું. બાળકે થાળીમાંથી ઘણીખરી ક્ષીરનું દાન કર્યું – મનમાં વિચારે છે કે આ તો બહુ અલ્પ વહોરાવી એટલે ફરી વિશેષ વહોરાવી. ફરી મનમાં વિચારે છે કે માસક્ષમણ-વાળા મુનિરાજ છે આટલાથી એમની ભૂખ પૂરી નહિં જ થાય. મારા જેવા અભાગીયાને આવો અવસર ફરી ક્યારે પ્રાપ્ત થશે ? માટે તમામ ક્ષીર મુનિરાજને વહોરાવી દઉં એમ વિચાર કરતાં તરત જ બધી જ ક્ષીરનું સુપાત્રદાન કર્યું. ક્ષીર તો ફરીને મળી રહેશે પરંતુ આવું સુપાત્ર મળવું ઘણું જ મુશ્કેલ છે. આમ આનંદમાં રાચી રહ્યો.

પડોશીની છ બહેનોએ આવી તેની ઉત્તમ ક્રિયાની, મુક્ત કંઠે પ્રશંસા કરી – તને ધન્ય છે ! ખરેખર તેં પૂરા પુણ્ય કર્યા હશે કે આવા મહાન તપસ્વી મહારાજની તારે ઘેર પધરામણી થઈ અને તેં બધી જ ક્ષીર વહોરાવી. આમ મુનિને દાન દેવાથી તને ઉત્તમ મનુષ્ય જન્મ અને ઉત્તમ પ્રકારના ભોગ – વિલાસ મલ્યાં.

મુનિરાજ તારે ઘેર વહોરવાં આવેલાં ત્યારે તેમના મેલાં કપડાં અને મલિનદેહ જોઈને તારી માતાએ વિચારેલું કે – મુનિરાજ દેહશુધ્ધિ માટે જો સ્નાન કરતાં હોય તો શું ખોટું ? એમની કાયા કેવી દુર્ગંધવાળી છે. તેમની

પાસે ઊભા રહેવું પણ મુશ્કેલ છે. આમ મુનિની નિંદા કરી પાપકર્મ બાંધ્યું જેથી આ જન્મે તે ગણિકા થઈ. પડોશીની છ સ્ત્રીઓ એ તારી છ પત્નિઓ થઈ.

હે ભાગ્યશાળી, તેં મુનિ મહારાજને ક્ષીર વહોરાવી તેમાં ત્રણ ભાગ પાડેલા તેથી તારા ભોગવિલાસ મેળવવામાં ત્રણ ભાગ પડયા. આમ સુપાત્રદાનથી વૈભવ અને સુખ જ મલે છે જે તને મલ્યો છે.

કૃતપુણ્યે પ્રભુને પૂછયું – હે પ્રભુ, આ દેવદત્તા ગત જન્મમાં મારી માતા બનેલી પણ આ જન્મમાં એક વખત મારું સર્વસ્વ લઈ લઈને મને તિરસ્કારી બહાર રવાના કરી દીધો હતો. એમ કેમ બન્યું ?

ત્રિકાળજ્ઞાની ભગવાને તરત જ કહ્યું :—

હે પુણ્યાત્મા, આજથી પૂર્વે ત્રીજા ભવ વિષે તમે બંન્ને ચંદ્ર અને ભદ્ર નામે પરસ્પર બે સ્નેહી મિત્રો બની તમારી મિત્રતામાં ગાઢ વધારો કર્યો હતો. પરસ્પર ગમે તે ચીજ લેવી દેવી, બંનેના હૃદય એકમેક હોવાથી જમવું જમાડવું એમ કરી આનંદ પામતા. એક વખત ચંદ્રને ઘેર કોઈ ઉત્સવનો પ્રસંગ હતો. તેવા સમયે ચંદ્રે પોતાની સ્ત્રીના કહેવાથી અત્યંત કિંમતી આભૂષણો પહેરવા માંગ્યા. ભલા સ્વભાવના ભદ્રે તરત જ લાવી આપ્યાં. પોતાની ચીજવસ્તુ આવા પ્રિય મિત્રને કામમાં નહિં આવે તો તેની ઉપયોગીતા શું ? ચંદ્રની પત્નિએ આ આભૂષણો

ઉત્સવ પ્રસંગે પહેર્યા અને ખૂબ આનંદ પામી ઉત્સવ પૂરો થયા પછી એ આભૂષણો ચંદ્રે પાછા આપ્યા નહીં એટલે એક દિવસ ભદ્રે ચંદ્રને કહ્યું– હે મિત્ર, તમારો અવસર ઉજવાઈ ગયાને ઘણા દિવસો થઈ ગયા માટે હવે પેલાં દાગીનાઓ મને પાછાં આપો. પેલા કપટબાજ ચંદ્રે આભૂષણો પાછા આપવાની ઇચ્છા ન હોવાથી, ખોટી હકીકત ઉપજાવી ગળગળો થઈને કહેવા લાગ્યો.– હે મિત્ર, તારી ચીજ વસ્તુઓ મારી રાખવાની ઇચ્છા ન હતી પરંતુ ચોરના ભયથી તે વસ્તુઓ સાચવીને ગાયના છાણના છાણામાં સંતાડી રાખેલું પરંતુ મારા નસીબ જ વાંકા એટલે ત્યાંથી કોઈ ચોરી ગયું છે. એટલે આટલા દિવસો વીતી ગયાં પરંતુ તને શું જવાબ દેવો એની મુંઝવણમાં છું. આ સાંભળી તેનો મિત્ર ભદ્ર બહુ દુઃખી થયો. તે પોતે મનમાં સમજી ગયો કે ચંદ્રને મારી વસ્તુ પાછી આપવાની ઇચ્છા હોય તેમ લાગતું નથી. છતાં ભદ્રે કહ્યું– હે મિત્ર, શા માટે ખોટી મશ્કરી કરે છે? મહેરબાની કરીને મારા આભૂષણો મને પાછા આપી દે. ત્યારે ચંદ્ર બોલ્યો– ભાઈ, હું મશ્કરી નથી કરતો છતાં તને માન્યામાં ન આવતું હોય તો તારી જાતે મારું સમગ્ર ઘર જોઈ લે. મારી પાસે ધન હોત તો તને બીજું બનાવડાવીને પાછું આપી દેત – અરે માંગત જ નહિં.

ભદ્ર કહે–ઓ મારા મિત્ર, મારું આભૂષણ રાખીને આડીઅવળી વાતો કરે છે તે વ્યાજબી નથી. આથી હું

મિત્રતા તોડવા માંગતો નથી. આ આભૂષણ ગયું એમ માનતો નહિં પણ તારી પ્રતિષ્ઠા રીસાઈને ભાગી ગઈ છે એમ વિચારજે. વિશેષ કાંઈ બોલવાથી કાંઈ જ વળવાનું નથી એમ સમજી મૌન ધારણ કર્યું.

ત્યાર બાદ ભદ્રે વિચાર્યું કે ગમે તે રીતે મારે ચંદ્રને બોધપાઠ શિખવવો જ પડશે એટલે તેનું ધન પડાવી લેવાના ઉપાય શોધવા લાગ્યો. એવામાં દૈવયોગે તેનું અવસાન થયું. અને તે જીવ રત્ના તરીકે જન્મ પામ્યો. મરતાં પહેલાં ચંદ્રનું ધન પડાવી લેવાની ભાવના હોવાથી નવા-જન્મમાં નિર્ધનતા મલી.

ચંદ્રે વિચાર્યું કે મેં ભદ્રને બનાવ્યો એ સારું કર્યું નથી. મિત્રને છેતરી મિત્રતાને કલંક લગાડ્યું એમ ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યો. એ તો બિચારો મરી ગયો. કાલે હું પણ મરી જઈશ. કોઈ અમર નથી. હવે હું શું કરું ? મેં દગો કર્યો છે એ મોટું પાપ કર્યું છે. હવે એ સુધા-રવા માટે કોઈ રસ્તો નથી. એમ કરતાં એકદા તે પણ મૃત્યુને શરણ થયો. તેણે રત્નાના પુત્ર રૂપે જન્મ લીધો. અને ગરીબાઈમાં ઉછેર મલ્યો.

રત્નાનો જીવ ગણિકા સ્વરૂપે અને તું ધનવાન કૃત પુણ્ય તરીકે જનમ્યો. તેં એનું આભૂષણ કપટ કલાથી લઈ લીધું તે કર્માનુસાર વ્યાજ સહિત તેના બદલામાં ગણિકા તારું સર્વધન લઈ ગઈ. હે ભવ્ય જીવો, તમે જો

સમજો તો પારકું પચાવવાની વૃત્તિથી દૂર રહેજો અન્યથા તેનું દસગણું પરત કરવા અન્ય જન્મ લેવા પડશે. અને ભયંકર યાતના સહન કરવી પડશે.

લોકોનું દ્રવ્ય ખાઈ જવાની વૃત્તિનું કેવું પરિણામ આવે છે તે જાણ્યું. આ ઉપરથી સમજી લો કે દેવદ્રવ્ય વાપરવાના પરિણામ કેવાં ભોગવવા પડે ? દેવદ્રવ્ય પચાવી જવું એ મહાપાપ છે અને એ પાપના ફળ અવશ્ય ભોગવવાં જ પડે છે.

જે શ્રાવક પોતે જાણે અજાણે દેવદ્રવ્યનું ભક્ષણ કરે અથવા તેનું ધ્યાન ન રાખે એ મહાપાપનો ભાગીદાર બને છે. જે શ્રાવક દેવદ્રવ્યનો નાશ કરે અથવા પોતે લીધેલું પાછું આપે નહિં અથવા તેનો નાશ થઈ રહ્યો હોય તો તેનું ધ્યાન ન રાખે એને અનેક ભવમાં ભટકવું પડે છે અને દુઃખો ભોગવવા પડે છે. તેમજ જે વ્યક્તિ જીનેશ્વર ભગવાનના તથા દહેરાસરના દ્રવ્ય સંબંધમાં દગો કરે છે તે નરકે જવા માટે તૈયારી કરે છે.

અનંતજ્ઞાનીઓની આજ્ઞાને અનુસરનારા જ્ઞાનીઓ સંબોધ સિત્તરી પ્રકરણમાં જણાવે છે કે,

**जिणपवयणवुड्ढिकरं पभावगं नाणं दंसणगुणाणं**
**रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइजीवो ।**

જિન પ્રવચનની વૃદ્ધિને કરનાર, જ્ઞાન-દર્શન ગુણને પમાડી શુધ્ધતર બનાવનાર જિન (દેવ) દ્રવ્યનું બધી જ

દૃષ્ટિએ રક્ષણ કરનાર આત્મા પરંપરાએ તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે. પરંતુ

**जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसण गुणाणं,**
**भख्वंतो जिणदव्वं, अणंत संसारीओ होई ॥**

જિન પ્રવચન, દર્શન-જ્ઞાનની વૃધ્ધિને કરનાર એવા દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર, ભોગવનારનો સંસાર અનંતો વધી જાય છે.

(અરે મહાનુભાવો, દહેરાસરની લાઇટમાં બેસી વાંચવું એ પણ ઉચિત ન કહેવાય, તેમ દેવદ્રવ્યથી બંધાયેલા મંડપમાં બેસી મીટીંગો, કમિટિ ભરવી પણ ઉચિત તો ન કહેવાય, દેવદ્રવ્યની યા કોઈ પણ ઉછરામણી બોલીએ પણ તુરત તે નાણાં ભરપાઈ કરી દેવા જોઈએ, અન્યથા દોષ લાગ્યા વિના રહેતો નથી !) દેવદ્રવ્યથી પૂજારીને નોકરી માટે રાખવામાં આવ્યો હોય તો ટ્રસ્ટી યા પ્રમુખ યા કોઈપણ વ્યક્તિએ તેની પાસે સુખડ ઘસાવવું, અથવા કોઈપણ કામ પોતાના માટે કરાવવું એ પણ દોષ લાગ્યા વિના રહે નહિ.

દેવદ્રવ્યની રકમ લઈ પોતે વેપાર કરે, શક્તિ હોવા છતાં વ્યાજ પણ ના આપે, મૂડી પરત ના કરે તેવા આત્માઓની કેવી વિચિત્ર કઢંગી પરિસ્થિતિ થાય છે. તે તો ફકત એનો આત્મા જાણે છે !

**उम्मग्ग देसणामग्ग, नासणा देवदव्वहरणेहिं ।**
**दंसणमोहं जिणमुणि, चेइयसंधाय पडिणीओ ॥**

ઉત્સૂત્રભાષણ, જિન માર્ગનો નાશ, દેવદ્રવ્યનું હરણ, જિન, મુનિ, ચૈત્યાદિનો દ્રોહી દર્શન મોહનીય કર્મ બાંધે છે, જેનાથી સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય નહિં. માટે દેવ-દ્રવ્યનું હરણ, ભક્ષણ, ઉપેક્ષાદિ ન જ થાય.

**चेइयद्रव्वं साहारणंच, जोदुहइमोहियमइओ।**
**धम्मं च सो न जाणइ, अहवा बध्धाउओनरए॥**

મોહથી મોહિત બનેલો ચૈત્યના દ્રવ્યને તથા સાધારણ દ્રવ્યનો નાશ કરે છે. તે ધર્મ જાણતો નથી કે આ દ્રવ્યના નાશથી મારે નરકે જવું પડશે.

દહેરાસરના દ્રવ્યનો નાશ થતો હોય ત્યારે તે અંગે કોઈપણ શ્રાવક કે મુનિ મહારાજે છતી શક્તિએ ઉપેક્ષા કરે તેને અનેક ભવ સુધી પરિભ્રમણ કરવું પડે છે.

દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર સંકાશ શ્રાવકની વાત સાંભળો —

આ ભરતક્ષેત્રની ભૂમિમાં ઇન્દ્રની અમરાવતી જેવી ગન્ધિલાવતી નગરી છે. તેમાં અત્યંત મનોહર, દેદિપ્યમાન અને અદ્‌ભુત કલા કોતરણીવાળું જીનમંદિર હતું. એ શુક્રાવતાર નામે ઓળખાતું. આ જિનાલયના દર્શન–પૂજા કરી નગરના લોકો જીવનને ધન્ય માનતા હતા. આ નગરીમાં સંકાશ નામે બારવ્રતધારી શ્રાવક હતો. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યના ગુણોથી શોભતો હતો. દાન, શ્રદ્ધા અને તપમાં રચ્યોપચ્યો રહેતો. નિત્ય સવારસાંજ પ્રતિક્રમણ આદરતો,

ત્રણ વખત દેવપૂજા કરતો. આમ એ અત્યંત ધર્મિષ્ઠ હતો. તે આ શકાવતાર નામના દેવમંદિરનો હિસાબ સારી રીતે સંભાળતો. તેમજ જાતજાતની યુક્તિપ્રયુક્તિ દ્વારા દેવદ્રવ્યમાં વધારો કરતો. આમ એના ઉપર સકળ સંઘને વિશ્વાસ હોવાથી તેના કામમાં કોઈ દખલ કરતું નહિં ઉપરથી સર્વજનો તેને પ્રોત્સાહન આપતા હતા.

હવે એવું બન્યું કે આ શુદ્ધ નિર્મળ હૃદયવાળા સંકાશે કેટલુંક દેવદ્રવ્ય પોતાના અંગત કાર્ય માટે લીધું અને પોતાનું કાર્ય પતી જશે એટલે તરત જ પાછું મૂકી દેવાની ભાવના સાથે લીધેલું. પરંતુ પોતાનું કાર્ય સિદ્ધ થવા છતાં પણ તે દ્રવ્ય પાછું ન જ મૂક્યું. એના હૃદયમાં પાપે પ્રવેશ કર્યો હતો. એથી વિચારવા લાગ્યો કે મેં અનેક પ્રયત્નો કરી આ દેવ દ્રવ્યમાં અનેકગણો વધારો કર્યો છે એ માટે કોઈ મહેનતાણું લીધું જ નથી એટલે પોતાના કાર્યમાં કોઈ પાપ ન દેખાયું, જેમ વિષયલોલુપી માણસ એકવાર સ્વાદ ચાખ્યા પછી તેને કશું જ અયોગ્ય દેખાતું નથી. આ રીતે પોતે કરેલ દોષોનું કોઈ જ પ્રાયશ્ચિત કર્યા વિના તે શ્રાવકનું અવસાન થયું. મરણ પછી જે જે ભવ થયાં તેમાં તેને અસહ્ય દુઃખો વેઠવાં પડયાં. દેવ દ્રવ્યનું ભક્ષણ સર્વ કોઈને માટે અતિ પાપ છે. અવર્ણનીય એવા અતિ ભયંકર નારકીના દુઃખો અનેક જન્મો સુધી સહવા પડયા : ઘણા ભવો સુધી ભવભ્રમણ કર્યા બાદ તે સંકાશનો જીવ તિર્યંચ યોનીમાં આવ્યો. અહીં પણ અનેક પ્રકારના

દુઃખો ભોગવવા પડયાં અને અનેક જન્મમરણના ફેરા કરવા પડયા. આમ દેવદ્રવ્ય વાપરનાર જીવને અનેક દુઃખો વેઠયા પછી મનુષ્ય ભવની પ્રાપ્તિ થઈ તો અત્યંત ગરીબાઈ, વ્યાધિ, રોગ, ચિંતા વગેરે મલ્યાં. આવા અનેક દુઃખો વેઠયા પછી સ્વર્ગને વિષે નાનો દેવ થયો. ત્યાં મોટા મહર્દ્ધિક દેવોની લક્ષ્મી, અને વૈભવ સાહ્યબી જોઈને ઈર્ષાગ્નિથી બળી રહ્યો, આવા અનેક પ્રકારના દુઃખો ભોગવ્યા પછી એના ભારે કર્મો થોડાં લઘુ બન્યા. કર્મો લઘુ બનવાથી જીવન ઉંચુ બને છે!

તગરા નગરીમાં-એક શ્રેષ્ટિને ત્યાં તેનો જન્મ થયો. તેનો જન્મ થતાં જ તેના પિતાની લક્ષ્મી પગ કરી ગઈ. અને અત્યંત ગરીબ બની ગયો. એટલે લોકો કહેવા લાગ્યા કે આ પુત્રના પગલાં અશુભ છે. એવામાં શેઠનું મૃત્યુ થયું એટલે લોકો આ પુત્રની ખૂબ જ નિંદા કરવા લાગ્યા. પિતાનો ધંધો પુત્ર કરવા લાગ્યો પણ કાંઈ આવક થઈ નહિં. અનેક પ્રકારે મહેનત કરવા છતાં પેટપૂરતું પણ મળતું નહિં. તે મનમાં વિચારવા લાગ્યો કે ખરે જ મેં પૂર્વ જન્મમાં કોઈ એવા પાપ કર્યા હશે જે આ જન્મે ભોગવવા પડે છે. કેટલાંય એવા ભાગ્યશાળીઓ છે કે જે પુષ્કળ લક્ષ્મી મેળવે છે અને પોતાના મા-બાપ અને ભાઈ ભાંડુઓને પોષે છે જ્યારે હું મારું એકનું પેટ પણ ભરી શકતો નથી. ધિક્કાર છે મને! સુખોથી વમી ગયેલો - દુઃખોથી હારી કંટાળી ગયેલો આમ વિચારી પોતે આપઘાત

કરવા મનોબલ પરિપૂર્ણ નિર્ણય કર્યો. ભવિતવ્યતાના યોગે એ નગરીમાં એક કેવળજ્ઞાની મુનિરાજની પધરામણી થવાથી એમના દર્શન કરી પાવન થવા નગરમાંથી લોકોનાં ટોળેટોળા જઈ રહ્યાં હતાં. એ જોઈ આ શ્રેષ્ઠિપુત્રને પણ દર્શન કરવાના કોડ જાગ્યા. અંતરના ભાવથી ગયો અને હાથ જોડીને વંદન કર્યા. મુનિરાજનું વ્યાખ્યાન સાંભળવા તે બેઠો.

પરમપૂજ્ય ઉપાધ્યાયજી શ્રીમદ્ વિજય યશોવિજયજી મહારાજા અધ્યાત્મસારમાં દર્શાવે છે કે

क्षुद्रो लोभरतिर्दिनो, मत्सरी भयवान् शठः
अज्ञोभवाभिनन्दीस्या - न्निष्फलारम्भ संगतः ॥

ન્યાયવિશારદ - જ્ઞાનમૂર્તિ પરમ પૂજ્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા અધ્યાત્મસારમાં દર્શાવે છે કે અજ્ઞાન દશામાં ડુબેલો આ જીવ ક્ષુદ્ર, લોભ, સુખમાં આનંદ, દુઃખમાં ગભરાટ, ઈર્ષા, આદિ દુર્ગુણોથી ભવાભિનંદી બનીને પરિભ્રમણ વધારે છે. તેમાં આજે લોભ ભયંકર દુર્ગુણ છે- એ દુર્ગુણોથી દૂર રહેવામાં જ આત્મા ખરેખર પામવાનું પામે છે!

હે મહાનુભાવો! લોભ એ મહાપાપ છે. તેને લીધે જીવને જન્મ-મરણના અનેક ફેરા ફરવા પડે છે. દુઃખ, શોક અને રોગ વગેરે ઉપદ્રવો પણ તેના જ કારણે ઉત્પન્ન થાય છે.

આ જગતમાં સુખ સંતોષથી મલે, દુઃખ લોભના કારણથી મલે છે એટલું સમજી લો. માટે સમજુ અને

ડાહ્યા માણસોએ લોભવૃત્તિ છોડી દેવી અને સંતોષની ભાવના સ્વીકારવી જરૂરી છે.

આ વખતે પેલા શ્રેષ્ઠિપુત્રે બે હાથ જોડી, ઊભા થઈ વિનંતિ કરી કે હે પ્રભુ, મેં એવાં તે શા પાપ ગત જન્મોમાં કર્યા હશે કે આ જીવનમાં સુખ શું ચીજ છે એનો અનુભવ લેશ માત્ર થયો નહિં. આથી કેવળી ભગવાને તેને તેના આગલા ભવોનો વૃત્તાંત કહી સંભળાવ્યો. દેવદ્રવ્યના ભક્ષણનું જ આ પરિણામ છે. આત્મા સામે અનેક પ્રકારની ઊંચી ચીજો પડી હતી છતાં દેવદ્રવ્યનો ઉપભોગ કરી કેટલી નીચી કક્ષાએ જઈ પડ્યો ! આમ પોતાની જાતની અને કરેલા દુષ્કર્મોની નિંદા કરી રહ્યો. દેવ દ્રવ્યભક્ષણના કેવા દારુણ, ભયંકર પરિણામો મેળવ્યા.

કેવળ જ્ઞાની ભગવંતને શ્રેષ્ઠિપુત્રે ફરી પૂછ્યું હે પ્રભુ, આ પાપમાંથી મને છુટકારો મળે એ માટે મારે શું કરવું ? ત્યારે કેવળી ભગવાને કહ્યું કે– આપણી સ્થિતિ મુજબ દેવ દ્રવ્ય કરકસર કરીને પણ આપતા રહેજો. એથી સૌ સારું થશે. જેથી એણે એ જ સમયે પ્રતિજ્ઞા લીધી કે મારી આવકમાંથી અન્નવસ્ત્ર વગેરેનો ખર્ચ જતાં બાકીની તમામ આવક હું દેવદ્રવ્ય તરીકે દેવમંદિરમાં આપીશ. તે જ દિવસથી તેની તે સુંદર પ્રતિજ્ઞા લેતાની સાથે તેના પાપોનો લય થતો ગયો અને તેની ઉન્નતિ થવા લાગી.

તેની કમાણી વધવા લાગી. તે બરાબર સમજી ગયો હતો કે આ બધું જ ધર્મને આભારી છે. આ દ્રવ્યમાં

મારું કાંઈ જ નથી. એ રીતે ધર્મકાર્યમાં વાપરવા લાગ્યો "લક્ષ્મી વાપરતાં વધે" એમ વધુને વધુ ધન મલતું ગયું.

ઉત્કૃષ્ટ ભાવથી ધનનો સદુપયોગ કરવા લાગ્યો. અનેક પ્રકારના દાન આપ્યાં. જિનમંદિર બંધાવ્યા. અષ્ટાન્હિકા મહોત્સવો કરાવ્યાં. દેવદ્રવ્ય અંગેના હિસાબો એક જ વ્યક્તિ મારફત નહિં પણ ચાર ડાહ્યા માણસોને સાથે રાખીને સાચવ્યું. આમ પોતાનો અભિગ્રહ જીવનપર્યંત પાળ્યો. આમ પૂરી આરાધના કરી આ સંકાશનો જીવ દેવલોકની ગતિ પામ્યો.

દેવદ્રવ્યના ઉપયોગથી કેવાં દુઃખો ભોગવવાં પડે છે એ સંકાશ શ્રાવકની વાત સાંભળી સમજી શકયા હશો. હે ભવ્યાત્માઓ, તમે એની વાત સ્મરણમાં રાખજો. તમે કદાપિ એવી ભૂલ કરશો નહિં. જ્ઞાન, દર્શન અને ચારિત્રની નિર્મલતા કરનાર અને શાસનની ઉન્નતિમાં અસાધારણ કારણ જે દેવદ્રવ્ય છે તેને પરિપૂર્ણ સાચવનાર નજીકના જન્મમાં મોક્ષ મેળવે છે. દેવદ્રવ્યમાં વધારો કરનાર જીવ તીર્થંકરપદ પામે છે. માટે દેવદ્રવ્ય આપ્યા કરવું અને નિષ્પૃહ રીતે તેનું રક્ષણ કરવું એ શ્રાવક માત્રનો ધર્મ છે. આ પ્રમાણે ભગવાનશ્રી મહાવીરદેવના મુખે પોતાનો પૂર્વજન્મ સાંભળી કૃતપુણ્ય અને તેની સ્રીઓને જાતિસ્મરણ જ્ઞાન થવાથી સંસાર ઉપરથી મોહ ઊઠી ગયો. એટલે તેઓએ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી જીવન ધન્ય કર્યું. આ દીક્ષા મહોત્સવ ખુદ રાજા શ્રેણિકરાયે હર્ષથી પોતે કર્યો. સર્વત્ર આનંદ-

મંગળ વર્તાયો. આમ વીરપ્રભુ સમીપે જઈ જીવન સમર્પિત કર્યું અને ઉત્તમ ચારિત્ર ગ્રહણ કર્યું.



કૃતપુણ્ય ખરેખર કૃતકૃતાર્થ બનવા માટે પુણ્યના યોગે દોમદોમ મળેલી વિપુલ ભૌતિક સુખની સામગ્રીને તરછોડીને આત્મ કલ્યાણના પંથે જવા નીકળ્યા.

વીરપ્રભુએ કૃતપુણ્યને દીક્ષા આપી ગણધરને સોંપ્યા અને જયશ્રી આદિ સાતેને સાધ્વીઓને સોંપી. ઉત્તમ મુનિવ્રત પાળી. નિર્મળ આરાધના કરી દેવલોકે ગયાં. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી થોડાં ભવ ગયા બાદ મોક્ષનું અવ્યાબાધ અનંત અનુપમ સુખને પામશે.

# ૨૪ – દીવાદાંડી રૂપે અભયકુમાર

**ભગવાન** મહાવીરના મહાપાવનકારી પગલાંથી પવિત્ર બનેલી એવી આ રાજગૃહીમાં ભગવાન મહાવીરના સમતાના ભંડાર ગણધર મહારાજા જ સુધર્માસ્વામીના પનોતા પગલાં થવાથી અખિલ નગરીમાં આનંદ પ્રવર્ત્યો.

એમના આગમનના સમાચાર વાયુવેગે શહેરમાં પ્રસરી ગયાં. લોકોના ટોળે ટોળા તેમના દર્શન માટે ઊમટી પડ્યાં અને પ્રભુને વંદન કરી એમનો ઉપદેશ સાંભળવા સૌ જનો યથાસ્થાને બિરાજમાન થયા. ભવસાગરથી પાર પમાડનાર એવા મહાતીર્થ સમા તીર્થનો લાભ ઘેર બેઠાં મળતો હોય તો કોણ જતો કરે? ગણધર મહારાજશ્રી સુધર્માસ્વામીએ ઘણે દૂર દૂર સાંભળી શકાય એવા અવાજથી ખૂબ જ ભાવવાહી શબ્દોમાં ઉપદેશ આપ્યો. ધર્મનો મર્મ સમજાવતી તેમની વાણીનો અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો.

હે મહાનુભાવો, આવો અતિ ઉત્તમ નરભવ મળવો અતિશય મુશ્કેલ છે. જન્મ–જરા અને મૃત્યુના દુઃખોથી ભરેલા આ સંસારરૂપી અટવીમાં ભ્રમણ કરતાં કરતાં પોતાને મળેલો મનુષ્ય ભવ જો હારી જાવ તો ફરી એ જન્મ

મળવો અતિ મુશ્કેલ છે. માટે આ ઉત્તમ અવસર છે. આ મનુષ્યભવ સાર્થક કરો અને ધર્મની આરાધના કરો.

આ નગરી વિષે એક કઠિયારો રહેતો હતો. તે ખૂબ જ ગરીબ હતો. ગામબહાર એક નાની સરખી ઝુંપડીમાં રહેતો. સવાર પડે કે તરત જ ખભે કુહાડી લઈ જંગલમાં જતો. લાકડાં કાપી તેની ભારી બાંધી માથે ઊંચકી શહેરમાં લાવતો અને વેચતો. તેમાંથી જે કાંઈ પૈસા મળે તેનાથી પોતાનું ગુજરાન ચલાવતો. ગણધર સુધર્માસ્વામીજીની વાણી સાંભળવા દૂર દૂરથી અનેક લોકો આવી પ્રભુની અમૃતવાણીનું પાન કરતાં અને યથાશક્તિ વ્રત–નિયમો સ્વીકારતાં.

આ કઠિયારો પણ અન્ય લોકોની સાથે ત્યાં આવતો અને પ્રભુની અદ્ભુત વાણી સાંભળતો. તેને તેમાં ખૂબ આનંદ આવવા લાગ્યો એટલે દરરોજ તે સાંભળવા આવીને બેસતો. ત્યારબાદ જંગલમાં લાકડા કાપવા જતો અને તે વેચીને પેટ ભરતો. કોઈક વાર લાકડાં કાપીને આવતાં મોડું થતું – ભારાના પૈસા ઓછાં મળતાં છતાં કદી ઉદાસ થતો જ નહિં. તેને હૈયે સંસાર તારક ભગવંતના શબ્દો જડાઈ ગયેલાં હતાં તેથી સંતોષપૂર્વક જીવન વ્યતીત કરતો હતો.

ગણધર શ્રી સુધર્માજીની ઉપદેશક વાણીથી આ ગરીબ કઠિયારો પણ ધર્મનો મર્મ અમુક અંશે સમજતો થયો.

નિયમીત વ્યાખ્યાન સાંભળવાથી આ સંસારની અસારતા તેને સમજાણી. તેથી નાના નાના વ્રતોનું પાલન કરવા લાગ્યો અને ધીરે ધીરે તે માર્ગે આગળ વધવા લાગ્યો. અને પ્રતિદિન સાંભળતા પ્રભુની વાણીની સચોટ અસર થઈ. તેના મનમાં વૈરાગ્યની ભાવના ઝળહળી ઊઠી. તેના મનમાં એમ થતું કે હું ક્યારે દીક્ષા લઈશ? આ ભાવના તેના અંતરમાં ઘોળાયા કરતી હતી.

એક દિવસ ગુરૂ પાસે જઈ બે હાથ જોડી વંદન કર્યા અને પોતાના હૈયામાં ચાલી રહેલી મથામણ પ્રભુ પાસે પ્રગટ કરી અને બોલ્યો – હે પ્રભુ, આપની વાણીની મને જાદુઈ અસર થઈ છે. મને હવે આ સંસારનો મોહ રહ્યો નથી. હું આત્મા સાધનાના દિવ્ય પંથે વિહરવા માંગું છું. આપ મને સ્વીકારશો? એટલે કે દીક્ષા આપશો? ગુરૂ મહારાજે તેના હૈયાની વાત પૂરી સમજી ગણધર મહારાજને વાત કરી.

પરમ કૃપાળુ ગણધર ભગવંતે દિલમાં દયા લાવી એ કઠિયારાને પાસે બોલાવ્યો. શાંતિપૂર્વક બેસાડી તેના હૈયાના ધબકારા સાંભળ્યા. તેની ઉન્નત ભાવના જાણી. આ ભલે ગરીબ છે પણ હળુકર્મી અને ઉત્તમ આત્મા છે. પાત્રની યોગ્યતા વિષે ચકાસણી કરી લીધી. આ વ્યક્તિને દીક્ષા આપવામાં કોઈ વાંધો નથી. એમ જાણી સંઘ સમક્ષ શુભ મુહૂર્તે દીક્ષા આપી. ભાવિક નગરજનો આવા કઠિયારાની અનુમોદના કરતાં કરતાં સૌ સૌના ઘેર ગયાં. ગુરૂ

મહારાજે નવિન સાધુને મુનિના આચાર-વિચાર શિખવવા માંડયા જેથી કરીને આ નવા સાધુની ભવસ્થિતિ દ્રઢ બને.

આ કઠિયારા મુનિ અન્ય મુનિઓની સાથે ગોચરી વહોરવા કે જિન મંદિરે દર્શનાર્થે જતાં – આવતા રસ્તામાં કેટલાંક અજ્ઞાની જનો ગેરસમજને કારણે મુનિની મશ્કરી કરવા લાગ્યાં – અને મન ફાવે તેમ બોલવા લાગ્યાં – "અહો! આને હવે શાંતિ થઈ ગઈ ! રોજ લાકડાનો ભારો ઊંચકી લાવવાનું તો ગયું ! કમાવાની ઝંઝટ ગઈ. ભિક્ષામાં સારી વાનગીઓ ખાવા તો મળશે – રહેવાની શાંતિ થઇ." આવા આવા મશ્કરી અને મેણા સાંભળી એનું મન વ્યથિત બન્યું છતાં મૌન રહી શાંત ભાવે સહન કરી લેતાં.

મુનિને ક્રોધાયમાન કરવાં, કેટલાંક અજ્ઞાની મૂર્ખ લોકો ઈરાદાપૂર્વક મન ફાવે તેવાં હલકાં શબ્દો બોલી મુનિને ઉશ્કેરતાં. માણસથી નિંદાના વચનો સહન થઈ શકતાં નથી. છતાં ધૈર્ય ધારણ કરી રહેતાં. એક દિવસ ગુરુ પાસે જઈ હાથ જોડી પ્રાર્થના કરી કે હે પ્રભુ ! હવે અહીંથી જલદી વિહાર કરી બીજે સ્થળે જઈએ. અહીં લોકોના જેવા તેવા શબ્દો મારાથી સહન થઈ શકતાં નથી.

ગુરૂ મહારાજે સર્વ વાત સાંભળી અને કહ્યું – હે મુનિ, તમે શાંતિ રાખી છે એવી રાખજો. આપણે બધાં જ કાલે વિહાર કરીને બીજે ગામ ચાલ્યા જઈશું. બીજે દિવસે સવારમાં મહામંત્રી અભયકુમાર જિનમંદિરે દર્શન કરી

ગણધર ભગવંતના દર્શનાર્થે આવી પહોંચ્યાં. એટલે મુનિરાજે મગધદેશના મહાઅમાત્ય બુધ્ધિના સાગર એવા અભયકુમારને વિહારની વાત દર્શાવી.

અભયકુમાર કહે—હે ભગવંત, આમ અચાનક વિહારનો વિચાર કરવાનું કોઇ કારણ? અમારો કોઈ અપરાધ કે અવિનય થયાં છે? તો તે બદલ હું ક્ષમા માંગું છું. ત્યાર બાદ મુનિમહારાજે તમામ વાત સ્પષ્ટ શબ્દોમાં કહી સંભળાવી. આવી વાત સાંભળી અભયકુમાર પણ બે ઘડી વિચારમાં પડી ગયા.

ધર્મની અવહેલના થતી તો રોકવીજ જોઈએ. અને લોકોને સાચા રસ્તે એટલે કે ધર્મના માર્ગે લઈ જવા જોઈએ એ મારી ફરજ છે. તેણે ગુરૂમહારાજને વિનંતિ કરી કે હે દેવ, આપ વિહાર હમણાં ન કરતાં થોડાંક દિવસ રોકાઇ જાવ. હું મારો ઉપાય કરી લઉં પછી આપ જવું હોય તો ખુશીથી જજો. જેથી સર્વે મુનિરાજાઓ અભયકુમારનું માન રાખી રોકાઈ ગયાં.

અભયકુમારે રાજ્યના ભંડારમાંથી રત્નોથી ભરપૂર ત્રણ પેટી મંગાવી નગરની વચ્ચે સૌના દેખતાં મૂકાવી. તેના કિરણો ઝળહળી રહ્યાં હતાં. ત્યારબાદ નગરના તમામ ચૌટે અને ચોરે ઉદ્‌ઘોષણા કરાવી કે મહામંત્રી અભયકુમારે આજે સભા બોલાવી છે. નગર વચ્ચે જે ત્રણ પેટીઓ ભરીને રત્નો મૂકવામાં આવ્યાં છે તેમાંથી નગરજનોને વહેંચવા માંગે છે. ઈનામની યોગ્યતા વિષે સર્વ

વાત સભામાં જ રજૂ કરવામાં આવશે. માટે સૌએ સભામાં સમયસર આવી જવું. આવો અવસર ફરી ફરીને નહિં આવે માટે કોઈ ચૂકશો નહિં. આ ઈનામની વાત સારાંયે નગરમાં વાયુ વેગે ફેલાઈ ગઈ અને બપોરથી જ લોકોના ટોળેટોળા કંઈક ઉત્સાહથી અને કંઈક કુતૂહલથી ભેગાં થવા લાગ્યાં.



અભયકુમારે ઢંઢેરો પીટાવરાવ્યો કે રત્નોની ભરપૂર પેટી બજારના ચૌટે મૂકી છે દરેકને યોગ્યતા પ્રમાણે રત્નો વહેંચવાના છે તો નગરની સમસ્ત પ્રજાને પધારવા વિનંતિ છે.

નગર બહાર ઉદ્યાનમાં એક વિશાળ મેદાન હતું ત્યાં એક વિશાળ મંચ બાંધવામાં આવ્યો હતો. લોકો ચારે બાજુ ઝાડની શીળી છાંયામાં ભરાઈને બેઠાં હતાં. સમય થતાં સૌ સભામેદાનમાં આવી ગયાં અને મહામંત્રીની રાહ જોવા લાગ્યાં. સમયસર એ પ્રધાનમંત્રીશ્રી આવી પહોંચ્યા અને તેમનો જયનાદ થયો.



નગરની પ્રજાને સાધુપણું અને સાધુના આચાર
સમજાવી જૈનશાસનની થતી અવહેલના અટકાવે છે.

મહામંત્રીની સમક્ષ પેલી ત્રણે રત્નોની પેટીઓ મૂક-વામાં આવી અને મહામંત્રી મંચ ઉપર ઊભા થયા. એક

સ્નેહ અને અમી ભરી નજર ચારેખૂણે કરી લીધી અને બોલ્યાં – મારા વ્હાલા નગરજનો, આજે અહીં રત્નોની પેટી પડી છે એ આપના માટે છે. એ રત્નો હું તમને ભેટ આપવા માગું છું. આ દરેક રત્નની કિંમત સવાલાખ રૂપિયા કરતાં વિશેષ છે. મારી નીચે મુજબની શરત છે. એ તમે સ્વીકારશો એટલે એ રત્ન તમને બક્ષિસ આપવામાં આવશે.

તમારામાંથી કોઈ પણ વ્યક્તિ સ્ત્રી, અગ્નિ અને જળ એ ત્રણ વસ્તુનો ત્યાગ કરવાની તાકાતવાળો હોય તે અહીં આવે અને આ રત્ન લઈ જાય. એ સાંભળી લોકો કહેવા લાગ્યાં કે જો સ્ત્રી, અગ્નિ અને જળ એટલી ચીજો જો તજી દઈએ તો પછી આ રત્નો શું કરવાના? અભયકુમારે ફરી વાર કહ્યું કે આટલા મોટા જન સમુદાયમાંથી કોઈક વીરલો તો મળી આવશે જ અને એ આશાથી મેં આ રત્નો બક્ષિસ આપવાની ભાવના સેવી હતી તો કોઈક તો તૈયરા થાવ! પરંતુ કોઈ જ વ્યક્તિ તૈયાર થઈ નહિં.

અભયકુમાર કહે – અફસોસની વાત છે આવડા મોટા સમાજમાંથી એક પણ વ્યક્તિ તૈયાર નથી! ખેર, આ મુનિજનો સ્ત્રી અગ્નિ અને સચિત્ત જળ ત્યાગનારા છે એમને આ રત્નો આપી દઉં, તમે લોકો એમનો – ઉપહાસ કરો છો પરંતુ કાંઈક સમજો કે એમણે જેટલું ત્યાગ્યું છે એટલું ત્યાગવાની તમારી શકિત નથી તો તેમની મશ્કરી કરવાનો તમને શું અધિકાર છે?

તમારામાં એક ઇંદ્રિયને કાબુમાં રાખવાની શકિત નથી તો આ પુણ્યાત્મા મુનિરાજો પાંચે ઇંદ્રિયો કાબુમાં રાખી પવિત્ર મુનિપણું પાળે છે તેમની નિંદા કે હાંસી ઉડાવવાનો તમને શું અધિકાર છે? ખરેખર દુષ્કર કાર્યો તો તેઓ જ કરે છે. સ્ત્રી, અગ્નિ અને જળનો એમણે ત્યાગ તો કરેલો જ છે. આવા અમુલ્ય રત્નોનો પણ એમણે તો ત્યાગ જ કરેલો છે. પૂજક–નિંદક ઉપર તેઓ સમાન દૃષ્ટિ રાખે છે. આવા ઉત્તમ ચારિત્ર્યવાન મુનિરાજ નિંદનીય કહેવાય કે વંદનીય? જરા વિચાર કરો. લોકો કેવું બોલે છે તે મારા જાણવામાં આવ્યું છે.

"બિચારો ગરીબ, રોટલા ભેગો તો થયો!

"સાધુ થતાં કમાવાની ભાંજગડ તો દૂર થઇ!"

આવું સાંભળીને મને અત્યંત દુઃખ થયું છે. આમ કરવાથી તો મહાપાપના ભાગી થઈએ છીએ. સંસાર રૂપી ચક્રમાં અનેક કાળ સુધી ભમવું પડે છે. માટે એમનો સત્કાર કરો, એમની સ્તુતિ કરો.

મહામંત્રીએ જોયું કે લોકો ઉપર સારી અસર થઈ છે એટલે બોલ્યાં કે હવે એ મુનિરાજને બોલાવો અને આ રત્નો ભેટ આપો તો તમને ખાતરી થશે. આ રત્નો તેઓ કદાપિ સ્વીકારશે નહિં. એમણે જે દીક્ષા ગ્રહી છે એ દુઃખથી ડરીને નહિં પરંતુ સંસારની અસારતા સમજીને વૈરાગ્યભાવથી દીક્ષા ગ્રહણ કરી છે.

અભયકુમારના વચનો સાંભળી કેટલાક લોકો તેમની સમક્ષ આવીને પોતે કરેલી નિંદા અંગે ક્ષમા માંગી. મુનિવરોની મશ્કરી કરવી એ નરી મૂર્ખતા છે અમે હવે કદાપિ એવું કાર્ય નહિં કરીએ. તમોએ અમારા જેવા પાપીઓને પાપના માર્ગેથી પાછા વાળી મહાન કાર્ય કર્યું છે.

બુદ્ધિશાળી અભયકુમારે સહજમાં સારાયે નગરનું વાતાવરણ પલટાવી નાંખ્યું. સૌને ધર્મ પ્રત્યે રાગ ઉત્પન્ન કરી દીધો. ગઈકાલે જે લોકો મુનિ મહારાજોની નિંદા અને મશ્કરી કરતાં હતાં તેઓ અભયકુમારનો બોધ સમજીને ઉપાશ્રયે જઈ ગુરૂ મહારાજને વંદન કરી પોતાની ભૂલની કબૂલાત કરે છે અને ક્ષમા ચાહે છે. ક્ષમાના ભંડાર સમા મુનિરાજને તો કોઈ જ દ્વેશભાવ ન હતો એટલે તેમણે ઉપદેશ આપ્યો. કે હે સજ્જનો, રાગદ્વેષથી બચાવી લેનાર ભાગવતી દિક્ષાના ભાવ તમારાં હ્રદયમાં જાગો.

ત્યાર પછી અભયકુમાર શ્રી સુધર્માસ્વામીજીને કહેવા લાગ્યાં. હે પ્રભુ, નગરના લોકોને મેં બોધ દીધો છે અને તેઓ હવે વિવેકાવિવેક સમજી ગયા છે. માટે આપ હવે અહીં સ્થિરતા કરો તો સારું. અમે આપની સેવા આપની સેવા કરી શકીએ અને આપની અમુલ્ય વાણીનો લાભ પણ મેળવી કૃતાર્થ થઈએ.

ગણધરદેવે આશીર્વચનો કહ્યાં — હે બુદ્ધિના ભંડાર, તારા સર્વે કાર્યો ધર્મની ઉન્નતિ અને વૃદ્ધિ કરનારા છે માટે તું ધર્મની ધુરાને સદા વહન કરજે અને તું દીર્ઘાયુ બનજે.

એકવાર મહારાજા શ્રેણિકરાય સભા ભરીને બેઠાં હતાં. અનેક મંત્રીઓ, પુત્ર પરિવાર અને માંડલિક રાજાઓ પણ બેઠાં હતાં. એવે સમયે શ્રેણિકરાજાએ સભામાં પ્રશ્ન કર્યો કે દુનિયામાં સૌથી મુલ્યવાન વસ્તુ કઈ? લોકોએ જાત જાતના અનેક જવાબો આપ્યાં – કોઈ કહે હાથી તો કોઈ કહે અશ્વ, કોઈ કહે પુષ્પ તો કોઈ કહે કેશર, કોઈ કહે સુવર્ણ તો કોઈ કહે કસ્તુરી, પરંતુ અભયકુમાર મૌન રહ્યાં. અને સૌથી છેલ્લે એ બોલ્યાં કે "મનુષ્યનું માંસ સૌથી અધિક તેમ અતિ અમૂલ્ય કહેવાય.

આ સાંભળી અન્ય ઈર્ષાળુ લોકો બોલી ઊઠયા કે માંસ તો સર્વ પદાર્થ કરતાં સોંઘુ છે. અભયકુમાર ભૂલે છે ત્યારે શ્રેણિકરાજા બોલ્યા – હે અભય! તારો ઉત્તર તો મને સત્યથી વેગળો લાગે છે. તારા મનમાં તું એમ માનતો નહિં કે હું એક જ બુદ્ધિમાન છું.

પિતાના આવા કઠોર વચન સાંભળવા છતાં અભયકુમાર શાંતચિત્તે બોલ્યો – હે પિતાજી, ભલે આપ મારા જવાબ સાથે સંમત ન થાવ પરંતુ મારું કહેવું સાચું છે તે સિધ્ધ કરી બતાવીશ. આપ ભલે મને મૂર્ખ કહો તેની સામે મને કોઈ જ વાંધો નથી પરંતુ આપ મને પાંચ દિવસનો સમય આપો એટલે મારી વાત સિદ્ધ કરી બતાવું. રાજાએ એ કબૂલ કર્યું.

બીજે દિવસે અભયકુમારે નગરમાં દાંડી પીટાવી કે મહારાજા શ્રેણિક એકાએક મહાન વ્યાધિમાં પટકાઈ પડ્યાં છે. વૈદ્યરાજ કહે છે કે મનુષ્યના કાળજાનું બે યવ માંસ મલી

શકે તો આ રોગનું નિવારણ થઈ શકે તેમ છે. માટે હે ભલા નગરજનો, તમને તમારા રાજા માટે જો પ્રેમભાવ હોય, લાગણી હોય તો સત્વરે દાખવશો. આજે તમારી કસોટીનો પ્રસંગ આવી ઊભો છે અને મહારાજાને આરામ થયેથી તમે માંગશો તે આપશે.

આવી ઘોષણા સાંભળવા છતાં કોઈએ તૈયારી ન બતાવી. કોઈને મૃત્યુ ગમતું નથી. સભામાં જે લોકો બોલ્યા હતા કે માંસ તો જોઈએ તેટલું મળે છે તેમને બોલાવીને આ વાત કહેવામાં આવી, તેઓ ગભરાઈ ગયાં. તેઓ કહેવા લાગ્યાં કે અમને અભયદાન સહિત ક્ષમા આપો. તમે બીજેથી માંસ મંગાવવા પ્રયત્ન કરો. અમે તમને તે માટે પુષ્કળ દ્રવ્ય આપીએ આમ કહી પુષ્કળ ધન આપ્યું. આમ મેળવેલું અઢળક ધન રાજાના મહેલમાં મૂકી રાખ્યું.

આમ પાંચ દિવસની મુદત પૂરી થઈ. મહારાજા શ્રેણિક રાજ્યસભામાં આવીને બેઠા. અભયકુમારે મેળવેલું દ્રવ્ય સભામાં મૂકયું. આ જોઈને નૃપતિએ પૂછ્યું–અભય ! આ કયાંથી કોણ લાવ્યું ? અભયકુમારે કહ્યું—હે પિતાશ્રી, આપણા સચિવો અને નગરજનોએ સુપ્રત કરી ગયા છે. શ્રેણિક રાજા કહે— અભય, તેં મારા–નગરજનોને લૂંટયા છે. પ્રજાને પીડીને ભેગું કરેલું ધન શા કામનું ? આવું વર્તન કરીને તું શું રાજ્ય કરવાનો ? આવું ખોટું કાર્ય કરીને તે મારી અને બાપદાદાની આબરૂનું લિલામ કર્યું છે. આ તને કે મને શોભે છે ખરું ?

અભયકુમાર કહે—હે પિતાજી, મેં આપના કે બાપદાદાના યશને કોઈ લાંછન લાગે તેવું કાર્ય કર્યું જ નથી. તેમ છતાં આપને એવું કાંઈ લાગતું હોય તો આપ આપના વિશ્વાસુ અનુચરોને મોકલી તપાસ કરાવી શકો છો. તેની સામે મને કોઈ જ વાંધો નથી.

મહારાજા શ્રેણિકે પોતાના ખાસ વિશ્વાસુ ગુપ્તચરોને રાત્રિ દરમ્યાન નગરમાં તપાસ કરવાં મોકલ્યાં – પણ આખા નગરમાં જ્યાં ને ત્યાં અભયકુમારના વખાણ જ સાંભળતા. આથી રાજા પાસે જઈને સર્વ હકીકતની જાણ કરી. રાજા અત્યંત હર્ષ પામી બોલ્યા – પુત્ર અભય, તારા ચરિત્ર અને પરાક્રમથી મને સંતોષ થયો છે. ત્યારબાદ તેણે મેળવેલા દ્રવ્ય વિષે પૂછ્યું.

અભયકુમાર કહે – હે પિતાજી, તે દિવસે સભામાં આપે પૂછેલું કે દુનિયામાં સૌથી મુલ્યવાન વસ્તુ કઈ? ત્યારે મેં જવાબ આપેલો કે "મનુષ્યનું માંસ." પરંતુ તે વખતે આપે અને અન્ય સભાજનોએ મારી વાત સાચી માની ન હતી. અને છેલ્લાં પાંચ દિવસમાં જે બન્યું હતું તે તમામ વાત રાજાને સમજાવી અને કહ્યું કે આ જે અઢળક દ્રવ્ય પડ્યું છે તે બે યવ માંસ અન્ય પાસેથી મેળવી લેવાના બદલામાં આપેલું છે એટલે કે કોઈએ પણ બે યવ માંસ આપવાની તત્પરતા બતાવી નથી. આથી મેં જ કહેલું કે મનુષ્યનું માંસ સૌથી કિંમતી છે એ વિધાન સાચું કરે છે. રાજાએ અને સર્વ સભાજનોએ અભયકુમારની

વાત સ્વીકારી અને ખૂબ જ માન આપ્યું. અને અહીં જે દ્રવ્ય પડેલું હતું તે દરેકને દરેકનું પાછું આપ્યું. પોતાનું ધન પાછું મળતાં પ્રજાજનો પણ અત્યંત હર્ષ પામ્યા. સમુદ્ર કદી પોતાની મર્યાદા છોડતો નથી એ સિદ્ધ કર્યું.

આમ અનેક પ્રકારની સિદ્ધિઓ મેળવતો અભયકુમાર લોકોનો ઉત્કર્ષ કરતાં કરતાં સમય પસાર કરી રહ્યો.

એવામાં એકદા સમગ્ર પૃથ્વીને પાવન કરતાં, વિહાર કરતાં ચરમાસન્ન તીર્થપતિ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીએ સમોસર્યાં દેવોએ સમવસરણ રચ્યું. બારે પર્ષદા સમવસરણમાં આવી બેઠી. પ્રભુ પધાર્યા છે એવા સમાચાર સાંભળી મહારાજા શ્રેણિકરાય પણ આવી વંદન કરી બેઠાં. સદ્બુદ્ધિવાળા ભવ્યાત્માઓ આવા જંગમ તીર્થ રૂપ પ્રભુના દર્શન કરી જીવન સાર્થક કરે છે. જિનેશ્વરની વાણી એક યોજન પર્યંત સુધી દૂર સંભળાય છે. ભગવાન મહાવીર બોલ્યાં – હે ભવ્ય પ્રાણીઓ, આ સંસાર સાગર તરવાની અને મુક્તિરમણી વરવાની ઇચ્છા હોય તો જ્ઞાન અને ક્રિયાનો આદર કરતાં શીખો. રથ કે અન્ય કોઈ વાહનને બે પૈડાં હોય છે. એક પૈડાથી કોઈ વાહન ચાલી શકે નહિં. તેવી રીતે જ્ઞાન અને ક્રિયા બંને સાથે જ જોઈએ.

તારનારી ક્રિયા અને ક્રિયાના સાધનો ઉપર રાગ કરશો તો ડુબાડનારી ક્રિયા તથા તેના સાધનો ઉપર અભાવ થશે. સંસાર ઉપરનો રાગ ઘટાડવા માટે ત્રિકાલજ્ઞાનીઓએ

દર્શાવેલ સમ્યગ્ દર્શન – જ્ઞાન ચારિત્ર તથા તેના સાધનો ઉપર રાગ કરતાં શીખવું અનિવાર્ય છે.

દેવાધિદેવને ફક્ત ધર્મ કરતાં યાદ કરીએ તે ઠીક પણ દુન્યવી કોઈપણ ક્ષેત્રમાં જઈએ ત્યારે પાપની ક્રિયા વખતે, પાપના સ્થાને બેસતી વખતે મારા નાથ એવા દેવાધિદેવને યાદ કરવાનું ભૂલશો નહિં. જેથી પાપથી રહિત થવાથી આત્મામાં સદ્બુધ્ધિ ઉત્પન્ન થશે.

આમ ભગવાન મહાવીરે દેશના આપી. તે દેશનાનું પાન કરી સૌ પ્રભુને વંદન કરીને પોત પોતાના માર્ગે રવાના થયા. પર્ષદામાં એક આકાશગામી વિદ્યાધર હતો. તે પણ પોતાના સ્થાનકે જવા ઉત્સુક થયો. પોતાની વિદ્યાથી આકાશમાં ઊડવા જતાં ભૂમિ પર પછડાયો. આથી વિદ્યાધર ઉદાસ થઈ ગયો. ફરી ફરીને પ્રયત્નો કરવા છતાં તેને નિષ્ફળતા જ મળતી ગઈ. તે પોતાની વિદ્યા ભૂલી ગયો હતો. એટલે પૃથ્વી ઉપર સ્થિર ઊભો રહ્યો. આ જોઈને મહારાજા શ્રેણિકે ભગવાનને પૂછ્યું કે – હે પ્રભુ, આ વિદ્યાધરને આમ કેમ થાય છે? ભગવાને કહ્યું કે આકાશગામિની વિદ્યાનો પાઠ ભૂલી જવાથી આમ થયું છે. આ સાંભળી અભયકુમારે કહ્યું – કે જો તમોને યોગ્ય લાગે તો તમારી વિદ્યા મારી પાસે બોલો. વિદ્યાધરે તેની વાત અત્યંત હર્ષ સાથે સ્વીકારી અને અભયકુમાર પાસે તેનો પાઠ ભણી ગયો. એ સાંભળીને યાદ રાખીને અભયકુમારે પણ તે પાઠ વિદ્યાધરની પાસે સારી રીતે સંભળાવ્યો. પદાનુસારિણી

શક્તિના પ્રભાવે અભયકુમારે કંઈક વ્યક્તિઓના વિઘ્નો દૂર કર્યાં. કોઈ પણ માણસ દુઃખની પરંપરામાંથી એકદમ મુક્ત થાય, આથી વિદ્યાધર ખૂબ જ આનંદ પામ્યો. વિદ્યાધરે અભયકુમારને એની સાધનાનો આમન્યા બતાવ્યો. ત્યારબાદ પોતાની વિદ્યા પાછી મલી જતાં તે વિદ્યાધર અભયકુમારની રજા લઈ આકાશ માર્ગે ઊડી અત્યંત વેગ-પૂર્વક પોતાની જગ્યાએ આવી પહોંચ્યો. સર્વે પરિવારને બનેલો વૃત્તાંત કહ્યો.

અભયકુમારે પણ વિદ્યાધરે બતાવેલા આમ્નાય પ્રમાણે સાધના કરી વિશ્વવિખ્યાત બન્યો. અને અનેકને સન્મતિ સુપ્રત કરવાનો યશ મળ્યો. સ્વશક્તિથી અનેકને દુઃખોથી મુક્ત કરતાં સમય પસાર કરવા લાગ્યા.

એક વખત મહારાજા શ્રેણિકે સભા વચ્ચે હસતાં હસતાં પ્રશ્ન કર્યો : "કેટલાંક મનુષ્યો ધર્મ કરનારા હોય છે અને કેટલાંક મનુષ્યો પાપ કરનારા પણ હોય છે તો તમે કહી શકશો કે ધર્મિષ્ઠ વિશેષ હોય છે કે પાપી ?

આ સમયે અભયકુમાર ચૂપ રહ્યો. અન્ય નગરજનો બોલી ઊઠ્યા કે– હે નૃપતિ, પાપ કરનારા વધારે હોય છે અને ધર્મ કરનારા જીવો ઘણા ઓછો હોય છે. છેલ્લે અભય-કુમાર બોલ્યો– હે તાત, લોકો કહે છે તે કરતાં મારો ઉત્તર તેમનાથી ઉલ્ટો છે. મારી વાત જો આપને ખોટી લાગે તો આપ તે અંગેની પરીક્ષા કરી ખાતરી કરી જુઓ. સભા-

જનો પણ બોલી ઊઠયા કે હે સ્વામીન, આપ પરીક્ષા કરો તો જ સત્ય સમજાશે.

અભયકુમારે એક યુક્તિપૂર્વક તાત્કાલિક બે મંદિરો તૈયાર કરાવ્યાં. એક સફેદ આરસનું અને બીજું કાળા પથ્થરનું બનાવી અને નગરમાં ઢંઢેરો પીટાવ્યો. નગરના તમામ લોકોએ તે મંદિરે દર્શન માટે મંદિરે જવું. જે ધર્મ કરનારા હોય તેમણે સફેદ મંદિરે અને પાપ કરનાર હોય તેમણે શ્યામ મંદિરે જવું.

દાંડી સાંભળી લોકો બધાં સફેદ દેવાલય તરફ જવા લાગ્યાં. દેવલાયના દર્શન કરી બીજા દ્વારેથી બહાર જતાં હતાં. ત્યારે રાજાના સેવકો ત્યાં ઊભા હતા તેઓ પૂછવા લાગ્યાં કે તું ધર્મી કેવી રીતે ? તે કહે.

એકે કહ્યું— હું ખેડૂત છું. હું અપંગોને અનાજનું દાન કરું છું. પક્ષીઓ પણ મારા ધાન્ય ઉપર જીવે છે, રાજા–પ્રજા-ગૃહસ્થ અને સાધુ સૌને હું અનાજ પૂરૂં પાડું છું. અને અનાજની ઉત્પત્તિમાં મારો પુરુષાર્થ ઘણો છે માટે હું ધર્મી છું.

બીજાએ કહ્યું— હું બ્રાહ્મણ છું. હંમેશા ક્રિયાકાંડ કરું છું યજ્ઞ–હવન વગેરે પણ કરું છું. પશુઓને હવનમાં હોમવાથી તે સર્વેને સ્વર્ગે મોકલી દેવ તથા દેવાંગનાઓ બનાવું છું. લોકો સુખી થાય માટે સુમુહૂર્તો જોઈ આપું છું –લગ્ન પણ કરાવી આપું છું. વેદનો પાઠ નિરંતર કરી

પવિત્ર બનેલા અમે લોકોને આશીર્વાદ આપી સુખી કરીએ છીએ. માટે હું ધર્મ કરનારો છું !

ત્રીજાએ કહ્યું— હું ક્ષત્રિય બની સર્વેનું રક્ષણ કરું છું. ધર્મને માટે જાન પણ આપી જાણું છું. બ્રાહ્મણો કરતાં હું ચઢિયાતો ગણાઉં. શત્રુને પીઠ દેખાડતો નથી અને પડેલા શત્રુને કદી મારતો નથી. સ્ત્રી અને બ્રાહ્મણની રક્ષા કરું છું. આમ ક્ષત્રિયોના રક્ષણથી નિર્ભય લોકો ધર્મકાર્ય શાંતિથી કરી શકે છે માટે હું ધર્મિષ્ટ છું,

ચોથાએ કહ્યું—હું વૈશ્ય છું. કોઈ પણ જાતના અશુભ વિચારોથી રહીત છું-પશુપાલન મારી પ્રવૃત્તિ છે, તેમજ કરવેરો ભરું છું. આથી વિશેષ શું જોઈએ ? માટે હું ધર્મી છું.

પાંચમાએ કહ્યું- મારી દુકાને સ્વચ્છ અને સારી ચીજો વેચીને હું વણિકવૃત્તિ કરું છું. યથાશક્તિ ભિક્ષુકોને દાન હું આપું છું, માટે દાન કરી ધર્મ કરું છું.

છઠ્ઠાએ કહ્યું— હું વૈદ્ય છું. લોકોના રોગોનું નિવારણ કરી નીરોગી કરું છું. આ રીતે અનેક લોકોને જીવતદાન આપું છું માટે હું ધર્મિષ્ઠ છું.

આમ સર્વ લોકોએ પોતાની જાતને ધર્મી તરીકે દર્શાવી છેલ્લે નવમાએ કહ્યું— હું ખાટકી છું. બકરાં-ગાય વગેરે પ્રાણીઓને મારી તેનું માંસ લોકોને આપું છું. માંસાહારી લોકો અત્યંત આનંદ પામે છે માટે હું પણ ધર્મિષ્ઠ છું.

આમ તમામ લોકો સફેદ મંદિરમાં જઈ ને પોતાની

જાતને ધર્મી બતલાવી. ખોટું કરનારા કદી એમ કહે ખરાં કે અમે અધર્મી છીએ?

માત્ર બે શ્રાવકો એવા મળ્યા કે જેમણે શ્યામ-મંદિરમાં દર્શન કરી બીજા દ્વારેથી બહાર નીકળતા હતા. ત્યારે રાજાના સેવકોએ પૂછ્યું – અરે! તમે શ્યામમંદિરમાં કેમ ગયા? પોતાની જાતને ધર્મી માનતા તમામ લોકો તો સફેદ મંદિરમાં ગયા હતા. પેલાં શ્રાવકો અત્યંત દુઃખ-પૂર્વક કહેવા લાગ્યા– ભાઈ, અમે મહાપાપી છીએ. ગુરૂ પાસે લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરી શકયા નથી. અમને ખેદ થાય છે કે આવો ઉત્તમ મનુષ્ય ભવ પામીને શોક સંતાપને ટાળનાર વિતરાગનું શાસન પ્રાપ્ત કરીને અમે અમારો અભિગ્રહ ખંડીત કર્યો. અમે પાપ કર્યું છે એ લોકો જાણે માટે અમે શ્યામમંદિરમાં ગયા. પાપ પ્રગટ થાય અને ધર્મ ગુપ્ત રહે એ જ સારું ગણાય.

બુદ્ધિનિધાન અભયકુમારનું કથન સત્ય છે. એમણે કેવળ બુદ્ધિ વાપરીને ઊલટું કહ્યું. પરંતુ અમે એનો અર્થ એવો કરીએ છીયે કે – પાપાત્માઓ પોતાની જાતને હંમેશા ધર્મિષ્ઠ માને છે અને ધર્માત્માઓ પોતાની જાતને પાપી માને છે. એમનું કહેવું બહુ ઓછાં સમજી શકશે. આ સાંભળી નગરની જનતાએ અભયકુમારના ખૂબ ખૂબ વખાણ કર્યા. આમ અભયકુમાર એક ત્યાગી મુનિમહારાજ જેવા પવિત્ર – ઉત્તમ કાર્યો કરી લોકોના હૃદયમાં આનંદ કરાવતા હતા.

## ૨૫ – " ત્યાગમૂર્ત્તિ અભયકુમાર "

**પિતાના** રાજ્યમાં મહામંત્રીશ્વર અભયકુમારે ડંકો વગડાવી દીધો. બુદ્ધિચાતુર્યથી અનેક પરાક્રમો કરી પોતાના પૂર્વજોને ભૂલાવી દીધા. " શિષ્ટને રક્ષા અને દુષ્ટને શિક્ષા" એ સૂત્ર હંમેશા યાદ રાખતો. રાજ્યની તમામ કાર્યવાહી પોતે કરતો છતાં રાજ્યના માલિક થવાની ભાવના કદીયે નહોતી કરી. પોતે ધર્મ સમજતો અને અન્યને સમજાવતો : કામ, ક્રોધ-લોભ અને મોહને હરાવી અને પોતે અજાતશત્રુ બની રહ્યો.

એક વખત મહારાજા શ્રેણિકરાયે અભયકુમારને કહ્યું– બેટા અભય, હું જાણું છું કે રાજગાદી મેળવવાની કે ભોગવવાની તને તલભાર ઇચ્છા નથી તેમ છતાં હું તને કહું છું કે પિતાનું રાજ્ય સંભાળી લે તું મારો સૌથી મોટો પુત્ર છે. મહાપરાક્રમી અને બુદ્ધિશાળી છે. માટે રાજ્યની ગાદીને સંપૂર્ણપણે લાયક છે. હું હવે ઉંમરલાયક થયો છું. ઘણા વર્ષો મેં રાજ્ય ભોગવ્યું પરંતુ હવે મારી ઇચ્છા ભગવાન મહાવીરની ભક્તિ–ભાવના ઉપાસના કરવાની છે. સાથે પરલોકની સાધના કરવાની ભાવના છે.

આ સાંભળી અભયકુમાર વિચારવા લાગ્યો કે પિતાની આજ્ઞાની અવગણના તો કરાય નહિં. રાજગાદી સ્વીકારીને સંસાર રૂપી મહાસાગરમાં ડૂબી જવાની મારી ઈચ્છા નથી. તો શું કરવું ? હા કહું તો હાથ વઢાય, અને ના કહું તો નાક વઢાય એવી સ્થિતિ થઈ છે. એટલે વિચાર કરીને જવાબ આપ્યો કે હે પિતાજી, આપે જે આદેશ કર્યો તે ખરેખર સુંદર છે. પરંતુ આપ થોડો સમય રાહ જુઓ. સમય આવ્યે હું જાતે જ આપને કહીશ. આ સાંભળી મહારાજા શ્રેણિકે કહ્યું– કે સારું.

ઉદયન રાજાને દિક્ષા આપીને વિહાર કરતાં કરતાં રાજગૃહીમાં ત્રિલોકીનાથ મહાવીર ભગવાનના પુનિત પગલાં થયાં. દેવોએ સમવસરણ બનાવ્યું દેવ, મનુષ્ય અને તિર્યંચો પ્રભુને વંદન કરવા આવ્યાં. ઉદ્યાનપાલકે મહારાજા શ્રેણિકને વધામણી દીધી કે ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પધાર્યા છે. આ સાંભળી તરત જ પોતાના સકળ પરિવાર સહીત શ્રેણિકરાજા સમવરસણમાં આવ્યા. અભયકુમાર પણ પિતાની સાથે જ હતો. સમવસરણમાં જઈ પ્રભુની સ્તવના વંદન કરી પ્રભુની દેશના સાંભળવા બેઠાં.

પ્રભુએ યોજનગામીની વાણી વડે ઉપદેશ શરૂ કર્યો :- આ સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ભરેલો છે. માટે આ સંસાર અસાર છે. આ બધાં જ દુઃખોમાંથી મુક્ત કરનાર ફક્ત ધર્મ જ છે. પંચપરમેષ્ઠિને ખરા હૃદયથી નમસ્કાર કરવા એ ધર્મનું મૂળ છે.

મન નમે ત્યારે સાચું નમન થાય. ત્રણે જગતમાં સૌથી સાર ભૂત નમસ્કાર મહામંત્ર છે. અરિહંતાદિમાં જે ગુણો છે. તે ગુણોને મેળવવાની જિજ્ઞાસાથી અરિહંતાનું ધ્યાન, જપ, સ્મરણ જો થાય તો તે આત્મા ક્યારે પણ દુઃખી ન થાય, સુખી બન્યા સિવાય રહે નહિં. તેટલું જ નહિ પણ જ્યાં સુધી અભ્યંતર લક્ષ્મી પૂર્ણસ્વરૂપે ન મલે ત્યાં સુધી બાહ્યલક્ષ્મી તે ભાવિકના ચરણોમાં દોડી દોડીને આવે આવે છે. પંચપરમેષ્ઠિને જેણે પૂજ્ય માન્યા તે વ્યક્તિ અન્ય વ્યક્તિને ક્યારે પણ મસ્તક નમાવે જ નહિં. જગતમાં વાસ્તવિક જે પૂજનીય વ્યકિતઓ છે તે તમામ પૂજનીય વ્યક્તિઓનો સમાવેશ આ પંચપરમેષ્ઠિમાં થયેલ છે.

જેમ રાજ્યના સાત અંગો હોય છે તેમ પંચ પરમેષ્ઠિના પાંચ અંગો હોય છે. અરિહંત. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. તેમાં અરિહંત એટલે કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ અભ્યંતર શત્રુને દૂર – કરનારા હોવાથી પ્રથમ પૂજાને યોગ્ય છે. સંપૂર્ણ કર્મ રૂપી બીજને બાળી નાંખનારા એટલે કે એ બીજ ફરી કદાપિ ન ઊગી શકે એમ કરનારા તે સિદ્ધ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યાચાર એ પાંચે આચારોને પાળે, પળાવે તથા અનુમોદે એ આચાર્ય, હંમેશા સ્વાધ્યાય અને અભ્યાસ કરવો કે કરાવવો એમાં મગ્ન રહેનારા એ ઉપાધ્યાય અને મોક્ષની સિદ્ધિ માટે ક્રિયાઓને સાધી સાધુપણું શોભાવે તે સાધુ.

આ પંચપરમેષ્ટીનું સ્મરણ પૂર્ણભાવ સહિત કરવું. દરેક મનુષ્યે સૂતાં કે બેસતા, દિવસ કે રાત્રે, સુખ યા દુઃખમાં, આનંદ કે શોકમાં, ઘરમાં કે બહાર જતાં આવતાં સ્મરણ કરવું ખૂબ જ જરૂરી અને હિતાવહ છે. દુધમાં જેમ ઘી સમાયેલું છે તેમ બધાંજ ધર્મ અનુષ્ઠાનોમાં પરમેષ્ઠી નમસ્કાર સમાયેલા છે. પંચપરમેષ્ઠી નમસ્કારનું પૂરા ભાવ સાથે સ્મરણ કરવામાં આવે તો અગ્નિ પણ જળ બને છે. કાળો નાગ ફૂલની માળા બની જાય છે, હળાહળ ઝેર અમૃતસમાન બની જાય છે શત્રુ મિત્ર બને છે, ભક્ષક રક્ષક બને છે–માટે હે સમજુ જનો, ઊંઘતા કે જાગતાં હરતાં કે ફરતાં એ મહામંત્રનું સ્મરણ કરજો. છીંક આવે ત્યારે પણ તેનું સ્મરણ કરવું.

આ નમસ્કાર મંત્રના પ્રભાવથી સર્વ સિદ્ધિ થાય છે. આવતા ભવમાં ઉત્તમ કૂળમાં જન્મ મળે છે–સ્વર્ગ અને પરંપરાએ મોક્ષ પણ મળે છે. નવકારમંત્રના પ્રભાવ વિષેની કથા સાંભળો–

કોઈ એક નગરમાં ધર્મી એવો એક શ્રાવક રહેતો હતો. એને એક પુત્ર હતો પરંતુ એનામાં તેના પિતા કરતાં ઉલટા જ ગુણો હતાં. ધર્મને તે માનતો નહિં. ધર્મનું નામ પણ ગમતું નહિં. શ્રાવકના કુળમાં જન્મ થયો એટલે ધર્મ મલી ગયો એવું કહેવાય નહિં. પુત્રને ધર્મના માર્ગે દોરવા તેનો પિતા એને ઘણું ઘણું સમજાવતો. ભાઈ નવરો

બેઠો છું તો દેવદર્શન કરી આવ પરંતુ પુત્ર તે માનતો જ નહિં. છેવટે એક નવકારમંત્ર શીખવાડી કહ્યું કે બેટા, આ મંત્ર મહાન છે. દુઃખમાં કે મુશ્કેલીમાં તું તેનું સ્મરણ કરજે. એ મંત્ર જ તને બચાવશે. પુત્રે પિતાની વાત શિરોમાન્ય કરી. પિતાને જરા શાંતિ થઈ. ત્યારબાદ પિતાનું અવસાન થયું એટલે પુત્ર ઉપરથી અંકૂશ જતો રહ્યો. હલકાં માણસો સાથે ફરતો અને પાપ કાર્યો કરવામાં રચ્યોપચ્યો રહેતો. એવામાં કોઈ દુર્બુદ્ધિ ત્રિદંડીનો સહવાસ થયો. એણે જાણ્યું કે આ તો બત્રીશ લક્ષણો પુરૂષ છે એટલે તેની સાથે મિત્રતા કરી.

એકદા એ ત્રિદંડીએ કહ્યું– તું એકપણ અંગ છેદાયા વગરનું મડદું લાવે તો હું તને કુબેર ભંડારી જેવો ધનવાન બનાવી દઉં. ધનના લોભી એવા એ વણિકપુત્રે એની શોધ કરવા માંડી. ફરતાં ફરતાં કોઈ વૃક્ષપર તેને જેવું જોઈએ તેવું મનુષ્યનું મડદું નિહાળી તે વાત પેલા ત્રિદંડીને કરી એટલે અંધારી ચૌદશની કાજળ કાળી રાત્રીએ એ મડદું કોઈ ભયંકર સ્મશાનમાં લઈ જવાયું. ત્યાં એને સીધું સુવડાવી મડદાના હાથમાં તલવાર આપી (પકડાવી) અને પેલા વણિકપુત્રને મડદાના પગ પકડી બેસી રહેવા કહ્યું. પેલા ત્રિદંડીએ જાપ આરંભ્યો. એટલે મડદામાં સંચાર થયો અને મડદું ઊભું થતું હોય તેમ લાગ્યું તેમજ તે મડદુ તેને તલવાર મારવા આવતું હોય એવું લાગ્યું. આ જોઈ વણિકપુત્ર ગભરાઈ ગયો. આ ટાણે

પિતાએ બતાવેલ નવકારમંત્ર યાદ આવ્યો એટલે તે મનમાં રટણ કરતો રહ્યો. તેના પ્રભાવે ત્રિદંડીના જાપ નકામા થવા લાગ્યા. પેલા ત્રિદંડી ફરી વિશેષ જાપ કરવા લાગ્યો અને વણિકપુત્ર વિશેષ નવકારમંત્ર જપવા લાગ્યો મડદું ફરી ઊભુ થવા લાગ્યું અને પછડાયું. ત્રિદંડીની વિદ્યા અફળ જવા લાગી એટલે વણિકપુત્રને પૂછવા લાગ્યો કે અલ્યા, તું કાંઈ મંત્ર ભણે છે કે શું ? વણિકપુત્રે ના કહી. ત્રિદંડીએ છેલ્લે યમનો જાપ શરૂ કર્યો. અને વણિકપુત્રે પૂર્ણશ્રદ્ધાથી અજંપો જાપ શરૂ કર્યો. અને વણિકપુત્રે પૂર્ણશ્રધ્ધાથી અજંપો જાપ ચાલુ રાખ્યો. વૈતાલ ત્રીજીવાર ઉછળતાંની સાથે ગુસ્સે થઈ ત્રિદંડીનો વધ કર્યો. એટલે એ પાખંડીનો દેહ સુવર્ણમય બની ગયો. તરત જ વણિકપુત્ર એ સુવર્ણપુરૂષને દેહ ગુપ્તપણે દાટીને નિરાંતે સૂઈ ગયો. ત્યારબાદ એ ગુપ્તપણે પોતાને ઘેર લઈ લઈ આવ્યો. આમ નવકારમંત્રના પ્રભાવથી જીવ બચી ગયો. અને ધનવાન બની ગયો. નવકારમંત્રનો પ્રભાવ તે સમજ્યો અને ત્યારથી તે ધર્મપરાયણ બની રહ્યો.

વીરપ્રભુ હવે બીજો દાખલો સમજાવે છે–

એક નગરમાં એક ધર્મવિમુખ શ્રાવક હતો. તેને સમ્યગ્દર્શન પામેલી શ્રદ્ધાળુ અર્હત્‌દાસી નામથી શોભતી શ્રાવિકા હતી. એને અન્ય કોઈ સ્ત્રી સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ પરંતુ એક પત્નિ હયાત હોય ત્યારે બીજી કન્યા કોણ આપે ? આથી એને મારી નાંખવાની યુક્તિ કરી. એક ઘડામાં કાળો ઝેરી નાગ લઈ આવ્યો અને ઘરમાં એ ઘડો

મૂકયો. જમી પરવારીને રાત્રે તેણે પોતાની સ્ત્રીને આજ્ઞા કરી કે પેલા ઘડામાં હું ફૂલની માળા લાવ્યો છું તે મને આપો. પોતાના પતિના મલિન વિચારને નહિં જાણનારી એવી એ અર્હંતુદ્દાસી ફૂલની માળા લેવા ગઈ. અંદરના ખંડમાં અંધારું હતું એટલે પંચપરમેષ્ટિનું ધ્યાન કરતાં કરતાં અંદર ગઈ અને નવકાર મંત્ર ભણતાં ભણતાં એણે એ ઘડામાં હાથ નાંખ્યો. એ વખતે તેનો પતિ અન્ય સ્ત્રીનું ધ્યાન ધરી રહ્યો હતો. શાસનદેવીની પરમ કૃપાથી ફણીધર નાગની જગાએ ફૂલની માળા મલી. એ લઈને પોતાના પતિ પાસે ગઈ અને તેમને આપી. આ જોઈને તેનો પતિ વિચારમાં પડયો કે આ શું ? જાતે ઊભો થઈને ઘડો જોઈ આવ્યો. ઘડામાં સર્પ હતો જ નહિં. તેને પશ્ચાતાપ થયો. પોતાની ભૂલ સમજાણી. દુર્બુધ્ધિને કારણે પોતે ન કરવાનું કાર્ય કરી બેઠો. પત્નિના પગમાં પડયો અને માફી માગી. પોતે કરેલ પાપની સત્ય હકીકત પત્નિને કહી. પોતાની પત્નિ મહાસતી છે. પત્નિના કહેવા પ્રમાણે તે ધર્મને માર્ગે વળ્યો.

જૈન શાસનને પામેલા ગુરૂદેવના સહવાસથી અન્યધર્મી ભાઈ નવકાર મંત્રનું હૃદયના શુધ્ધભાવથી સ્મરણ–ચિંતન. ધ્યાન ધરતા હતા....એકદા પોતાના શેઠની સાથે અટવી વટાવીને દૂરના ભાગમાં કુટુંબસહિત જતા હતા. ભયંકર ઉનાળાના તાપથી તપેલા લોકોને તૃષા તૃષા લાગી....જંગલમાં પાણી કયાંથી મલે ! ઘણી ઘણી શોધ કરવા છતાં

પાણી ન જ મળ્યું....ત્યારે અન્ય ધર્મીએ જણાવ્યું કે થોડી ધીરજ રાખો, હું પાણી લાવી આપું....ગાડામાંથી નીચે ઉતરી હૃદયની શુદ્ધિપૂર્વક જમીન સાફ કરી રૂમાલ પાથર્યો....

નવકાર મહામંત્રનું આરાધન શુદ્ધભાવથી ચાલુ કર્યું. થોડી જ ક્ષણોમાં ચમત્કાર ?....તે પણ કોને મળ્યો ? આશ્ચર્ય...ના – ના – શ્રધ્ધાનો સંપૂર્ણ વિષય છે... જમીન ફાટી....તેમાંથી નિર્મલ – ઠંડા – મીઠા પાણીના ફુવારા ફૂટ્યા....પીવાય તેટલું પીધું. લેવાય તેટલું લીધું, –તૃષા છૂપાવી સંતોષ માન્યો....શેઠ કહે...અરે ભાઈ... તું રૂમાલ પાથરીને શું ગણતો હતો...તે શેઠને કહે – જે ગણતો હતો તે મારા પરમ ઉપકારી જૈન સાધુ મહારાજે આપેલો મહામંગલકારી મંત્ર હતો....પણ કહે તો ખરો... ના ના શેઠ એમ ના કહેવાય, એ કંઈ જેવો તેવો નજીવો મંત્ર નથી પણ ચૌદપૂર્વનો સાર છે. ઘણું કહ્યું ત્યારે અન્ય ધર્મીએ કહ્યું...એ મંત્ર નવકાર હતો...ખરફીખાય તેને ગળી જ લાગે ! સમજ્યા !

નવકારમંત્રના નિયમીત સ્મરણથી આરોગ્યની પણ પ્રાપ્તિ થાય છેઃ–

એક નદીને કિનારે એક મોટું નગર હતું. કોઈએક નાગરિક શૌચક્રિયાર્થે નગર બહાર નદીને કિનારે જતો હતો ત્યારે એક બીજોરું તણાઈ જતું જોયું. નદીમાં પડીને તે મેળવ્યું. આવું સુંદર બીજોરૂં જઈને રાજાને ભેટ આપ્યું. રાજાએ રસોઈયાને તેનું શાક બનાવવા કહ્યું – તેણે તેનું અત્યંત

સ્વાદિષ્ટ શાક બનાવ્યું. રાજાએ તેનો રંગ – સ્વાદ અને સુગંધથી ખૂબ જ પ્રભાવીત થયો. અને બધું જ શાક પોતે આરોગી ગયો. બિજોરૂ લાવનારનું દારિદ્રનષ્ટ કર્યું રાજાએ બિજોરાનું મૂળ ઉત્પત્તિ સ્થાન શોધી કાઢવા આજ્ઞા કરી.

રાજાની આજ્ઞા થતાં લોકો તેની શોધ કરવા લાગ્યા. નદીના તીરે તીરે જતાં ઘણે દૂર એક મોટી વાડી નજરે પડી તેમાં એક બિજોરાનું મોટું વૃક્ષ નજરે પડયું. જાણકારો એ જોઈને બોલ્યા કે આ વૃક્ષ તો દેવાધિષ્ઠિત જણાય છે. એનું ફળ તોડે તેનું તરત જ મૃત્યુ થાય છે. માટે એનું ફળ પ્રાપ્ત કરવું અને મૃત્યુને નોંતરવું બરાબર છે. આ કાર્ય માટે કોણ હિંમત કરે ?

લોકોએ આ વાત રાજાને કહી. એક વખત એનો સ્વાદ ચાખેલ એવા એ રાજાને આ ફળની તીવ્ર ઇચ્છા થઈ હતી. એટલે રાજાએ તો કહ્યું – ગમે તે ભોગે મારે એ ફળ જોઈએ જ. તમારું જે થવાનું હોય તે થાય. એની સાથે મારે કોઈ સંબંધ નથી મારે તો ફળ સાથે કામ છે. આથી સર્વ પ્રજાજનોએ ભેગાં મળી એક યુક્તિ કરી. એક ઘડામાં સર્વના નામની ચિઠ્ઠીઓ મૂકવામાં આવી પછી તે બરાબર હલાવીને એક કાપલી :દરરોજ નિકાળે – એમાં જેનું નામ નીકળે એ વ્યક્તિએ પેલા વૃક્ષ ઉપરથી ફળ તોડી – રાજાને આપી દેવું.

આ કાર્યક્રમ નિયમીત રીતે ચાલવા લાગ્યો. ફળ તોડનાર તતક્ષણ મૃત્યુ પામતો. આમ એકધારો કેટલોય સમય

ચાલ્યા કર્યું. એકદા એવું બન્યું કે ચિઠ્ઠીમાં એક શ્રાવકનું નામ નીકળ્યું. રાજઆજ્ઞાનો લોપ કરી શકાય તેમ ન હતો. પેલા શ્રાવકે વિચાર કર્યો કે આ વૃક્ષનો અધિષ્ઠાયક કોઈ દેવ હોય અને તે આ પ્રમાણે લોકોને દંડ દેતો હોય કદાચ નવકારમંત્રના પ્રભાવે પામી પણ જાય એમ વિચારી નવકાર મંત્ર ગણતાં ગણતાં એ વાડીમાં પ્રવેશ્યો. આ મંત્ર સાંભળી વૃક્ષના અધિષ્ઠાતા યક્ષને કાંઈક યાદ આવવાથી પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. અહો ! હું પૂર્વજન્મમાં એક જૈન શ્રાવક હતો. ધર્મની વિરાધના કરવાથી આ જન્મે આવો અવતાર મળ્યો છે. અત્યારે હું જે કરી રહ્યો છું તે જાણી મને અત્યંત પસ્તાવો થાય છે.

અહો ! આ આવનાર શ્રાવકે મને નવકારમંત્ર સુણાવી મને જાગ્રત કર્યો, ન કર્યો હોત તો હું આમ અનેક મનુષ્યોના પ્રાણ હરી લઈ ભયંકર પાપ કરી, સંસાર રૂપી મહાસાગરમાં અનંતા કાળ સુધી આથડી આથડીને મરત. ભયંકર વેદનામય નારકીના દુઃખો ભોગવવાં પડત. ખરેખર આ વ્યક્તિ મારી પરમ ઉપકારી હોવાથી ગુરૂ કહેવાય. એટલે મારા પૂજ્ય બન્યા. એમ વિચારી બે હાથ જોડી વંદન કરી જણાવ્યું – હે શ્રાવકશિરોમણી, તમે મને પાપમાંથી બચાવ્યો છે માટે તમે મારા તારણહાર બન્યા છો. મારા પૂજનીય છો. હવે આજથી કોઈપણ માણસે આ ફળ લેવા અહીં આવવું નહિ પડે પરંતુ ઘેરબેઠા તમને મલી જશે. હું પહોંચતુ કરીશ આથી શ્રાવક રાજી રાજી થઈ

ગયો. યક્ષે તેને ઘેર જવાની રજા આપી અને ફળ આપ્યું. તે લઈને તે રાજા પાસે ગયો. અને રાજાને બધી વાત કરી. આ સાંભળી રાજા અત્યંત ખુશ થઈ એ શ્રાવકને ખૂબ જ દ્રવ્ય ભેટ આપ્યું. પેલો યક્ષ દરરોજ રાજાની પથારીમાં ઓશિકે બિજોરું મૂકી જઈ પોતાના વચનનું પાલન કરતો. આમ નવકાર મંત્રના પ્રભાવથી એ શ્રાવકે લક્ષ્મી મેળવી અને જીવ પણ બચાવ્યો—

જુના જમાનાની વાત છે. મથુરા નામે નગરીમાં એક જિનદત્ત નામે શ્રાવક ધર્મધ્યાનમાં જીવન પસાર કરતો હતો. આ જ નગર વિષે હુંડિક નામનો એક ચોર રહેતો હતો. શહેરમાં ચોરીનો નિરંતર ઉપદ્રવ કરી લોકોને ખૂબ ત્રાસ પમાડતો. એકદા એ ચોરી કરતાં પોલિસોના હાથે પકડાઈ જવાથી રાજાથી એને શૂલીની શિક્ષા કરી.

હવે કોણ એના સગા – સંબંધીઓ છે એ જાણવા ગુપ્તવેશે રાજ્યના માણુસો આજુબાજુમાં ઊભાં હતાં. એવામાં દયાળુ જીનદત્ત એ રસ્તે થઈને જઈ રહ્યો હતો. ચોરને અત્યંત તૃષા લાગી હોવાથી એની પાસે પાણીની માંગણી કરી. જિનદત્તને લાગ્યું કે મરતાં માણુસને પાણી પાવું એ માનવ ધર્મ છે. એટલે જિનદત્તે કહ્યું કે – હું તારા માટે પાણી લઈને આવું છું તે દરમ્યાન તું આ નવકારમંત્રનું રટણુ કર એમ કહી નવકારમંત્ર શિખવાડયો. અને કહ્યું કે તું આ મંત્રને ભૂલતો નહિ યાદ નહિં રાખે તો પાણી વિના રહીશ.

જિનદત્ત પાણી માટે ગયો. તે દરમ્યાન પેલો ચોર નવકારમંત્ર ગોખવા લાગ્યો. થોડી જ વારમાં જિનદત્તને પાણી લઈને આવતો જોયો. હવે મને પાણી મળશે. મારી તરત છિપાશે અને ગળું સુકાતું મટશે એથી હર્ષ થતો હતો પરંતુ પાણી વિનાજ તરફડીને તેનો જીવ ગયો. કારણ કે રાજાના માણસોએ જિનદત્તને ઠપકો આપ્યો કે તમે પાણી કેમ લાવ્યા ? રાજ્યના કાયદાનો ભંગ કરનારા તમને શૂલીની શિક્ષા કરાશે.

હવે એવું બન્યું કે ચોરનો જીવ મરતાં મરતાં નવકારમંત્રનો સ્મરણ કરતાં કરતાં ગયો હતો એટલે તે નવકારમંત્રના પ્રભાવે તરત જ તે યક્ષ તરીકે જન્મ પામ્યો. પોતે આવો જન્મ પામ્યો છે તે પેલા જિનદત્તને કારણે જ છે એટલે તે જિનદત્ત શ્રાવકને પોતાના પરમ ઉપકારી તરીકે સમજતો હતો. એના દર્શન કરવા ઇચ્છતો હતો એટલે અવધિજ્ઞાનનો ઉપયોગ દઈ જોયું તો જિનદત્ત અત્યંત દુઃખી અવસ્થામાં હતો એટલે એને બચાવી લેવા પેલા યક્ષે એક મોટો પર્વત ઉપાડી લાવી નગરીની ઉપર લટકતો રાખ્યો. અને આકાશમાંથી બોલ્યો :– હે દુષ્ટ રાજા, મંત્રીઓ, અધિકારીઓ અને નગરજનો સાંભળો. આ જિનદત્ત શ્રાવક મારા પરમ ઉપકારી ગુરૂ છે માટે તમે તાત્કાલિક તેઓને છોડી મૂકો નહિંતર આ ઉપર લટકે છે તે પર્વત દ્વારા તમારો સર્વનો અને નગરનો નાશ એક મિનિટમાં થઈ જશે. આ સાંભળી સર્વ લોકો ભયભીત થઈ

ગયાં. રાજા પણ ગભરાઈ ગયો. જિનદત્તને તરત જ છોડી મૂકયો અને યક્ષની ક્ષમા માંગવા લાગ્યો. ત્યારબાદ ત્યાં યક્ષનું મંદિર બંધાવ્યું. આ છે નવકાર મંત્રનો મહિમા—

શ્રી મહાવીર દેવ સમવસરણમાં બેઠેલાં તમામ જીવોને ઉપર મુજબના પ્રસંગો જણાવી નવકાર મંત્રનો મહિમા દર્શાવ્યો. આ મંત્રથી ઉત્તમકૂળ મળે છે. સ્વર્ગ પણ મળી શકે છે. સુખ મલે તેમ તેની સાથે દુઃખ પણ જાય છે, દુઃખને સહન કરવાની તાકાત–શકિત આપે છે. શત્રુને મિત્ર બનાવવાની અપૂર્વ બુદ્ધિ આપનાર છે. અરિહંતાદિના ઉપાસકો કોઈને પણ દુશ્મન તરીકે ગણે જ નહિં. જગતને જીવ માત્ર મારા પરમ ઉપકારી છે, તમામ જીવો ઉચ્ચ કક્ષાના છે એમ એ આરાધક સમજે, વિચારે કે જેથી રાગ-દ્વેષની માત્રા ઘટતી જાય....તે માત્રા ઘટાડવા માટે આપણે સૌએ હરપળે હર ઘડીએ લક્ષ્ય રાખવાનું છે. ચરી પૂર્વકનું ઔષધ ફળદાયી હોય છે તેમ ચરી શ્રધ્ધાપૂર્વક નવલાખ નવકાર જપે તથા શ્રી સંઘની ભક્તિ કરે તે જરૂર તીર્થંકર પદનો ભોક્તા બને છે. નવકાર મંત્ર ચૌદ પૂર્વોનો સાર ગણાય છે. ભવસાગરમાં અથડાતા રઝળતા જીવો માટે દિવાદાંડી સમો છે.

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
એના મહિમાનો નહિં પાર, એનો અર્થ અનંત અપાર–૧
સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો, દિવસ અને રાત,

જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંઘાત–૨
યોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક–૩
અડસઠ અક્ષર એહુના જાણો, અડસઠ તીરથ સાર
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિ દાતાર–૪
નવપદ એહુના નવનિધિ આપે, ભવભવના દુઃખ કાપે
વીરવચન હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે–૫

*

આ મહામંગલકારી નવકાર પિતા, માતા, ભગિની, ભાઈ અને મિત્ર જેવો પરમ ઉપકારી અને મહા માંગલ્ય-કારી છે. નિત્ય ધ્યાન કરનાર માટે એ મંગળ સ્વરૂપે છે અને તેથી પોતાનું હિત ઈચ્છનાર સૌએ આદરપૂર્વક તેનું ધ્યાન ધરવું જોઈએ.

ભગવાનની આવી મહા મંગલમય વાણી સાંભળી સર્વ શ્રોતાઓને નવકારમંત્ર પ્રત્યે શ્રદ્ધા પ્રેમભાવ ઉત્પન્ન થયો. અને હંમેશા એનું સ્મરણ કરવા પ્રતિજ્ઞા કરે છે, વીરની વાણી કદી નિષ્ફળ નીવડે ખરી?

દેશનાને અંતે અભયકુમારે પ્રભુને પૂછ્યું—હે દેવા-ધિદેવ, જંબુ સ્વામી છેલ્લા કેવળી થયા તેમ દીક્ષાર્થી ચરમરાજા કોણ હશે? તેના જવાબમાં ભગવાને કહ્યું કે–હે અભયકુમાર, છેલ્લાં રાજર્ષિ ઉદયન રાજા થશે – તને થશે કે એ કોણ? તે વૃત્તાંત ભગવાન સંભળાવે છે.



# ૨૬–" મહારથીઓની ક્ષમા–મિલન "



[ શ્રી પર્યુષણ પર્વના બીજા દિવસના અષ્ટાન્હિકા વ્યાખ્યાનનો પ્રસંગ ]

**આ** ભરતક્ષેત્રમાં દરિયાકિનારે પ્રસિદ્ધ સિન્ધુસૌવીર દેશ છે. ત્યાંની ધરતી અત્યંત રસાળ હોવાથી દુકાળ તો પડતો જ નથી. ત્યાંના કોઈપણ ગામમાંથી પસાર થતા વટેમાર્ગુને અત્યંત ભાવપૂર્વક ભોજન કર્યા વગર જવા દેતાં નથી. તે દેશમાં વીતભય નામનું એક મોટું નગર છે. શહેરમાં અનેક મોટાં મોટાં મંદિરો છે – લોકો ભલાં–ભોળા અને નમ્ર સ્વભાવનાં છે. પરદુઃખભંજન છે, એ નગરમાં ઉદયન નામે રાજા રાજ કરે છે, આ રાજાને બુધ્ધિમતી અને શીલવંતી એવી પ્રભાવતી નામે પટ્ટરાણી છે. જે ચેટક રાજાની પુત્રી અને સમ્યગ્ દર્શનના ગુણવાળી શ્રાવિકા હતી. તેમને અભિજિત પુત્ર હતો. તે પરાક્રમી તથા શૂરવીર હતો. યુવરાજ પદે પણ આ અભિજિત જ હતો. રાજાના ભાણેજનું નામ કેશિ હતું.

ચંપા નગરીમાં કુમાર નંદી નામે એક ધનાઢ્ય સોની રહેતો હતો. તે અતિશય કામાતુર હતો. કોઈપણ સ્વરૂપ-

વાન કન્યા તેના જોવામાં આવે કે સાંભળવામાં આવે તો એને મનમાગ્યું સુવર્ણ આપીને પોતાની પત્નિ બનાવીને જ જંપતો. ધનના લોભી પોતાની કન્યા આપી અઢળક ધન મેળવતાં. આમ પાંચસો સ્ત્રીઓનો એ સ્વામી હતો. પોતે એક સ્તંભી મહેલમાં રહેતો અને નિરંતર ભોગ-વિલાસ ભોગવતો. પોતાનું કમાયેલું પોતે જ વાપરે તેને રોકે કોણ? વળી તે વહેમી સ્વભાવનો હતો તેથી કોઈપણ સ્ત્રીને તેના આવાસમાંથી બહાર જવા દેતો નહિં. આ કુમારનંદીને નાગિલ શ્રાવકની સાથે મિત્રાચારી હતી. તે પાંચ અણુવ્રતોને શુધ્ધ રીતે પાળતો હતો. તે સદ્ગુણનો ભંડાર હતો.

મહાસાગરમાં પંચશૈલ નામથી શોભતો દ્વીપ છે. તે દ્વીપનો અધિપતિ વિદ્યુન્માલી હતો. તેને બે એકસરખા રૂપ અને આકૃતિવાળી સ્ત્રીઓ હતી. તેમની સાથે ક્રીડાસુખ ભોગવતો આનંદમાં દિવસો વિતાવતો હતો. એક દિવસ દેવેન્દ્ર નંદીશ્વર દ્વીપની યાત્રાએ જવા નીકળ્યો. ઇન્દ્રના હુકમથી આ બંને દેવીઓ તેના પતિ સાથે નીકળી. એજ સમયે એક ખેદજનક બનાવ બન્યો. વિદ્યુન્માલી ક્ષણમાત્રમાં આયુષ્ય પૂર્ણ થયું. એટલે બંને વ્યંતર દેવીઓ સ્વામિ વગરની નિરાધાર થઈ ગઈ. અત્યંત શોકાતુર બનેલી તે બંને વિચારવા લાગી કે હવે આપણે અન્ય પતિને શોધી કાઢીએ કારણકે પતિ વિનાની સ્ત્રીઓને લોકોનો ભય રહેલો છે. પતિ મેળવવાની ભાવનાથી તેઓ બન્ને ચોતરફ પરિભ્રમણ કરી રહી હતી. એવામાં તેમની દૃષ્ટિ ચંપાપુરીમાં

પેલો સોની કુમારનંદીને પોતાની પાંચસો સ્રીઓ સાથે ક્રીડા કરતો નીહાળ્યો. અને વિચાર્યું કે કામી પુરૂષોને ખેંચવા– અને લંપટમાં લેવા તે સ્ત્રીજાતિને શીખવાડવું ન પડે. તેમાં વળી રૂપવંતી તે બન્ને કુમારનંદી પાસે ઊભી રહી.

કુમારનંદી તો આ બે અતિ સ્વરૂપવાન અને દિવ્ય કાંતિવાન દેવીઓને જોઈ તેમના પ્રત્યે આકર્ષાયો. તેમની પાસે જઈ પૂછવા લાગ્યો કે આપ કોણ છો ? દેવીઓએ કહ્યું — હે મૃત્યુલોકના માનવી ! અમે હાસા અને પ્રહાસા નામની અપ્સરાઓ છીએ એટલે સ્વર્ણકારે જણાવ્યું કે હું તમારો સંગમ ઇચ્છું છું. દેવીઓએ કહ્યું કે – જો તારે અમારી સાથે સુખ માણવું હોય તો પંચશૈલ દ્વીપે આવજે એમ જણાવી તેઓ બંને આકાશમાર્ગે અદશ્ય થઈ ગઈ. કુમારનંદી ફાટી આંખે જોઈ રહ્યો. મનમાં વિચારે છે કે ગમે તેમ કરી હું તેમને ભોગવીશ જ. બીજે દિવસે કુમાર નંદી સોનામહોરોની ભેટ લઈ રાજા પાસે જઈ વિનંતિ કરી કે – હે રાજા, હું પંચશૈલ દ્વીપે જવા ઇચ્છું છું. રાજાએ હર્ષસહિત સંમતિ આપવાપૂર્વક નગરમાં પડહ વગડાવ્યો કે જે કોઈ માણસ કુમારનંદીને પંચશૈલ દ્વીપે લઈ જશે તેને એક કરોડ સોનામહોરો અપાવવામાં આવશે. આ સાંભળી એક ઘરડો નાગરિક તૈયાર થયો. પડહને સ્પર્શી સુવર્ણકાર પાસેથી તેની જાહેરાત મુજબ ધન લઈ પોતાની સ્ત્રી અને પુત્રોને સમર્પિત કર્યું.

જુદી જુદી વિચારશરણીવાળા તેઓ બંને ભેગાં મળ્યાં.

માર્ગમાં જરૂરી અન્નપાનાદિ વગેરે ચીજવસ્તુઓ લઈ દરિયાકિનારે જઈ પેલાં વૃદ્ધ પુરૂષે એક મજબુત વહાણુ તૈયાર કરાવ્યું. માલસામાન વ્યવસ્થિત મૂકાવ્યો અને એકદા પીઠનો પવન જોઈને વહાણુ હંકાર્યું. બન્ને તેમાં બેઠાં હતાં. વહાણે ભરસમુદ્રમાં પ્રવેશ કર્યો. આમ વાતો કરતાં સમય વિતાવતાં હતાં. તે સમયે પેલા વૃદ્ધે કુમાર નંદીને કહ્યું–જો સામે કિનારા પર આવેલું પેલું મહાકાય વટવૃક્ષ દેખાય છે? એ પર્વતની તળેટીમાં ઉગ્યું છે અને તેનું મૂળ બહુ ઊંડું છે. અસંખ્ય શાખાઓ ધરાવે છે. આપણું વહાણુ એ વૃક્ષની નજીક પહોંચે તે વખતે તારે એની ડાળ પકડી વળગી પડવું.

જો તું વહાણુ છોડીને ડાળીને વળગીશ નહિં તો પંચશૈલ પહોંચીશ નહિં. પંચશૈલથી રાતે ભારંડ પક્ષી આવશે. તારું શરીર–કપડું તેના શરીર સાથે જોરથી બાંધજે. એટલે સવારે તે પંચશૈલ જશે ત્યારે તું પણુ તેમની સાથે ત્યાં પહોંચીશ. કામાંધ માણુસોની ખરાબ દશા હોય છે. સુવર્ણકારની સૂડી વચ્ચે સોપારી થઈ, ઘરનો ન રહ્યો; ઘાટનો પણુ નહિં.

ભારંડપક્ષીઓ આવ્યા ત્યારે વૃદ્ધના કથન મુજબ કર્યું તેથી તે સવારે પંચશૈલ પહોંચી હાસા–પ્રહાસાને નિહાળી, ભોગસુખની માંગણી કરી. હાસા–પ્રહાસાએ સ્પષ્ટ જણાવી દીધું કે "મર્યા વગર માળવે જવાશે નહિં"–જો અમારી સાથે સહવાસ કરવો હોય તો ચિતા સળગાવી

પ્રવેશ કરવો જ પડશે. પ્રવેશ કરતાં માનસિક નિર્ણય કર કે હું હાસા-પ્રહાસાનો ભર્તાર બનું તો તું આ પંચશૈલનો માલિક બનીશ. હાસા-પ્રહાસાનો ચટકો લાગવાથી સળગી મરવા તૈયાર થયો. કામી માણસોની ઘણી ખરાબ દશા હોય છે. મિત્ર નાગિલે ઘણો વાર્યો હતો પણ ન વર્યો તે ન જ વર્યો, આંધળાને સૂર્યોદય શું કામનો, તેમ કામાંધનો સારા મિત્રનો ઉપદેશ પણ નકામો.

આ સાંભળી પેલો સોની અત્યંત દુઃખ પામ્યો- આ દેવીઓને પામવા કેટલું કઠીન દુઃખ સહન કરીને અહીં આવ્યો છું ! તેમને માટે મેં મારી પાંચસો સ્ત્રીઓને મૂકીને અહીં આવ્યો છું ! આમના મોહમાં મેં તો સર્વસ્વ ગુમાવ્યું-હવે શું કરું ? પેલી યક્ષિણીઓએ ફરીવાર કહ્યું કે- જો તું અગ્નિપ્રવેશ કરીને કે અથવા ગમે તે રીતે દેવરૂપ મેળવે તો અમે તને પતિ બનાવીશું - તે સિવાય બીજું કાંઈ શક્ય નથી. કુમાર નંદીએ કહ્યું- અરે દેવીઓ, અહીં હું એકલો જ છું એટલે ક્યાં જવું અને શું કરવું એ કાંઈ સમજાતું નથી. તરત જ યક્ષિણીઓએ એક પલવારમાં ચંપાનગરીના ઉદ્યાનમાં મૂકી દીધો. અહીંથી પંચશૈલ દ્વીપ પહોંચતા મહિનાઓ લાગેલા અને પાછા આવતાં માત્ર ક્ષણવારમાં આવી ગયો. નગરના લોકોએ તેને પૂછ્યું કે, ભાઈ, આટલા દિવસો ક્યાં વીતાવ્યા ? એટલે તેણે બધી જ વાત કહી સંભળાવી.

ત્યારબાદ આ સુવર્ણકાર યક્ષિણીઓના રૂપમાં લટ્ટુ બનેલો હોવાથી અગ્નિ પ્રવેશ કરવાની તયારી કરવા લાગ્યો.

આ સમયે તેનો પરમ મિત્ર નાગિલ આવી પહોંચ્યો-તેણે ખૂબ શિખામણ આપી અને અગ્નિપ્રવેશ નહિં કરવા સમજાવ્યો. અને કહેવા લાગ્યો- અરે ગાંડા, આ શું લઈ બેઠો છે ? કામભોગની લાલસાને હદ હોય, તારે પાંચસો સ્ત્રીઓ તો છે. દેવીઓને મેળવવા આ સ્ત્રીઓને છોડી દે છે ? ખરેખર આ યોગ્ય નથી થતું. તું કાંઈક ધર્મ સમજ તો તારો ઉદ્ધાર થશે નહિં તો પતન તો છે જ. જૈનધર્મથી મોક્ષપ્રાપ્તિ તો અવશ્ય થાય છે પરંતુ તે સિવાય અન્ય ભાવનાઓ પણ સિદ્ધ થાય છે માટે તેને અંગીકાર કરી સુખ મેળવ. આમ નાગિલે તેને બહુ બહુ સમજાવ્યો પણ તે એકનો બે ના થયો. અને અગ્નિ પ્રવેશ કરી મૃત્યુ પામ્યો - આવું મૃત્યુ મેળવીને ધર્મનો અંશ પણ જાણી ના શક્યો કામી જનોને ધર્મ ક્યાંથી ગમે ? મરતી વખતની ઇચ્છા પ્રમાણે તે મરીને પંચશૈલ દ્વીપનો સ્વામી બન્યો અને પેલી બે યક્ષિણીઓ મેળવી. તેમની સાથે ભોગ-વિલાસ ભોગવવાના મલ્યાં.

નાગિલ શ્રાવક પોતાના મિત્રનું આ પ્રમાણેનું મૃત્યુ જોઈને બહુ દુખી થયો. સંસાર ઉપરથી મન ઊઠી ગયું. તરત જ દીક્ષા ધારણ કરી - ઉત્તમ પ્રકારનું ચારિત્ર પાળી બારમા દેવલોકના સુખો ભોગવતા રહ્યા. ત્યાં ગયા પછી અવધિજ્ઞાનથી નિહાળ્યું તો પોતાનો મિત્ર કુમારનંદી હાસા પ્રહાસા સાથે ભોગવિલાસ ભોગવી રહ્યો છે.

કુમાર નંદી-પંચશૈલ દ્વીપમાં જન્મ્યા પછી પેલી હાસાપ્રહાસાએ તેનું નામ વિદ્યુન્માલી જ રાખ્યું.

ઘણા દેવ-દેવતાઓ નંદીશ્વર દ્વીપની યાત્રાર્થે ગયા છે. દેવતાના હુકમથી પોતાના સ્વામિ વિધુન્માલીને પડહ વગાડવાનું હાસા-પ્રહાસા જણાવે છે. સ્ત્રીની ગુલામગીરી જ કરવાની રહી. ન છૂટકે પણ ગળે ઢોલ લાગી ગયું.... ઢોલ વગાડવું પડ્યું....બધા તેને હાસા પ્રહાસાના " માદળીયા " તરીકે કહે છે – હાસા પ્રહાસા–કહે....શરમ રાખ્યા સિવાય કુળને લાયક પડહ વગાડ્યા સિવાય છૂટકો જ નહિં– તેની સાથે દેવીઓ ગાય છે....

ભવિતવ્યતાના યોગે જે નાગિલ મિત્ર હતો તે બારમા દેવલોકમાંથી આ યાત્રામાં આવ્યો હતો....અવધિજ્ઞાનથી જાણ્યું કે આ ઢોલ વગાડનાર પૂર્વભવનો મારો મિત્ર જ છે! વિધુન્માલીને કહે....કેમ મિત્ર, કંઈ ઓળખાણ પડે છે! તેજવંતા દેવના રૂપમાં તેજમાં અંજાઈ જવાથી ઓળખાણ ન પડી. પણ મિત્રે પૂર્વરૂપ કરી બતાવ્યું કે તરત ઓળખાણ થઈ અને પરસ્પર ભેટી પડ્યા.

મિત્રદેવતાએ કહ્યું કે હજી તું ગભરાઈશ નહિં, હારેલો પણ જીતે છે માટે ગૃહસ્થપણામાં રહેલા વીરવિભૂની પ્રતિમા ભરાવી પૂજન કર, મિત્રદેવતાની હિતાવહવાત ધ્યાનમાં રાખી બાવના ચંદનના ઉત્તમ કોટિના લાકડામાંથી ઉત્તમ કારીગરો પાસે મૂર્ત્તિ ભરાવીને કપિલકેવલીની પાસે પ્રતિષ્ઠા કરાવી. મૂર્ત્તિને સુંદર પેટીમાં પધરાવી દીધી. પ્રસંગે ત્યાં બનવાકાળ એવું બન્યું કે એક વહાણવટીને દરિયામાં ઘૂમતાં ઘૂમતાં છ માસ થઈ ગયા. પણ સ્વસ્થાન ન આવ્યું.

ત્યારે તે વિદ્યુન્માલીએ કહ્યું કે આ પેટી તને આપું છું-પેટીના પ્રભાવે તું નિર્વિઘ્ને સ્વસ્થાને પહોંચી જઈશ. તું વીતભયનગરમાં જઈ ઢંઢેરો પીટાવજે કે ધન-જીવ બંનેનું રક્ષણ કરનાર આં જિનેશ્વર ભગવંતની મૂર્ત્તિ છે - જેને જોઈએ તે ગ્રહણ કરી શકો છો!

-પેટીના પ્રભાવે તો તે વીતભય પહોંચીને ઉદ્‌ઘોષણા કરી કે જેથી લોકોના ટોળેટોળા આવવા માંડયા....ઈષ્ટ-દેવને યાદ કરી પેટી ખોલવા પ્રયત્ન કરવા છતાં પેટી ખોલી શકતા નથી. રાજાને જમવા માટે પ્રભાવતી દાસીને મોકલે છે. પણ રાજા કહે છે કે જ્યાં સુધી આ પેટી ન ખુલે ત્યાં સુધી જમવાનું ભાવે નહિં. અરિહંત પરમાત્માની જ પ્રતિમા છે એમ વિચારી પ્રભાવતી એ પેટી પાસે આવ્યાં. યક્ષ કર્દમનું સિંચન કર્યું. અંજલિ ભરી ફૂલો ચડાવ્યાં - બે હાથ જોડી નમન કર્યાં અને બોલી- હે દેવાધિદેવ, મને દર્શન આપો. તરત જ એ પેટી ઉઘડી ગઈ. અંદરથી ગોશીર્ષચંદનની પ્રતિમા નીકળી. તેના ઉપર ફૂલો અને ફૂલમાળાઓ હતાં. તે જાણે તદ્દન તાજાં જ ચડાવ્યાં હોય એવાં લાગતાં હતાં. સૌ જનોએ જયનાદ કર્યો, અને સમજ્યાં કે સકળ જગતને વિષે દેવાધિદેવ તો જિનેશ્વર જ છે.

રાણી પ્રભાવતીએ એક જિનમંદિર બનાવડાવી તેમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. પોતે દરરોજ ત્રણ વખત તેની પૂજા કરતી. પ્રભુ પાસે ભક્તિભાવપૂર્વક ઈન્દ્રાણીની

માફક રાણી નૃત્ય કરતી અને રાજા વીણા વગાડતો આમ સમય વહી રહ્યો હતો.

એક વખત એવું બન્યું કે રાણી ઉત્તમ અભિનય-પૂર્વક અવનવી ભંગીઓ રચી હાવભાવપૂર્વક નૃત્ય કરી રહી હતી. અને રાજા ઉદાયન રસપૂર્વક વીણા વગાડતો હતો. અચાનક ડોક વગરની પ્રભાવતી દેખાઈ. માત્ર ધડ નૃત્ય કરી રહ્યું હતું. આ જોઈ રાજાને લાગ્યું કે કાંઈક અશુભ થવાનું નક્કી છે એવા વિચારમાં રાજાના હાથમાંથી વીણાનો ગજ જમીન પર પડી ગયો. સંગીતનો તાલ બંધ પડવાથી પ્રભાવતીના નૃત્યમાં ભંગ પડ્યો અને નૃત્ય અટકી પડ્યું. હૃદયમાં જે હર્ષ અને આનંદોર્મિ ઉછળતી હતી તે છિન્ન-ભિન્ન થઈ ગઈ. કદી પણ ક્રોધિત નહિં થનાર પ્રભાવતી એકદમ ક્રોધમાં આવી પતિને પૂછવા લાગી – હે નાથ, મારા નૃત્યમાં કોઈ ખામી દેખાણી કે તમે વીણા એકાએક બંધ કરી દીધી? રાજાએ કહ્યું— ના – ના – તમારી કોઈ જ ખામી નથી પરંતુ....કહી....રાજાએ ખૂબ દુઃખી થતાં જોયેલી વાત કરી. અત્યંત શાંતિપૂર્વક રાણીએ એ વાત સાંભળી અને ધૈર્ય ધારણ કરી તે બોલી – આ ઉપરથી મને એમ લાગે છે કે મારું આયુષ્ય થોડું લાગે છે. પરંતુ મને મૃત્યુનો સહેજ પણ ડર નથી. આ અપશુકન તો ખરેખર મારા માટે ફળ-દાયક છે. આથી મારે સંસાર છોડી દેવો જોઇએ એવી સમજ મલે છે. મારે આત્મકલ્યાણ કરવું હોય તો હવે દિક્ષા ગ્રહણ કરવાનો સમય પાકી ગયો છે. હવે આળસ

કરવી નકામી – આમ મનમાં સહેજ પણ ચિંતા કે દુઃખ વગર રાણી પોતાના આવસે ગઈ. જેના હૈયે ધર્મ છે તેને કોઈ કાળે ચિંતા હોય ખરી ?

એકવાર રાણી પ્રભાવતી સ્નાનાદિથી પરવારી જિનેશ્વરદેવની પૂજા કરવા દાસીએ એમના પૂજાના વસ્ત્રો તેમની સામે મૂકયા. ગમે તે કારણે રાણીને એ વસ્ત્રો લાલ રંગના દેખાવા લાગ્યા એથી એ દાસી ઉપર અત્યંત ગુસ્સે થઈ ગઈ અને પૂછવા લાગી તું આ કયા પ્રકારનાં કપડાં લઈ આવી છું તેમજ ગુસ્સાના આવેશમાં દાસી ઉપર અરિસો ફેંકયો. અરિસાના પ્રહારથી દાસીનું મૃત્યુ થયું. ક્ષણવાર પછી એ જ કપડાં રાણીને સફેદ અને ઉજ્વળ દેખાયાં. હ્રદયમાં અતિશય પસ્તાવો થવા લાગ્યો. પોતાની જાતની નિંદા કરવા લાગી– અરેરે, હું કેવી પાપીણી છું મારા હાથે પંચેન્દ્રિય જીવની હત્યા થઈ! ધિક્કાર છે મને ! એક તો મનુષ્યની હત્યા અને તેમાંયે સ્ત્રી હત્યા ! ખરેખર મહાપાપ થઈ ગયું છે. મારી શી ગતિ થશે !

હે પ્રિય દેવ, મને લાગે છે કે મારું આયુષ્ય ટુંકું છે અને પ્રતિદિન ઘટતું જ જાય છે મારે ચારિત્ર અંગીકાર કરવાની તીવ્ર અભિલાષા છે માટે જો મહેરબાની કરીને મને હસતા મોઢે રજા આપો તો હું ચારિત્ર ગ્રહણ કરી મારું જીવન સફળ કરું.

રાજાએ દિક્ષા લેવાની મંજૂરી આપી અને સાથેસાથે એટલું પણ કહ્યું કે જો તું સ્વર્ગે જાય તોપણ ત્યાંના સુખો

થોડીવાર છોડીને અહીં આવતા રહેવાનું અને મને જાગૃત કરતા રહેવાનું. એ રાણીએ રાજાનું વચન પણ સ્વીકાર્યું. ત્યારપછી વર્ષીદાન દઈ, નગરજનોને સંતોષ આપી ઉત્તમ એવું ચારિત્ર અંગીકાર કર્યું. મૃત્યુ હવે તદ્દન હાથવેંતમાં જ છે એવું તે જાણતી હોવાથી અનશન આદર્યું. અંતે મૃત્યુ પામી તેનો જીવ દેવલોકમાં ઉપન્યો. રાણીના ગયા પછી દેવોએ આપેલી પ્રતિમાનું પૂજન દેવદત્તા નામની એક હલકી દાસી કરવા લાગી.

રાણી પ્રભાવતીનો જીવ મરીને દેવલોકમાં દેવતા થયો હતો. રાજા સાથે લીધેલી પ્રતિજ્ઞા મુજબ તે રાજા પાસે અવારનવાર આવતી રહેતી અને રાજાને પ્રતિબોધ કરવા છતાં તેની કોઈ જ અસર થતી નહિં. આથી તેણે વિચાર્યું કે આ રીતે રાજા સમજે તેમ દેખાતું નથી. મારી ફરજ છે એટલે મારે એમને પ્રતિબોધવા જોઈએ.

એ માટે તેણે એક યુક્તિ કરી. દેવે એક તાપસનો વેશ ગ્રહણ કર્યો અને હાથમાં કેટલાક અમૃત ફળો રાજા પાસે લાવ્યો. રાજાને ફળો ભેટ ધર્યા. રાજા પોતે તાપસ ભક્ત હતો તેથી તેણે તાપસનું બહુમાન કરી ખૂબ ખૂબ ભેટ આપી. રાજા કહેવા લાગ્યા– આવા ફળ મેં ક્યાંય કદીપણ નિહાળ્યા નથી. આ મૃત્યુલોકના માનવીને દુર્લભ એવા આ ફળ ક્યાં મળી શકે? તાપસ કહે– હે રાજા, તારા નગરની તદ્દન નજીકમાં આવેલા આશ્રમમાં જ આ

ફળના વૃક્ષો છે. આ સાંભળી એ આશ્રમે જવાની રાજાને તાલાવેલી થઈ.

તાપસ રાજાને નગર બહાર લઈ ગયો અને પોતાની જાદુઈ શક્તિથી તાપસોથી ભરેલો આશ્રમ અને પેલાં ફળોથી લચી પડતાં વૃક્ષોના ઝુંડ જોયાં. મનમાં આનંદ થયો. અને વિચારવા લાગ્યો કે આજે તો પેટભરીને આ ફળ ખાઈ શકીશ. એમ વિચારી વૃક્ષપરથી ફળો લેવા એકદમ દોડયો પરંતુ રાજા એ વૃક્ષસુધી પહોંચે એ પહેલાં આશ્રમમાં રાજાને પ્રહાર થવા લાગ્યા. રાજા પોતે શક્તિશાળી હોવા છતાં તાપસોની સામે તે એકલો હોઈ ત્યાંથી નાશી છૂટયો. તે જ સમયે કેટલાંક દયાળુ અને પવિત્ર મુનિઓને જોયાં. રાજા તેમને શરણે ગયો. મુનિઓએ સાંત્વન આપ્યું અને ઉપદેશ સંભળાવ્યો–

આ સંસારમાં મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાએ ધર્મનું શરણું સ્વીકારવું. દેવગુરૂની આજ્ઞા મુજબ વર્તવું જોઈએ.

આ મુનિઓએ રાજાને ખૂબ ખૂબ ઉપદેશ આપી પ્રતિબોધ પમાડયો. એ જૈનધર્મ ખૂબ ઉંડાણથી સમજ્યો. તેને ખ્યાલ આવ્યો કે જૈનધર્મ જેવો કોઈ ઉત્તમ ધર્મ નથી જિનેશ્વર જેવો અન્ય કોઈ દેવ નથી. આ બધા તાપસો ખરેખર ધૂતારા છે એમણે મને સત્યનું દર્શન થવા દીધું જ નથી. એણે અહિંસાથી ભરેલો જૈનધર્મ અંગીકાર કર્યો. તેને લાગ્યું કે ખરેખર આજે મારા ધનભાગ્ય. આજે હું

પાવન થયો. અને સત્યના રાહે વળ્યો. પ્રભાવતીનો જીવ પ્રગટ થયો અને રાજાને ધર્મ પ્રત્યે સ્થિર કર્યો. ત્યારબાદ રાજા આશ્ચર્ય પામ્યો અને આમતેમ જોવા લાગ્યો. દેવતાઓએ બિછાવેલી માયાજાળ તાપસો–મુનિ–આશ્રમ બધું જ અલોપ થઈ ગયું હતું અને રાજા પોતાની સભામાં જ બેઠેલો હતો. આ બનાવ બન્યા પછી રાજા ઉદાયન પરમ ધર્મિષ્ઠ શ્રાવક બની દેવ, ગુરૂ અને સાધર્મિકની ભક્તિ કરવા લાગ્યો.

ગાન્ધાર નામના શ્રાવકને વૈતાઢ્ય પર્વત ઉપર શાશ્વતી પ્રતિમાના દર્શન કરવાની દૃષ્ટિએ તપશ્ચર્યા આદરી. પ્રસન્નતાપૂર્વક દેવીએ ૧૦૮ દિવ્ય ગુટિકાઓનું દાન કર્યું. વીતભય નગરીએ દર્શન કરવા જાઉં એ ઇચ્છા કરવા પૂર્વક એક ગુટિકા મુખમાં નાંખવા માત્રથી મૂર્ત્તિ પાસે દેવીએ ઉપસ્થિત કરી દીધો અલ્પ સમયમાં મૃત્યુ નજીક જાણી ગુટિકાઓ કુબડીદાસીને આપી ગાન્ધાર શ્રાવકે સંયમ આદર્યું.

રૂપની ઇચ્છા રાખી ગુટિકા મુખમાં મૂકતાં જ કુબડી દાસી રૂપવંતી કાંતિ–તેજવંતી બની. તેથી રાજાએ તેને સુવર્ણ ગુણિકા નામ આપ્યું. રૂપવંતી બનેલી સુવર્ણગુલિકા વિચારે કે પતિ વિના રૂપ શું કરવાનું? માટે ચેટક રાજા મારા પતિ થાઓ તે ઇચ્છાની પૂર્ણતા માટે ગોળી મોઢામાં મૂકી....દેવીએ ચંડપ્રદ્યોતને સ્વપ્નામાં રૂપવંતીના રૂપ આદિ માટે કથન કર્યું....તે સ્વપ્નાનુસાર ચંડપ્રદ્યોત સજ્જન સારા પ્રાજ્ઞ દૂતને વીતભય નગરીમાં મોકલે છે.

રાજકુળને ઓળખનારી સુવર્ણગુલિકા દૂતને કહે....તારા

રાજાને નિહાળ્યા બાદ સૌ સારૂ થશે. શત્રુના ધામમાં આવી મારી શરત મુજબ લઈ જાય તો હું ચંડપ્રદ્યોતની રાણી થઈશ...

કામાંધ માણસો વાર લગાડે તો તે કામાંધ કહેવાય ખરા?

પવનવેગી જે હાથી હતો. તેના ઉપર સ્વાર થઈ વીતભયના જંગલમાં બન્ને ભેગા થયા ત્યારે સુવર્ણગુલિકાએ જણાવ્યું કે હું આ જિનપ્રતિમા સિવાય જીવી શકીશ નહિં માટે આવી જ પ્રતિમા બીજી ભરાવી પ્રતિષ્ઠિત કરાવીને અહીં લાવો તો હું આ વીરપ્રભુની પ્રતિમા લઈને તમારી સાથે આવી શકું!

ચંડપ્રદ્યોતે જાતિમાનચંદનની મૂર્ત્તિ ભરાવી કપિલકેવલી પાસે જ પ્રતિષ્ઠિત કરવી વિધાન સહિત પ્રતિમા લઈને વીતભયનગરીએ આવી પહોંચ્યો – નવી મૂર્ત્તિને સ્થાપન કરી જુની અસલ પ્રતિમાને લઈને સુવર્ણગુણિકા–ચંડપ્રદ્યોતની સાથે અવન્તિનગરીએ આવીને સુખેથી રહેવા લાગી ........તે દરરોજ ભક્તિ–ભાવના–પૂજા અર્ચના કરતી હતી.

બીજે જ દિવસે 'વીતભય' નગરનો રાજા ઉદાયન સ્નાન કરી પૂજાનાં કપડાં પહેરી દેવાધિદેવની પૂજા કરવા ગયા. ત્યાં જઈને પ્રતિમા જોતાં જ આશ્ચર્ય થયું. પ્રતિમાને ચડાવેલ ફૂલ તથા માળા નિસ્તેજ અને કરમાયેલાં જોયાં. અગાઉ આ ફૂલડાં સદૈવ તાજા મઘમઘતાં જ રહેતાં હતાં. એટલે વિચારે છે કે – અહો! આ શું? આ અસલ

પ્રતિમાને બદલે બીજી જ પ્રતિમા લાગે છે. તપાસ કરતાં ખબર પડી કે માલવપતિ રાજા ચંડપ્રદ્યોત અનલગિરિ હાથીને લઇ ને અહીં આવેલ હતો તે દાસી દેવદત્તા અને પ્રભુની પ્રતિમા બંને ઊપાડી ગયો લાગે છે.

આથી ઉદાયન રાજાએ એક બુદ્ધિશાળી અને સ્પષ્ટ વાચાળ દૂતને ચંડપ્રદ્યોત રાજાને ત્યાં રવાના કર્યો. અને કહ્યું – કે તમે અમારી દેવદત્તા સાથે પ્રેમી હતા. એટલે તમો એને લઈ ગયાં તો ભલે પરંતુ અમારા દેવાધિદેવની પ્રાણપ્રિય પ્રતિમાનું હરણ કરી ગયા તે સત્વરે પરત કરો. એ પ્રતિમા જિનોપાસક એવા અમારા મહારાજાની પાસે જ રહે એ ઉચિત છે. આ પ્રતિમા મૂળ એમની જ છે માટે એ પાછી અમને આપો. એમાં જ તમારું હિત છે. જો આપ આ મારું કથન નહિ માનો તો તેનું પરિણામ સારું નહિં આવે. પછીથી પસ્તાવું પડશે. કેસરિસિંહને છંછેડવો એ મૃત્યુના મુખમાં પ્રવેશવા જેવું કાર્ય છે.

દૂતના આવા વચનથી પ્રદ્યોતન રાજા અત્યંત ક્રોધાઈમાન થઈ ગયા અને કહ્યું કે તમારી દાસી અને પ્રતિમા હું મારા બાહુબળથી તમારી નગરીમાં આવીને લઈ ગયો છું જે કોઈ પણ રીતે તને પાછી મળી શકશે નહિં. મેં અનેક રાજાઓને હરાવ્યાં છે તે શું તારા સ્વામી જાણતાં નથી ?

આ સાંભળી દૂતે જવાબ આપ્યો – હે રાજા, જે કાંઈ બોલો તે વિચારીને બોલો તો શોભે. બાહુબળની વાત

કરો છો તો તેની પરીક્ષા તો માત્ર લડાઈના મેદાનમાં જ થઈ શકે. ધુંધુમાર રાજાએ તમને કેટલા પરેશાન કર્યા છે તે અમારાથી અજાણ્યુ નથી. માટે ચૂપ રહો, તમારું પરાક્રમ સૌ જાણે છે. "બાંધી મૂઠી લાખની – ખૂલે તો કાખની."

દૂતના આવા શબ્દો સાંભળી ચંડપ્રદ્યોતનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો અને આવેશમાં આવીને બોલ્યો — અરે ઓ નાલાયક દૂત, હું પ્રતિમા આપવાનો નથી. જા, તારા રાજાથી થાય તે કરી લે. હું લડાઈ માટે તૈયાર જ છું. તું દૂત છે એટલે જતો કરું છું નહિતર તારા રામ રમાઈ જાત એમ કહી એણે પોતાના અનુચરોને આજ્ઞા કરી કે આને પકડીને બહાર કાઢો. એ મુજબ દૂતને અપમાન કરી રવાના કર્યો.

દૂતે પાછા આવી બનેલી હકીકત જણાવી. આ સાંભળીને સભામાં બેઠેલા રાજપુત્ર, ભાણેજે કેશી, મંડળીક રાજાઓ, સામંતો, સુભટો અને યોદ્ધાઓ ગુસ્સે થઈ રાતા-પીળા થવા લાગ્યા. ઉદાયન રાજાએ સૌને શાંત પાડયા અને કહ્યું – તમારી સૌની ઇચ્છા મુજબ જ કરીશું. અને તરત જ ભેરી વગડાવી. એ સાંભળી તમામ સૈનિકો યુદ્ધ માટે તૈયાર થઈ શુભ શકુન જોઈને, હાથી ઉપર બેસીને રાજા ઉદાયને પ્રયાણ કર્યું. નદી – નાળા – જંગલ – ગામડા અને નગરીઓ વટાવતાં ચાલ્યા જાય છે. સુખદુઃખને ભોગવતા આપત્તિવિપત્તિ ધર્મપસાયે દૂર કરતાં કૂચ ચાલે છે. સૌને જીતનો વિશ્વાસ છે.

હડમજલ કરતું ઉદાયન રાજાનું સૈન્ય આગળ ચાલ્યું જાય છે એમ કરતાં તેઓ ચંડપ્રદ્યોત રાજાના સિમાડે પહોંચી ગયાં. લોકો ભય પામ્યા. રાજા ઉદાયન પ્રજાપ્રેમી અને દયાળુ હતો એટલે પ્રજાને જરાપણ રંજાડયા વગર સીધો જ ઉજ્જૈની આવી પહોંચ્યો.

આ જોઈ ચંડપ્રદ્યોતને પણ શૂરાતન ચડયું. તે પણ સામો લડવા નીકળી પડયો. અનેક પ્રકારના અપશકુન થવા છતાં, તથા નગરમાંથી નીકળતાં કાળો નાગ આડો ઊતર્યો છતાં કોઈનું કશું જ સાંભળ્યું નહિં અને અહંકારી રાજા લડવા ચાલ્યો.

રાજા ચંડપ્રદ્યોતે પોતાના સેનાપતિ અને અન્ય અધિકારીઓને બોલાવી યુધ્ધની ભયંકરતાનો ખ્યાલ આપ્યો. ઉદાયન રાજાની શક્તિ, તેના લશ્કરની તાકાત, તેના પુત્ર–ભાણેજ વગેરેની મર્દાઈ–સૈન્ય સુભટોની શક્તિનો ખ્યાલ આપ્યો.– અત્યાર સુધી અનેક લડાઈ લડયા છીયે પરંતુ આ દુશ્મન મહાશક્તિશાળી છે. તેનો મુકાબલો કરવાનો છે. ગમે તે ભોગે શત્રુઓને હરાવી વિજય–મેળવવાનો છે. બીજી બાજુ ઉદાયનરાજાએ પણ પોતાના સૈનિકો સેનાપતિ અને અધિકારીઓને પોરસ ચડાવવા માંડયો. તેમના અત્યંત વખાણ કરી એમની શક્તિને બીરદાવી. વિજય આપણો જ છે એમાં કોઈ ફેરફાર કરી શકે તેમ નથી.

ત્યારબાદ લડાઈ સંપૂર્ણપણે શરૂ થઈ ગઈ. થોડી વારે દયાળુ હૃદયવાળા રાજા ઉદાયને – લડાઈ ક્ષણવાર માટે અટકાવી

એક અત્યંત કુશળ દૂતને ચંડપ્રદ્યોત રાજા પાસે મોકલ્યો- અને કહેવડાવ્યું- હે મહારાજા, વેર તો આપણે બેને પરસ્પર છે અન્ય માણસોને કાંઈ જ નથી તો આવા ભયાનક યુદ્ધથી નિર્દોષ માણસોનો સંહાર થશે એ મને યોગ્ય લાગતું નથી. બે સાંઢની લડાઈમાં ઝાડનો ખોડો નીકળી જાય છે એ કોઈ રીતે યોગ્ય નથી. માટે આ લડાઈ બંધ રાખી કાલે પ્રભાતે આપણે બંને સામસામા લડી લઈએ. તેમાં જેની જીત થાય તેને વિજયતિલક કરવું. રથમાં બેઠાં બેઠાં જ કરવાનું છે.- આ જાતનું કહેણ તેણે માન્ય રાખ્યું.

બીજે દિવસે વહેલી પ્રભાતે દેવાધિદેવની પૂજાભાવ ભક્તિ કર્યા બાદ શરીરે કવચ શિરે ટોપ અને અન્ય શસ્ત્રો લઈ રથમાં બેઠો. સૌએ રાજાને આશીર્વચનો કહ્યાં. ચંડપ્રદ્યોત-રાજા ઉદાયનરાજાને રથમાં બેઠેલા દેખી એને પરાજિત કરવો મુશ્કેલ લાગ્યું તેથી અનલગિરિ હાથી ઉપર આરૂઢ થઈને આવ્યો. ઉદાયન રાજાએ તરત જ કહ્યું કે પ્રતિજ્ઞાને તોડનારનો કદી મોક્ષ થતો જ નથી. માટે – હે ચંડપ્રદ્યોત હજુ સમય છે કંઈક સમજ. પરંતુ ચંડપ્રદ્યોતને કોઈ જ અસર થઈ નહિં.

રાજા ઉદાયને કાન ફાડી નાંખે તેવો ધનુષ્ય ટંકાર કર્યો. સારથિને સમજાવી દીધું કે રથ હાથીના ફરતાં ગોળ ગોળ ફેરવ્યા કરજે. ઉદાયને એકધારી તીરનો મારો ચાલુ રાખ્યો આથી ચંડપ્રદ્યોત અકળાયો તેના શસ્ત્રો કોઈ જ કામમાં આવતા નહિં. સતત બાણોના વરસાદથી હાથી અને માવત

પણ વીંધાયા હતા. આમ હાથી ઉપર અત્યંત પ્રહાર થવાથી જમીન પર ઢળી પડ્યો. એટલે ઉદાયને ઝડપથી ચંડપ્રદ્યોતને હાથી ઉપરથી નીચે ઉતારી શીઘ્રપણે સ્વાધીન કર્યો.

ખરેખર જ્યાં ધર્મ છે....ત્યાં જય છે,

અત્યંત રોષમાં આવી રાજા ઉદાયને તેના કપાળમાં 'દાસી પતિ' એવા અક્ષરો લખાવડાવ્યાં– તેનું આખું સૈન્ય ઊભા ઊભા જોઈ રહ્યું. ચંડપ્રદ્યોતને પકડી લીધા પછી વિજયી રાજા ઉદાયન વીતભય નગરમાં ગયો અને પેલી પ્રતિમાને નમસ્કાર કરી પૂજન કર્યું. ત્યારબાદ એ પ્રતિમા લેવા જાય છે તો તે લઈ શક્યો નહિં. પ્રતિમાનું વજન વધી ગયું હતું. લેશ માત્ર હલીચલી પણ નહિં.

આથી રાજા ઉદાયન બે હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરે છે હે નાથ પધારો, પધારો....મુજ આંગણે....આપની સેવાભક્તિના લાભ માટે મારે યુદ્ધે ચઢવું પડ્યું છે–હે નાથ. કૃપા કરો. પરંતુ આપ અહીંથી લેશ માત્ર ખસતાં નથી તો મારી ભક્તિમાં કાંઈ ખામી છે? તરત જ અધિષ્ઠાયક દેવે જવાબ આપ્યો– હે રાજા, તારી ભક્તિમાં કોઈ ખામી નથી પરંતુ ભવિષ્યમાં તારું નગર નાશ પામશે અને ત્યાં મોટું રણ થઈ જશે જેથી હું ત્યાં આવવાની ના પાડું છું.

આ પ્રમાણેની અધિષ્ઠાયક દેવની વાણી સાંભળી રાજા પ્રતિમાને વંદન કરી વિષાદથી પાછો ફર્યો યુદ્ધમાં જીત થઈ હોવા છતાં પ્રતિમા લીધા વગર જાય છે. સાથે બંદિવાન રાજા ચંડપ્રદ્યોતને પણ લીધો છે.

વર્ષાઋતુ ચાલતી હતી એટલે એકધારો સતત વરસાદ વર્ષી રહ્યો હતો રસ્તાઓ બધાં જ કાદવવાળા અને પાણીથી ભરેલાં હોવાથી લશ્કરને ખૂબ જ પરિશ્રમ પડતો તેથી રસ્તામાં પડાવ નાંખવામાં આવ્યો. તે સ્થળે રાજા ઉદાયનના દશ મુકુટધારી રાજાઓએ મળી નગર રચ્યું તેનું નામ 'દશપુર' પાડ્યું જે આજે પણ હયાત છે. ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતને ભોજન વગેરેથી માનભેર રાખતાં હતાં.

પર્યુષણપર્વની શરૂઆત થવાથી શ્રદ્ધાળુ, જિનવચનનો અનુરાગી, મહાન વૈરાગી ઉદાયન રાજાએ પૌષધપૂર્વક ઉપવાસ કર્યો હતો. તેથી રસોઈઆએ ચંડપ્રદ્યોતને પૂછ્યું કે આજે તમે શું જમશો ?...ચંડપ્રદ્યોતને વિચાર આવ્યો કે આટલા દિવસોમાં ક્યારે ન પૂછ્યું ? આજે જ કેમ ?

રસોઈઆએ પ્રત્યુત્તર આપ્યો કે પર્વાધિરાજ પર્યુષણનો પહેલો દિવસ છે. મારા ઉદાયન રાજાને ઉપવાસ છે તેથી તમારા એકલા માટે રસોઈ કરવાની છે. શંકાશીલ ચંડપ્રદ્યોત વિચાર્યું કે જરૂર કંઈ ઝેર આપશે તેના કરતાં જણાવી દીધું કે મારે પણ ઉપવાસ છે....

ઉદાયન રાજા વિચારે કે–ચંડપ્રદ્યોતે ઉપવાસ કર્યો તેથી તે મારો સાધર્મિક કહેવાય, ધર્મીને કેદમાં રખાય જ નહિં. કેદીને બહાર કાઢી ખમાવ્યો, ચાલુમાસ બાદ વીતભયનગરે ગયો–ઉદાયન રાજાએ મૂળ પ્રતિમાની પૂજાભક્તિ માટે બાર હજાર ગામ ચંડપ્રદ્યોતને ભેટ આપ્યા.

## ૨૭ – "રાજર્ષિ ઉદાયન"

**પ્રભાવતી** દેવીના હુકમથી નવી પ્રતિમાનું પૂજન કરે છે. પોતાના બળતા ઘરમાં, ડુબતી સ્ટીમરમાં બેસીને શું કરવું? મુસાફરીની સ્ટીમરમાં સુખેથી જો તરવું હોય તો લાલ વાવટો, કાળો વાવટો જે સ્ટીમરમાં હોય તે ડુબાડે.... તેમ જે ઘરમાં દહેરાસર, પૌષધશાલા હોય તે લાલવાવટા વાળી સ્ટીમર સમજવી....આવી સ્ટીમરનો આધાર રાખતા હતા.... તે ઉદાયન રાજાને ધન્ય હો!

સામાયિક, પ્રતિક્રમણ, પૌષધનો ખપી તે સાધુપદનો ખપી બની સાધુપદ પામે છે – ઉદાયનરાજા પૌષધમાં રાતે શુભ ધ્યાનમાં બેઠા બેઠા વિચારે છે કે....ધન્ય છે તે રાજાઓને, ધન્ય છે તે મહાપુરુષોને, કે જેઓએ આ અસાર સંસારને ત્યજી આત્મસાધના, આત્મશકિત મેળવવા, આત્મિક ગુણોની પ્રાપ્તિ માટે શ્રી ભગવાન મહાવીર મહારાજા પાસે સંયમ પ્રાપ્ત કર્યું છે.

જે આનંદ પાપમય એવી આ રાજગાદી ઉપર નથી આવતો તે આત્મિક આનંદ સંયમના રસિક, સંયમ પંથીઓને આવે છે, હાથીની અંબાડી ઉપર સ્વાર થતાં, પગની

મોજડી પહેરીને જે આનંદ સ્પર્શતો નથી તે અનંતગુણુના ખજાના સ્વરૂપે પગે વિહાર કરતાં સાધુ ભગવંતોને આવે છે. બાહ્યસુખોની અપેક્ષા ત્યજીને જ્ઞાન-ધ્યાનની ક્રિયામાં તલ્લીન છે. એવા મુનિઓના કરોડ વર્ષ પૂરાં થાય તે ખબર પડતી નથી. સંસાર એ દુ:ખનો પર્યાય પણ સંયમ તો સુખનો પર્યાય કહેવાય. સંસારના બધાય આનંદ પર વિષયની અપેક્ષા રાખતા હોવાથી પરતંત્ર છે. જ્યારે સંયમનો આનંદ પરવિષયથી નિરપેક્ષ હોવાથી સ્વતંત્ર છે. માટે સંયમ માર્ગની બલીહારી છે. જે ખરેખર મુક્તિ માટે રાજમાર્ગ છે! ઉદાયન રાજા કલ્યાણકારી સંયમમાર્ગને પામવા ઇચ્છે છે કે મહાવીર મહારાજાની કૃપા થાય તો હું પણ સંયમનો રસિક બની મોક્ષ પામું. આ ભવ રાજ્ય ગાદી ભોગવીને પાપ કરવામાં પાછું જોયું નથી પાપ કરી-કરાવીને, અનુમોદીને મારો આત્મા કર્મથી ભારે બન્યો છે. તે મારા આત્માને લઘુ (હળુ) બનાવવા માટે વીર, ભગવાનના ચરણો જ પકડવા પડશે, અરે, તે પરમાત્માની આજ્ઞાને શિરોમાન્ય કરી તપ-જપ-આત્મસાધનામાં ક્ષણ ક્ષણ પસાર કરીશ. આવા ઉત્તમ વિચારો પૌષધમાં વિચારી રહ્યા છે. ઉદાયન રાજાના વિચારો કેવલજ્ઞાની ભગવાન મહાવીરે જાણી સોળસો માઇલનો વિહાર કરી આવ્યા. એક ચેલા ખાતર શું આવો ઉગ્ર વિહાર થાય? તારક તારવા માટે તૈયાર હોય છે. તરનારાને તરવાની જિજ્ઞાસા હોવી જોઈએ. આંખમાં કમળો થયો હોય તે સફેદને સફેદ ન દેખાય.

ઉદ્દાયન રાજા પ્રભુ મહાવીર પધાર્યા....હૈયા આનંદે ઉછર્યા....પાપને તિલાંજલી આપવાની ભાવનાવાળા ધર્મીઓ ભગવાનને જોઈ નાચે, હર્ષ પામે, એ સ્વાભાવિક છે. રાજ્યગાદી ભોગવતાં આવડે પણ છોડતાં ન આવડે તો નરકે જવાનો ટાઈમ આવે, માટે મારા પુત્ર અભિચિને તો રાજ્ય ન જ આપવું....ઝેર આપણે ન ખાવું. તો છોકરાંને કેમ ખવડાવાય....રાજ્ય કેશિભાણેજને સુપ્રત કરવું કારણ કે તે એના રાજ્યનો માલિક છે તેને રાજ્ય આપી ઉદ્દાયન રાજાએ મહોત્સવ પૂર્વક દીક્ષા સ્વીકારી.

**दुःखं प्राप्य न दीन स्यात्, सुखं प्राप्य च विस्मितः**
**मुनि कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥**

અધ્યાત્મસારમાં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજા દર્શાવે છે કે દુઃખને પામીને દીન બને, ગભરાય નહિં તેમ સુખને જોઈને આનંદ ન થાય. કર્મનાવિપાકના મુનિઓ જાણે છે કે જગત કર્મને આધીન છે. ઉદ્દાયનરાજર્ષિ બન્યા બાદ દેવાધિદેવના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. તીવતપશ્ચર્યા, જ્ઞાન – ધ્યાન, જપ વિ. અનુષ્ઠાનો ભાવપૂર્વક કરતાં કરતાં શરીર સૂકાવા માંડયું. તેમાં કર્મના ઉદયે રોગ ઉત્પન્ન થયો પણ સદ્બુદ્ધિ વરી છે તેથી રોગ કાઢવો છે એ વિચાર પણ આવતો નથી. વૈદ્યરાજે મુનિવરને જોવા માત્રમાં કહ્યું કે હે મુનીશ્વર તમોને વાતપિત્તનું દર્દ થયું છે. દહીંના ઉપયોગથી રોગ દૂર કરો. ઇચ્છા સ્પૃહા રાખ્યા સિવાય મુનિરાજ ગોચરીએ પધારે છે. ભૂતકાલની રાજધાનીમાં વિહરતાં આવ્યા....

ઈર્ષાળુ પ્રધાન કેશી રાજાને કહે કે તમારા મામા સાધુ બન્યા પછી તપશ્ચર્યાદિ કષ્ટોથી ગભરાઈ ગયા છે. માટે તમારું રાજ્ય પાછું લઈ લેશે. વિશ્વાસ કરવો નહિ. પ્રધાનો ખરેખર કર્મચંડાળો કે તેમણે તેમનો ભાવ ભજવ્યો.... એમ ચાર–પાંચ વ્યક્તિએ કેશીને જણાવ્યું ત્યારે કેશી કહે... તેમનું રાજ્ય છે, હું પાછું આપીશ. મારું રાજ્ય નથી, તેમનું છે માટે તેમને પાછું આપવું જ જોઈએ. જો તે લેવા આવવાના છે તે ખબર પડે તો સન્માનપૂર્વક બોલાવીને પાછું આપું.

પ્રધાનો કહે – હે કેશી રાજન્ અભિચિને રાજ્ય ન આપતાં તમને આપ્યું તે તમારી પુણ્યાઈના પ્રતાપે! તમારી પુણ્યાઈ જાગતી છે. ભાગ્યથી મળેલું રાજ્ય કંઈ તરછોડી દેવાય ? તમે ભાગ્યથી મેળવેલું આપી દેશો તો દુનિયામાં મૂર્ખ ગણાશો રાજપુરુષોને મુર્ખાઈ ન શોભે.

પાપ કર્મચારીઓને કોઈ શૂરવીર, બાહોશ, હિંમતબાજ આવે ત્યારે મોત દેખાય અથવા કપટથી બીજાને મોત અપાવે. આ રાજ્યમાં બધા જ ઉદાયન રાજર્ષિના માનીતા, લાડકવાયા છે. માટે આપણી મહત્તા ખાતર ખાનગીમાં ઝેર અપાવી દેવું જ જોઈએ.

કાચા કાનનો રાજા કેશીએ ગોવાલણ પાસે દહીં ઝેર મિશ્રિત કરાવી દીધું. મામા–ભાણેજનો સ્નેહ સ્વાર્થી પ્રધાનોએ તોડી નંખાવ્યો. ગોવાળીઆને ઘેર ભીક્ષાર્થે તે

જાય છે ત્યારે દહીંમાં ઝેર ખવાઈ જશે. ઝેરયુક્ત દહીં ઉદ્દાયન રાજર્ષિએ ભિક્ષામાં લીધું પણ દેવતાને ઉપયોગથી ખબર પડી કે તુરત જ ઝેર સંહરી લઈ અમૃત સ્થાપન કર્યું: બે ત્રણવાર દેવતાએ આવી રીતે મુનિરાજની ભક્તિ કરી.

શાસનદેવીએ મુનિને ચેતવ્યા કે દહીં વાપરશો જ નહિં – દહીં ન ખાવાથી રોગ વધવા લાગ્યો. ફરીથી દહીં વાપરવાનું શરૂ કર્યું. એક વખત દેવના પ્રમાદથી ઝેર સંહારી લેવાનું ભૂલાઈ ગયું તેથી ઝેરયુક્ત દહીં વપરાઈ ગયું. હાડોહાડ ઝેર પ્રસરી ગયું....મુનિવર સમતાના દરિયા, **समभाव भावि अप्पा लहेइ मुक्खंन संदेहो,** એ પંક્તિ અનુસાર સમતાને આધીન બની સર્વે જીવોને ભાવથી ખમાવ્યા. ત્રીસ દિવસનું અણસણ સ્વીકાર્યું....રાજર્ષિને સમતાના પ્રબળ પ્રભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું....કાળધર્મ પામી શિવરમણીને પામ્યા....

પેલા દેવતાને ખ્યાલ આવ્યો કે મુનિને ઝેર અપાઈ ગયું. તેઓ તો પોતાનું કાર્ય સાધી ગયા. પણ દેવતાને ક્રોધ થવાથી આખું નગર ખલાસ કરી નાંખ્યું. નગરનો નાશ થયો.

અભયકુમારે પૂછ્યું– હે પ્રભુ, અભીચિકુમારનું શું થશે ?

પ્રભુ કહે– મહારાજા ઉદ્દાયને જ્યારથી કેશીને રાજ્ય આપ્યું ત્યારથી જ અભીચિ નારાજ થયેલ હતો. મનમાં

વિચાર કરે છે – મારા પિતાશ્રી બુદ્ધિશાળી, બાહોશ અને વિચારશીલ હોવા છતાં આમ કેમ કર્યું હશે ? રાજ્યની ધુરા સહન કરવા માટે હું સંપૂર્ણ રીતે શકિતમાન હોવા છતાં પોતાના પુત્રને મૂકીને બહેનના છોકરાને રાજ્ય કેમ આપ્યું હશે ? મારા પિતાએ મને અન્યાય કર્યો છે. હવે રાજા તરીકે કેશી છે તેની સેવા કરી શકું તેમ નથી માટે મારે હવે આ નગર છોડી વિદેશ જવું જોઈએ. એમ વિચારી એ વીતભય નગરીમાં તેની માસીના પુત્ર કુણિકને ત્યાં જશે. કુણિક એને માનથી રાખશે–સાચવશે. ત્યાં બહુ વર્ષો સુધી રહી ધર્મ અંગીકાર કરી. ધર્મની ખૂબ ખૂબ આરાધના કરે છે. પરંતુ હૈયામાંથી પિતાએ કરેલ અન્યાય ભૂલશે નહી. પંદર દિવસનું અનશન કરી ભુવનપતિ દેવતા થશે. હૃદયમાં ક્રોધ હોવાને કારણે સદ્ગતિ પ્રાપ્ત કરી શકશે નહિં. ત્યાંથી મરણ પામી મહાવિદેહ ક્ષેત્રમાં આવશે. અને સિદ્ધિપદ પામી અનંત, અવ્યાબાધ સુખ મેળવશે.

હે અભયકુમાર, ચરમ રાજર્ષિ ઉદાયનનું ચરિત્ર તથા તેમનો ભૂતકાળ અને ભવિષ્ય પણ તારી ઇચ્છા હોવાથી તને કહ્યું.

અભયકુમાર કહે– હે ત્રિલોકનાથ, દેવાધિદેવ આપે મારા ઉપર અસીમ કૃપા કરી છે.

અભયકુમારે ઊભા થઈ, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી નમીને, બે હાથ જોડી વિનંતિ કરી કે :—

## ૨૮ – પ્રવજ્યાના પંથે અભયકુમાર

હે દયાનિધિ, હે દયાળુ દેવ–આ અસાર સંસાર સાગરમાં અહીંતહીં અથડાતા પ્રાણીઓ માટે આપ દીવાદાંડી સમ છો. વિષય-કષાયના અગ્નિથી બળી રહેલા પ્રાણીઓ આપની કૃપાથી શીતળતા પામે છે. મહા મોહરૂપી અંધારામાં ડૂબેલાને બચાવનાર તમે સૂર્ય સમા પ્રકાશીત છો.

હે પ્રભુ! હું બંદિવાનની જેમ હવે આ સંસારના દુઃખોથી અકળાઈ ગયો છું. વળી આ ગૃહવાસ-પ્રચંડ અગ્નિની જ્વાળાઓથી બળી રહેલા મહેલ જેવો લાગે છે. મારે મન કામ એક દુષ્ટ શત્રુ છે, સ્ત્રી એ રાક્ષસી સ્વરૂપ છે, ભોગોપભોગ રોગના ધામ છે. લક્ષ્મી સૌંદર્ય વગરની અને રાજાની કૃપા દુઃખ ભરેલી લાગે છે. સંસાર કડવા એરીયાથી પણ વધુ કડવો લાગે છે.

હે કૃપાળુ, કૃપાનિધિ, મારો આપની નિશ્રામાં, આપના વરદ હસ્તે પારમેશ્વરી દીક્ષાગ્રહણ કરવાનો મનોરથ છે. તે આપ પૂર્ણ કરશો એવી આ આપના ચરણોના દાસની વિનંતિ છે.

અભયકુમારના આવા નિર્મોહી વચનો સાંભળી–ભગવાન મહાવી પ્રભુ બોલ્યાં–રહે અભયકુમાર, તું આ સંસારને અસાર સમજી ઉદ્વેગ પામ્યો છે તે તારા જેવા વિવેકી શ્રાવક માટે તદ્દન ઉચિત જ છે. હવે તું કોઈપણ વસ્તુ પ્રત્યે આસક્તિ રાખીશ નહિં. જેથી તારા નિશ્ચયમાં કોઈ વિઘ્ન નડે નહિ.

ભગવાન મહાવીર પરમાત્માના અમૃત તુલ્ય વચનો સાંભળી વિરાગી બનેલા અભયકુમાર માતા-પિતાની અનુમતિ મેળવવા ઘેર જઈ અનુજ્ઞા આપો તેવી ઇચ્છા પ્રદર્શિત કરી. મગધ દેશના માલિક શ્રેણીક તો અભયકુમારને રાજગાદી અર્પણ કરવા તયાર છે. સ્વયં આત્મ કલ્યાણ કરવાની તમન્નાવાળા છે. પણ ગાઢ અવિરતિના ઉદયે વિરતિ પામી શકતા નથી. હૈયામાં તે અવિરતિનો ઉદય સફલ થાય છે. તેનો ખૂબ જ પશ્ચાતાપ કરે છે.

અભયકુમાર કહે— પિતાજી – આપ ભગવાન મહાવીરના પરમભકત – અને હું પણ ભગવાનનો ભક્ત છું. તો શું હું ચારિત્ર પામ્યા વિના મરણ પામું તેવું શું આપ ઇચ્છો છો ?

શ્રેણીક....નહિ...નહિ – બેટા...તું સાચો દીકરો છે ! અભય...પિતાશ્રી...રાજ્ય કરતાં કરતાં મરીને નરકે જાઉં એ મારા પરમઉપકારીના હૈયામાં ન જ હોય. મારા ઉપકારી માતાપિતાના હૈયામાં મારા માટે જે માન છે – તેઓ મારી

મુકિત ઝંખી રહ્યા છે, ચારગતિમાંથી રહિત બનું તેવી ઉપકારીની મારા માટે ભાવના છે. આપ મારા આત્મ કલ્યાણાર્થે કલ્યાણકારી માર્ગે જવાની સહર્ષ અનુમતિ આપો !

ધન્ય છે એ માતા-પિતાને !

ધન્ય છે એ પનોતા પુત્રને !

ધન્ય છે એ વીરવિભુની વાણીને...કે જેઓ સંયમી બન્યા, સંયમી બનાવ્યા, સંયમી બને તેવા ભાવો ચિંતવ્યાં

બુદ્ધિચાતુર્યના ભંડાર – અને લોકો જેના દર્શનથી પોતાની જાતને ધન્ય ધન્ય માનતા એવા અભયકુમારના વચનો સાંભળી તેના માતાપિતા ગળાગળા થઈ ગયાં. મહારાજા શ્રેણિક બોલ્યા – હે પુત્ર, રાજ્ય મેળવવાની લાલચમાં અનેકના ખૂન થયાં છે અને લોહી રેડાયાં છે અને તું આવું વિશાળ, સમૃદ્ધ અને હક્કથી મળતું રાજ્ય લેવાની ના કહે છે ! અને પાછો કહે છે કે – " રાજગાદી અપનાવું તો સંયમ રહી જાય "– અરે ! હજુ કંઈ તારી ઉંમર વહી ગઈ છે ? હજુ અમે સંસારમાં પડયા છીએ. અમારી વૃદ્ધાવસ્થામાં તું જ અમારી લાકડી સમો છે. તારી ભાવના ખરેખર ઉત્તમ છે. પરંતુ અમો હૃદયથી ' હા ' કહી શકતા નથી. હાલ પુરતો તું આ વિચાર " અમે જીવીએ છીએ ત્યાં સુધી " મુલતવી રાખ અને ત્યારબાદ તને જેમ યોગ્ય લાગે તેમ કરવાની તને છૂટ છે.

માતાપિતાના આવા શબ્દો સાંભળી બુદ્ધિમાન અભય-

કુમારે કહ્યું – આપનો મારા પ્રત્યે અનન્ય પ્રેમ છે તેમજ માતાપિતા પુત્રનું કલ્યાણ કરવા માટે હંમેશા તૈયાર હોય છે. એ સમજાય તેવું સ્પષ્ટ છે. પરંતુ આપે જે કહ્યું કે– "અમે જીવીએ ત્યાં સુધી"– આપનું એ વિધાન યોગ્ય નથી. કાલની કોને ખબર છે? મનુષ્યનું જીવન ક્ષણભંગુર છે. સંસારમાં એવું પણ બને છે કે ઘરડા માબાપ જીવતા હોવા છતાં યુવાન પુત્ર મત્યુ પામે છે. એટલે કાલની રાહ જોવી ખોટી છે. "કર્યું એ કામ – બીજા બધા વાયદા." કાળની ગતિ ગહન છે. પ્રતિક્ષણ મૃત્યુ રાહ જોઈને બેઠેલું જ છે. હું ભાગવતી દીક્ષા અંગિકાર કરું અને સાધુ તરીકેના સંપૂર્ણ આચાર પાળતો અને ભગવાન શ્રી મહાવીર પ્રભુની ભકિતભાવ પૂર્વક સેવા કરતો નિહાળશો એ પણ એક લહાવો છે. મને ગૃહસ્થપણે સંસારસુખમાં ડૂબેલો જોઈ જે આનંદ થાય છે એથી અનેકગણો એ આનંદ થશે. માટે હું આપને નમ્રપણે વિનંતિ કરું છું કે આપ આપના હાથે મને દીક્ષા અપાવો.

અભયકુમારે ખૂબ ખૂબ આગ્રહપૂર્વક અને દાખલા દલીલપૂર્વક સમજાવી માતાપિતાની સંમતિ મેળવી. પિતાજીની રજા લઇ રાજ્યના તમામ જનાલયોમાં અઠ્ઠાઈ મહોત્સવો અને સ્વામી વાત્સલ્ય કર્યું. નગરમાં સર્વત્ર અભયકુમારની જ વાતો થઈ રહી છે. સૌ એનાં ખૂબ ખૂબ વખાણ કરે છે.

અભયકુમારના દીક્ષા પ્રસંગે મહારાજા શ્રેણિકે તમામ

સગાંવહાલાંઓને કુટુંબીઓ તેડાવ્યાં હતાં. આ અમુલ્ય અવસર ટાણે નગરને ભવ્ય રીતે શણગાર્યું હતું નગરજનોએ પોતપોતાના મકાન, બંગલા કે હવેલીઓ સુંદર રીતે શણગારી હતી. બજારમાં ઠેર ઠેર મંડપ, તોરણ બેઠકો અને લાલ કસુંબાના પાલવો બાંધ્યા હતા. કળામય રીતે રંગ-બેરંગી કમાનો અને ધજા પતાકાઓ શોભી રહ્યાં હતાં. સુગંધીત જળોનો છંટકાર થતો હતો. ઠેર ઠેર સાથીઆ અને રંગોથી નગરના ચોક શોભી રહ્યાં હતાં.

અભયકુમારને સ્નાન કરાવી, તેલમર્દન કરી, અત્યંત સુંદર આભરણો અને આભૂષણો પહેરાવ્યાં. માથે હીરા-મોતીથી ઝળહળતો મુગટ, કાને કુંડલ, ગળામાં હાર અને રત્નોની કિંમતી વિંટીઓ પહેરાવી. આમ તૈયાર થઈ માતપિતા પાસે જઈ વંદન કર્યું. અશ્રુપૂર્ણ નયને તેઓએ શુભાશિષો આપ્યા.

નગરના મધ્યમાં થઈને રાજકુમાર અભયની શિબિકા નીકળી. એક હજાર પુરૂષોએ એને ઉંચકી હતી. દેવવિમાન જેવી શિબિકા લાગતી હતી. વરઘોડો ખૂબ જ મોટો અને છેલ્લાં કેટલાંય વર્ષોથી આવો નગરના લોકોને જોવા મલ્યો ન હતો. પાલખીની બંને બાજુએ હાથીઓ ઝુલતા હતાં. પાછળ રથો હતા. આગળ બેન્ડવાળા, વાજિંત્રવાળા, ઊંટ ઉપર નિશાનડંકા વગેરે સાજન – માજન ખૂબ હતું.

માતા નંદાએ હૃદયપૂર્વક આશીર્વાદ આપ્યાં અને કહ્યું – હે પુત્ર અભયકુમાર, ચારિત્ર્ય લઈને સંપૂર્ણપણે

શુદ્ધતાથી પાળજે. બાહુબલીજી અને સનત્કુમારની માફક તારો કીર્તિધ્વજ ફરકાવજે. પિતૃપક્ષ અને મોસાળ પક્ષની આબરૂ વધારજે. આમ તેની વિજયયાત્રા આગળ ચાલી.

અભયકુમાર અઢળક દ્રવ્ય ઉછાળે છે. ચારેબાજુ આનંદ આનંદ વર્તાય છે. આજે રાજપોષાકમાં રાજપુત્રના છેલ્લીવારના દર્શન કરવા લાખોની માનવમેદની ઉભરાઇ રહી છે. ગલીએ ગલીએ. મકાનમાં અગાસી ઉપર, છાપરા ઉપર, ગોખે અને ઝરુખે માણસ માતું નથી. સૌ અભયકુમાર ઉપર પુષ્પ વૃષ્ટિ કરી આશીર્વાદ આપે છે. આમ સૌ સમવ-સરણ સુધી આવી પહોંચ્યા.



અભયકુમાર શિબિકામાંથી નીચે ઉતરી વિધિવિધાનપૂર્વક સમવસરણમાં પ્રવેશ કર્યો. પ્રભુના દર્શન થતાં જ બે હાથ

જોડી વંદન કર્યાં અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી ત્યારબાદ મહારાજા શ્રેણિક તથા પરિવારે એ પ્રમાણે કર્યું. અને પ્રભુને કહ્યું — હે નાથ, આપ અભયકુમારને સ્વીકારો. એની પાછળ અમે પણ તરી જવા પ્રયત્ન કરી શકીશું.

ભગવાન મહાવીર કહે — હા, જરૂર હું અભયને સ્વીકારું છું. અને અભયકુમાર પ્રભુ પાસે બેઠો.

અભયકુમાર કહે — હે દયાળુ, મને આ સંસારરૂપી મહાસાગરમાંથી બચાવો - તારો. એટલે તરત જ પ્રભુએ અભયકુમારના મસ્તકે પોતાનો હાથ મૂકી વાસક્ષેપ નાંખ્યો- પછી પ્રભુઆજ્ઞા મુજબ ચૈત્યવંદન, પ્રદક્ષિણા આદિ વિધિ કરી. ત્યારબાદ શ્રેણિકરાજાએ લાવેલ વેશના કપડાં આપ્યાં. અને મુનિના વેશમાં અભયકુમાર શોભવા લાગ્યા. ત્યારબાદ પ્રભુએ તેને માથે લોચ કરી - સામાયિકસૂત્ર ઉચ્ચરાવી પંચ મહાવ્રત ધારણ કરાવ્યાં. આમ હવે તે સાધુ બન્યા. તરત જ ઇન્દ્ર વગેરે દેવો તથા મહારાજા શ્રેણિક તથા તેમનો પરિવાર સર્વેએ નૂતન મુનિને વંદન કર્યાં.

દેવાધિદેવ મહાવીર ભગવંતે દેશના શરૂ કરી - હે પ્રાણી, આ સંસારમાં મનુષ્ય જન્મ બહુ ઉત્તમ છે. દેવોને પણ દુર્લભ ગણાય છે, આર્ય દેશમાં જન્મ - ઉત્તમ ધર્મ - ઉત્તમ કુળ - ઉત્તમ જાતિ તો પૂરેપૂરા પુણ્ય કર્યાં હોય તો જ મળે. અન્યથા નહિ. તેમાં શ્રી જિનધર્મ તથા શ્રવણની રૂચી, ધર્મ શ્રવણનો યોગ, ક્ષાયિક ભાવ અને સંસારનો ત્યાગ એટલે મુનિવ્રતનું ગ્રહણ અત્યંત દુર્લભ છે છતાં હે

અભયકુમાર મુનિ, તેં આ પૈકી ઘણું ઘણું મેળવેલું છે. બાકીનું મેળવવા તેં પંચ મહાવ્રત ધારણ કર્યાં છે એટલે હવે એની જ ઉપાસના કરવાની રહી. રક્ષિકા અને રોહિણી–પાંચ કણ ધાન્ય–ના પ્રસંગે કર્યું તેમ તું કરજે અને પંચ-મહાવ્રત સાચવીને પાળજે, સંભાળજે, અને પંચમહાવ્રત નિર્મલ બનાવજે—

દીક્ષા–વડી દીક્ષાના પ્રસંગે પૂ. ગુરૂભગવંતો આદષ્ટાંત જણાવતા હોય છે.

—શેઠની અને પુત્ર–પુત્રવધુઓની વાત સાંભળો—

આ ભરતક્ષેત્રમાં પૂર્વે રાજગૃહ નામે એક મોટું નગર હતું. આ નગરીમાં કુબેર ભંડારી જેવો એક ધનાઢય (શ્રેષ્ઠી) રહેતો હતો. તેનું નામ ધન હતું. તેને એક અતિ સુંદર-સૌંદર્યવાન અને લક્ષ્મીના અવતાર સમી ગુણવાન ધારીણી નામે પત્નિ હતી. આ ધારિણીને પેટે ચાર પુત્રો થયાં હતાં. જેમના નામ ધનપાલ, ધનદેવ, ધનઘોષ અને ધનરક્ષક અનુક્રમે હતાં. તે ચારે પુત્રોને પરણાવ્યાં હતાં અને તેમની સ્ત્રીઓના નામ ઉઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી હતાં. આમ વિશાળ પરિવારે સાથે તે શ્રેષ્ઠી સુખેથી દિવસો નિર્ગમન કરતો હતો.

એકદા શ્રેષ્ઠિની વહેલી પરોઢિએ નિંદ ઉડી ગઈ અને વિચારવા લાગ્યો કે આખા ઘરનો આધાર સ્ત્રીઓ પર છે. સમજુ અને સંસ્કારી સ્ત્રી સૌ જમી રહે પછી જમે છે.

સૌ સૂઈ જાય પછી જ સૂએ છે. સૌ ઊઠે પહેલાં ઊઠે છે. સૌ પરવારે તે પહેલાં પરવારે છે આનું નામ સાક્ષાત્ ઘરની લક્ષ્મી કહેવાય. મારી પત્નિ એવી લાયકાતવાળી હોવાથી મારી આખી જીંદગી સુધી મારો સંસાર સારી રીતે ચાલ્યો. કોઈને કાંઈ જ તકલીફ પડવા દીધી નથી. પરંતુ મારી પુત્રવધુઓ કેટલી હોંશિયાર છે એ માટે એમની પરીક્ષા કરવી જરૂરી છે.

બીજે દિવસે ચારે વહુના પિયરીઆં-પોતાના સગાં-સબંધીઓ અને અન્ય નાગરિકોને જમવા માટે બોલાવ્યાં. રસોઈઆઓ પાસે ઉત્તમ પ્રકારની અને જાતજાતની રસોઈ કરાવી હતી તે સર્વને ખૂબ ખૂબ આગ્રહ કરી કરીને જમાડી. બાધે કોઈનું ખૂટતું નથી. જમીને ઉત્તમ પ્રકારનાં મુખવાસ આપ્યાં.

સૌની હાજરીમાં શેઠે મોટા પુત્રની વહુને બોલાવી અને ડાંગરના પાંચ દાણા આપીને જણાવ્યું—જો બેટા, આજે આ સર્વ સગાંસંબંધીઓની હાજરીમાં આપું છું-અને હું પાછા માગું ત્યારે મને પાછા આપજે. એ લઈને ઉજ્ઝિકા પોતાના ખંડમાં જઈ વિચારે કે મારા સસરાજી દિવસે દિવસે ઘરડા થતા જાય છે એમ એમની બુદ્ધિ ઘટતી જતી લાગે છે. ડાંગરના પાંચ કણ આપીને સમાજ વચ્ચે મને હલકી પાડી છે, હું તો કાંઈ નથી સાચવતી એવા પાંચ દાણા માગશે ત્યારે લાવી આપીશ. આમ વિચારી ફેંકી દીધા.

શેઠે બીજી પુત્રવધુ ભોગવતીને એ જ પ્રમાણે સૌ સગાંવહાલાંની હાજરીમાં બોલાવી. અને ડાંગરના પાંચ દાણા આપીને કહ્યું કે બેટા હું માંગુ ત્યારે મને પાછા આપજો. એ લઈને પોતાના ખંડમાં જઈ અને વિચારે કે સાઠે બુદ્ધિ નાઠી, સસરાજીનું કંઈ ખસી ગયું લાગે છે. આટલો મોટો ખર્ચ કરીને ડાંગરના પાંચ દાણા આપ્યા. વૃદ્ધ થયા એટલે માન રાખવું પડે છે પણ અહીં કોણ ગણે છે? એમ વિચારી પેલાં પાંચ દાણાના ફોતરાં કાઢી પાંચેપાંચ કણો ખાઈ ગઈ અને માંગશે ત્યારે લાવી આપીશું. થઈ પડશે.

શેઠે ત્રીજી પુત્રવધુ રક્ષિકાને એ જ પ્રમાણે સૌ સગાંવહાલાની હાજરીમાં જ બોલાવી ડાંગરના પાંચ કણ આપીને કહ્યું કે બેટા હું જ્યારે માંગુ ત્યારે મને પાછા આપજો. એ લઈને પોતાના ખંડમાં ગઈ. બેઠી બેઠી વિચાર કરે છે કે સસરાજીએ આટલો મોટો જમણવાર કર્યો, સૌને ભેગાં કર્યા અને સૌની સાક્ષીએ પાંચ કણો આપ્યાં છે તો તેમના કહ્યા મુજબ સાચવી રાખવા જોઈએ એટલે એણે એ પાંચ કણો એક વસ્ત્રના છેડે બાંધીને એક બાજુએ સાચવીને ઠેકાણે મૂકી દીધાં. પવિત્ર વસ્તુની માફક દરરોજ કાઢતી ને જોઈએ પાછાં મૂકી દેતી.

છેલ્લી ચોથી પુત્રવધુ રોહિણીને શેઠે એ જ પ્રમાણે બોલાવી. સૌ સગાંવહાલા અને સંબંધીઓની હાજરીમાં ડાંગરના પાંચ કણો આપીને કહ્યું કે બેટા, હું જ્યારે માગું

ત્યારે મને પાછાં આપજો. આ નાની વહુ મહા ચતુર અને બુદ્ધિશાળી હતી. તે કણ લઈને પોતાના ખંડમાં જઈ વિચારવા લાગી. મારા સસરાજી બહુ સમજુ શાણા–ધીર અને ગંભીર છે. એમણે મને જે આ પાંચ દાણા આપ્યા છે તેની પાછળ જરૂર કાંઈક રહસ્ય હોવું જ જોઈએ. એટલે એણે વિચાર્યું કે આ પાંચ કણ લઈ જમીનમાં વાવું–તે ઉત્પન્ન થાય એ તમામ ફરી વાવું. આમ ચોમાસું બેઠા પછી તેની વાવણી કરવા તેમના પિયર તેમના ભાઈઓને સોંપ્યા. આમ ફરી ફરીને વાવતાં એની સંખ્યા કણને બદલે મણમાં થતી ગઈ.

ઘણાં સમય પછી એ શેઠે ફરીવાર ચારે પુત્રવધુઓના સગાંવહાલાં – પિયરીયા – અને પોતાના સગાં-સંબંધી અને નગરના માણસોને જમવા નોતર્યા. અગાઉની માફક પ્રેમ-પૂર્વક જમાડયાં. મુખવાસ આપી આનંદ વ્યક્ત કર્યો. ત્યારબાદ સૌની હાજરીમાં પહેલી પુત્રવધુને બોલાવી અને પેલાં પાંચ કણ પાછાં માગ્યા. એટલે તેણે ઘરની કોઠીમાંથી પાંચ કણો લાવીને સસરાજીને આપ્યાં. સસરાએ સોગંદ આપી સત્ય વાત કરવા કહ્યું એટલે તેણે સાચી વાત કરી કે તમારા આપેલાં કણો તો મેં ફેંકી દીધાં હતાં, આ કણો કોઠીમાંથી લાવીને આપ્યાં છે—

બીજી પુત્રવધુને બોલાવી. તેજ પ્રમાણે અગાઉ આપેલાં પેલાં પાંચ કણ પાછાં માગ્યાં – તે તરત જ ઘરમાં જઈને કોઠીમાંથી વાવો પાંચ દાણા સસરાજીને હાથમાં આપ્યાં.

સસરાએ પૂછ્યું કે વહુ, આ મેં આપ્યાં હતાં તે જ દાણા છે? સોગંદ આપી સત્ય વાત કઢાવી. તો તેણે સાચી વાત જણાવી દીધી. આ પાંચ કણ કોઠીમાંથી લાવીને આપેલાં છે.

ત્રીજી પુત્રવધુને બોલાવી. તે જ પ્રમાણે અગાઉ આપેલાં પેલાં પાંચ અનાજના કણ પાછાં માંગ્યા. તેણે સાચવીને રાખેલાં તે ડબી લાવી કાઢીને સસરાજીને આપ્યાં. શપથ આપીને પૂછતાં સત્ય વાત હતી તે કહી દીધી.

હવે છેલ્લે ચોથી વહુનો અવસર આવ્યો. સસરાજીએ કહ્યું કે 'વહુભા, મેં આપેલાં પાંચ દાણા પાછા આપો. વહુએ ખૂબ જ નમ્ર સ્વરે કહ્યું — હે પિતાજી, એ પાંચ કણો લાવવા માટે ગાડા–બળદ–ઊંટ–ખચ્ચર વગેરે વાહનો વગર કેવી રીતે મંગાવું માટે તે પાંચ દાણાને મંગાવવા સાધનો આપો. એ સાંભળી ખૂબ જ પ્રેમભાવથી ફરી પૂછ્યું — હે પુત્રી, શું બોલે છે તે મારી સમજમાં નથી આવતું. તો કાંઈક સ્પષ્ટ રીતે સમજાવ. આથી તેણે વિગતવાર સ્પષ્ટ વાત કરી અને અનેક વાહનો ભરીને ડાંગરની ડાંગર મંગાવી સસરાજીને સુપ્રત કરી.

સસરાજીની કોર્ટનો ચૂકાદો આપ્યો કે પ્રથમ વહુને ઘરની સફાઈનું કામ અને લીંપવાગુંપવાનું કામ કરવાનું છે. બીજી વહુને રસોઈ–ખાંડવું–પીસવું દળવું–વલોણું એ કામ કરવાનું સોંપું છું – ત્રીજી વહુને ઘરની કિંમતી ચીજો દર–દાગીના સાચવવાનું કામ સોંપું છું અને ચોથી વહુને ઘરની સ્વામીની પદ સોપું છું. દરેકે એની આજ્ઞામાં રહેવું અને એની અનુમતિ સિવાય એકપણ વસ્તુની લેવડ–દેવડ

થશે નહિ તેમ બહાર જાય નહિ કે ઘરમાં આવે નહિ. જેને મારી આજ્ઞા માન્ય હોય તેણે એની આજ્ઞા માનવી.

ત્યાર પછી શેઠની આજ્ઞાથી ચારે વહુઓ સોંપ્યા પ્રમાણે પોતપોતાના કામે લાગી ગઈ આમ એમના ઘરની ઉત્તમ વ્યવસ્થા થઈ ગઈ. જેમનું ઘર વ્યવસ્થિત હોય તેઓ જ ધર્મ કરી શકે છે.

હે અભયમુનિ, તારી અભિલાષાથી મેં તને આ ચાર વહુઓની વાત સંભળાવી. હવે હું એનો સાર જણાવું છું તે એકચિત્ત સાંભળ :

રાજગૃહનગર એટલે નરભવ સમજવો. જે ચાર પુત્રવધુઓ તે પ્રાણીઓની ચાર ગતિ સમજવી. ધનવાન શ્રેષ્ઠી એટલે ગુરુ સમજવા. પાંચ અન્નના કણને મહાવ્રત સમજવા. સગાંસંબંધી વગેરે હતાં એટલે સકળ ચતુર્વિધ સંઘ સમજવો.

જેવી રીતે ગુરૂજી સકળસંઘની હાજરીમાં પાંચ મહાવ્રત આપે છે તેમ શેઠે સૌની હાજરીમાં પાંચ કણો આપ્યાં હતાં. પહેલી વહુએ કણો ફેંકી દીધા એટલે મુનિ સુખમાં આસક્ત થઈ લીધેલા વ્રતો છોડી દે છે. બીજી વહુ એ દાણા ખાઈ ગઈ એટલે હલકા પ્રકારનાં કાર્યો કરીને આજીવિકા માટે મનુષ્ય વ્રતનું ખંડન કરે છે. ત્રીજી વહુ એ દાણા સાચવીને મૂકી રાખે છે એટલે મહાવ્રતો સ્વીકારીને નિરતિચારપણે પાલન કરે છે. અને ચોથી વહુ કણોની વૃદ્ધિ કરે છે એટલે કે ભવ્ય પ્રાણીઓ વ્રત

સ્વીકારીને અત્યંત આનંદપૂર્વક એક પણ દોષ વિના ચૂસ્તપણે પાળે છે.

હે અભયમુનિ, તારે ઉન્નતિ સાધવી હોય તો આ અહીં સમજાવ્યું તેમ રક્ષિકા અને રોહિણીની માફક પંચ મહાવ્રતનું ચૂસ્તપણે પાલન કરવું અને તેની વૃદ્ધિ કરવી જોઈએ. મુનિ અભયે કહ્યું — હે પ્રભુ, આ રીતે મને હંમેશા ઉપદેશ આપતા રહેજો અને ધર્મને માર્ગે આગળ વધારજો.

ત્યારબાદ પ્રભુ મહાવીરે – અભયકુમારના માતાપિતાને ધન્યવાદ આપ્યાં. અને કહ્યું કે તમારો પનોતો પુત્ર સંસાર છોડી – સંપત્તિ અને રાજપાટ છોડી – સંયમને માર્ગે ચાલી નીકળ્યો છે અને તમે લોકોએ સહેજ પણ ક્રોધ – કલેશ વગર હર્ષથી દિક્ષા અપાવી છે એ માટે તમે પ્રશંસાને પાત્ર છો. ત્યારબાદ શ્રેણિકરાજા પોતાના સ્થાનકે ગયા.

પ્રભુએ અભયકુમારની સોંપણી ગણધરને કરી.

નંદામાતા ઘેર આવીને વિચાર કરે છે. મારા પુત્ર અભયકુમારે રાજગાદી ત્યાગ ને દીક્ષા ગ્રહણ કરી એ ખરેખર અતિ ઉત્તમ પગલું ભર્યું છે. એ પુણ્યાત્માએ તીર્થંકરદેવ પાસે વ્રત લીધું એ કેટલો ભાગ્યશાળી કહેવાય? મારા પુત્રે પ્રવજ્યા અંગીકાર કરી છે આ સંસાર અસાર છે એટલું એ સમજી ગયો – પરંતુ મારે હવે આ સંસારમાં રહીને શા માટે પાપ કરવા! પાપની વૃદ્ધિ જ કરવાની ને! હું પણ પ્રભુ પાસે જઈ દીક્ષા ગ્રહણ કરી આ જન્મ સુધારી લઉં. એમ નક્કી કરી નંદા શ્રેણિકરાજા પાસે આવી,

પોતાના હૃદયની વ્યથા સમજાવી અને આજ્ઞા માગી. રાજા શ્રેણિક સમજુ હતા. તરત જ અનુમતિ આપી. નંદા પાસે દેવોએ આપેલ વસ્ત્રો હતાં તે હલ્લ-વિહલ્લને આપ્યાં. અને ખૂબ ધામધૂમપૂર્વક ભગવાન વીરના વરદહસ્તે પારમેશ્વરી સંયમપંથ આદર્યો. પ્રભુએ નંદાને પ્રવજ્યા આપી મહત્તરા સાધ્વીને સોંપી. નંદા મહત્તરા સાધ્વીઓની ખૂબ જ ભાવપૂર્વક સેવા કરતી પોતાના પાપકર્મોને ખપાવતી. ઉત્તમ ચારિત્ર પાળતી અને તપશ્ચર્યામાં રચીપચી રહેતી. એક-બે-ત્રણથી વધારે માસક્ષમણ કરવા લાગી. અગિયાર અંગસૂત્રોનો અભ્યાસ કરી અતિ વિદુષી બની. આમ વીસ વરસમાં તો ઘાતિ કર્મોનો નાશ કરી – કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અજર અમરપદની પ્રાપ્તિ કરી.

અભયમુનિ પણ અનેક શાસ્ત્રોના પારગામી બન્યા. અને પ્રખર વિદ્વાન બન્યા. પાંચે ઇન્દ્રિઓના વિષયોના અનેક અનુભવો વિષે સમતાભાવ કરી લોકોને નવાઈ પમાડી. કોઈ જાતનો મોહ રાખ્યો જ નહિ. ઉપસર્ગો શાંતિથી સહન કરી પોતાની જાતને ધૈર્યવાન શિરોમણિ પુરવાર કર્યા.

અનેક પ્રકારના વિશિષ્ટ ગુણોવાળા અભયમુનિએ હંમેશા અત્યંત ભાવપૂર્વક મહાપ્રભુ વીર જિનેશ્વરની સેવા કરી પુણ્યાનુબંધિપુણ્ય ઉપાર્જન કર્યું. તેમજ તેઓએ અસાધારણ યાદશક્તિ ધરાવતા હોવાથી અગ્યારે અંગો તથા તેના અર્થો કંઠસ્થ કરી લીધા.



પૂ. મુનિપ્રવર શ્રી રત્નપ્રભવિજયજી મ. સા. ના સંસારી
પિતાશ્રી શેઠ સાકરચંદભાઈ ચતરભાઈ (ધર્મજ)

મુનીશ્વર અભયકુમારે વીર પરમાત્માની અનુજ્ઞાને પામીને ભવ્ય જીવોને પ્રતિબોધતા હતા. સંસારવેધક, તરણતારણહાર એવી વીર વિભુની દેશનાને ફેલાવતા હતા. જગતના જીવો જ્ઞાનગંગા આવી જાણી આત્માને પવિત્ર બનાવતા, તેમ કંઈક ભાવિકો મુમુક્ષુબનીને સંયમી બનતા હતા.

શ્રેણીક મહારાજા ભગવાન મહાવીરની વાણી સાંભળી. સંસારથી નિસ્તેજ બની ગયા હતા. વીર ભગવાનના પરમ ઉપાસક બની વીરપ્રભુના ધ્યાનમાં જ રહેતા તથા સમભાવને ધૈર્યતાપૂર્વક ધારણ કર્યો હતો. રાજ્યથી પણ નિરપેક્ષ બની કોણિકને સુપ્રત કરી દીધું હતું....શ્રેણીક જાણતા હતા કે કોણિક જ્યારે ગર્ભાવસ્થામાં હતો. ત્યારથી તે મારો દુશ્મન હતો........

ઉપકારી એવા પિતાને પૂર્વભવના વૈરના કારણે જેલમાં પૂરી દીધા હતા... દરરોજ સો ચાબુકના ફટકા મરાવતો હતો........છતાં શ્રેણિકરાય તેને ઉપકારી માનતો હતો. કર્મ ખપાવવામાં જે કોઈ નિમિત્ત બને તે મહા ઉપકારી કહેવાય....મહાવીર પરમાત્માના પરમ ભક્ત બન્યા હતા. ભકિતના યોગે શ્રી જિનશાસનના મર્મને પામી ચૂકયા હતા. જૈનશાસનને પામેલા દુઃખમાં દીન હોય જ કયાંથી ? કર્મનું ગણિત એના હૈયાને આશ્વાસન આપતું હતું. તેમ સમજાવતું હતું કે દુઃખ પાપાત્....પૂર્વે આમંત્રણ આપીને આવ્યો છું તો તે કરેલા પાપ તેના યોગે આવતાં દુઃખને

મહેમાનની માફક સંભાળી લેવા જોઈએ અર્થાત્ ભોગવી લેવા જોઈએ.

એક સમયે મીઠાના પાણીથી પાયેલા ચાબુકના ફટકા મારી મારીને મંત્રી થાકી ગયો. પોતાના હાથે જ પોતાનો હાથ દબાવવા લાગ્યો....મગધરાજ શ્રેણિક માર ખાતા હતા. તો ય મસ્તાન હતા. એમણે કહ્યું : 'એ મન્ત્રી! તારા હાથ દુઃખે છે ને? દુઃખે જ ને! તારી તાકાત કેટલી? મારાં કરતાં તો ઘણી ઓછી? શ્રેણિક કહે— ગમે તેમ હોય પણ તું તો નાનકડા મગધનાથનો સેવક....ત્યારે હું તો ત્રણ લોકના નાથ તીર્થંકર પરમાત્મા દેવાધિદેવ મહાવીર મહારાજાનો સેવક? તું મારી મારીને થાકે – પણ હું તો માર ખાઈને પણ ના થાકું!

શ્રી જિનશાસન અને પરમાત્મા મેળવ્યાની કેવી અજબ ખુમારી, ઉપરથી હસતા હસતા કહે........તને મારતાં મારતાં થાક ન લાગ્યો હોય તો ફરી ફરી ચાબુકો લગાવ, ગભરાઈશ નહિં....માર ખાવા છતાં ઉદાસ ન રહેતાં આનંદી બન્યા હતા...એ જૈનશાસનને પામી ચુકેલા ભવ્યાત્માઓ હતા...

ચેલ્લણાએ કોણીકને કહ્યું....હે પુત્ર, તું વિચાર તો કર, તું જન્મ્યો તે સમયે મેં તને જંગલમાં મૂકાવી દીધો હતો, તારા બાપને જાણ થતાં તે તારી શોધ કરવા નીકળી પડ્યા. તને શોધીને તારું પાલનપોષણ કર્યું.... તારી આંગળી જંગલી જાનવરે કરડી નાંખેલી હતી. તને

શાતા પ્રાપ્ત થાય માટે સારી મલિન, દુર્ગંધવાળી આંગળી મોઢામાં રાખતા હતા. તારા સુખ માટે તારા પિતાએ જીવનને જોખમમાં મૂક્યું હતું. તે તું તારા પિતાને રાજ્યના લોભે જેલમાં પૂર્યા છે. ચાબુકોના માર મરાવે છે....જરા સમજ, બેટા કંઈક યાદ રાખ....કે વડીલોને કે ઉપકારી જનોને.

"ઠાર્યા હશે તો ઠરશો, બાળ્યા હશે તો બળશો"

માતાજીના વાક્યો સાંભળી જેલનું તાળું ખોલવું ન પડે તે માટે સળિયા કાપીને ઉપકારી પિતાજીને જેલમાંથી બહાર કાઢવા માટે હૈયાથી પુનિત ચરણોમાં ઝૂકીને ક્ષમા માંગવા માટે ઉઘાડી તલવારે દોડ્યો. તે.... દોડ્યો આવી રીતે ઉઘાડી તલવારે આવતો જોઈ શ્રેણિક મહારાજા વિચાર કરે કરે વીર મહાવીરનો ભકત થઈ પુત્રના હાથે કમોતે મરવું તે કરતાં જાતે મરવું સારૂં.... જીવ માત્રને ખમાવતાંની સાથે હાથમાં હીરાની વીંટી હતી....હીરો ચુસી લીધો....પ્રાણ નીકળી ગયા........દેહસ્વરૂપે શ્રેણિક જોવા મળ્યા પણ ચેતન સ્વરૂપે તો નહિં જ............ભૂતપૂર્વે નરકનું આયુષ્ય બંધાઈ જવાના પરિણામે પહેલી નરકના પહેલા પ્રતરને વિષે નરકમાં જીવ ગયો....પણ ઉત્તમપુરુષો જ્યાં જાય ત્યાં કર્મની નિર્જરા કરતા જ હોય છે...આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર થનારા....એવા શ્રેણીક મહારાજા જયવંતા વર્તો...

**"સદા અમર રહો."**

શ્રેણીક મહારાજા કાલધર્મ પામ્યા બાદ વીર ભગવાન ઉપર અનહદ રાગ હતો...તેથી અંતિમક્રિયા વખતે તેમના બળતા એવા હાડકામાંથી વીર-વીર-ધ્વનિ નીકળ્યો હતો.

દીક્ષાના પ્રથમ દિવસથી પ્રતિદીન વધતી જતી શ્રદ્ધાવડે નિર્મિલ ચારિત્ર પાળતા આજ કરતાં પાંચ વર્ષો વહી ગયાં. પોતાનો અંતીમ કાળ નજીક આવ્યો છે એવું જાણીને અભયકુમાર ભગવાન શ્રી મહાવીરને નમી વંદન કરીને સકળસંઘની ક્ષમા માંગીને અનશન વ્રત ગ્રહણ કર્યું. સમતા વ્રત અંગીકાર કરેલાં એવા મુનિએ ચાર શરણા સ્વીકારી પોતાના દુષ્ટકૃત્યોની નિંદા કરતાં કરતાં તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરે છે. જાણતાં અજાણતાં મારાથી કોઈ અપરાધ થઈ ગયો હોય તે અંગે સર્વ જીવોને ખમાવે છે સર્વે જીવો પાસે ક્ષમા યાચના માંગે છે.

યાવજજીવ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી અનશન વ્રત સ્વીકારે છે. પંચ પરમેષ્ઠિ અને નવકારમંત્ર હૈયામાં વસાવી વીરપ્રભુને તથા વીરે ભાખેલા ધર્મને ચિત્તમાં રાખે છે. આમ સાધુધર્મ પણ દીપાવે છે શુધ્ધ ધ્યાનમાં કાલધર્મ પામી અભયમુનિ તેત્રીસ સાગરરોપના આયુષ્ય-વાળા – એક હાથની કાયાવાળા અનુત્તર વિમાનવાસી દેવ તરીકે ઉત્પન્ન થયાં ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને શ્રાવક કુળમાં જન્મ પામી સર્વવિરતિને આદરી મોક્ષમાં જશે, અનંત-અવ્યાબાધા, નિરૂપમ-અનંત ગુણાત્મક સિધ્ધિપદને પામશે.

ધન્ય હો આવા મુનિ અભયકુમારને!

ધન્ય હો મગધના નરેશ મહારાજા શ્રેણિકને!

ધન્ય હો આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થનાર મહારાજા શ્રેણિકને!

ધન્ય હો એવા મુનિની જનેતા નંદાને!

ધન્ય હો અભયકુમારને...કે જેઓ ભાવિમાં મોક્ષપદ પામનાર થશે!

પરમોપકારી પરમ ગુરુદેવ પ. પૂ. આચાર્યદેવ
શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા.ના
ચરણોમાં કોટિ કોટિ વંદના...
"શિશુ...રત્નપ્રભ."





પૂ. મુનિપ્રવર શ્રી રત્નપ્રભવિજયજી

મ. સા. આદિએ અત્રે શ્રી સંઘમાં પર્વાધિરાજ મહાપર્વની અનુપમ આરાધના કરાવ્યા બાદ **ભાદરવા સુદ ૧૧ થી શ્રી ભક્તામર સ્તોત્રની** સમુહભક્તિ કરાવી વેધક પ્રવચન આપી રહ્યા છે, વિપુલ જનતા ભૂરિ ભૂરિ પ્રશંસા કરતાં સારો એવો લાભ લઈ રહ્યા છે!

**ભોગીલાલ નંદલાલ શાહ**

પૂ. મુનિપ્રવર શ્રીરત્નપ્રભવિજયજી

સંપાદિત

## આગામી પ્રકાશનો

૧. શ્રી પ્રદ્યુમ્નકુમાર ચરિત્ર

શ્રી [illegible]

૩. શ્રી માનતુંગ માનવતિ ચરિત્ર

૧. દુશ્મનને પણ મિત્ર બનાવતા શીખજો.

૨. માથે મૃત્યુ છે માટે મરણને હસતા મુખે વધાવજો.

૩. પારકી (ભૌતિક) સારામાં સારી ચીજ જોઈને મેળ-
વવાની ઝંખના કરશો નહિ.

[મુનિ ચન્દ્રગુપ્ત વિ.]

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧